INDEX

બાળ સંસ્કાર

વર્ષ-૧



પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ


કરું વંદના હું તમને



શ્રી ઠાકોરજી મહારાજ - લોયાધામ



સદ્‌ગુરુ
શ્રી રામાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી મુક્તાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી આધારાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી નારાયણસ્વરુપદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી નંદકિશોરદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

INDEX

શ્રી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા
ધોરણ ૭ માં ભણતા આત્મીય બાળ-બાલિકાઓને
સંસ્કાર-સત્સંગ અને સમજણને
સંવર્ધન કરાવતું પાઠ્યપુસ્તક

બાળ સંસ્કાર

વર્ષ-૧

પ્રેરક

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક - સંપાદક

સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક

શ્રી સ્વામિનારાયણ મંદિર
લોયાધામ

બાળ સંસ્કાર વર્ષ-૧

પ્રેરક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક - સંપાદક : સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

કોપીરાઇટ : © સર્વહક પ્રકાશકને આધીન.
(આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.)

રજૂકર્તા : બાળ-કિશોર-યુવા-સત્સંગ સંસ્કાર કેન્દ્ર - લોયાધામ

પ્રકાશન તિથિ : **શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરુ શતાબ્દી મહોત્સવ - લોયાધામ - તા. ૨૧ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૫**

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૦૦૦

પડતર કિંમત : ૩૦૦/-

વેચાણ કિંમત : ૧૦૦/- (લોયાધામ મંદિરના અનુદાનથી ઘટાડેલી કિંમત)

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી, અમદાવાદ
મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯

પ્રાપ્તિ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ અને તેની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.
Web : www.loyadham.in, Email : loyadhamnj@gmail.com

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ
મૂ.પો : લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર.પીન : ૩૬૩૪૧૦
મો. ૯૦૯૯૮૯૭૮૦૦, મો. ૯૯૨૫૨૦૭૫૦૪



આશીર્વાદ

આપણી સનાતન વૈદિક સંસ્કૃતિમાં સત્સંગ અને સંસ્કારનું આગવું મહત્વ રહેલું છે. પ્રત્યેક કુટુંબ-પરિવારના વડીલો પોતાના બાળકો, દીકરા-દીકરીઓ, યુવાનો સંસ્કારી બને ; સદ્‌ગુણી બને ; ભક્તિ સંપન્ન બને એવી અપેક્ષા સેવે છે.

નાના નાના ભૂલકાઓના બાળમાનસમાં સંસ્કારોનું સિંચન કરવાનું કામ જેટલું ઉપદેશ કરે છે તેના કરતા વધુ સારી રીતે વાર્તાઓ કરી શકે છે. બાળકો વાર્તાઓ સાંભળીને સ્વતઃ તેમાંથી બોઠપાઠ મેળવી તેને જીવનમાં અપનાવે છે. આમ, વાર્તાઓ બાળજીવનના ઘડતર માટે ખુબજ ઉપયોગી નીવડી છે.

આપણે સૌ સનાતન ભારતીય સંસ્કૃતિના સંતાનો છીએ. વાર્તાઓનો ચમત્કાર આદિથી માંડી આજ સુધી આપણે સૌએ અનુભવ્યો છે. પહેલાના જમાનામાં ઘરમાં દાદા-દાદી કે માતા-પિતા બાળકોને રોજ રાત્રે વાર્તાઓ કહેતા. ઉપનિષદ્, મહાભારત, રામાયણ, પુરાણોની કથાઓ, પંચતંત્રની બોધાત્મક પ્રાણીકથાઓ,

દેશભક્તોની કથાઓ, દંતકથાઓ વગેરેના સિંચન દ્વારા બાળમાનસ એવું મજબુત બનતું કે તે પોતાને વૈદિક સંસ્કૃતિના વારસદાર હોવાનું, સંસ્કારી હોવાનું, મનુષ્ય હોવાનું, સદ્‌ગુણી હોવાનું ગૌરવ અનુભવતા. હાલ, પાશ્ચાત્ય વિકૃતિ અને આધુનિકતાના કારણે એ પરંપરાઓ લુપ્ત થતી જાય છે અને તેના માઠા પરિણામો પણ આપણે ભોગવી રહ્યા છે.- અસ્તુ....

ઘડતર વિનાના માણસની કોઈ ઝાઝી કિંમત હોતી નથી. ભણતરની સાથે સાથે ઘડતરની સુંગધ ઉમેરાય તો એ જ વ્યક્તિની કિંમત અમૂલ્ય થઈ જાય છે. મનુષ્યનું ઘડતર કરવું એ પથ્થરના શિલ્પ કંડારવા કરતા પણ ઘણું કપરૂ, કઠિણ છે. લોયાધામ સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહેલ આ પાઠ્યપુસ્તકશ્રેણી જુદી જુદી વાર્તાઓ દ્વારા બાળકોના જીવન ઘડતરની તાલીમ આપશે. અને બાળવયમાં કેવી રીતે સંસ્કાર, સત્સંગ, સદ્‌ગુણ અને સમજણ કેળવવા જોઈએ તેની સમજ આપશે.

નાના નાના કુમળા બાળકોના અંતરમાં સત્સંગ-સંસ્કારના પાયાના મૂલ્યોનું સિંચન જો બાળપણથી જ કરવામાં આવે તો તે આદર્શ બાળક અને આદર્શ માનવીથી માંડીને આદર્શ સત્સંગીની એકાંતિક સ્થિતિ કે મુક્તસ્થિતિ સુધી પણ પહોંચી શકે છે. આવું વિચારી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા તમામ બાળકો અને બાલિકાઓના સર્વાંગી વિકાસ માટે **લોયાધામ શિશુ ભાગ - ૧-૨-૩** અને **લોયાધામ ભૂલકું - ભાગ - ૧-૨-૩** અને **બાળ સંસ્કાર - ભાગ - ૧-૨-૩** અને **લોયાધામ સંસ્કાર ભાગ - ૧-૨-૩** આ **૧૨ પાઠ્યપુસ્તકો** પ્રકાશિત થઈ રહ્યા છે તે અતિ આનંદ અને રાજીપાની વાત છે. આ પાઠ્યપુસ્તકોના લેખન અને સંપાદન કાર્યમાં અમારા કૃપાપાત્ર વિદ્વાન્ શિષ્ય **શાસ્ત્રી સત્સંગવલ્લભદાસજી** એ ખુબ જ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ભગીરથ પ્રયાશ કર્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના પર ખુબ રાજી થાય અને મૂર્તિનું ખુબ સુખ આપે એવા રૂડા શુભાશિષ છે.

વિશેષમાં લોયાધામ પરિવારના સર્વે સંતો, સંચાલકો, વડીલો, વાલીઓ, કાર્યકરો જો બાળકોની સાથે બેસીને આ પુસ્તકોનું વાંચન અને અભ્યાસ કરાવશે તો બાળકો વધુ સારી રીતે સંસ્કારી અને સત્સંગી અને સદ્‌ગુણી થશે.

આ પાઠ્યપુસ્તકોના માધ્યમથી બાળકો સત્સંગ, સંસ્કાર, સદ્‌ગુણ અને સમજણના ઉચ્ચ આદર્શોને જીવનમાં આત્મસાત્ કરી દેશ, સમાજ, સત્સંગ અને સ્વજીવનને મૂલ્યસભર બનાવે એ જ શ્રી ઠાકોરજી મહારાજનાં ચરણકમળોમાં પ્રાર્થના સાથે.....

લી.
શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીના
જય શ્રી સ્વામિનારાયણ.....

લેખકની કલમે

બાળક વાર્તારસિયું છે. કેટલીક વાર તો એ રમવાનું અને જમવાનુય પાછું ઠેલીને વાર્તા સાંભળવાનું પસંદ કરે છે. કોઈ પણ વાર્તા સરસ રીતે કહેવાતી હોય ત્યારે એ એમાં ખોવાઈ જઈને ખુબ સુખ અનુભવે છે. ઘણીકવાર તો કેટલાક બાળકો ઘરમાં દાદા-દાદી પાસે વાર્તાની ઉઘરાણી પણ કરવા માંડે છે. વાર્તા સાંભળવાના અવસરો મેળવવાનો બાળકોનો જન્મસિદ્ધ અધિકાર છે. એમને આ અધિકાર માણવા દેવો એ આપણું બાળવત્સલ કર્તવ્ય છે.

બાળકો દ્વારા વાર્તાની માંગ થતા આપણે મોટે ભાગે તેમને વાર્તાઓ કહીએ છીએ ખરા; પણ એ સાંભળતા સાંભળતા બાળક શા માટે બીજે ધ્યાન આપતું હશે? એ શા માટે ઊંઘી જતું હશે ? એ શા માટે જોલે ચડતું હશે ? બાળકના આ ચાળા સૂચવે છે કે એને આપણે યોગ્ય રીતે વાર્તા કહી શકયા નથી. આપણને જો વાર્તાને યોગ્ય રીતે કહેતા આવડતી હોય તો બાળક ઊંઘવાનૂંય છોડી મૂકીને આખી રાત વાર્તા સાંભળે છે. બાળકોને વાર્તા સાંભળીને આનંદ અને સંતોષ મળે તે માટે આપણે **'વાર્તા કહેવાની કલા'** જાણવી, સમજવી અને અપનાવવી જોઈએ.

✳ **વાર્તા કહેવાની કલા :**

૧. વાર્તા કહેવાનું શરૂ કરતા પહેલાં આપણા મનમાં વાર્તાની વિગતો અંગે પૂરી સ્પષ્ટતા હોવી જોઈએ. ફાવે તેમ વાર્તા કહેવી શરૂ કરી દઈએ પછી એ આગળ વધારતા જવાનો ખ્યાલ ખૂબ જોખમી ગણાય છે. રસભંગ અને અનૌચિત્યથી બચવા માટે બાળકોને કહેવાતી વાર્તા આપણને અચૂક કંઠસ્થ હોવી જોઈએ.

૨. કેટલીક વાર્તાઓ સમજી શકવા માટે વાર્તાની ઐતિહાસિક, ભૌગોલિક, શાસ્ત્રીય, રાજકીય કે ભાષાકીય પૂર્વ ભૂમિકા (Preface) બાંધવી જરૂરી હોય છે. આથી એવી વાર્તા કહેતા અગાઉ જરૂરી ભૂમિકા સરસ ઢબે બાંધવી જોઈએ.

૩. બાળક સમક્ષ રજૂ થતી વાર્તા જે તે વખતે સંપૂર્ણપણે રજૂ થવી જોઈએ. કિશોરવયનાં બાળકોને લાંબી વાર્તા હપતાસર સાંભળવી કદાચ ફાવે પરંતુ શિશુઓતો અખંડ વાર્તા જ માણી શકે.

૪. બાળકોને હંમેશા નવીનકોર જ વાર્તા સાંભળવા જોઈએ એવું નથી હોતું. તે પોતાને માનીતી વાર્તાઓ ફરી ફરી સાંભળવાને પણ ઈચ્છતું હોય છે. કેટલીક વાર્તામાં વારંવાર આવતા ખાસ વાક્યો, પંક્તિઓ કે સંવાદોનું પુનરાવર્તન પણ બાળક માણતું હોય છે.

૫. વાર્તાઓ સસ્મિત ચહેરે સીમિત ભાવચેષ્ટાઓ સાથે જ રજૂ થવી જોઈએ.

૬. બોલવાની ઝડપ મધ્યમ રાખવી જોઈએ.

૭. વાર્તામાં આવતા સંવાદોને અનુરૂપ પોતાના અવાજમાં ફેરફાર આણવાની કુશળતા પણ કેળવવી જોઈએ.

૮. અવાજનો સહજ ઉતાર-ચઢાવ વાર્તામાં જમાવટ માટે જરૂરી છે.

૯. વાર્તા ફક્ત વાંચી જવાથી કોઈ અર્થ સરતો નથી પરંતુ વાર્તા જાણે આપણે જોયેલી કે હાલમાં જ જાણેલી હકીકત કહેતા હોઈએ તે રીતે કહેવાવી ઘટે.

૧૦. વાર્તાના અંતે સારાંશ (બોધપાઠ) પણ બાળકોને પુછવો અને કહેવો જોઈએ...

આ પાઠ્યપુસ્તકોમાં અસરકારક વાર્તા કથન માટે એવી કેટલીય રસપ્રદ-બોધપ્રદ વાર્તાઓ આલેખાયેલ છે જેનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. પૌરાણિક કથા, ઐતિહાસિક કથા, અવતાર કથા, મહાપુરૂષો અને ઋષિઓની કથા, વૈજ્ઞાનિકકથા, પ્રવાસકથા, લોકકથા, પ્રાણીકથા, સત્યકથા, દંતકથા, સાહસકથા, હાસ્યકથા, દેશભક્તોની કથા, સમાજસેવકોની કથા, શ્રીજીમહારાજ અને નંદસંતોની કથાઓ હરિભક્તોની કથાઓ, આદર્શ સ્ત્રી ભક્તોની કથાઓ, આદર્શ બાળકોના આખ્યાનો વગેરેની સાથે સાથે બાળકોને ગમે તેવા રંગબેરંગી ચિત્રો પણ મુકવામાં આવ્યા છે. બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય અને સત્સંગ સમજણ દૃઢ થાય તે માટે વિવિધ એક્ટિવિટીઝ જેવી કે ઊખાણાં, કોયડા ઉકેલ, સુટેવ-કુટેવ, રંગપુરણી, બાળગીતો, સૂત્રો, સુવાક્યો, સુભાષિતો, કીર્તનો-પદો, સંપૂર્ણ નિત્યનિયમ, વચનામૃત અને નંદસંતોના અમૃતવચનો, વાણી-વર્તનના વિવેક, નાનીનાની પંક્તિઓ, કડીઓ વગેરે દ્વારા આ પાઠ્યપુસ્તકશ્રેણી સમૃદ્ધ બનેલી છે. ગમ્મત સાથે જ્ઞાન આપે તેવી પ્રવૃત્તિઓથી તૈયાર થયેલ આ પાઠ્યપુસ્તકોના પ્રત્યેક પેજ ઉપર જીવન જીવવાની ઉત્તમ કળાઓ છે. આ પાઠ્યપુસ્કોથી બાળકો આપણી સનાતન વૈદિક સંસ્કૃતિથી સુવિદિત થશે. આના નિયમિત વર્ગો, અભ્યાસ અને પરીક્ષા દ્વારા તેમની ભાવનાઓમાં વધારો થશે અને તેમનામાં ભક્તિ, સત્સંગ, સંસ્કાર, સદ્‌ગુણ અને સમજણના બીજ પણ રોપાશે. આ પુસ્તકો માત્ર બાળકોને જ નહિ પણ કથાકારોને, હરિચરિત્રના રસિકોને, વાલીઓને, શિક્ષકોને અને સંચાલકોને પણ ખૂબ જ ઉપયોગી નિવડશે એવી આશા છે.

શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરૂ શતાબ્દી મહોત્સવ તારીખ ૨૧ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ નિમિત્તે બાળકોના જીવન ઘડતર માટે લોયાધામમાં આ પાઠ્યપુસ્તકોનું પ્રકાશન થઈ રહ્યું છે. શ્રી ઠાકોરજી મહારાજ, મુક્તાનંદીય ગુરૂપરંપરાના ભગવત્સ્વરૂપ બ્રહ્મનિષ્ઠ સમર્થ સદ્‌ગુરૂઓ અને પરમ પૂજ્ય ગુરૂજીની શુભપ્રેરણા અને આશીર્વાદથી જ આ પાઠ્યપુસ્તકશ્રેણીનું આલેખન થયું છે. અહીં જે કાંઈ આપણે સારૂં લાગે તે એમનો કૃપાપ્રસાદ છે; અને જે કાંઈ અણગમતું હોય તે આ સેવકની ક્ષતિ છે એમ માની રાજી રહેજો.

પુસ્તકને ક્ષતિ રહિત બનાવવા પૂરતાં પ્રયાસો થયા છે છતાં પણ કાંઈ પ્રેસભૂલ જણાય તો અનુકંપા કરશોજી અને આ આત્માનું ભગવાન સારૂં કરે એવા આશીર્વાદ આપશોજી. આ પુસ્તકો દ્વારા સહું કોઈનું જીવન ઉર્ધ્વગામી બને; શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થાય અને સત્સંગમાં દૃઢ પાયો કરી, એકાંતિક સ્થિતિ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના સાથે...

લી.

સાધુ સત્સંગવલ્લભદાસના

જય શ્રી સ્વામિનારાયણ.....

પ્રકાશકીયમ્

આજની બાળ-કિશોર-યુવા પેઢીને દિન પ્રતિદિન વધતાં જતાં વિષય-વ્યસન અને ફેશનના કલુષિત વાતાવરણથી બચાવી સત્સંગનાં શુભ સંસ્કારો સિંચી ભગવદ્‌સન્મુખ કરવાં માટે પરમ પૂજ્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ (લોયાધામ) બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર પ્રવૃતિ ચાલું કરાવી છે. જેમાં ઘણી મોટી સંખ્યામાં બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતીઓ જોડાયાં છે / જોડાય રહ્યાં છે.

પરમ પૂજ્ય ગુરૂજીની પ્રેરણાથી આપણા ગામમાં/ શહેરમાં અઠવાડિક સત્સંગ સભા ચાલે છે / શરૂ કરી છે; તેમાં પૂજ્ય ગુરૂજીએ યુવાનોને પણ કથા-વાર્તા કરવા શીખવાની પ્રેરણા આપી છે. આજે કેટલાય બાળ - કિશોર-યુવા-યુવતીઓ- હરિભક્તો શ્વેતાંબરી સાધુ બનીને શ્રીજીમહારાજ, આદિગુરૂદેવશ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરૂઓ અને લોયાધામના ઉત્કૃષ્ટ જ્ઞાનનું પ્રવર્તન સુપેરે કરી રહ્યાં છે. આ કાર્ય સરળતાથી થઈ શકે અને તેની પરીક્ષાઓ પણ યોજી શકાય તે માટે આ **બાર પાઠ્યપુસ્તકો** ખૂબ જ સહાયરૂપ બની રહેશે. આ પાઠ્યપુસ્તકો દ્વારા લોયાધામ પરિવાર સાથે



જોડાયેલા **ધોરણ ૧ થી ૧૨માં ભણતા બાળકો અને બાલિકાઓને પાઠશાળા ધોરણે** વ્યવસ્થિત એકધારૂ સત્સંગ અને ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન સરળ અને શુદ્ધભાષામાં મળતું રહેશે.

શ્રી ઠાકોરજી મહારાજ અને મુક્તાનંદીય ગુરૂપરંપરાના સમર્થ પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ પૂજ્યપાદ્ ગુરૂજીની શુભપ્રેરણા અને આશીર્વાદથી **લોયાધામ પરિવારના વિદ્વાન સંત શાસ્ત્રીશ્રી સત્સંગવલ્લભદાસજી સ્વામી**એ ખુબ જ શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ પરિશ્રમ કરીને **ધોરણ ૧ થી ૧૨ની આ પાઠ્યપુસ્તકશ્રેણી** તૈયાર કરી છે. બાળકોને આ પુસ્તકો ભણાવી શકે એવું કોઈ ન હોય કે વાર્તા કહી સંભળાવે એવું કોઈ ન હોય ત્યારે પણ બાળકોને જાતે પણ આ પુસ્તકો અને વાર્તાઓ વાંચવી ગમે તેવી સરળ અને રસાત્મકશૈલીમાં વાર્તાઓને આલેખી છે. સોનામાં સુગંધ ભળે તેમ પાને પાને વાર્તાઓને અનુરૂપ બહુરંગી ચિત્રો દ્વારા આ પુસ્તકો વધુ દિવ્ય, ભક્તિપ્રધાન અને સુશોભિત કરાયા છે. રંગબેરંગી ચિત્રો દ્વારા બાળકોની કલ્પના શક્તિ પણ વિકશસે અને ચિત્રકળામાં પણ રસ જાગશે.

આ પાઠ્યપુસ્તકો ગાગરમાં સાગર સમાન છે અને જ્ઞાનવૃદ્ધિનો ખજાનો છે. આના અભ્યાસથી નાના-મોટા સૌ કોઈમાં સદ્‌ગુણો કેળવવાની સ્વાભાવિક ઉત્કંઠા જાગશે અને સત્સંગ, સંસ્કાર અને સમજણ દ્રઢ થશે. આ પાઠ્યપુસ્તકો દ્વારા પૂજ્ય સંતો, શિક્ષકો, વાલીઓ અને સંચાલકોને પણ બાળકોમાં સંસ્કારનું સિંચન કરવામાં સરળતા અનુભવાશે. આશા છે આ પાઠ્યપુસ્તક શ્રેણી આપને ગમશે અને સર્વેના જીવનને ઉર્ધ્વગામી બનાવવામાં સહાયરૂપ નિવડશે.

આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત કરવા માટે બનતા પ્રયાસો થયા છે છતાં પણ કોઈ દોષ જણાય તો આપ રાજી રેજો અને જે તે ક્ષતિઓને અમારા સુધી પહોંચાડશો જેથી નવી આવૃત્તિઓમાંથી તે કચાશ કાઢી શકાય.

● વિશેષમાં પૂજ્ય સંતો, સંચાલકો, વાલીઓ, વડીલો અને બાળકોએ આ પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિગતો પણ આગળના પૃષ્ઠોમાં આપવામાં આવી છે, જેનો ઊંડો અભ્યાસ કર્યા બાદ જો આ પુસ્તકોને ઉપયોગમાં લેવામાં આવશે તો ધાર્યું ફળ મેળવી શકાશે.

આ પુસ્તકોનાં પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર સૌ કોઈ પર ભગવાનની કૃપા વર્ષા થતી રહે એવી પ્રાર્થના સાથે....

બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર - લોયાધામ

પુસ્તક ભણાવવા વિષે

(૧) સંચાલકો-શિક્ષકો-વાલીઓ-વડીલો માટે

- એક વર્ષનાં કુલ **૫૨** રવિવારમાંથી **દિવાળીનો દોઢ મહિનો અને ઉનાળાનો દોઢ મહિનો** બાદ કરતા **૪૦** રવિવાર બાકી રહે છે. આમ, એક વર્ષમાં કુલ **૪૦** સભા થાય તે રીતે આ પુસ્તકમાં **૪૦** પાઠ તૈયાર કરાયા છે.
- અઠવાડિક બાળસભાનો વાર કે દિવસ પરિસ્થિતિ પ્રમાણે ગમે તે હોય પણ બાળસભાનો કાર્યક્રમ અને સમય બંધારણ નીચે મુજબ જ કરવું. જો શક્ય હોય તો સભા રવિવારે જ કરવી.

સભાનું સમય બંધારણ	**સમય**
ધૂન	૦૫ મિનિટ
કીર્તન/પ્રાર્થના	૦૫ મિનિટ
ચરિત્રામૃત વિભાગ	૨૦ મિનિટ
સત્સંગ સમજણ વિભાગ	૨૦ મિનિટ
વિશેષ/અન્ય	૧૦ મિનિટ
કુલ સમય	**૧:૦૦ કલાક**

- પ્રત્યેક સભામાં ધૂન - પ્રાર્થના બાદ **૨૦** મિનિટ **ચરિત્ર નિરુપણ** કરવાનું રહેશે. જેને પહેલેથી વાંચી-વિચારી-સમજી લેવું.
- પ્રત્યેક સભામાં ચરિત્ર નિરૂપણ કરી પછી **"નિત્યનિયમ વિભાગ"** બાળકોને ભણાવવાનો



રહેશે. સવાર-સાંજનો સંપૂર્ણ નિત્યનિયમ આ પુસ્તકમાં લેવામાં આવ્યો છે. એક વર્ષ દરમ્યાન બાળકોને આ નિત્યનિયમ આવડી જાય અને કંઠસ્થ પણ થઈ જાય તે રીતે ગાઈ-ગવડાવી-સમજાવી બાળકોને નિત્યનિયમ કરવાના આગ્રહી બનાવવા.

- દરેક પાઠના અંતે આપેલા **સ્વાધ્યાયને** બાળકો પાસે **ગૃહકાર્ય** તરીકે કરાવવાનો રહેશે. અને **લેખિત-મૌખિક પરીક્ષા** પણ લેતા રહેવાની રહેશે.
- પુસ્તકના અંત ભાગમાં **શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોતર** પણ આપવામાં આવ્યા છે જેને બાળકો પાસે કંઠસ્થ કરાવવાના રહેશે.
- સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલા પાઠ્યપુસ્તકોનું વર્ગીકરણ નીચે પ્રમાણે સમજવું અને ત્યારબાદ આ પુસ્તકોનો ઉપયોગ બાળકોને ભણાવવા માટે કરવો.

ધોરણ	પાઠ્યપુસ્તકનું નામ	ઉંમર મર્યાદા (વર્ષમાં)
૧	લોયાધામ શિશુ - વર્ષ-૧	૫-૬
૨	લોયાધામ શિશુ - વર્ષ-૨	૬-૭
૩	લોયાધામ શિશુ - વર્ષ-૩	૭-૮
૪	લોયાધામ ભૂલકું - વર્ષ-૧	૮-૯
૫	લોયાધામ ભૂલકું - વર્ષ-૨	૯-૧૦
૬	લોયાધામ ભૂલકું - વર્ષ-૩	૧૦-૧૧
૭	બાળ સંસ્કાર - વર્ષ - ૧	૧૧-૧૨
૮	બાળ સંસ્કાર - વર્ષ - ૨	૧૨-૧૩
૯	બાળ સંસ્કાર - વર્ષ - ૩	૧૩-૧૪
૧૦	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૧	૧૪-૧૫
૧૧	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૨	૧૫-૧૬
૧૨	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૩	૧૬-૧૭



- **આ 'બાળ સંસ્કાર-વર્ષ-૧' પુસ્તકની રચના ધોરણ-૭માં ભણતા બાળકો અર્થાત્ ૧૧-૧૨ વર્ષની ઉંમરના બાળકોની બૌદ્ધિક ક્ષમતાના આધારે કરવામાં આવી છે. નવા આવેલ ૧૫ થી ૪૦ વર્ષના યુવાનોને પણ બાળકની કક્ષામાંજ ગણવા.**
- આ **બાળ સંસ્કાર** પુસ્તક કુલ 3 ભાગમાં પ્રકાશિત છે. આમ, બાળ-બાલિકાઓ માટે 3 વર્ષનો કોર્સ રહેશે.
- **પાઠ ૧ થી ૨૦** ની **૬ માસિક** અને **પાઠ ૧ થી ૪૦**ની **વાર્ષિક પરીક્ષા** લેવાની રહેશે. જેનાં પરીક્ષા પેપર **"શ્રી લોયાધામ બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર"** માંથી નીકળશે. અથવા ગામના/શહેરના સંચાલકો સ્વયં પેપર કાઢી પરીક્ષા લેશે.
- વાર્ષિક પરીક્ષાનાં સમય પહેલાં સંપૂર્ણ પુસ્તક ભણાવી દેવાનું રહેશે.
- પ્રત્યેક સંચાલકે બાળસભાના સભ્યોનું **એડમીશન ફોર્મ** ભરવાનું રહેશે. અને પ્રત્યેક સભામાં **હાજરીપત્રક** રાખી હાજરી પુરવાની રહેશે.
- જે બાળકનું વાણી-વર્તન અયોગ્ય અને અનિયમિત હોય તેનું એડમીશન રદ કરી તેને પ્રેમથી રજા આપવાની રહેશે.

(૨) સંચાલકોનું નૈતિક કર્તવ્ય :

- સંચાલકોનાં જીવન વ્યવહારની સભ્યો પર ખૂબ જ ઊંડી અસર થાય છે. માટે મહારાજ અને મોટા પુરુષને ગમે તેવું અને એક સભ્ય **સંસ્કારી માણસ**ને શોભે તેવું જ વાણી-વર્તન-જીવન રાખવું.
- આ પુસ્તકમાં જે જે શીખવવામાં આવ્યું છે તે બધું જ **સંચાલકનાં જીવન-વ્યવહારમાં** અવશ્ય પળાતું હોવું જોઈએ.
- **લોયાધામ પરિવાર** સાથે ઓછામાં ઓછા **૨ વર્ષ**થી જોડાયેલ આત્મીય ભક્તને **સંચાલકની સેવા** માટે પૂજ્ય સંતો દ્વારા નિમણુંક કરવામાં આવશે.
- પ્રત્યેક સંચાલક **પૂજ્ય ગુરુજી** અને લોયાધામ પરિવારનાં **ઓછામાં ઓછા બે સંતો**ના **લાઇવ કોન્ટેક્ટ**માં રહેતાં હોવા જોઈએ.
- પ્રત્યેક સંચાલકે પોતાનાં ગામ/શહેર કે સભાની પરિસ્થિતિથી પોતાનાં ઉપરી સંચાલકને વાકેફ રાખવા.



- પ્રત્યેક સંચાલકે અવશ્યપણે **સફેદ ઝભ્ભો-લેંઘો** પહેરીને જ સભા કરવી.
- ક્યારેય કોઈ પણ બાળક ઉપર હાથ ઉપાડવો નહિ. સખતાઈ અને ક્રોધની ભાષા કરતાં **પ્રેમની ભાષા**થી બાળકને સમજાવશો તો પરિણામ અવશ્ય મળશે.
- સભાનાં સમય દરમ્યાન પોતાનો **મોબાઇલ ફોન સ્વીચ ઓફ** અથવા **સાયલન્ટ** રાખવો. ચાલુ સભામાં કોઈ સાથે ફોનમાં વાત કરવી નહિ.
- **બાળકો કેળવી સંસ્કારી, નિષ્ઠાવાન્ બનાવવાં એ એક કળા-કૌશલ છે. તેમાં જેટલો વધારે સમય ગાળશો એટલાં જ સારા ફળ મળશે.**
- કોઈ પણ બાળકને **'તુંકારે'** બોલાવવા નહિ. તેના નામની પાછળ **'ભગત'** લગાડીને જ બોલાવવા. દા.ત. **દર્શન ભગત.**
- પ્રત્યેક સંચાલકે અને બાળકે **"નિત્ય નિયમાવલી"** પણ સાથે રાખવી. સમયની સાનુકૂળતાએ નિત્યનિયમ પણ બોલાવી કંઠસ્થ કરાવવાનાં રહેશે.
- **સભાના ૪૦ રવિવારને બાદ કરતા બાકી રહેલા ૧૨ રવિવારે સંચાલક સ્વૈચ્છિક રીતે આનંદોત્સવ, રમતોત્સવ, તીર્થસ્થાન દર્શન વગેરેનું આયોજન કરી શકે છે.**

(૩) સભાનું આયોજન અને પૂર્વતૈયારી :

- સભા સ્થળની સાફ-સફાઈ કરી એક સુંદર ટેબલ ઉપર આસન પાથરી **શ્રી ઠાકોરજી મહારાજ**ની મૂર્તિ પધરાવી અને તેનાથી નીચું બીજું આસન પાથરી તેના ઉપર **ગુરુપંરપરાની મૂર્તિ** દર્શન માટે પધરાવવી. સભામાં શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ **વચનામૃત, મુક્તાનંદ કાવ્ય** જેવાં મૂળ ગ્રંથને તો અવશ્ય રાખવા. શ્રી ઠાકોરજી મહારાજ અને ગ્રંથને પ્રણામ કરી, પોતાનાં સ્થાને બેસી **"બાળ સંસ્કાર"** પુસ્તકનું વાંચન અને નિરુપણ કરવું.
- સભાની શરૂઆતમાં પ્રાર્થના બાદ નીચે જણાવેલ છ (૬) જય અવશ્ય બોલાવવી. જય બોલાવવાની પદ્ધતિ એક જ રાખવી પણ અદલાબદલી ન કરવી.



(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય (૨) શ્રી ઠાકોરજી મહારાજની જય
(૩) શ્રી હરિકૃષ્ણ મહારાજની જય (૪) શ્રી ઘનશ્યામ મહારાજની જય
(૫) શ્રી સદ્‌ગુરુદેવની જય (૬) શ્રી પાંચસો પરમહંસની જય.

- ધૂન-પ્રાર્થના-કીર્તન કોણ બોલાવશે તેની સોંપણી પહેલેથી જ કરી રાખવી અથવા સ્વયં ઉચ્ચ મધુર સ્વરે બોલાવવું. જો બાળકને પણ ગાવા કે બોલવા દેવાનો અવસર આપવામાં આવે તો સર્વને સભા પોતાની લાગશે અને બાળકો તૈયાર થશે.
- બાળસભા રસપ્રદ બનાવવા માટે દરેક પાઠની પૂર્વતૈયારી અને મનન ખૂબ જ જરૂરી છે, તો જ આ પુસ્તકનો હેતુ સફળ થશે. ચરિત્રોનો રસાળ ઉલ્લેખ આ પુસ્તકમાં છે; છતાં તેના વિસ્તાર અને રોચકશૈલીની રજુઆત માટે વક્તાસંચાલકે પૂર્વતૈયારી કરવી આવશ્યક છે.

(૪) બાળકોનું કર્તવ્ય :

(૧) આપણી રમત-ગમત, મોજશોખ છોડી દર અઠવાડિયે બાળસભામાં નિયમિત-સમયસર હાજરી આપવી. બાળસભાનાં સમય કરતાં દશ મિનિટ પહેલા પહોંચી જવું.

(૨) બાળસભામાં આપણા બૂટ-ચંપલ લાઈનમાં જ ઉતારવા અને અન્યનાં બૂટ-ચંપલ આપણે ન પહેરવા.

(૩) બાળસભામાં ફરજીયાત સફેદ વસ્ત્રો (ઝભ્ભો-લેંઘો) અથવા સંસ્થા દ્વારા નક્કી કરાયેલ ડ્રેસ પહેરીને જ જવું અને તિલક-ચાંદલો ફરજીયાત કરવો.

(૪) બાળસભામાં બોલાતી ધૂન, પ્રાર્થના, કડી, શ્લોક, વાતો, કીર્તન, પ્રતિજ્ઞા વગેરે ઉચ્ચ સ્વરે મુખપાઠ બોલવાં.

(૫) બાળસભામાં બાળસભાની ચોપડી નોટ-પેન લઈને જવું અને સભા દરમ્યાન અગત્યનાં મુદ્દા નોટબુકમાં નોંધવા.

(૬) સભામાં બેસતા પહેલા મહારાજની મૂર્તિ સમક્ષ છ (૬) દંડવત્ કરીને સંચાલકશ્રીને પગે લાગીને જ બેસવું.



(૭) સભામાં શિસ્ત, વિનય, વિવેક અને મર્યાદા જાળવવી. બેસવામાં આડી-ઊભી લાઈન જોઈ શિસ્તમાં બેસવું.

(૮) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકોની આજ્ઞામાં જ રહેવું. મનનું ધાર્યું મુકવું.

(૯) બાળસભાના બાળકો અને સંચાલકશ્રીનાં નામ પાછળ ભગત લગાડીને જ આદરપૂર્વક બોલીએ. **દા.ત. જીજ્ઞેશ ભગત.**

(૧૦) સભામાં સંચાલક સાહેબને આદર આપીએ. તેમને 'તુંકારે' ન બોલાવીએ તથા તેમની સાથે અવિવેકી વર્તન ન કરીએ.

(૧૧) સંતોના આખા નામ આદરપૂર્વક બોલીએ. **દા.ત. પૂજ્ય સુવ્રતવલ્લભદાસ સ્વામી**

(૧૨) સભામાં કોઈ પ્રશ્ન પુછાય ત્યારે અથવા આપણે કંઈક પૂછવું હોય ત્યારે આંગળી ઊંચી કરવી, પરંતુ વચ્ચે ન બોલવું.

(૧૩) જો મોબાઈલ ફોન લઈને બાળસભામાં જવાનું થાય તો સભા દરમ્યાન મોબાઇલ ફોન સ્વીચ ઓફ અથવા સાયલન્ટ રાખવો.

(૧૪) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકશ્રી સાથે એક પલંગ, સોફા કે ખુરશી પર ન બેસવું. પણ તેમની સન્મુખ નીચા આસને જ બેસવું.

(૧૫) બાળસભા જે સ્થળે હોય તે સ્થળે કોઈપણ વસ્તુને પૂછ્યા વિના અડવું નહિ તથા નુકશાન પણ ન થાય તે ધ્યાન રાખવું.

(૧૬) બાળસભામાં ધમાલ-મસ્તી કે અટકચાળા ન કરીએ, તથા અંદરોઅંદર વાતો ન કરવી. પૂજ્ય સંતો અને સંચાલકોની વાતને એકાગ્રતાથી સાંભળવી.

(૧૭) બાળસભામાં યોજાતા કાર્યક્રમોમાં, સ્પર્ધાઓમાં ઉત્સાહ અને ઉમંગથી ભાગ લેવો.

(૧૮) આરતી અને પ્રસાદ માટે દોડાદોડી ન કરવી પણ લાઈનમાં ઉભા રહેવું.

(૧૯) નવાં-નવાં બાળકોને આપણી બાળસભામાં આગ્રહપૂર્વક લઈ આવવા અને તેમનો સંચાલકશ્રી તથા પૂજ્ય સંતોને પરિચય કરાવવો.

(૨૦) આપણા જન્મદિવસે તથા શુભપ્રસંગોમાં તથા મહારાજને રાજી કરવા અનુકૂળતા મુજબ આપણી બાળસભામાં પ્રસાદીની સેવાનો લાભ લેવો.

(૨૧) બાળસભામાં જે વાત શીખવાડવામાં આવે તે વાત ઘરે આવીને માતા-પિતાને તથા અન્ય સભ્યોને કહેવી તથા તે પ્રમાણે આગ્રહપૂર્વક વર્તવું.

(૨૨) સભા પૂર્ણ થયા બાદ પૂજ્ય સંતો અને સંચાલકશ્રીને પગે લાગીને "જય સ્વામિનારાયણ" કહીને જવું.

(૨૩) સભા પૂર્ણ થયા બાદ વાતો કરવામાં સમય પસાર ન કરવો તથા બહાર ફરવા ન જવું. સીધા ઘરે જ જવું. જેથી આપણા માતા-પિતાને ચિંતા ન થાય.

(૨૪) અઠવાડિયે અથવા પંદર દિવસે એકવાર પૂજ્ય ગુરુજી અને પૂજ્ય સંતોને અવશ્ય ફોન કરવો.

(૨૫) વેકેશનના સમયે પૂજ્ય ગુરુજી અને સંતો સાથે રહેવાં માટે જવું.


પ્રતિજ્ઞાપત્ર

- સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા આરાધ્ય ઉપાસ્ય ઇષ્ટદેવ છે.
- તે મને આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવિત શ્રી ઠાકોરજી મહારાજના રુપે પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યાં છે.
- હું શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને આજ્ઞા દ્રઢ કરીને રાખીશ.
- શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરાના પ્રગટ સત્પુરુષ મારા મોક્ષનાં દાતા છે.
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ મારા આત્યંતિક કલ્યાણનું કેન્દ્ર છે.
- હું તેને તન-મન-ધનથી સમર્પિત રહીશ અને તેની સેવા વફાદારીપૂર્વક ખંતથી કરીશ.
- શ્રી લોયાધામ પરિવારનાં સંતો ભક્તો મારા પરમ આત્મીય અને આત્માનાં સાચા સગા છે.
- હું હંમેશા મારા ગુરુજી અને સંતો-ભક્તોનું નિર્દોષ ભૂલકું બનીને રહીશ.
- મારા કોઈપણ કર્મથી મારા ગુરુજી અને સંતોને શરમથી માથું ઝુકાવવું પડે એવું કોઈપણ કૃત્ય હું નહિ કરું.
- "શ્રી પુરુષોત્તમનારાયણને પામી જ જવું છે" એ જ મારું જીવનલક્ષ્ય છે.
- તે અર્થે ગરજુ-રાંક થઈને શ્રી ઠાકોરજી મહારાજ, પૂજ્ય ગુરુજી અને સંતો-ભક્તોને રાજી કરીશ.
- શ્રી ઠાકોરજી મહારાજ, શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરા અને લોયાધામ પરિવારનાં સંતો ભક્તોનો હું દાસ છું. એનો મને ગર્વ છે.



INDEX

અનુક્રમણિકા

૧  ભગવાનની અમૂલ્ય ભેટ ૧
પ્રાર્થના - નમન હું કરૂ ૩

૨  સંત થકી કલ્યાણ ૫
ગોડી-સંત સમાગમ કીજે ૮

૩  પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે ૧૩
કીર્તન-પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ ૧૪

૪  સંસ્કાર ઘડતર ૧૬
આરતી-જય સદ્‌ગુરુ સ્વામી ૨૦

૫  પ્રથમ તીર્થ માતા-પિતા ૨૨
માતા-પિતાની સેવા ૨૪

૬  રેતીમાંથી તુંબડા ઉગ્યા ૨૭
ધૂન - રામકૃષ્ણ ગોવિંદ ૨૯

૭  નીલકંઠ વર્ણી ૩૨
શ્લોક-કંઠી માળ કમંડળુ ૩૫

૮  નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય ૩૭
પ્રાર્થના-નિર્વિકલ્પ ઉત્તમ અતિ ૩૯

૯  ભગવાન પ્રધાન જીવન ૪૨
પ્રાર્થના-એસીકી એસી મૂર્તિ ૪૪

૧૦  સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય ૪૭
સ્તુતિ-વિશ્વેશ છો સકલ વિશ્વતણા ૫૦

૧૧  શ્રીજી મહારાજના સંતો ૫૩
કડીગાન - સંત મહિમા ૫૬

૧૨  બાળપ્રભુનું પરાક્રમ ૫૮
શ્લોકગાન-જન્મ્યા કૌશલ દેશ ૬૦

૧૩  અમારા પર દયા રાખજો ૬૨
માંસાહાર અને વ્યસન ત્યાગ ૬૪

૧૪  ગુરુભક્ત એકલવ્ય ૬૬
કીર્તન - સદ્‌ગુરુ સાચારે ૬૮

INDEX



૧૫ મહારાજ મારું સર્વસ્વ ૭૦
સર્વે સખી જીવન જોવાને ૭૨



૧૬ લોયાધામની સેવા ૭૪
મારા વ્હાલાજી શું વાલપ દીસે રે ૭૮



૧૭ આ કંઠી તૂટે એટલે કલ્યાણ ૮૨
પ્રભુ પ્રસન્નતાના સાધનો ૮૩



૧૮ મનને માર્યું ૮૭
આજ મારે ઓરડે રે ૯૦



૧૯ જમો થાળ જીવન જાઉ વારી ૯૨
થાળ-જમો થાળ જીવન જાઉ વારી ૯૩




૨૦ જેવી વૃત્તિ તેવી પ્રવૃતિ ૯૬
કીર્તનઃતાસી મૂર્તિ લાગે છે મને પ્યારી રે ૯૭



૨૧ પિબેકનો પરાજય ૯૯
બાળમંડળમાં વર્તણૂંક ૧૦૨



૨૨ નરકના કુંડ ખાલી કર્યા ૧૦૫
જે સ્વામિનારાયણ નામ લેશે ૧૦૮



૨૩ શ્રેષ્ઠ બળ ૧૧૦
આદર્શ બાળકની વર્તણૂંક ૧૧૩




૨૪ સર્વોપરી ઉપાસના ૧૧૭
શ્રી સદ્‌ગુરૂ વંદના ૧૨૦



૨૫ પૂજામાં ભગવાન પધારે છે ૧૨૩
નિત્યપૂજા વિધિ ૧૨૪




૨૬ રીત જગત સે ન્યારી ૧૩૨
અવસર આવ્યોરે તમને ભજવાનો ૧૩૫



૨૭ મનુષ્યમાં શેતાન ૧૩૭
સાવધાન-વ્યસન ઝેર છે ! ૧૩૯



૨૮ સેવા કરે તે મહંત ૧૪૩
ભકિત કરતાં છૂટે મારા પ્રાણ ૧૪૬



૨૯ દાસના દાસ ૧૪૮
સર્વોપરી સંત શ્રી મુક્તાનંદ સ્વામી ૧૫૦



૩૦ સત્સંગ છોડવો જ નહિ ૧૫૪
શ્લોકગાન-આવે અંત સમે ૧૫૬



૩૧ અવતારવાદ ૧૫૯

ભગવાનનાં ચોવીશ અવતારો ૧૬૦




૩૨ શ્રીજીની લીલા અપંરપાર ૧૬૩

શાકોત્સવ લીલાનું પદ ૧૬૬



૩૩ માનસી પૂજા ૧૬૯

માનસીપૂજા વિધિ ૧૭૦



૩૪ શ્રીજીની માણકી ઘોડી ૧૭૮

માણકીએ ચડ્યા રે ૧૮૧



૩૫ નિયમની દૃઢતા ૧૮૪

સ્વામિનારાયણ નામની હો ૧૮૮



૩૬ આપણી શોભા વધી ૧૯૦

શ્રી ગણપતિજીની આરતી ૧૯૩



૩૭ કલા ભગત ૧૯૫

શ્રી હનુમાનજીની આરતી ૧૯૮




૩૮ ભગવાન બધે જ છે ૨૦૦

મોગરાના કુલ સખી ૨૦૩



૩૯ એકાદશી ૨૦૬

કોડે કોડે એકાદશી કીજીએ રે ૨૧૦



૪૦ સિંહના આશરે બકરી ૨૧૨

મહા બળવંત માયા તમારી ૨૧૫



ભગવાન શ્રી સ્વામિનારાયણ ૨૧૭



શ્રીજી મહારાજના જીવન ચરિત્રલક્ષી પ્રશ્નોત્તર ૨૧૯



કાયમી મુખપાઠ સ્વાભાવિક ચેષ્ટા ૨૨૪



લોયાધામ મહિમા ૨૨૯



લોયાધામ પરિવારમાં મોક્ષ પાક્કો ૨૩૨

સભા - ૧ : ભગવાનની અમૂલ્ય ભેટ

કોઈ પણ માણસ પાંચ મિનિટ નાક બંધ કરીને બેસી રહે તો શું થાય ? **ગભરામણ** થાય. કારણ કે હવા ન મળે તો આપણે ગભરાઈ જઈએ. હવા વગર આપણને એક મિનિટ પણ ન ચાલે. એ હવાની કિંમત શી ? કાંઈ જ નહિ. **મફત.** આપણને ભગવાને એ તદ્દન મફત આપી છે.

એવી જ રીતે આપણને **પાણી** વગર પણ ન ચાલે. તો તે પણ ભગવાને આપણને મફત આપ્યું છે. **નદી, તળાવ, કૂવા** બધે જ પાણી મળે. ભગવાન વરસાદ વરસાવે તેથી પાણી મળે, અનાજ પાકે, કપડાં મળે.

આમ, **ભગવાન** આપણને **હવા, પાણી, ખોરાક, કપડાં** બધું આપે છે. આ ઉપરાંત સૂર્ય, ચંદ્ર, ફળ, ફૂલ, વનસ્પતિ - એવું ઘણું બધું ભગવાને આપણને આપ્યું છે. તેથી આપણે સુખી છીએ.

હવે આપણે આપણા **શરીર** સામું જોઈએ. આપણને ભગવાને **આંખ, નાક, કાન, હાથ, પગ વગેરે** કેવાં સુંદર આપ્યાં છે. આપણે કેટલાક લૂલા, લંગડા, આંધળા, બહેરા માણસો જોઈએ છીએ, તેમનું દુ:ખ જોઈએ છીએ ત્યારે આપણને એમ થાય છે કે ભગવાને આપણને કેવા સુખી રાખ્યા છે ?

ભગવાને આમ આપણા ઉપર ઘણા **ઉપકારો** કર્યા છે; તો આપણે પણ એના બદલામાં તેમને યાદ કરવા જોઈએ. તેમની **સેવા** કરવી જોઈએ. આપણે ભગવાનને રાજી કેવી રીતે કરી શકીએ ?


મંદિરે જવું.

ભગવાનનાં દર્શન કરવાં.

સંતોનાં દર્શન કરવાં.

સંતોની સેવા કરવી, તો ભગવાન રાજી થયા. કેટલાક એમ કહે છે કે 'નાનપણમાં કાંઈ ભગવાન ન ભજાય. એ કામ તો ઘરડાનું;' પણ એ વાત સાચી નથી. **ભક્ત ધ્રુવે** નાનપણમાં જ ભગવાનની ભક્તિ કરી. **ભક્ત પ્રહ્લાદે** પણ નાની ઉંમરે ભગવાન ભજ્યા. **મીરાંબાઈ** પણ નાનાં હતાં ત્યારથી જ ભગવાનનું ભજન કરતાં હતાં. **નાની ઉંમરમાં જે ટેવ પાડીએ તે ટેવ કાયમ રહે છે.** નાનપણમાં ભગવાન ન ભજીએ તો ઘરડાં થઈએ ત્યારે પણ ભગવાન ન ભજાય. માટે આપણે આજથી જ **ભજનની ટેવ** પાડીએ.

|| સૌ સાથે મળી પ્રાર્થના ગાન કરો ||



નમન હું કરૂ વિશ્વપાળને, કરગરી કહું ભક્તિબાળને,

અરજ માહરી ઉરમાં ધરો, વિપત્તિ માહરી શ્રીહરિ હરો,

અવર આશરો માહરે નથી, સર્વ જાણને શું કહું કથી,

કઠણ કાળમાં આપ છો ઘણી, સુખદ શામળા મુકતના મણી,

અમરના પતિ આશ તાહરી, રસિક રાખજો લાજ માહરી,

પ્રણત પાળ છો સર્વના પ્રભુ, દીનદયાળ છો વિશ્વના વિભુ,

વિમળ મૂરતિ ઉરમાં વસો, નજરથી પ્રભુ દુર ના થશો,

અધિક ત્રાસને તોડી નાખજો, બ્રહ્માનંદ ને પાસ રાખજો,

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કોના વગર આપણને એક પણ મિનિટ ન ચાલે?

( ) A - ખોરાક ( ) B - પાણી ( ) C - હવા

(૨) કોઈ પણ માણસ પાંચ-દશ મિનિટ નાક બંધ કરી રાખે તો શું થાય?

( ) A - પ્રાણાયામ ( ) B - ગભરામણ ( ) C - હવા

(૩) હવા, પાણી, ખોરાક, મનુષ્યશરીર, આંખ, કાન વગેરે આપણને કોણે આપ્યું છે?

( ) A - મમ્મીએ ( ) B - બ્રહ્માએ ( ) C - ભગવાને

(૪) આપણે રોજ ક્યાં જવું જોઈએ?

( ) A - ફરવા ( ) B - રમવા ( ) C - મંદિરે

(૫) નાનપણથી જ કોણે ભગવાન ભજ્યા હતા?

( ) A - પ્રહ્લાદ ( ) B - ધ્રુવ ( ) C - મીરાંબાઈ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) કેવી ટેવ કાયમ રહે છે?

(૨) ઘરડા થઈએ ત્યારે પણ ભગવાન ભજાય તે માટે શું કરવું જોઈએ?

(૩) ભગવાન રાજી કેવી રીતે થાય?

(૪) ભગવાનના આપણા ઉપર કયા કયા ઉપકારો છે? જણાવો.

(૫) ભગવાને આપણને શું શું મફતમાં આપ્યું છે?

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) બ્રહ્માનંદ સ્વામી .....ને નમન કરે છે? (વિશ્વબાળ, વિશ્વપાળ, વિશ્વજીત)

(૨) કઠણ કાળમાં ..... ઘણી છે. (માતા, પિતા, ભગવાન)

(૩) આપણને કોણ જીવાડે છે. ..... (સંસાર, બ્રહ્મા, ભગવાન)

(૫) આપણે ..... સેવા કરવી જોઈએ. (સંતોની, ધનવાનની, મિત્રોની)

પ્રશ્ન-૪ નીચેના ફકરાનું સુલેખન (સારા અક્ષરે લેખન) કરો.


ભગવાન આપણને હવા, પાણી, ખોરાક, કપડાં, બધુ આપે છે. આ ઉપરાંત સૂર્ય, ચંદ્ર, ફળ, ફુલ, વનસ્પતિ, કિંમતી મનુષ્ય શરીર - એવું ઘણું બધુ ભગવાને આપણને આપ્યું છે. તેથી આપણે સુખી છીએ.

સભા-૨ : સંત થકી કલ્યાણ

આપણા સંતો **બહુ દયાળુ** હોય.

જે તેમની દૃષ્ટિમાં ચડે એને આ લોકમાંય અન્ન, વસ્ત્ર વડે સુખી કરવો અને ભગવાનના ધામમાં લઈ જવો એવો એક જ એમનો ઈશક.

તેવા **સાચા સંતોની સેવા ભગવાનની સેવા કર્યા તુલ્ય બને છે. એ જમે તે ભેળા ભગવાન જમે. એ બોલે તો ભગવાન બોલે.** એવા સમર્થ સંતો **શ્રી મુક્તાનંદ સ્વામી** અને **શ્રી બ્રહ્માનંદ સ્વામી** બંને એક વખત સાંજના સમયે **એક ખેતરમાં** ચાલ્યાં જતા હતા. હાથમાં **માળા** હતી ને મુખમાં સ્વામિનારાયણ **મહામંત્રનું** નામ રટણ હતું.



એવામાં સામેથી એક પંદરેક વર્ષનો **બાળક** ચાલ્યો આવે. મુક્તાનંદ સ્વામી એટલે દયાની મૂર્તિ ! એમણે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું: સ્વામી! સામે જે **છોકરો** આવે છે, આપણે તેનું **કલ્યાણ કરવું** છે. ભલે સ્વામી જેવી આપની ઇચ્છા.

છોકરો નજીક આવ્યો તે ખિસ્સામાંથી કંઈક લઈને ખાતો ખાતો આવતો હતો.

મુક્તાનંદ સ્વામી કહે : છોકરા શું ખાય છે ?

મહારાજ ! આતો **ઘઉંનો પોંક** છે. છોકરાએ સામો ઉત્તર આપ્યો.

અમને **મૂઠી પોંક** આપીશ છોકરા ?

અને સ્વામીની આ **માંગણીને** છોકરાએ સ્વીકારી લીધી. **ખભે તાજા પોંકની પોટલી** હતી. એણે તો **પોટલી** ધરી દીધી આ સંતો આગળ, લ્યો આમાંથી જેટલો જોઈએ તેટલો લઈ લો.

શું સંતો પોંકના ભૂખ્યા હતા ?

ના... એમને તો એના **મુઠી પોંક** ભેળા મહારાજને જમાડી **એનું કલ્યાણ કરવું હતું.**

અને **સંતો એક એક મુઠી પોંક જમ્યા.**

એનું કંઈક **લીધું** સાથે **દીધું ય ખરું.**

દેવામાં સાધુ પાસે તો બીજું શું હોય ? પણ **આશીર્વાદ** દીધા. જા છોકરા તારો **દેહાંત** આવશે ત્યારે અમે અને અમારા સ્વામિનારાયણ ભગવાન આ પોંક લઈને તને ધામમાં તેડવા આવશું.

છોકરો સમજતો ન હતો કે **શું કલ્યાણ, શું ધામ** ! પણ આશીર્વાદ આપનાર તો સમજતા હતા ને ? ખરેખર, આવા **સંતોની સેવા કરી લેવી. એમને રાજી કરી લેવા.** સંતો રાજી થાય તો જ મહારાજ રાજી થાય.

એનું ફળ ઘણું મોટું છે.

એટલે જ કહ્યું છે ને - જે કરે સેવા તે પામે મેવા.




સાધુની પ્રસાદી

એક સમયે ગઢડામાં **દાદા ખાચરની દીકરી** માંદી હતી, તે સમયે **સાધુની પંક્તિ** જમવા બેઠી હતી. ત્યારે **મહારાજ પોતે તાંસળી** હાથમાં લઈને સાધુ જમતા હતા તે પંક્તિમાં ફરીને **સાધુના પાત્રમાંથી સર્વની પ્રસાદી** પોતાના હાથે લઈને **બે ગ્રાસ જમ્યા** અને કહ્યું કે, **"આ પ્રસાદી છોડીને (છોકરીને) ખવરાવો એટલે એનું કલ્યાણ થાય."**

એકવાર દાદા ખાચરની **ઘોડી માંદી** હતી. તે માટે સર્વ સાધુના પગના અંગૂઠા તાંસળીના પાણીમાં બોળાવીને, તેને મહારાજ પોતાના હાથમાં લઈને તે **ચરણામૃતની બે અંજલી પીતા હતા** ને કહેતા હતા કે, **"આ ઘોડીને પાઓ, તેનું કલ્યાણ થશે."** આમ, શ્રીજી મહારાજ પણ સંતોનો ખુબ મહિમા સમજતા. અને સંતોની સેવા પણ કરતા. વચનામૃત ગઢડા મધ્યના પ૯માં શ્રીજી મહારાજ કહે છે કે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી એજ પરમ કલ્યાણ છે અને ભગવાનના સંતની સેવા તો બહું મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. અરે ! નિષ્કુળાનંદ સ્વામી તો શ્રીજી મહારાજના શબ્દો નોંધતા કહે છે કે,

સંત હું ને તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે.



|| નિત્યનિયમ વિભાગ ||

સુચના : નીચે આપેલ 'ગોડીના બંને પદ' સાંજે આરતી પહેલાં ગાવાના હોય છે. તેથી સંચાલકોએ આ બંને પદ સ્વયં ઉચ્ચ સ્વરે ગાઈ - બાળકો પાસે ગવડાવી; રાગ-ઢાળ શીખવી, કંઠસ્થ કરાવવા.

ગોડી પદ-૧ (રાગ : પૂરવ)

સંતસમાગમ કીજે હો નિશદિન... સંત-ટેક૦


માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે... હો નિશ૦ ૧

અંતર કપટ મેટકે અપના, લે ઉનકું મન દીજે... હો નિશ૦ ૨

ભવ દુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે... હો નિશ૦ ૩

બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે... હો નિશ૦ ૪

અર્થ : દરરોજ સંતોનો સમાગમ કરવો. સંતો આગળ માનને છોડીને-નિર્માની થઈને તેમના ચરણોમાં બેસીને તેમના મુખે ભગવાનના લીલા ચરિત્રોનું પાન કરવું. પરંતુ એવી ઈચ્છા ન રાખવી કે હું મંદિરે જાઉં, કથામાં જાઉં એટલે સંતો મને હાર પહેરાવે, મારા વખાણ કરે, મને પ્રસાદનું પડીકું આપે; એવી મલિન ઈચ્છા રાખીને સંતો પાસે જવું નહિ. પરંતુ કેવળ ભગવાનનો મહિમા સમજવા, સંસારબંધનથી મુક્ત થવા. સારા સારા સદ્‌ગુણો શીખવા માટે સંતો પાસે સમાગમ કરવો. સંતો પાસે કપટ ન રાખવું અર્થાત્ જુઠ્ઠુ ન બોલવું. સંતોને પોતાનું મન અર્પણ કરી દેવું. સંતો આપણને નિઘડકપણે કહી શકે એવું જીવન કરવું. સંતોના સમાગમથી જન્મ-મરણનું મોટું દુઃખ ટળી જાય છે. તમામ પાપો બળી જાય છે અને ભગવાનનું અવિનાશી ધામ મળે છે. માટે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે : સંતોનો સમાગમ કરી જન્મને સફળ કરી લેવો એજ મનુષ્યદેહનો સાચો લાભ છે.



પદ-૨

સંત પરમ હિતકારી જગતમાંહિ... સંત-ટેક૦

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી... જગત૦ ૧

પરમકૃપાળુ સકળ જીવન પર, હરિ સમ સબ દુઃખકારી... જગત૦ ૨

ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી... જગત૦ 3

બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી... જગત૦ ૪

અર્થ : આ સંસારમાં સંત જ પરમહિતકારી-સાચું હિત કરનારા છે. સંત નિ:સ્વાર્થ હેત કરે છે. અને ભગવાનમાં પ્રીતિ કરાવે છે. ભગવાનમાં જોડે છે. સંતો મનની ભ્રમણાઓને તોડે છે. સંતો પરમકૃપાળુ હોય છે. તેઓ કોઈ પણ પ્રકારના ભેદભાવ, પક્ષપાત વિના વરસાદની જેમ બધે જ સમાન વરસે છે અને બધાના દુઃખોને નાશ કરે છે. સાચા સંતોની રીત ન્યારી, અલૌકિક હોય છે. તેઓ માયાના સત્વગુણ, રજોગુણ અને તમોગુણથી પર વર્તે છે. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે આવા સાચા સંતોનો સમાગમ (સંગ) કરવાથી ભગવાન મળે છે, મોક્ષ થાય છે.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) છોકરાનું પોકમાં કલ્યાણ કયા સંતોએ કર્યું?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - ગુણાતીતાનંદ સ્વામી

( ) C - બ્રહ્માનંદ સ્વામી ( ) D - શિવાનંદ સ્વામી

(૨) કોનો સમાગમ કરવાથી મોક્ષ મળે છે ?

( ) A -મિત્ર ( ) B - સંસારી

( ) C -સંત ( ) D - મા-બાપ

(૩) પોતાની ફાંદ (પેટ) યાદ રખાવીને કયા સંતે માછીમારનું કલ્યાણ કર્યું ?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - ગુણાંતીતાનંદ સ્વામી

( ) C - બ્રહ્માનંદ સ્વામી ( ) D - નિત્યાનંદ સ્વામી

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) 'સંત થકી કલ્યાણ' આ વાક્ય શું કહેવા માગે છે?

---

(૨) કોની સેવા ભગવાનની સેવા કર્યા બરાબર છે.

---

(૩) સંત મહિમા વિશે પાંચ વાક્યો લખો.

---

(૪) દાદાખાચરની ઘોડી માંદી પડી ત્યારે શ્રીહરિએ શું કર્યું ?

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) ..... ની સેવા ભગવાનની સેવા કર્યા તુલ્ય બને છે.

(સન્યાસી, ગરીબ, સાચાસંત, પશુ-પંખી)

(૨) સંતોએ છોકરાનો .....જમી કલ્યાણ કર્યું.

(બાજરીનો પોક, ઘઉંનો પોક, રોટલો)

(૩) ગંગાજીને .....નો સ્પર્શ થયો હતો.

(સંતો, ભગવાન, વામનજી, બ્રાહ્મણ)

(૪) સંત બોલે તે ભેળા .....બોલે છે.

(સંત, મહંત, સદ્‌ગુરૂ, ભગવાન)

(૫) મુંજાસુરાનું કલ્યાણ ..... સંતે કર્યું.

(ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી)

(૬) સંત સમાગમ કીજે આ રચના.....ની છે.

(ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી)

પ્રશ્ન-૪ નીચેનું વાકય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) આપણે અઠવાડીયે એકવાર સંતોનો સમાગમ કરવો જોઈએ. ☐

(૨) આપણે સંતોને પોતાનું મન અર્પણ કરી દેવું જોઈએ. ☐

(૩) સંત સમાગમથી આપણું પતન થાય છે. ☐

(૪) સંતોમાં હેત કરવું એટલે મુક્તિ મેળવવી. ☐

(૫) સંતોનો ફક્ત ગુણ લેવાથી પણ કલ્યાણ થાય છે. ☐

પ્રશ્ન-૫ નીચેની કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.

(૧) માન તજી સંતન કે.....

.....

.....સબવિધિ કારજ સીજે....

(૨) સંત પરમ હિતકારી .....

.....

.....હરિ સમ સબ દુઃખહારી

સભા-૩ : પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે


ઉત્તર પ્રદેશમાં એક અતિ રળિયામણું નાનકડું **છપૈયા** ગામ છે. તે ગામમાં **દેવશર્મા** અને **બાળા** નામે **બ્રાહ્મણ દંપતિ** રહેતાં હતાં. બંને ખૂબ સંસ્કારી અને ગુણિયલ હતાં.

ધર્મ-નિયમમાં ખૂબ દૃઢતાવાળાં જાણી દેવશર્માને લોકો **'ધર્મદેવ'** કહેતાં. બાળા પણ ભગવાનની સેવા-ભક્તિમાં એટલી શ્રદ્ધા રાખતાં જેથી લોકો તેમને **'ભક્તિ'** નામે જ બોલાવતાં.

સમય જતાં ધર્મદેવ થકી ભક્તિદેવીને **પ્રથમ પુત્રનો** જન્મ થયો. તેનું નામ **'રામપ્રતાપ'** પાડવામાં આવ્યું.

ત્યાર બાદ **ઋષિ દુર્વાસાના શાપને** કારણે **અસુરો** છપૈયામાં ધર્મ-ભક્તિને ખૂબ દુઃખ દેવા લાગ્યા. એક વખત તો રાત્રે આવી, અસુરો ધર્મદેવની બધી **માલ-મિલકત લૂંટી** ગયા. ખૂબ દુઃખ આપ્યું. તેથી ધર્મ-ભક્તિ **છપૈયા છોડી અયોધ્યા** રહેવા ગયાં... પરંતુ ત્યાં જઈને પણ અસુરો તેમને દુઃખ દેવા લાગ્યા. બે-બે, ત્રણ-ત્રણ દિવસ કંઈ જ ખાવાનું ન મળે. આવું **અસહ્ય દુઃખ** ધર્મ-ભક્તિને આવ્યું.

છેવટે ધર્મદેવે **હનુમાનદાદાને** પ્રાર્થના કરી. હનુમાનદાદાએ સ્વપ્નમાં દર્શન આપી કહ્યું કે, **"તમે કષ્ટ ટાળવા વૃંદાવનમાં જાઓ."** ધર્મ-ભક્તિ **વૃંદાવન** પહોંચ્યાં; ત્યાં તેમને **ઋષિમુનિઓનો**



ભેટો થયો. ઋષિમુનિઓ પણ દુર્વાસાના શાપને કારણે દુઃખી હતા. બધાંએ સાથે મળી પ્રભુ **આરાધના** શરૂ કરી.

થોડા જ દિવસોમાં **ભગવાને દર્શન** આપ્યાં; અને કહ્યું; "હે ધર્મ-ભક્તિ ! તમે જરાયે ચિંતા કરશો નહિ. હું તમને અને મારા ભક્તજનોને સુખ આપવા ટૂંક સમયમાં જ **તમારી કૂખે અવતાર ધારણ કરીશ.**"

પ્રભુ પાસેથી **વરદાન** પ્રાપ્ત કરી ધર્મ-ભક્તિ છપૈયા આવ્યાં. ઘેર આવતાં જ દુઃખ માત્ર ટળી ગયાં. ઘર સુખ-સંપત્તિથી છલકાવા લાગ્યું. દુશ્મનો મિત્ર થવા લાગ્યા. થોડા દિવસો પછી ભક્તિમાતાના **ઉદરમાં ભગવાન શ્રીહરિ** પધાર્યા. માતાના ઉદરમાં ભગવાનનો પ્રવેશ થતાં જ માતા અતિશય શોભવા લાગ્યા.

વિક્રમ સંવત.૧૮૩૭ના ચૈત્ર સુદ-૯, તા.૩-૪-૧૭૮૧ને સોમવારનો સૂર્યોદય થયો.

આજ તો સહું કોઈના હૈયામાંથી **આનંદ** પ્રસરતો હતો. **નારાયણ સરોવરનો** કિનારો, વૃક્ષ-વેલી તથા પક્ષીઓ કિલકિલાટ કરી આનંદ મનાવવા લાગ્યાં. કોયલો મીઠા ટહુકારા કરી રહી હતી. મોરલાઓ મયૂરનૃત્ય કરી રહ્યાં હતાં.

રાત્રીની દસમી ઘડી શરૂ થઈ. આકાશમાં **દેવતાઓ** પોતપોતાનાં **વિમાનો** લઈને ગોઠવાઈ ગયા. **ગાંધર્વો** મધુર સ્વરે ગાન કરવા લાગ્યા. **અપ્સરાઓ** નૃત્ય કરવા લાગી. બરોબર **રાત્રિના ૧૦ ને ૧૦ મિનિટ થઈ.** તે વખતે આખાય **છપૈયામાં તેજ તેજ** છવાઈ ગયું. પછી તે તેજની મધ્યે ભગવાને ભક્તિમાતાને **દિવ્યરૂપે દર્શન** આપ્યું. ભક્તિમાતાએ ભગવાનને પ્રાર્થના કરી કે, "હે પ્રભુ ! આપનું તેજોમય સ્વરૂપ જોવા હું સમર્થ નથી. **આપ મારે ઘેર બાળસ્વરૂપે પધારો.**"

માતાની વિનંતિ સ્વીકારી પ્રભુએ **બાળસ્વરૂપ** ધારણ કર્યું. માતાની **ગોદમાં પ્રભુ** રમવા લાગ્યા. **બોલો ઘનશ્યામ મહારાજની જય...**

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ પોતે પ્રગટ થયા. એટલે ધર્મદેવને આંગણે અનેક દેવ-દેવીઓ દર્શન કરવા આવવા લાગ્યાં. પ્રભુ જન્મતાંની સાથે જ ભગવાનનાં ભક્તોને શુકન થવા લાગ્યાને અસુરોને અપશુકન થવા લાગ્યા.



લાલાનો જન્મ થતાં **છપૈયાની નારીઓ** હરખાતે હૈયે **ગીતો ગાતી** ધર્મદેવને ઘરે આવવા લાગી. ધર્મદેવ પણ આનંદ વિભોર થઈ ગયા અને સાધુ-સંતો તથા બ્રાહ્મણોને **દાન** દેવાના સંકલ્પો કર્યા. ઘનશ્યામ મહારાજના જન્મથી બધે જ **આનંદ** આનંદ છવાઈ ગયો.

ધર્મ ઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામકી...

છપૈયામાં લાલ ભયો, જય બોલો ઘનશ્યામકી...

સૌ સાથે મળી કીર્તન ગાન કરો

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે,
ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે;
કૌશળ દેશમાં ધર્યો અવતાર રે,
નોમ અજવાળી રુડો ચૈતર માસ રે;
તેડાવો જોશીને પૂછાવો નામ રે,
નામ ધર્યું રુડું શ્રી ઘનશ્યામ રે;
મુખડું શોભે અતિ બાલુડે વેશ રે,
સુંદર ભુરા માથે નાના નાના કેશ રે;
હરખે ઝુલાવે માતા દૂધ સાકર પાય રે,
માતાને મન જાણે વહેલા મોટા થાય રે;
રડતા રમાડતા પારણિયે પોઢાડે રે,
રેશમી દોરી લઈ હરિને હીંચકાવે રે;
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે,
પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાવે રે;



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) ઘનશ્યામ મહારાજનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો?

---

(૨) ધર્મદેવના કુળદેવ કોણ હતાં?

---

(૩) ધર્મદેવ કોણ હતાં? અને તેમનું મૂળ નામ શું હતું?

---

(૪) ભક્તિદેવી કોણ હતાં? અને તેમનું મુળનામ શું હતું?

---

(૫) ધર્મદેવ અને ભક્તિમાતાની અટક કઈ હતી?

પ્રશ્ન-૨ નીચે આપેલી ખાલી જગ્યા પુરો.

(૧) છપૈયા ..... માં આવેલું છે. (મધ્યપ્રદેશ, ગુજરાત, ઉત્તરપ્રદેશ)

(૨) શ્રી ઘનશ્યામના માતાનું નામ ..... હતું.
(ભક્તિદેવી, શક્તિદેવી, સુવાસીનીબાઈ)

(૩) શ્રી ઘનશ્યામના પિતાનું નામ ..... હતું.
(રામપ્રતાપભાઈ, ધર્મદેવ, ઈચ્છારામજીભાઈ)

(૪) શ્રી ઘનશ્યામના મોટા ભાઈનું નામ ..... હતું.
(ઈચ્છારામ, દેવશર્મા, રામપ્રતાપ)

(૫) શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મ ..... તિથિએ થયો.
(એકાદશી, નવમી, દશમી)

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામરે આ કીર્તન કોણે બનાવ્યુ છે ?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - નિષ્કુળાનંદ સ્વામી ( ) C - પ્રેમાનંદ સ્વામી

(૨) સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યની આગાહિ (ભવિષ્યવાણી) કોણે કરી હતી?

( ) A - વાલ્મીકિઋષિ ( ) B - વ્યાસઋષિ ( ) C - નંદસંતો

(૩) શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મ કયા મહિનામાં થયો હતો?

( ) A - શ્રાવણ ( ) B - ચૈત્ર ( ) C - કારતક

(૪) ધર્મ-ભક્તિ દુ:ખ ટાળવા માટે ક્યાં ગયા ?

( ) A - કાશી ( ) B - વૃન્દાવન ( ) C - મથુરા

(૫) શ્રી ઘનશ્યામ મહારાજ કોણ હતા?

( ) A - ભગવાન ( ) B - મનુષ્ય ( ) C - દેવ

પ્રશ્ન-૪ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) લોયાધામ	(૧) ગુરૂજી
(૨) છપૈયા	(૨) રામજન્મભૂમિ
(૩) અયોધ્યા	(૩) કૃષ્ણજન્મભૂમિ
(૪) મથુરા	(૪) ઉત્તરપ્રદેશ
(૫) વેળાવદર	(૫) સુરાખાચર

પ્રશ્ન-૫ નીચેનું વાકય સાચું (✓) છે કે ખોટું (×) તે જણાવો.

(૧) ધર્મ ભક્તિ અને ઋષિમુનિઓને દુર્વાસાઋષીએ શાપ આપ્યો હતો. ☐


(૨) ઘનશ્યામ મહારાજનું જ નામ સ્વામિનારાયણ હતું. ☐

(૩) માર્કંડેયમુનિએ ઘનશ્યામના હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ એમ ત્રણ નામ પાડ્યા હતાં. ☐

(૪) ધર્મ ભક્તિ છપૈયા છોડીને અયોધ્યા રહેવા ગયા હતાં. ☐

(૫) આપણા ગુરૂજીનું બાળપણનું નામ 'વિનુભગત' હતું. ☐

સભા-૪ : સંસ્કાર ઘડતર



પેન નવી જ લાવ્યા પણ **રીફીલ** જ નથી; તેનો કેવો ઉપયોગ થાય ? માટલું નવું **લાવ્યા,** દેખાવ સરસ છે, પણ સ્હેજ કાણું નીકળ્યું. નવી ચોપડી લાવ્યા પણ અમુક પાનાં જ નહિ. એમ આપણે સુંદર કપડાં પહેરીએ, રોજ સ્નાન કરીએ, સુંદર તેલ નાંખી માથું ઓળીએ, બૂટ-મોજાં પહેરી શાળાએ જઈએ પણ... **જો સંસ્કાર ન હોય તો** એ બધું ઉપર કહ્યું તેવું જ **નકામુ** છે.

એ બધો દેખાવ છે પણ **શણગાર** નથી. **શણગાર તો માંહીલા સંસ્કારો છે**.

કેવી રીતે, કોની સાથે, કેમ બોલવું ? કોને, કઈ રીતે, જવાબ આપવા ? કેવું વર્તન કરવું ? એ બધી બાબતો **સંસ્કારમાં** આવી જાય છે.


કોઈ આપણે ઘેર આવે અને આપણે હસતું મુખ રાખતા **"જય સ્વામિનારાયણ..."** કે **"આવો... બેસો..."** એવો આવકાર પણ ન આપીએ એ **સંસ્કારની ઊણપ** છે. ઘર ગમે એવું સજાવ્યું હશે પણ જો આવનારને **મીઠો ટહુકો** નહિ મળે તો એને આવવાનું મન નહિ થાય.

કેટલાંક ઘરમાં આપણે જોઈએ તો ઘરમાં પૈસા, ફર્નિચર, રાચરચીલું બધું હોય પણ જો બાપ-દીકરીને, બંને માબાપને કે બે ભાઈઓએ ઝઘડતાં ને મારામારી કરતાં જોઈએ તો આપણને જ કેવું લાગે છે ?

આપણે કોઈના છોકરાને એના પપ્પા સામે કે તેની મમ્મી સામે ચડભડ કરતા કે ફટાફટ મનફાવે તેમ જવાબો આપતા જોઈએ, ત્યારે આપણને એ ગમશે ? આપણે શું કહીશું ? **"કોઈનામાં સંસ્કાર જ નથી."**

આ **સંસ્કાર** એ જીવનની મોટામાં મોટી **મૂડી** છે. રૂપિયા ઓછા હશે તો ચાલશે, સંપત્તિ ઓછી હશે તો ચાલશે, ઝૂંપડામાં રહેતા હઈશું તો ચાલશે, પણ **સંસ્કાર નહિ હોય તો નહિ ચાલે.**

કારણ કે, તેની તો ડગલે ને પગલે જરૂર પડે છે. બોલવા-ચાલવામાં, ઊઠવામાં, બેસવામાં, ન્હાવામાં તેમજ ધોવામાં બધે જરૂર પડે છે.



સવારમાં ઊઠતી વખતે રૂપિયાની જરૂર નથી પડતી, પણ સંસ્કારની તો ખરી જ. જ્યારે મમ્મી-પપ્પા ઉઠાડે ત્યારે, "અત્યારમાં શું મારી પાછળ પડ્યા છો ? સૂવા દો ને હવે. બસ, અત્યારથી તમારી માથાકૂટ ચાલુ થઈ ગઈ." આ જ બાળકના **કુસંસ્કાર.**

જ્યારે **ઊઠીને તરત માતાપિતાને ચરણ સ્પર્શ કરી, "જય સ્વામિનારાયણ" કહેવા. બીજા વડીલોને તથા ઘરના સભ્યોને પગે લાગવું આ સંસ્કાર.**

શાળામાં ગયા. જો લેસન ન કર્યું હોય અને સાહેબ વઢે કે કંઈ શિક્ષા કરે તો **"આ મારા સારા માટે કહે છે, મારી ભૂલ છે એટલે કહે છે" એવું મનાય એ સંસ્કાર.** અને સાહેબ ક્લાસમાંથી ગયા પછી કે તેમની પાછળ, જો સાહેબ ઊંચા હોય તો, 'એ લાંબો'; જો સાહેબ ચશ્માંવાળા હોય 'એ બાડીયો' આવા આવા શબ્દો બોલાય તે શું છે ? **કુસંસ્કાર.** માટે જ સંસ્કારધનની તો ડગલે ને પગલે જરૂર પડે છે.

આ માટે જ આપણાં **બાળમંડળોની સભા** છે. સંસ્કારો વેચાતા ન મળે. કોઈ કોલેજ કે સ્કૂલમાં ન મળે. ઉપરથી આજે તો શાળા-કોલેજમાં **સંસ્કારહીન** બનાય એવું વાતાવરણ છે.

મહેનત કરવી નહિ ને પરીક્ષા આવે એટલે પાડો હડતાલ, કરો તોફાન, પેપર મૂકી નીકળી જાઓ. આ બધા કુસંસ્કાર જ નહિ તો બીજું શું ?

આપણી બાળસભામાં આપણે મફત સંસ્કાર આપીએ છીએ. આ પુસ્તકોમાંથી મફત સંસ્કાર મળશે. માટે લેવાય એટલો લાભ તેનો લેવો જ.



બાળસભાના ફાયદા

- બાળકોમાં નાનપણથી જ સંસ્કાર તથા સત્સંગનાં બીજ રોપાય છે.
- ઘરમાં, સમાજમાં અને સત્સંગમાં કેમ રહેવાય તેની સારી કેળવણી મળે છે.
- મા-બાપ, વડીલો અને ગુરુજનો પ્રત્યે આદરભાવ જાગે છે.
- સંતો, સંચાલકો અને સંસ્કારી બાળકોના સંગમાં રહેવાનું મળે છે.
- વ્યસન અને ફેલફૂતર જેવાં દૂષણોથી બચી બાળક સદાચારી બને છે.
- બાળકમાં સાહસ, બુદ્ધિ અને નીડરતા વધે છે. તેનો સર્વાંગી વિકાસ થાય છે.
- ધાર્મિકતા અને મોક્ષપ્રાપ્તિના સંસ્કાર સિંચાય છે.
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પ્રભુભક્તિ જેવા અનેક સદ્‌ગુણોનું સિંચન થાય છે.

આમ, આવી **બાળસભામાં** જવાથી આપણી ભારતીય ઋષિપરંપરા તથા વૈદિક સંસ્કૃતિનો વારસો મેળવી શકાય છે અને અનેક **ફાયદાઓ** થાય છે.



નિત્યનિયમ વિભાગ

આરતી : મહિમા તથા ઈતિહાસ

આર્તનાદથી પરમાત્માને પુકારવામાં આવે તે **આરતી.**

ભક્તના ભાવને જોઈને પ્રભુ તત્કાળ ભક્તની વહારે (મદદે) દોડીને આવે છે. તેને જ **આર્તનાદ** કહેવાય છે.

હૃદયમાંથી આર્તનાદ તો ત્યારે જ છૂટે, જ્યારે પૂર્ણરૂપે પરમાત્માના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા સાથે

સમર્પિત થઈ જવાનો નિશ્ચય નિષ્કપટ ભાવથી જાગૃત થાય છે. જ્યારે સદ્‌ગુરૂ **મુક્તાનંદ સ્વામીને** ભગવાન શ્રી સ્વામિનારાયણે **સમાધિ પ્રકરણ** ચલાવ્યાના સમાચાર મળ્યા, ત્યારે મનમાં મૂંઝવણ થઈ કે આવું **રામાનંદ સ્વામીએ** ક્યારેય કર્યું નથી. **સહજાનંદ સ્વામી** આવી રીતે **હજારો મનુષ્યોને સમાધિ** કેમ કરાવી શકે ? અહીંથી રોપાયાં **આર્તનાદનાં બીજ.**

વિક્રમ સંવત્ ૧૮૫૯ના કારતક સુદ ૧૦ અને તા. ૫ નવેમ્બર, ૧૮૦૨ ને શુક્રવારના નિત્ય ક્રમ પ્રમાણે સૌ સંતો અને શ્રીહરિ **કાલવાણી** ગામમાં સ્નાનના નિમિત્તે **નદી કિનારે** પધાર્યા.


જંગલમાં સદ્‌ગુરૂ મુક્તાનંદ મુનિને ઉદ્ધાવાવતાર સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામીએ દિવ્ય દર્શન આપીને કહ્યું "આ સહજાનંદ સ્વામી સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે." હું જે તમને સૌને કહેતો હતો કે **હું તો ડુગડુગી વગાડનાર છું, ખરો ખેલ ભજવનાર તો આવવાના છે, તે આ જ સાક્ષાત્ શ્રીહરિ સહજાનંદ સ્વામી છે.**

ગુરુના વચનથી મનમાં જે સંશય હતો તે નાશ પામી ગયો.

પૂર્ણ વિશ્વાસ સાથે ભગવાન શ્રીહરિના ચરણોમાં **આત્મસમર્પણ** કરી દેવાને સંપૂર્ણ નિષ્ઠા પૂર્વક તૈયાર થયા. પછી મુક્તાનંદ મુનિના **કવિ હૃદયમાંથી** જે શબ્દો નીસરી પડ્યા,

તે જ આ **"જય સદ્‌ગુરુ સ્વામી-આરતી."**

આ આરતીથી જગતના કેટલાય જીવો આજ પણ પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણની આર્તનાદથી પ્રાર્થના કરે છે. અને અક્ષરધામને પ્રાપ્ત કરે છે.



આરતી

સુચના : સંચાલકોએ નીચે આપેલ આરતી સ્વયં ગાઈ - બાળકો પાસે ગવડાવી, કંઠસ્થ કરાવવી.

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨), બળવંત બહુનામી. પ્રભુ જય૦ ૧

અર્થ : હે સદ્‌ગુરુ ! તમારી સર્વત્ર જય થાય છે કેમ કે તમે તો જીવ પ્રાણી માત્રના અને મારા આત્માના સ્વામી છો, માલિક છો, કર્તા હર્તા છો, અન્તર્યામી છો. અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ છો. કેવા દયાળુ છો ? તો સહજ માત્રમાં આનંદનો આસ્વાદ દયા કરીને આપો છો. હે બળશાળી ! તમારાં બહુ જ પ્રકારનાં નામો છો. (૧)

ચરણ સરોજ તમારાં, વંદુ કર જોડી;
ચરણે ચિત્ત ધર્યાથી (૨), દુઃખ નાખ્યાં તોડી. જય૦ ૨

અર્થ : એટલા માટે હે સ્વામી ! હું મુક્તાનંદ તમારા કમળ જેવા કોમળ ચરણોમાં બે હાથ જોડીને વંદન કરું છું. કારણ કે તમારા ચરણોમાં ચિત્ત ધરવા માત્રથી દુઃખનો નાશ થાય છે. (૨)

નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી;
પામર પતિત ઊધાર્યા (૨), અગણિત નરનારી. જય૦ ૩

અર્થ : હે પ્રભુ ! તમો સુખને દેનારા પરબ્રહ્મ નારાયણ ભગવાન છો, બ્રાહ્મણ કુળમાં ધર્મદેવના પુત્રરૂપે મનુષ્ય શરીર ધારણ કરી, જગતના અતિ પામર અને સ્વધર્મથી પતિત એવા અગણિત નરનારી મનુષ્ય માત્રનો ઉદ્ધાર કર્યો છે. (૩)

નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી;
અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી. જય૦ ૪

અર્થ : હે પ્રભુ ! તમે પ્રતિદિન રોજ રોજ ભક્તોના સુખ માટે નવિન નવિન લીલાઓને કરો છો. તમારા ચરણમાં કરોડો ગયાજી, કાશી કે અડસઠ તીર્થ રહેલાં છે. (૪)

પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે;
કાળ કરમથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે. જય૦ ૫

અર્થ : પ્રગટ પુરુષોત્તનારાયણ એવા તમારું જે કોઈ જીવ દર્શન કરશે, તે જીવ કાળ, કર્મ અને માયાના બંધનથી છૂટી, કુટુંબ પરિવાર સહિત સંસાર સાગરને તરીને, મોક્ષને પ્રાપ્ત કરશે. તમારા દિવ્ય ધામનો અધિકારી બનશે. (૫)

આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી;
મુક્તાનંદ કહે મુક્તિ (૨), સુગમ કરી સિધી. જય૦ ૬

અર્થ : મુક્તાનંદ સ્વામી કહે છે કે આ વખતે અતિ કરુણાના સાગર એવા તમોએ જીવો ઉપર અતિ કરુણા કરી છે. મુક્તિને સરળ કરી છે. (૬)

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) સંસ્કાર ઘડતરનું મહત્ત્વ જણાવો.

---

(૨) સંસ્કાર કોને કહેવાય?

---

(૩) સંસ્કાર વિનાનું જીવન કેવું હોય છે?

---

(૪) કુસંસ્કાર એટલે શું?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) આર્તનાદથી પરમાત્માને પુકારવામાં આવે તે.

( ) A - આર્તનાદ ( ) B - પરમાત્મા ( ) C - આરતી

(૨) મુક્તાનંદ સ્વામીને કયા સમાચાર મળ્યા?

( ) A - સમાજના ( ) B - કીર્તનના ( ) C - સમાધિ પ્રકરણના

(૩) કોના મનમાં મૂંઝવણ થઈ?

( ) A - પ્રેમાનંદ સ્વામી ( ) B - શ્રીજી મહારાજ ( ) C - મુક્તાનંદ સ્વામી

(૪) સંતો અને શ્રીહરિ સ્નાન કરવા ક્યાં ગયા ?

( ) A - તળાવે ( ) B - મંદિરે ( ) C - નદીકિનારે

(૫) ભક્તના ભાવને જોઈ કોણ ભક્તની વહારે દોડીને આવે છે?

( ) A - મિત્ર ( ) B - સ્વજન ( ) C - ભગવાન

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(પરમાત્મા , આર્તનાદ , સમાધિ , શ્રીહરિ , ભાવ)

(૧) સંતો અને ..... કાલવાણી ગામમાં પધાર્યા.

(૨) સહજાનંદ સ્વામી હજારો મનુષ્યોને ..... કરાવી.

(૩) સમાધિથી ..... બીજ રોપાયા.

(૪) આર્તનાદથી ..... ને પુકારવામાં આવે તે આરતી.

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય સાચું (✓) છે કે ખોટું (×) તે જણાવો.

(૧) મુક્તાનંદમુનિને રામાનંદ સ્વામીએ દિવ્યદર્શન આપ્યા.

(૨) મુક્તાનંદમુનિના હૃદયમાંથી આરતી સ્વરૂપે શબ્દો નીસરી પડ્યા.

(૩) જે જીવ આર્તનાદથી પ્રાર્થના કરે તે અક્ષરધામને પ્રાપ્ત કરે છે.

(૪) સંપ્રદાયની સૌ પ્રથમ આરતી મુક્તાનંદસ્વામીએ બનાવી.

(૫) મુક્તાનંદ સ્વામી તો ડુગડુગીના વગાડનારા હતા.

(૬) સદ્‌ગુરૂ પ્રાણીમાત્રના સ્વામી છે.

સભા-૫ : પ્રથમ તીર્થ-માતાપિતા

એકવાર **કૈલાશમાં** ભગવાન શંકર અને માતા **પાર્વતી** બેઠા હતા. **કાર્તિકેય** અને **ગણેશ** ત્યાં આવી ચડ્યા. શંકર પાર્વતીને પોતાના બંને દીકરાઓની **કસોટી** કરવાનું મન થયું. બંને જણાને પાસે બેસાડીને કહ્યું : તમે બંને **પૃથ્વીની પ્રદક્ષિણા** કરીને આવો.

કાર્તિકેય તો મનમાં મલકાયા અને સૌથી પહેલાં આવવાનો વિચાર કરીને પોતાના **વાહન મોરને** લઈને ઝડપભેર ઉપડ્યા.

ગણેશને તો ભારે શરીર અને **ઉંદરનું વાહન** એટલે કાર્તિકેયની પહેલાં તો આવી જ ન શકાય. ગણેશ માતાપિતા પાસે ગયા. શંકર પાર્વતીજીને સાથે બેસાડીને તેમની **પૂજા** કરી અને પ્રદક્ષિણા કરીને **સામે બેઠાં.**

શંકર પાર્વતીએ પૂછ્યું : **બેટા ગણેશ !** પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે તું ક્યારે જઈશ ? કાર્તિકેય તો ગયો !

ગણેશ બોલ્યા : **હું જઈને આવ્યો.**

માતા-પિતાને આશ્ચર્ય થયું !

શંકર પાર્વતી સાથે બોલ્યા : ક્યારે જઈ આવ્યો ? તું તો હજી અહીંયા જ છે.

ગણેશ માતા-પિતાને નમન કરીને બોલ્યા: **“પુત્ર માટે તો અડસઠ તીર્થ**





માતાપિતાના ચરણોમાં છે.” મેં આપની **પ્રદક્ષિણા** કરી એટલે મારે માટે તો **સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા થઈ રહી.**

ગણેશની આવી **બુદ્ધિચાતુરી** અને મા-બાપ પ્રત્યેની **નિષ્ઠા** જોઈને શંકર પાર્વતી ખૂબ જ ખુશ થયા.

થોડાં સમય પછી કાર્તિકેય પવન વેગે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પાછા ફર્યા. ગણેશને ત્યાં જ બેઠેલા જોઈને પૂછ્યું : કેમ ગણેશ, તું ગયો જ નથી કે શું ?

ગણેશ બોલ્યા : હું તો તમારી પહેલાં પ્રદક્ષિણા કરીને આવી ગયો !

કાર્તિકેયને વાત સમજાતી નથી. જેથી તેમણે માતાપિતાને પૂછ્યું.

શંકર પાર્વતીએ કાર્તિકેયને ગણેશની **બુદ્ધિ** અને મા-બાપના **મહિમાની** વાત સંભળાવી.

શંકર પાર્વતી બોલ્યા : **બેટા ગણેશ, આજથી દરેક શુભ કાર્યમાં તારી પૂજા પ્રથમ થશે.** સૌ કોઈ દેવપૂજનમાં **તારું પૂજન પહેલાં** કરવામાં આવશે અને જે દીકરાઓ તેમના માતા-પિતાની સેવા કરશે તેની પણ **તારી જેમ** જગતમાં **કીર્તિ ફેલાશે** અને **સુખી થશે.**

માતાપિતાની સેવા

હાલતાં ચાલતાં આપણા દેવ એટલે આપણા માતાપિતા

'માતૃ દેવો ભવઃ, પિતૃ દેવો ભવઃ.' ઉપનિષદ્માં માત-પિતાને દેવ કરતાં પણ અધિક મહત્ત્વ આપવામાં આવ્યું છે. આપણને આ જગતમાં લઈ આવનાર કોણ ? **આપણા માતા-પિતા !**

અનેક જન્મોના બંધનો અને કર્મોના નાશ માટે **મનુષ્ય દેહ** કરતા બીજો કોઈ દેહ ચડિયાતો નથી. માટે આ જીવના કલ્યાણ માટે મનુષ્ય દેહની અતિ આવશ્યકતા છે, અને આ મનુષ્ય દેહના આપનારા નિમિત્ત આપણા માત-પિતા જ છે. આપણા મા-બાપ એ આપણા **જન્મદાતા** છે. **પોષણકર્તા** છે. એટલું જ નહિં પરતું આપણા **પ્રથમ ગુરુ** પણ આપણા માત-પિતા જ છે. માત-પિતાની સેવા કરવી એ આપણો **ધર્મ** છે, અને **ફરજ** પણ છે. જનનીની સેવા ન કરો અને જનનીને રાજી ન કરો તો **જગતનો નાથ** પણ તમારી સેવા-ભક્તિનો અંગિકાર નહિ કરે. અરે ભાઈ ! માતા-પિતાનું સુખ પામવા અને મા-બાપની સેવા કરવા માટે તો **અખિલ ભુવનનો નાથ** પોતે પણ મનુષ્ય દેહ ધારણ કરે છે. માટે જ કોઈ કવિ લખે છે કે,




‘ભુલો ભલે બીજું બધું, પણ મા-બાપને ભુલશો નહિ,

અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ.’

આ જગતમાં બીજું બધું ભલે ભુલાય જાય પરંતુ, મા-બાપે કરેલા ઉપકારને ક્યારેય ન ભુલવા. કેટકેટલા ઉપકાર છે આપણા ઉપર આપણા મા-બાપના ? માત-પિતા પોતાના **પેટે પાટા બાંધીને** પણ પોતાનાં બાળકોનું પોષણ કરતાં હોય છે. મા-બાપ કેટલા દુ:ખો પોતાના બાળકો માટે સહેતા હોય છે, મોટી કરુણતા તો એ વાતની છે, કે જેમ પક્ષીના બચ્ચાને પાંખો આવે અને ઉડી જાય તેમ ઘણાં બાળકો પણ પોતાની રીતે જીવતા શીખી જાય એટલે મા-બાપને **ભુલી** જતા હોય છે. જે મા-બાપે રાતભર **ઉજાગરા** કરીને પોતાના બાળકોને મોટા કર્યા હોય છે તે બાળકોની પાસે **મા-બાપની સેવા** કરવાનો તો ઠીક, પરંતુ મા-બાપને **મળવાનો સમય પણ નથી** હોતો. એવા બાળકોને **ધિક્કાર** છે !

ભગવાન સ્વામિનારાયણ તો પોતે અખિલ બ્રહ્માંડોના અધિપતિ હોવા છતાં, પણ પોતાના મા-બાપની સેવા પોતાના હાથેથી કરી છે. શ્રવણે પોતાના અંધ માતા-પિતાની સેવાને પ્રથમધર્મ માન્યો હતો. અત્યારે તો પૈસાવાળા માણસો મા-બાપની સેવામાં નોકર રાખે અને કામ કરાવે. એ કામવાળા શું મા-બાપની સેવા કરવાના હતાં ?



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) ગણેશ અને કાર્તિકેયના વાહનોનાં નામ જણાવો?

---

(૨) ગણેશ અને કાર્તિકેયને શંકર પાર્વતીએ શું આજ્ઞા કરી?

---

(૩) ગણેશે માતાપિતાની આજ્ઞાનું પાલન કેવી રીતે કર્યું?

---

(૪) શંકર પાર્વતીએ ગણેશને કયા આશીર્વાદ આપ્યાં?

---

(૫) શંકર પાર્વતીએ માતા પિતાની સેવા કરનાર દીકરાઓને કયું વરદાન આપ્યું?

---

(૬) સંતાનોએ પોતાના માતા પિતાની સેવા શા માટે કરવી જોઈએ?

પ્રશ્ન-૨ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) કાર્તિકેય	(૧) નારદજી
(૨) અજામિલ	(૨) વડતાલ
(૩) જોબનપગી	(૩) મોર
(૪) શંકરજી	(૪) રિદ્ધિ-સિદ્ધિ
(૫) ગણેશજી	(૫) કૈલાશપર્વત

પ્રશ્ન-૩ "માતા-પિતાની સેવા" આ વિષય ઉપર પાંચ વાક્ય લખો.

સભા-૬ : રેતીમાંથી તુંબડા ઉગ્યાં

ભાવનગરની બાજુમાં **ઘોળા ગામ** છે. આ **ઘોળા ગામમાં શ્રીજી મહારાજના** સમયમાં એક **ધનાભગત** નામે **હરિભક્ત** રહેતા હતા. તેઓને સંતો પ્રત્યે બહુ પ્રેમ. જ્યારે પણ સંતો ઘોળા પધારે કે ઘોળાની સીમમાંથી પસાર થાય ત્યારે ધનાભગત અચૂક સંતોને જમાડે.

પોતે **ખેડૂત** હતા તેથી ખેતી કરી ગુજરાન ચલાવતા. એકવાર **ચોમાસાની ઋતુ** આવી. પહેલો વરસાદ સારો થતાં **વાવણીનો સમય** થયો. ગામના સહું ખેડૂતોએ ખેતર ખેડીને **અનાજના દાણા** વાવવાની શરૂઆત કરી. ધનાભગત પણ પોતાના બળદોને ગોળ ખવડાવીને **વાવણી** કરવા ખેતરમાં લાવ્યાં. ત્યાં તો દૂરથી તેમણે **સંતોના મંડળને આવતા જોયાં.** તે તો દોડીને સંતો પાસે પહોંચી ગયા અને દંડવત્ કરવા લાગ્યા. પછી સંતોને પૂછ્યું : '**જમવા રોકાશો** ?' સંતો કહે : **"બે દિવસથી ઉપવાસ છે; આજે હરિ ઇચ્છા"** ધનાભગત તો અવાક્ થઈ ગયા. આંખમાં આંસુ આવી ગયા. બે દિવસથી સંતો ભૂખ્યા છે ! કોઈએ જમવાનું પૂછ્યું નથી ! ધનાભગત વિચારમાં પડ્યા. શું કરવું ? કારણ તેમની પણ સ્થિતિ **ગરીબ** હતી. ઘરમાં અનાજ બિલકુલ હતું જ નહિ. જ્યારે પણ સંતો પધારતા ત્યારે **સીધા-સામાન**માં બધુ જ ખર્ચી નાખતા, સંગ્રહ કરતા જ નહિ અને પૈસા ખીસ્સામાં મળે નહિ. હવે શું કરવું ? તરત જ તેમણે નિશ્ચય કરી લીધો. **વાવણીના દાણા છે,** તેનો **લોટ** દળીને સંતોને **રોટલા** જમાડી દઉં. **સંતોને ભૂખ્યા કેમ જવા દેવાય** ? તેમણે સંતોને ગામના ચોરે બેસાડ્યા અને



પોતે ઘેર ગયા. ઝટપટ લોટ દળવા માંડ્યા. લોટ દળાઈ રહેતાં ઘનાભગત સંતોને તેડી લાવ્યા. **લોટ, ગોળ** અને **દૂધ** સંતોને આપ્યા. સંતોએ જાતે રોટલા ઘડી ઠાકોરજીને થાળ ધરાવ્યો અને જમીને **તૃપ્ત** થયા. ઘનાભગતને **આશીર્વાદ** આપી સંતો બીજે ગામ ચાલી નીકળ્યા.

ગામના બીજા ખેડૂતોને આ વાતની ખબર પડી એટલે ઘનાભગતની **મશ્કરી** કરવા લાગ્યા. **'વાવણીનો બાજરો સંતોને જમાડ્યો. હવે નદીમાંથી રેતી લાવીને વાવો. ભગવાન તમને ખૂબ બાજરો આપશે.'** કુસંગીઓની ઠઠ્ઠા મશ્કરીની પરવા કર્યા વિના ઘનાભગત કહે : **'ભલે નદીમાંથી રેતી લાવીને વાવીશ.** મારો ભગવાન તો બહુ **દયાળુ** છે. તે **રેતીમાંથી જરૂર બાજરો** આપશે.' અને ઘનાભગતે તો સાચે જ નદી પાસેથી રેતી લાવીને ખેતરમાં પાથરી દીધી. થોડો સમય પસાર થયો ત્યાં તો ખેતરમાં તુંબડાના વેલા ઊગ્યા. ઘનાભગત રાજી થયા. સંતોને પાણી પાવા **તુંબડા** કામ આવશે એમ વિચારીને માવજત કરીને તુંબડાના વેલા ઊછેર્યા વેલ પર મોટા-મોટા **ગાગર જેવડા તુંબડા** થયા. તુંબડા પાક્યા એટલે ઘનાભગત તુંબડા તોડવા લાગ્યા. કુસંગી ખેડૂતોએ આ જોઈ ફરી **મશ્કરી** કરી : **'ભગત, હળવે રહીને તોડજો. ફૂટી જશે તો અંદર ભરેલો બાજરો ઢોળાઈ** જશે.' ત્યાં તો ભગતના હાથમાંથી વજનને કારણે એક તુંબડુ પડી ગયું. પડ્યું એવું જ ફૂટી ગયું અને અંદર રહેલો **બાજરો ખેતરમાં ઢોળાઈ ગયો.** ખેડૂતો તો જોઈ જ રહ્યા. આ શો **ચમત્કાર** થયો !! **રેતીમાંથી તુંબડા અને તુંબડામાંથી બાજરો !!** આ **ભગત સાચા**, તેમના **સંતો પણ સાચા** ને તેમના **ભગવાન પણ સાચા**. તેઓ ઘનાભગતના પગમાં પડી **માફી** માંગવા લાગ્યા. ભગત પણ આ ઘટના જોઈ **ભાવ-વિભોર** બની ગયા. બંને આંખોમાંથી આંસુની ધાર ચાલી. પ્રભુનો પાડ માન્યો. પછી તો મશ્કરી કરનાર ખેડૂતો જ તુંબડા ઉંચકવા લાગ્યા. તુંબડાનો ભાર બહુ હોવાથી



બે-બે ખેડૂતો ભેગા થઈને **એક એક તુંબડુ ઉંચકે**. આમ બધા જ તુંબડા ઉંચકીને ગાડામાં ગોઠવ્યા. ધનાભગતે ઘેર આવીને તુંબડા ફોડ્યા તો એક એક તુંબડામાંથી ગાગર ભરાય એટલો બાજરો નીકળ્યો અને **બાજરાનો મોટો ઢગલો** થયો. પછી તો સૌ ધનાભગતનો મહિમા સમજવા લાગ્યા અને તેમનો **સમાગમ** કરવા લાગ્યા.

જોયું ને બાળકો ! ધના ભગતની ભક્તિ સાચી હતી તો ભગવાને તેમના પર કેવી કૃપા કરી? આપણે પણ ધના ભગત જેવા ભક્ત થવું. સંતોને જમાડવા, દાનવીર થવું, ભગવાનમાં શ્રદ્ધા રાખવી, કોઈ મશ્કરી કરે તો ચિંતા કરવી નહિ. ભગવાનને સંભારવા. ભવિષ્યની ચિંતા કરવી નહિ. ભગવાન હંમેશા ભક્તની રક્ષામાં જ બેઠા છે.

નિત્યનિયમ વિભાગ

ધૂન એટલે શું ?

રામાયણ લખનાર **વાલ્મીકિ ઋષિનું** નામ તો તમે સાંભળ્યું હશે. એ પહેલાં **લૂંટારા** હતા. માણસોને મારે ને તેમનું ધન લૂંટી લે. ખૂબ જ પાપ કરે. એવા પાપી પણ **'રામ'** નામથી સુધરી ગયા ને મોટા **ઋષિ** થયા.

☞ **અજામિલ** પણ ઘણો **પાપી** હતો. તેને **ચાર દીકરા** હતા. એક વખત **નારદજી** તેના ઘરે આવ્યા. નારદજીએ તેને કહ્યું કે, **'તું ભગવાનનું નામ લે.'** પણ અજામિલે ના પાડી. પછી નારદજીએ તેના **નાના છોકરાનું નામ 'નારાયણ'** પાડ્યું. આથી, જ્યારે તે છોકરાને બોલાવે, ત્યારે **'નારાયણ'** ભગવાનનું નામ લેવું પડે. તે બહુ પાપી હતો, તેથી મૃત્યુ વખતે તેને **યમદૂતો** તેડવા આવ્યા. અજામિલ તો ડરી ગયો, પણ એક જ વખત એના છોકરાનું નામ **'નારાયણ'** બોલ્યો. **યમદૂતો** તરત જ ચાલ્યા ગયા અને અજામિલ બચી ગયો. **ભગવાનના નામનો કેટલો બધો પ્રતાપ છે !**

☞ શ્રીજીમહારાજના વખતમાં **જોબન પગી** નામનો **લૂંટારો** હતો. તે લોકોને ધમકાવે ને મારે. કોઈ વખત મારી પણ નાખે. તેની સામે કોઈ ન થઈ શકે. રાજાના સિપાઈ પણ તેનાથી ડરે. એટલે તેને પકડે જ કોણ ? લોકોનું ધન, માલ, ખેતર બધું જ લૂંટી લે. એને પણ શ્રીજીમહારાજે **સત્સંગી** બનાવ્યો ને **હાથમાં માળા** આપી દીધી. **આપણી ખરાબ ટેવો ભજનથી જ દૂર થાય છે.** માટે આપણે **સૌ ધૂન, ભજન કરીએ.**

● ભજન કેવી રીતે કરવું ? કોનું કરવું ?

ભજન કરવા પલાંઠી વાળીને બેસવું. આંખ બંધ કરી ભગવાનને તથા ગુરુને યાદ કરવા. ભગવાન અને ગુરુને સંભારીને ભજન કરવું એનું નામ **ધૂન.** ભગવાનને તથા ગુરુને **યાદ** કર્યા વગર ધૂન કરીએ તો તે નકામી જાય. ધૂન કરતાં બીજા વિચારો ન કરવા.



ધૂન

સુચના : સંચાલકોએ નીચે આપેલી ધૂનને સ્વયં ગાઈ-ગવડાવી બાળકોને રાગ-ઢાળ શીખવવા - કંઠસ્થ કરાવવી.

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ ! ।
હરે રામ ગોવિંદ, જય જય ગોવિંદ ! ॥ ૧ ॥
નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! ।
શ્રીમન્નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે ! ॥ ૨ ॥
કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ।
જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે ! ॥ ૩ ॥
વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ।
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે ! ॥ ૪ ॥
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ! ।
જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ ॥ ૫ ॥
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ !
વૃન્દાવનચંદ જય રાધે ગોવિંદ !
માધવ મુકુંદ જય માધવ મુકુંદ !
આનંદકંદ જય માધવ મુકુંદ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !
સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ધોળા ગામ ક્યાં આવેલું છે?

---

(૨) પ્રસ્તુત પાઠમાં ક્યા ગામના કયા ભગતની વાત કરવામાં આવી છે?

---

(૩) ધનાભગતે સંતો માટે શું કર્યું?

---

(૪) કુસંગીલોકો ધનાભગતની કેવી મશ્કરી કરતા?

---

(૫) ધનાભગતના ખેતરમાં શું ચમત્કાર થયો?

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ધનાભગતે સંતોની કંઈ સેવા કરી?

( ) A - પગ દબાવ્યા ( ) B - ધન આપ્યું ( ) C - જમાડ્યા

(૨) ધોળાની સીમમાં સંતો કયા સમયે પધાર્યા?

( ) A - ઉનાળામાં ( ) B - શિયાળામાં ( ) C - વાવણીના સમયે

(૩) સંતોને કેટલા દિવસના ઉપવાસ હતા?

( ) A - એક ( ) B - બે ( ) C - ત્રણ

(૪) ધનાભગતે લોકોના કહેવાથી શું વાવ્યુ?

( ) A - બાજરી ( ) B - રેતી ( ) C - વાવાણીના દાણા

પ્રશ્ન-૩ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) ધનાભગતે વાવણીના દાણા સંતો માટે વાપર્યા. ☐

(૨) રેતીમાંથી તુંબડા અને તુંબડામાંથી બાજરો થયો. ☐

(૩) બાજરીમાંથી રોટલી થાય છે. ☐

(૪) કોઈ મશ્કરી કરે તો સામે મશ્કરી કરવી. ☐

(૫) ધનાભગતે ગામ લોકોની માંફી માંગી. ☐

પ્રશ્ન-૪ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) અજામિલના દિકરાનું નામ શું હતું?

( ) A - રામ ( ) B - નારાયણ ( ) C - માધવ

(૨) ગુરૂની આજ્ઞાનું શું કરવું જોઈએ?

( ) A - ઉલ્લંઘન ( ) B - પાલન ( ) C - અર્થઘટન

(૩) પ્રસ્તુત ધૂનમાં કોનો જયઘોષ કરવામાં આવ્યો છે?

( ) A - શિવ ( ) B - રામ ( ) C - સ્વામિનારાયણ

(૪) પ્રસ્તુત રામકૃષ્ણગોવિંદ રચનાનો સાહિત્ય પ્રકાર જણાવો?

( ) A - પ્રાર્થના ( ) B - ગઝલ ( ) C - ધૂન

(૫) ગોવિંદ સાથે કોનું નામ જોડાયેલું છે?

( ) A - રાજા ( ) B - સુદામા ( ) C - રાધે

પ્રશ્ન-૫ નીચેનું વાકય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) પ્રસ્તુત નિત્યનિયમ વિભાગની રચનાનો સાહિત્ય પ્રકાર ધૂન છે. ☐

(૨) હું દરરોજ સવારે અને સાંજે ધૂન કરૂં છું. ☐

(૩) મનુષ્યદેહ મુક્તિનું દ્વાર છે. ☐

(૪) ધૂન ગાવાથી મન પ્રફુલ્લિત થાય છે. ☐

(૫) હું સવાર-સાંજ આરતી કરીશ. ☐

(૬) માતા-પિતા અને ગુરૂને દેવ સમાન જાણવા. ☐

સભા-૭ : નીલકંઠ વર્ણી !

હિમાલયની તળેટીનું ઘનઘોર **જંગલ** છે.

એક વૃક્ષની નીચે કેટલાક **બાવાઓ** બેઠા છે. બેઠા બેઠા વિચારે છે કે આ ઘનઘોર જંગલમાં આપણે કેવી રીતે જશું ?

બાવાઓનો **આગેવાન** વચમાં બેઠો છે. તે કહે છે : '**બધા એક-બીજાની સાથે રહેજો.** કોઈ છૂટા પડતા નહિ ! છૂટા પડ્યા તો અહીં જંગલી જાનવરનો કોળિયો થઈ જશો !'

બાવાઓ આ સાંભળી **ફફડે** છે.

એટલામાં **અગિયાર-બાર વર્ષનો છોકરો** તે રસ્તે થઈને જતો દેખાયો. નથી પગમાં પગરખાં, કે નથી પાસે ઓઢણ-પાથરણ ! **એકલો-અટૂલો** આવા જંગલમાં એ ક્યાં જતો હશે !

બાવાઓએ એને બૂમ પાડી : '**એ બ્રહ્મચારી ! એ વર્ણી !** આવા ઘનઘોર વનમાં **એકલો જા માં** ! અમારા ભેગો આવી જા !'

વર્ણી એટલે બ્રહ્મચારી, યોગી.

એ હતા ઘનશ્યામ. એણે જવાબ દીધો : **'એકલા જવા માટે તો ઘરબાર છોડ્યાં છે !'**

બાવાઓના આગેવાને કહ્યું : 'જંગલી **જાનવરોની** યે તને બીક નથી લાગતી ?'

ઘનશ્યામે કહ્યું : 'મને તો કશાયનીયે બીક નથી લાગતી !'

એવી રીતે આ શબ્દો બોલાયા કે બાવાઓએ કહ્યું : 'તો વર્ણી, એમ કરો-તમે અમારી સાથે નહિ પણ **અમે તમારી સાથે આવીએ** ! ભગવાન **શિવ** હળાહળ ઝેર પી ગયા ને નીલકંઠ બન્યા, તેમ



તમે **ભયને પી ગયા** છો - તમે અમારા નીલકંઠ વર્ણી !' **ઘનશ્યામ હવે નીલકંઠ વર્ણી કહેવાયા.** બધા બાવાઓ એમની પાછળ ચાલ્યા.

એમ કરતાં **રાત** પડી. જંગલની અંદર થોડી ખુલ્લી જગા હતી, ને એક **મોટું વૃક્ષ** હતું. સૌએ **રાત** ત્યાં ગાળવાનું નક્કી કર્યું. બાવાઓએ ઝાડની **ડાળીઓમાં** પોતાની જાતે **પછેડીઓ બાંધી ઘોડિયાં** જેવું બનાવ્યું. રાતે ઝાડ પર ચડી એ **ઘોડિયામાં** સૂઈ જવાનું !

પણ નીલકંઠ તો **જમીન** પર જ સૂઈ ગયા - એક **મૃગચર્મ** પાથરીને !

બાવાઓએ કહ્યું : 'નીલકંઠ વર્ણી, તમારા માટે અમે એક પછેડી બાંધી દઈએ છીએ. તમે ઝાડ પર સૂઈ જાઓ.' નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું : 'ના રે, હું અહીં મજામાં છું. !'

બાવાઓ આ સાંભળીને **આભા** જ બની ગયા ! કહે : 'આ તો ખરેખરો **નિર્ભય**, ભાઈ ! અસલ નીલકંઠ !' નીલકંઠની આ **નિર્ભયતા** જોઈ **એક બાવા**માં હિંમત આવી. તે ઝાડ પરથી નીચે ઊતરી નીલકંઠની જોડે જ પછેડી પાથરીને સૂઈ ગયો. કહે : 'નીલકંઠ મારી પડખે છે, પછી હું શા સારું બીઉં ?'

બીજા બાવાઓ ઝાડ પર સૂતા, પણ નીલકંઠ અને આ બાવો નીચે જમીન પર સૂતા. બંનેને સરસ **ઊંઘ** આવી. પણ **ઝાડ પર** સૂતેલાઓને **ઊંઘ આવી નહિ**. તેઓ ઘોડિયામાંથી ડોકાં કાઢી કાઢીને નીલકંઠની સામે જોયા કરે.

એટલામાં એક **જરખ** ત્યાં આવ્યો. નીલકંઠ અને એમની બાજુમાં સૂતેલા બાવાની **ચારેકોર** એ જમીન સૂંઘતો સૂંઘતો ફર્યો પણ એમને એ અડ્યો નહિ, ને ઝાડ પર સૂતેલાઓની સામે જોઈ જોઈ જીભ લબલબ કરવા લાગ્યો ! એ જોઈ ઝાડ પર સૂતેલાઓ એવા બી ગયા કે એમને પરસેવો વળી ગયો !




હવે તેમને સમજ પડી કે **નિર્ભય થવું હોય તો નિર્ભય નીલકંઠવર્ણીનો આશરો લેવો જોઈએ. સો બીકણો ભેગા થાય તેથી એકેય નિર્ભય થાય નહિ, પણ એક નિર્ભયનો આશરો લેવાથી સો બીકણો નિર્ભય થઈ શકે છે.**

તેમણે મનોમન નીલકંઠનો આશરો લીધો : **'હે નીલકંઠવર્ણી, અમારું રક્ષણ કરો !'**

આટલું બોલ્યા ત્યાં એમનામાં હિંમત આવી ગઈ. નવાઈની વાત એ બની કે હવે પેલો **જરખ** પણ લબલબ થતી જીભ લઈને ત્યાંથી ચાલી ગયો, ને જંગલમાં અદૃશ્ય થઈ ગયો. હવે બાવાઓને ઊંઘ આવી. નિર્ભયતા કોને કહેવાય તેની હવે તેમને સમજ પડી. સવાર થતાં બધા બાવા નીલકંઠવર્ણીને કહે : 'હવે અમે **તમારી જોડે** જ ફરીશું ! **તમે અમારા ગુરુ !**' નીલકંઠે કહ્યું : **'ગુરુ થવા માટે હજી મારે ઘણાં વર્ષોની વાર છે.** અત્યારે તો હું **એકલો** જ વનમાં ફરવા માગું છું.' આમ કહી, બાવાઓથી છૂટા પડી, અઘોર વનની વાટે એ એકલા જ ચાલી નીકળ્યા.

વ્હાલા બાળભક્તો ! આવા હતા નીલકંઠવર્ણી, કોઈથી ડરે નહિ, ભગવાનને તે વળી ભય શાનો ? જે તેમના આશરે જાય તે પણ નિર્ભય થઈ જાય !!



નીલકંઠવર્ણી પાસેની વસ્તુઓ

સુચન : સૌ સાથે મળી નીચેની પંક્તિનું ગાન કરો :

કંઠી માળ કમંડળુ વળિ ધર્યો સત્‌શાસ્ત્રનો ગુટકો,
શાળગ્રામ તથા સુપાત્ર જમવા પાસે ન પૈસો ટકો;
પાણી ગાળણ વસ્ત્ર કોપિન તથા બીજુ બહિર્વાસ છે,
કૂવેથી જળ કાઢવા સુતરની દોરી હરિ પાસ છે.

અર્થ : ૧૧ વર્ષના નાનકડા નીલકંઠવર્ણીની પાસે એક માળા, ગળામાં કંઠી, કમંડળુ, શાસ્ત્રનો ગુટકો, શાળગ્રામ ભગવાન, જમવા માટેનું પાત્ર, પાણી ગાળવા વસ્ત્રનો ટુકડો, કુવેથી પાણી કાઢવા દોરી આટલી જ વસ્તુઓ છે, તે વિના બીજું કાંઇ જ નથી. પગમાં પહેરવાં પગરખાં નથી કે નથી કોઇ સાથ સંગાથ. એકલા અટુલા નિર્ભયપણે જંગલમાં વિચરે છે.

નીલકંઠવર્ણી કેવા શોભે છે ?

માથે મંજુલ ચીકણા ચળકતા, ભુરા ભલા કેશ છે,
તેજસ્વી સુવિશાલ ભાલ વિલસે નેત્રો બહુ બેસ છે;
નાસાગ્રે ધરિ દૃષ્ટિ તે નવ ચળે, નાસા દિસે નિર્મળી,
શોભે છે મુખ ચંદ્ર બીંબ સરીખું તે મંદ હાસે મળી.

અર્થ : વર્ણીવેશધારી વર્ણીના માથે ચીકણા, ચળકતા, સુવાળા ભુરા કેશ છે, અને તેની સુંદર જટા બનેલી છે. નીલકંઠનું ભાલ (કપાળ) વિશાળ છે, ને તેજસ્વી છે. નેત્રો કમળ જેવા સુંદર છે. વર્ણી નાસાગ્ર દૃષ્ટિ રાખીને ધ્યાનમાં બેસે છે, તેમનું નાજુક નાક છે, નમણી કાયા છે, મુખ પૂર્ણિમાના ચંદ્રની જેવું સુંદર શોભાયમાન છે. વર્ણીનું મંદહાસ્ય લોકોને આકર્ષનારું છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) નીલકંઠવર્ણી કોણ હતા?

---

(૨) વર્ણી એટલે શું?

---

(૩) જંગલના બાવાઓને શેનો ડર હતો?

---

(૪) બાવાઓ રાત્રે ક્યાં સુતા હતા? શા માટે?

---

(૫) નીલકંઠ વર્ણી રાત્રે ક્યાં સુઈ જતાં?

પ્રશ્ન-૨ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) બધા એક બીજાની સાથે રહેજો → .....

(૨) એ વર્ણી ! આવા ઘનઘોર વનમાં એકલો જામાં → .....

(૩) એકલા જવા માટે તો ઘરબાર છોડ્યા છે → .....

(૪) નીલકંઠ મારી પડખે છે પછી હું શા સારૂ બીઉ ? → .....

(૫) હવે અમે તમારી જોડે જ ફરીશું → .....

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) જંગલમાં રાત્રે ..... આવ્યુ. (વાઘ, સિંહ, જરખ, બાવાઓ)

(૨) બધા બાવાઓ રાત્રે ..... બનાવીને સુતા.

(પથારી, રસોઈ, ઘોડિયાં, પલંગ)

(૩) જંગલમાં ..... નિર્ભય વિચરતા હતા.

(બાવાઓ, હરણાઓ, નીલકંઠવર્ણી, સંતો)

(૪) નીલકંઠવર્ણીની ઉંમર ..... વર્ષની હતી.

(નવ, અગિયાર, આઠ, એકવીસ)

(૫) નીલકંઠવર્ણી એટલે ..... કહેવાય.

(શિવજી, મહાદેવ, ઘનશ્યામ, શ્રીજી મહારાજ)

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) નીલકંઠવર્ણી પાસેની વસ્તુઓ જણાવો.

.....

.....

.....

.....

(૨) નીલકંઠવર્ણીના સ્વરૂપનું વર્ણન કરો.

.....

.....

.....

.....

સભા-૮ : નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ

(ઇતિહાસ)

સુરતના પ્રેમી **હરિભક્તો** અને **અર્દેશર કોટવાલ**ના પ્રેમભર્યા આમંત્રણથી ભગવાન સ્વામિનારાયણ સંવત્ ૧૮૮૧ના કાર્તિક વદ ૭ ને દિવસ (૧૩-૧૧-૧૮૨૪) **સુરત** પધાર્યા હતા. **નવ દિવસ** દરમિયાન મહારાજ અને સાધુઓ **લાલકૃષ્ણ વાડી**માં રોકાયા.

એક દિવસ, શ્રીજી મહારાજ અર્દેશર કોટવાલને મળીને તેમના **બંગલેથી પાછા વળતા હતા**. શ્રીજી મહારાજ સાધુ અને હરિભક્તોનો **સંઘ** લઈને ચાલતા હતા. **પ્રેમાનંદ સ્વામી** અને બીજા સંતો ચાલતાં ચાલતાં **કીર્તનો** લલકારતા હતા.

અચાનક, પ્રેમાનંદ સ્વામીને **એક સ્ત્રીનો સુંદર સૂર** સંભળાયો. આ સૂરે સ્વામીનું **ધ્યાન** ઘેરી લીધું અને **મન** પણ તેમાં ખેંચાઈ ગયું. ભાન ભૂલીને સ્વામી ચાલતાં ચાલતાં **ધીમા પડી ગયા** અને સંઘ આગળ વધતો ગયો.

શ્રીજી મહારાજના ધ્યાનમાં પ્રેમાનંદ સ્વામીની **મનોવૃત્તિ**નો ખ્યાલ આવી ગયો કે સ્વામી **ભગવાન સંબંધી શબ્દ**ને બદલે **જગતના શબ્દ**માં પરોવાઈ ગયા છે. માણકીને પાછી વાળી અને સ્વામી તરફ લઈ ગયા. મહારાજે **ટકોર** કરતાં સ્વામીને પૂછ્યું, **"સ્વામી, કેમ પાછા પડી ગયા ?"**





પ્રેમાનંદ સ્વામીએ **શરમાઈ**ને મહારાજની **માફી** માગી. મહારાજે ત્યાં જ સ્વામીને **ઉપદેશ** આપ્યો, **"તમારે સંગીત ઉપર નિયમન કરવું જોઈએ પણ સંગીત તમારા પર નિયમન ન કરે તેનું ધ્યાન રાખવું."** પછી સ્વામી સંઘ સાથે જોડાઈ ગયા અને સંઘ વાડીએ પહોંચ્યો.

પછી મહારાજે પ્રેમાનંદ સ્વામીને બોલાવી કહ્યું: "માણસનું **મન** તેને ગમે ત્યાં દોરી જાય છે. **સંગીત કળા** તો સારી જ છે, પણ એ કળાથી જો ભગવાનને પ્રસન્ન કરવામાં આવે તો જ **લાભદાઈ** છે. જીવ જ્યારે જગતને રીઝવવા ગાય છે અને વાજિંત્ર વગાડે છે, ત્યારે સંગીત કળા કાંઈ કામની નથી; એટલું જ નહિ, તે કળા સાધુ માટે **વિઘ્નરૂપ** બને છે. જ્યારે તમારું મન જગતના સંગીતમાં ખેંચાયું હતું, તો તેના **પ્રાયશ્ચિત્ત** માટે **ચાંદ્રાયણવ્રત** કરવું."

પ્રેમાનંદ સ્વામીએ તરત જ મહારાજની **આજ્ઞા** શિરે ચઢાવી. પછીના દિવસે પ્રેમાનંદ સ્વામી **મુક્તાનંદ સ્વામી**ને મળ્યા અને કહ્યું : **"સ્વામી ! એકાંતિક ધર્મના સિદ્ધાંતો** મને સમજાવો, જેથી મહારાજની મરજી કોઈ દિવસ લોપાય નહિ." સ્વામી ! આપ તો **'સત્સંગની 'માં'** છો, માટે કૃપા કરીને મને સત્સંગના બધા નીતિ-નિયમો તથા એકાંતિક ધર્મ અંગેની બધી જ મુખ્ય વાતોનું સ્મરણ કરાવો. જેથી ફરી ક્યારેય મહારાજની આજ્ઞા લોપાય નહિ ! સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામીએ **બે દિવસ** સુધી પ્રેમાનંદ સ્વામીને **એકાંતિક ધર્મ** વિશે વાતો કરી. **ચોથા દિવસે** સ્વામીએ મહારાજ આગળ **પ્રાર્થના** ગાઈ :

"નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ,
માહાત્મયજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ..."

સ્વામી કડીઓ ગાય અને મહારાજને દંડવત્ કરે. આવી રીતે **૧૨ કડીઓ** પૂરી કરી. મહારાજે પણ ધ્યાનથી સ્વામીની **પ્રાર્થના** સાંભળી અને રાજી થઈ સ્વામીને **આશીર્વાદ** આપ્યા.

એ જ સાંજે, આરતી અને ધૂન બાદ મહારાજે પ્રેમાનંદ સ્વામીને આ **નવી પ્રાર્થના** ગાવા આજ્ઞા કરી. અને બધાને પણ **આજ્ઞા કરી** કે આજથી હવે આરતી પછી દરેકે આ પ્રાર્થના ગાવવી.

|| નિત્યનિયમ વિભાગ ||

પ્રાર્થના

નોંધ : સંચાલકોએ નીચેની પ્રાર્થના સ્વયં ઉચ્ચ સ્વરે ગાઈ - ગવડાવી બાળકોને કંઠસ્થ કરાવવી, તેના રાગ-ઢાળ શીખવવા.



નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિ તવ, એકાંતિક સુખધામ...૧
મોહિમેં તવ ભક્તપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતકો, સુનિયો ધર્મકુમાર...૨
તુમ્હારો તવ હરિભક્ત કો, દ્રોહ કબૂ નહિ હોય;
એકાંતિક તવ દાસ કો, દીજે સમાગમ મોય...૩
નાથ નિરંતર દર્શ તવ, તવ દાસન કો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ...૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત;
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત...૫
સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દૃઢ વર્તનો, શિક્ષાપત્રી પ્રમાણ...૬
સો પત્રી મેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હું, સુનિયે સબ ચિત્ત પ્રોય...૭
હિંસા ન કરની જંત કી, પરત્રિયા સંગ કો ત્યાગ;
માંસ ન ખાવત મદ્ય કું, પીવત નહિ બડભાગ...૮
વિધવા કું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુકી, કલંક ન કોઈકું લગાત...૯
નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવકે વદન સે, કથા સુની નહિ જાત...૧૦
એહી ધર્મકે નિયમમેં, વરતો સબ હરિદાસ;
ભજો શ્રીસહજાનંદપદ, છોડી ઓર સબ આસ...૧૧
રહી એકાદશ નિયમમેં, કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં, જાઓ નિઃશંક જગજીત...૧૨

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મહારાજ અને સાધુઓ કઈ વાડીમાં રોકાયા ?

( ) A - લાલકૃષ્ણ ( ) B - રાધાકૃષ્ણ ( ) C - લક્ષ્મણ કૃષ્ણ

(૨) લાલકૃષ્ણ વાડી ક્યાં આવેલી છે ?

( ) A - અમદાવાદ ( ) B - રાજકોટ ( ) C - સુરત

(૩) મહારાજ કોને મળ્યા ?

( ) A - અર્દેશર કોટવાળને ( ) B - પ્રજાને ( ) C - રાજાને

(૪) કીર્તન કોણ લલકારતા હતાં ?

( ) A - સ્વામી અને ભક્તજનો ( ) B - સાધુ અને સ્વામીજી

( ) C - પ્રેમાનંદ સ્વામી અને બીજા સંતો

(૫) પ્રેમાનંદ સ્વામીનું મન ક્યાં ખેંચાયું ?

( ) A - જગતના સંગીતમાં ( ) B - રંગીન વસ્ત્રમાં ( ) C - ભોજનમા

પ્રશ્ન-૨. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(સ્ત્રીનો , સંઘ , મન , એકાંતિક , અર્દેશરે)

(૧) માણસનું ..... તેને ગમે ત્યાં દોરી જાય છે.

(૨) સ્વામી ! ..... ધર્મના સિદ્ધાંતો મને સમજાવો.

(૩) ભગવાન સ્વામિનારાયણને ..... પ્રેમભર્યું આમંત્રણ આપ્યું હતું.

(૪) મહારાજ સાધુ અને હરિભક્તોનો ..... લઈને ચાલતા હતા.

(૫) પ્રેમાનંદ સ્વામીને એક ..... સુંદર સૂર સંભળાયો.

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યોનો 'હા' કે 'ના' માં જવાબ લખો.

(૧) આરતી અને ધૂન બાદ મહારાજે પ્રેમાનંદ સ્વામીને નવી પ્રાર્થના ગાવાની આજ્ઞા કરી.

(૨) મહારાજે પ્રાર્થના સાંભળી આશીર્વાદ આપ્યા.

(૩) પ્રેમાનંદ સ્વામીને બાળકનો સુંદર સૂર સંભળાયો.

(૪) મહારાજ માણકી પર સવાર હતા.

(૫) મહારાજે સ્વામીને ટકોર કરી.

પ્રશ્ન-૪ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ' નિર્વિકલ્પ ઉત્તમ અતિ 'આ પ્રાર્થના કોણે બનાવી છે?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - શ્રીજી મહારાજ ( ) C - પ્રેમાનંદ સ્વામી

(૨) અર્દેશર કોટવાલ કયાંના હરિભક્ત હતા?

( ) A- ગઢડા ( ) B- વડતાલ ( ) C- સુરત

(૩) શ્રીજી મહારાજ અને સંતો સુરતમાં નવ દિવસ કયાં રોકાયા હતા?

( ) A- લાલકૃષ્ણ વાડીમાં ( ) B-રૂસ્તમબાગમાં ( ) C- મહેલમાં

(૪) શ્રીજી મહારાજે ચાંદ્રાયણવ્રત કરવાનું પ્રાયશ્ચિત કોને આપ્યું?

( ) A- મુક્તાનંદ સ્વામી ( ) B- પ્રેમાનંદ સ્વામી ( ) C- સ્ત્રીને

(૫) પ્રેમાનંદ સ્વામીને 'એકાતિંક ધર્મ' કોણે સમજાવ્યો?

( ) A- મુક્તાનંદ સ્વામી ( ) B- બ્રહ્માનંદ સ્વામી( ) C- નિષ્કુળાનંદ સ્વામી

પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) માણસનું મન કેવું છે?

---

(૨) સંગીતકળા કયારે લાભદાઈ થાય છે?

---

(૩) 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ' આ કાવ્યનો કયો પ્રકાર છે?

---

(૪) નિર્વિકલ્પ ઉત્તમ અતિ પ્રાર્થનામાં કેટલી કડીઓ છે?

---

(૫) મહારાજે રોજ સાંજે આરતી-ધૂન બાદ શું ગાવાની આજ્ઞા કરી છે?



સભા-૯ : ભગવાન પ્રધાન જીવન



સત્સંગ માટે પૂજ્ય **ગુરુજીનું વિચરણ** અવિરત ચાલુ જ હોય છે. **ઈ.સ. ૨૦૦૪**માં એક વાર ગુરુજી **ગાડીમાં** બેસી **મુંબઈ** જતા હતા. **સેવક સંતો** ગાડીમાં સાથે જ હતા. એક **નવા સંતે** ઠાકોરજીને પાણી ધરાવવાનું **પાણીનું ડ્રમ** ગાડીમાં નીચે મૂક્યું. ગુરુજી આ જોઈ ગયા ને **ગમગીન** થઈ બોલી ઊઠ્યા : **આ ઠાકોરજીને ધરાવવાનું પાણી છે; તેને આમ નીચે ન મૂકી દેવાય; આપણા બધાના પગ અડે તે પાણી ભગવાન પીવે નહિ.** પછી તો મુંબઈ પહોંચતા સુધી ગુરુજી આ બાબતે **સુનમુન** બેસી રહ્યા જાણે કે કોઈ **મોટો અપરાધ** થઈ ગયો હોય તેવો ભાવ ગુરુજીના વર્તનમાં દેખાતો હતો. પછી તો મુંબઈ આવતાં સુધી **પોતે પણ પાણી ન પીધું**.


સંસ્થામાં મોટા મોટા **ઉત્સવ સમૈયાઓ** થતા હોય અને ક્યારેય જો **વ્યવસ્થાપક** સંતોએ **ભગવાનની બેઠક** કરતાં **ગુરુજીની બેઠક સારી શોભાડી** હોય અથવા **સમાન હોય** તો તરત **નારાજગી** દર્શાવે અને કહે : આ **ભગવાનનો ઉત્સવ** છે, ભગવાન રાજાધિરાજ છે **ભગવાનની બેઠક તો સર્વશ્રેષ્ઠ જ હોવી જોઈએ**. આપણે બધાને ગમે તેવું હોય તો ચાલે **પણ ભગવાનને જેવું તેવું ન ચાલે.** ઠાકોરજીની બેઠક વ્યવસ્થિત થાય પછી જ જે તે કાર્યક્રમોમાં હાજરી આપે.

હા, બાળભક્તો ! આપણા ગુરુજી **ભગવાનની બાબત**માં અને **ધર્મ-નિયમની બાબત**માં ક્યારેય કોઈનુંય ચલાવી લેતા નથી. તેમનું **જીવન અખંડ ભગવાન પારાયણ** છે; તેઓ

ક્યારેય ભગવાનને ભુલતા નથી. સુખમાં કે દુઃખમાં, સન્માનમાં કે અપમાનમાં, દરેક પ્રસંગોમાં તેમણે **ભગવાનને જ સદા આગળ રાખ્યા** છે. પોતાને મળતો બધો જ યશ, કીર્તિ, પ્રશંસા ભગવાનને અર્પણ કર્યો છે. **તેઓ ઠાકોરજી મહારાજની પ્રત્યક્ષ અને પ્રગટભાવે આત્મનિવેદી સેવાભક્તિ કરે છે.** ભગવાનને વાઘા-ઘરેણાં કે શણગાર ધરાવવાના હોય; ગુરુજી ખૂબ ઉત્સાહ અને શ્રદ્ધાભાવ અને પ્રીતિપૂર્વક કરે છે. ભગવાન બાબતે ગમે તેટલા રૂપિયા ખર્ચવાના હોય ગુરુજી ક્યારેય ના પાડતા નથી. વળી, એટલું જ નહિ શ્રી **ઘનશ્યામ મહારાજની મૂર્તિ** બનાવવાનું કામ **જયપુર (રાજસ્થાન)**માં ચાલતું હોય તો **શિલ્પી કારીગર**ની સાથે **કલાકોના કલાકો** બેઠા બેઠા **માર્ગદર્શન** આપતા રહે છે; ભગવાનમાં ગુરુજીને આવો દિવ્ય **અદ્‌ભુત પ્રેમ** છે. ગુરુજીની અખંડ **એક વૃત્તિ** જેમ માળાના મણકામાં સોંસરો દોરો ચાલ્યો જાય તેમ **અખંડ ભગવાનમાં જ ચાલી જાય છે. અખંડ અંતરવૃત્તિમાં રહેતા આ મોટાપુરુષ આપણા કલ્યાણ માટે બાહ્યવૃત્તિથી વર્તે છે.**

ઈ.સ.૨૦૧૬-જાન્યુઆરીમાં **વડોદરા મંદિરે ધનુર્માસ** કથા અંતર્ગત **૧ મહિના** સુધી હરિભક્તોના ઘરે **પધરામણી**નું વિશાળ **આયોજન** કર્યું હતું. તેમાં **ત્રણ ગાડીઓની વ્યવસ્થા** વ્યવસ્થાપક સંતો-ભક્તોએ કરી હતી. **૧ ગાડી ઠાકોરજી મહારાજની, ૧ ગાડી પૂજ્ય ગુરુજી તથા સંતોની, અને ૧ ગાડી હરિભક્તોની**. ક્યારેક એવું પણ બનતું કે, ગુરુજીની ગાડી **ઠાકોરજીની ગાડી કરતા પ્રથમ** હરિભક્તોના ઘરે પહોંચી જાય. ત્યારે પણ ગુરુજી હરિભક્તોના **ઘરની બહાર ખડે પગે** ઠાકોરજી મહારાજની **રાહ** જુએ. ઠાકોરજી મહારાજ **આવે ત્યાર પછી જ** ગુરુજી **સામૈયું** કરવા દે અને હરિભક્તોના ઘરમાં **પધરામણી** કરે.

વ્હાલા બાળભક્તો ! ગુરુજીના આ જીવન પ્રસંગોમાંથી આપણે પણ ભગવાનનું અખંડ-અનુસંધાન રાખવાનું શીખવાનું છે. જેટલા આપણે ભગવાન પ્રધાન થઈશું તેટલું જીવન સુખ શાંતિમય જશે. જેટલા આપણે ભગવાનને સાથે રાખીશું તેટલા જ ભગવાન આપણી સાથે રહેશે. માટે હાલતાં, ચાલતાં, ખાતા, પિતા, સુખમાં, દુઃખમાં, સન્માનમાં કે અપમાનમાં સર્વે ક્રિયામાં એકવૃત્તિ ભગવાનમાં અખંડ રાખવી. ભગવાન જેટલા યાદ રહે તેટલા જ આપણે ભક્ત કહેવાઈએ. કોઈ પણ નવી વસ્તુ ઘરમાં આવે કે વાપરીએ તો પ્રથમ ભગવાનને ધરાવી-પ્રસાદીની કરીને જ વાપરીએ. ભગવાનમાં હેત એ જ આપણી સાચી કમાણી છે.



નિત્યનિયમ વિભાગ

પ્રાર્થના

શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા **પિતા** છે. આપણે બધાં એમનાં **બાળકો** છીએ. સારું ખાવાનું, નવાં કપડાં, નવાં પુસ્તકો, કંઈ જોઈતું હોય તો આપણે આપણા પિતાજી પાસે માંગીએ છીએ અને પિતાજી આપણને તે બધી સારી વસ્તુઓ લાવી આપે છે; પરંતુ જો આપણને **સારી બુદ્ધિ, સારા ગુણો** જોઈતા હોય તો તે કોણ આપે ? **તે બધી વસ્તુઓ ભગવાન પાસે** છે. જો ભગવાન પાસે આપણે અંતરથી માંગીએ, તો તે આપણને જરૂર સારી બુદ્ધિ, સારા ગુણો આપે. **શુદ્ધ હૃદયથી ભગવાન પાસે માંગણી કરવી એનું નામ જ પ્રાર્થના. પ્રાર્થના એટલે માંગવું.** ચાલો, આપણે ભગવાનને **પ્રાર્થના** કરીએ.


પ્રાર્થના કરતી વખતે આપણે પલાઠીવાળી સ્થિર બેસવું જોઈએ. આંખો બંધ કરી ભગવાનને તથા ગુરુને સંભારવા જોઈએ. બે હાથ જોડી ભગવાનને **નમસ્કાર** કરવા જોઈએ :

સુચન : સંચાલકોએ નીચે આપેલ પ્રાર્થના સ્વયં ગાઈ-ગવડાવી બાળકોને કંઠસ્થ કરાવવી, રાગ-ઢાળ શીખવવા.

આદિ ગુરુદેવ સ્વામીશ્રીના માંગેલા વરદાનો પ્રાર્થના સ્વરૂપે

એસી કી એસી મૂર્તિ એહા, અખંડ રહો નેન આગે તેહા ।
મૂર્તિ વિન ઘાટ ન હોવે કોઈ, એસી મોજ માગત મેં સોઈ ॥

અર્થ : (૧) અત્યારે જે મને આપનાં દર્શન થાય છે, તે આપની મૂર્તિ આવી ને આવી મારાં નેત્રોની આગળ અખંડ રહે. (૨) આપની મૂર્તિ સિવાય મનમાં બીજો કોઈ ઘાટ થાય નહિ. અત્યારે હું આપની પાસે આવી મોજ માગી રહ્યો છું.



તવ મૂર્તિ અરુ વચન તુમારો,
અનાદર કરે ન મન હમારો ।
મન કો ધાર્યો હોવે ન કબહુ,
તુમારો ધાર્યો હોવે સબહુ ॥

અર્થ : (૩) આપની મૂર્તિ અને આપનું વચન, આ બેનો અનાદર મારું મન ક્યારેય કરે નહિ, (૪) મારા મનનું ધાર્યું ક્યારેય ન થાય અને (૫) બધું આપનું ધાર્યું જ થાય.

દેહ ઇંદ્રિ અંતઃકરણ જેતે, જીયકે મિત્ર હોઈ વર્તત તેતે ।
તાકી મિત્રતા હોવે ન કબહી, ઇતની મોજ માંગત હે અબહી ॥

અર્થ : (૬) દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ તે જીવના મિત્ર થઈને વર્તે છે. તે દેહાદિક સાથે મને ક્યારેય મિત્રતા ન થાય. આટલી મોજ હું અત્યારે માગું છું.

यह देह के कुटुंबी जेता, परम शत्रु मनाय सो तेता ।
कुटुंब भाव सत्संग मे रहेवे, ताको अभाव कबू न लेवे ॥

અર્થ : (૭) આ દેહના જેટલા કુટુંબી છે તે બધા મને પરમ શત્રુરૂપ મનાય. અને (૮) સત્સંગમાં મને કુટુંબભાવ રહે. (૯) સત્સંગનો અભાવ ક્યારેય ન લઉં.

छोटे बडे सत्संगी जेहु, धर्मकुल के आश्रित तेहु ।
स्वामिनारायण नाम उचारे, तेहि विन अवर नाहि संभारे ॥

અર્થ : (૧૦) નાના મોટા સત્સંગીઓ જે ધર્મકુળ, કહેતાં શ્રીહરિના જે આશ્રિત હોય અને મુખથી 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચારતા હોય, આપના વિના બીજાને ન સંભારતા હોય.

એસે સંત હરિજન જેહા, તાકો સંગ સદા રહે તેહા ।
સંત સેવ કો રહે નિત ભાવા, નિજ દેહ કો રહે અભાવા ॥



અર્થ : એવા જે સંતો-ભક્તો હોય તેનો સંગ મને હંમેશાં રહે. (૧૧) તેમજ સંતોની સેવામાં નિત્ય ભાવ રહે, અને (૧૨) મારા દેહનો અભાવ રહે.

संत जन की सेवा बनी आवे,
इतनो जीय में लाभ रहावे ।
निज सेवा को करावन हिता,
संत से जिय न हो विपरीता ॥

અર્થ : (૧૩) સંતોની સેવા બની આવે એટલો જીવમાં લાભ મનાય અને (૧૪) મારી સેવા કરાવવા માટે સંતોથી ક્યારેય મારો જીવ વિપરીત ન થાય, કહેતા મન નોખું ન પડી જાય. અર્થાત્ સંતોથી વિરુદ્ધ સંકલ્પ મન ક્યારેય કરે નહિ.

દોહા : हरिसंत सत्संग को, लेवावे अभाव ।
एसो देह अवर कोउ, तिनसे न होवे भाव ॥

અર્થ : (૧૫) શ્રીહરિ, સંત અને સત્સંગ એ ત્રણનો અભાવ લેવડાવે એવા બીજા કોઈ દેહમાં અથવા એવા દેહધારીમાં ક્યારેય ભાવ ન થાય. **(હ.ચ.સા. ૫/૬૪/૩૦-૩૭)**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) આપણા પૂજ્ય ગુરૂજીનું નામ જણાવો.

---

(૨) ઉત્સવ-સમૈયામાં ભગવાનની બેઠક બાબતે ગુરૂજી શું કહે છે?

---

(૩) ગુરૂજી ભગવાન પ્રત્યેનો પ્રેમ કઈ-કઈ રીતે વ્યક્ત કરે છે?

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) પૂજ્ય ગુરૂજી ..... વિના પધરામણી નથી કરતા.
(ગાડી, ઠાકોરજી મહારાજ, ભોજન, દાન)

(૨) ભગવાન .....છે. (રાજા, મહારાજા, રાજાધિરાજ, સમ્રાટ)

(૩) ગુરૂજીએ દરેક પ્રસંગોમાં .....ને આગળ રાખ્યા છે.
(ભગવાન, માતા-પિતા, બાળકો, સંતો)

(૪) શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ બનાવવાનું કામ .....માં થાય છે.
(મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બેંગ્લોર)

(૫) અખંડવૃત્તિમાં રહેતા ગુરૂજી આપણા માટે .....કરે છે.
(ચંચળવૃત્તિ, બ્રાહ્યવૃત્તિ, ભજનવૃત્તિ, અંત્તરવૃત્તિ)

પ્રશ્ન-૩ નીચેના વાક્યના 'હા' કે 'ના' માં જવાબ આપો.

(૧) જેટલા આપણે ભગવાન પ્રધાન થઈશું તેટલું જીવન સુખ શાંતિમય જશે. ☐

(૨) સર્વેક્રિયામાં એકવૃત્તિ ભગવાનમાં રાખવી. ☐

(૩) ધનની કમાણી એજ આપણી સાચી કમાણી છે. ☐

(૪) આપણે ભગવાન પાસે મૂર્તિ માંગવી, જગત નહિ. ☐

(૫) એસી કી એસી મૂર્તિ એહા, આ પ્રાર્થના મુક્તાનંદ સ્વામીની છે. ☐

પ્રશ્ન-૪ નીચેની પંક્તિઓ પૂર્ણ કરો.

(૧) એસી કી એસી મૂર્તિ .....
.....
.....

(૨) તવ મૂર્તિ અરૂ વચન .....
.....

 .....


સભા-૧૦ : સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય

ઉત્તરભારતનું **ઝરણાપરણા** ગામ. ત્યાનાં એક **બ્રાહ્મણ** હતા. નામ એમનું **શીતલદાસ**. નાનપણથીજ એમનું **ચિત્ત ભગવાન તરફ**. બધાને પૂછ્યા કરે : '**ભગવાન ક્યાં મળે** ? ભગવાન કેવા હોય ?' ત્યારે કોઈકે કહ્યું : '**ગુરુ વિના ભગવાન મળે નહિ, માટે ગુરુ કરો.**' શીતલદાસને ભગવાનનાં દર્શનની એવી **તાલાવેલી** લાગી હતી કે એ **ઘરબાર છોડી** ગુરુની શોધમાં નીકળી પડ્યા.

ફરતા ફરતા એ **સૌરાષ્ટ્રમાં** આવ્યા. ત્યાં એમણે સાંભળ્યું કે **તમે શોધો છો એવા ગુરુ** એક **સ્વામી રામાનંદ** છે. તેઓ તમને ભગવાનનાં દર્શન કરાવશે. એટલે શીતલદાસ **રામાનંદ સ્વામીના દર્શન** કરવા **ફરેણી ગામ** આવ્યા. પણ ફરેણી આવીને જાણ્યું કે રામાનંદ સ્વામીએ **દેહત્યાગ** કરી દીધો છે, આથી એ ખૂબ **નિરાશ** થયા. આખો **ભરતખંડ** ફરીને તે અહીં આવ્યાં હતાં અને એમની **શોધ પૂરી થવામાં હતી** ત્યાંજ એમના મનના મનોરથ કકડભૂસ કરતાં તૂટી પડ્યા ! એમની આંખમાં **આંસુ** આવી ગયાં. હવે ક્યાં જવું ? પૂછતાં જાણ્યું કે **રામાનંદ સ્વામીની જગ્યાએ એક જુવાન છોકરો ગુરુ થયો છે.** એમને થયું કે આટલે આવ્યો છું તો **દર્શન** કરતો જાઉં. એટલે એ **શ્રીજીમહારાજ-સહજાનંદ સ્વામીનાં** દર્શને આવ્યા.

મહારાજ તે વખતે પાટ પર બિરાજ્યા હતા ને આસપાસ સાધુ-સંતો ને હરિભક્તોની સભા મળી હતી. રામાનંદ સ્વામીના દેહત્યાગ પછી શ્રીજી મહારાજે **દસ દિવસ ભગવદ્ ગીતાનું પારાયણ** કરાવ્યું હતું અને હવે તે પછી તેમની **શ્રાદ્ધવિધિ** ચાલતી હતી. આજે **તેરમો દિવસ** હતો.






શીતલદાસ સભામાં જઈને, મહારાજને પગે લાગી **નીચું મોં** કરી બેઠાં. શીતલદાસ બેઠાં કે શ્રીજીમહારાજે પૂછ્યું : **'આમ, ઉદાસ કેમ છો** ?' તેમણે હાથ જોડી જવાબ દીધો : 'મહારાજ ! આવ્યો હતો રામાનંદ સ્વામીનાં દર્શન કરવા, પણ એ તો **સિધાવી ગયા ! ન એમનાં દર્શન થયાં, ન ભગવાનનાં**.' ત્યારે મહારાજે કહ્યું : '**થશે, એમનાંયે દર્શન થશે ને ભગવાનનાંયે**. આજનો દિવસ રહી જાઓ, **કાલે વાત**.' શીતલદાસે પહેલી જ વાર આવા **હિંમતભર્યા શબ્દો** સાંભળ્યા. એ ત્યાં રહી ગયા.

બીજે દિવસે શ્રીજીમહારાજ ઊંચા આસન ઉપર બિરાજ્યા હતા, અને આજુબાજુ સંતો અને હરિભક્તોની **મોટી સભા** ભરાઈને બેઠી હતી. ત્યાં **શીતલદાસ** આવી મહારાજને પ્રણામ કરી એક તરફ બેઠા. **શ્રાદ્ધકર્મ** પૂરું થઈ ગયું હતું, એટલે હવે મહારાજે સૌ હરિભક્તોની સામે જોઈ કહ્યું : **'આજથી તમારે સૌએ સ્વામિનારાયણ મંત્રનું રટણ કરવાનું.'**

આ સાંભળી આખી સભા **ચમકી** પડી. **'સ્વામિનારાયણ'** મંત્ર ? **આ વળી કયો મંત્ર** ? આજ પહેલી જ વાર સૌએ આ મંત્રનું નામ સાંભળ્યું, અત્યાર સુધી રામાનંદ સ્વામી સૌને **'રામ કૃષ્ણ ગોવિંદ'** એ મંત્ર આપતા; સહજાનંદ સ્વામીને પણ તેમણે એ જ મંત્ર આપ્યો હતો અને સૌ એ જ મંત્રનું રટણ કરતા હતા, ત્યાં આજે **આ સ્વામિનારાયણ મંત્ર**નો ક્યાંથી ઉદય થયો ? નક્કી, કોઈ **પરલૌકિક ભૂમિકાએ**થી એનું અવતરણ થયું હોવું જોઈએ !

શીતલદાસે **રટણ** શરૂ કર્યું : **'સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !'** અદ્‌ભુત



મંત્ર ! મંત્રની રટણા કરતાં કરતાં એમને **સમાધિ** થઈ. કેટલોક વખત વીતી ગયો. પછી ધીરે ધીરે શીતલદાસ ભાનમાં આવ્યા. એમણે આંખો ઉઘાડી. શ્રીજીમહારાજ સામે જોયું ને એકદમ લાંબાં થઈ તેમના પગમાં ઢગલો થઈને પડ્યા. તેમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહી રહ્યો હતો. મહારાજે હસીને કહ્યું : 'શીતલદાસ ! તમે **સમાધિ**માં ઊતરી ગયા હતા ને કાંઈ ?' શીતલદાસે હાથ જોડી કહ્યું : '**આપની દયાથી.** મહારાજે કહ્યું : '**તો સમાધિમાં શું જોયું તે કહો !**'

શીતલદાસે કહ્યું : 'મહારાજ ! આપનો **મંત્ર બહું ચમત્કારી** છે. એ રટતાં રટતાં હું તો ક્યાંથી ક્યાં ચાલ્યો ગયો ! ત્યાં જોયું તો **ઊંચા સિંહાસન પર** પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પોતે બિરાજમાન હતા અને આસપાસ ચારે બાજુ અસંખ્ય **જીવનમુક્તો** ઊભા હતા, તેમાં **સ્વામી રામાનંદજી** પણ હતા. મેં ભગવાનને પ્રણામ કર્યા ને પૂજા કરી. પછી સભામાં બિરાજમાન એકેએક જીવનમુક્તની **પૂજા કરવાની ઇચ્છા** કરી. પણ પૂજા કરવી કેવી રીતે ? પૂજા કરનાર હું **એકલો** ને જીવનમુક્તો **અસંખ્ય** ! ગણતાં પાર ન આવે એટલા ! એક સાથે એ બધાની પૂજા કરું કેવી રીતે ?

ત્યારે સિંહાસન પર બિરાજેલા પુરુષોત્તમ ભગવાને મને કહ્યું : 'શીતલદાસ ! અનંત રૂપ ધરી અનંત મુક્તોની પૂજા કરો.' મેં કહ્યું : 'ભગવાન ! મારાથી એ કેવી રીતે બને ?' ત્યારે ભગવાને કહ્યું : 'આ રહ્યાં રામાનંદ સ્વામી. એમનું નામ લઈ કહો કે જો રામાનંદ સ્વામી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન હોય તો મને **અનંત રૂપ પ્રાપ્ત થાઓ** !' એટલે મેં એ પ્રમાણે પ્રાર્થના કરી, પણ મને **અનંતરૂપ પ્રાપ્ત થયાં** નહિ. પછી ભગવાને કહ્યું : 'શીતલદાસ ! હવે **સહજાનંદ સ્વામીનું** નામ લઈને એ પ્રમાણે કરો !' એટલે મેં કહ્યું : 'શ્રી સહજાનંદ સ્વામી જો પરબ્રહ્મ પુરુષોત્તમ

ભગવાન હોય તો મને અનંત રૂપ પ્રાપ્ત થાઓ !' અને તરત જ મને **અનંતરૂપ પ્રાપ્ત થયાં** ને અનંતરૂપે મેં અનંત મુક્તોની **એક સાથે પૂજા** કરી. મારા આનંદનો પાર ન રહ્યો. પછી હું પાછો એક સ્વરૂપમાં આવી ગયો. ભગવાનને દંડવત્ પ્રણામ કરી હું તેમની પાસે ઊભો. અત્યાર સુધી ભગવાનની તેજસ્વી મુખમુદ્રા સામે હું ધારીને જોઈ શક્યો નહોતો ! હવે એમ જોયું તો મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. **ભગવાન પુરુષોત્તમ નારાયણ બીજું કોઈ નહિ, આપ પોતે હતા,** હવે રામાનંદ સ્વામીએ મને કહ્યું કે તમે જે જુઓ છો તે **સાચું** છે. **હું ભગવાન નથી, હું તો કેવળ શ્રીજી મહારાજના આગમનની ડુગડુગી વગાડનારો હતો, ભગવાન તો શ્રીજીમહારાજ છે.'**

બસ, પછી **હું સમાધિમાંથી જાગી** ગયો. આપનાં સ્વરૂપનાં દર્શનથી મને એવો આનંદ થયો કે મને હર્ષનાં આંસુ આવી ગયાં. શીતલદાસના મુખે શ્રીજી મહારાજના મહિમાનો આ વૃત્તાંત સાંભળી સૌ છક થઈ ગયા. મહારાજ કેવળ શાંત સ્વસ્થ બેઠા હતા. તેમણે કહ્યું : 'શીતલદાસ ! તમારી ઇચ્છા પૂરી થઈ, હવે તમો જઈ શકો છો.' શીતલદાસે ભોંય પર માથું અડાડી કહ્યું : **હવે ક્યાં જાઉં** ? હવે તો **અઠે દ્વારકા, અઠે કૈલાશ**. હવે આપનાં ચરણનો આશ્રય છોડી ક્યાંય જવું નથી. મહારાજ હસ્યા. તેમણે શીતલદાસને **દીક્ષા** આપી '**વ્યાપકાનંદ સ્વામી**' એવું એમનું નામ પાડ્યું. આ રીતે **સમાધિ**ની અને **સ્વામિનારાયણ મંત્રની** શરૂઆત થઈ. (આ વ્યાપકાનંદ સ્વામીએ બોટાદમાં હમીર ખાચરને ત્યાં સ્વામિનારાયણ મહામંત્રના પ્રતાપે મરી ગયેલ ઘોડી જીવતી કરી હતી.)

|| નિત્યનિયમ વિભાગ ||

સ્તુતિ

સૂચન : સંચાલકોએ નીચે આપેલ સ્તુતિ સ્વયં ગાઈ - બાળકો પાસે ગવડાવી, રાગ-ઢાળ શીખવવા, કંઠસ્થ કરાવવી, આ સ્તુતિ સવાર-સાંજ દંડવત્ સાથે ગાવાની હોય છે તેમ શીખવવું.

વિશ્વેશ છો સકલ વિશ્વતણા વિધાતા, દાતા તમે સકલ મંગલ શાંતિદાતા.
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ, સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ૦૧
અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો, નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો.
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ યામ,સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ ૦૨

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥ ૩ ॥
કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુદ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥ ૪ ॥
નિજાશ્રિતાનાં સકલાર્તિ હન્તા, સદ્ધર્મભક્તેરવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્સિતાનાં, તનોતુ કૃષ્ણોઽખિલમંગલં નઃ ॥ ૫ ॥

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શીતલદાસ ભગવાનનાં દર્શનની આશા સાથે ઘરબાર છોડી કોની શોધમાં નીકળી પડ્યા ?

( ) A - ભગવાન ( ) B - ગુરુ

( ) C - મહારાજ ( ) D - ઋષિ મહારાજ

(૨) શ્રીજીમહારાજે બધાને કયો મંત્ર આપ્યો ?

( ) A - કૃષ્ણ-કૃષ્ણ ( ) B - સ્વામિનારાયણ-સ્વામિનારાયણ

( ) C - રામ-રામ ( ) D - ગોવિંદ-ગોવિંદ

(૩) શીતલદાસ કોના દર્શન કરવા ફરેણી આવ્યા ?

( ) A - રામાનંદ સ્વામી ( ) B - સ્વરૂપાનંદ સ્વામી

( ) C - નામદેવ ( ) D - નિત્યાનંદ સ્વામી

(૪) ઊંચા સિંહાસન પર કોણ બિરાજમાન હતા ?

( ) A - પુરુષોત્તમ ભગવાન ( ) B - રામાનંદજી

( ) C - બ્રહ્માજી ( ) D - વિષ્ણુજી

(૫) મહારાજે શીતલદાસને દીક્ષા આપી શું નામ પાડ્યું ?

( ) A - અક્ષરાનંદ ( ) B - રામાનંદ

( ) C - વ્યાપકાનંદ ( ) D - નિત્યાનંદ

પ્રશ્ન-૨ નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) શીતલદાસ નાનપણથી બધાને કેવા પ્રશ્નો પૂછતા ?

.....

(૨) શીતલદાસ શા માટે ઉદાસ થઈ ગયા ?

.....

(૩) શ્રીજીમહારાજે બધાને કયો મંત્ર આપ્યો ?

.....

(૪) ભગવાન પુરુષોત્તમ નારાયણ કોણ હતા ?

.....

પ્રશ્ન-૩ નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.

(૧) શીતલદાસ રામાનંદ સ્વામીનાં દર્શન કરવા .....આવ્યા.

(૨) શ્રીજીમહારાજે દસ દિવસ .....નું પારાયણ કરાવ્યું હતું.

(૩) સ્વામિનારાયણ મંત્રની રટણા કરતાં કરતાં શીતલદાસને .....થઈ.

(૪) પુરુષોત્તમ ભગવાને મને કહ્યું : 'શીતલદાસ ! ..... ધરી અનંત મુક્તની પૂજા કરો.

(૫) હું તો કેવળ શ્રીજીના આગમનની ડુગડુગી વગાડનારો હતો, ભગવાન તો .....છે.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

(૧) 'ગુરુ વિના ભગવાન મળે નહિ.'

(૨) રામાનંદ સ્વામી સૌને 'સ્વામિનારાયણ' મંત્ર આપતા.

(૩) શીતલદાસને સમાધિમાં રામાનંદ સ્વામીના દર્શન થયાં.

(૪) સહજાનંદ સ્વામી પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન હતા એટલે શીતલદાસના અનંત રૂપ થયા.

(૫) રામાનંદ સ્વામી ધામમાં ગયા એના ચૌદમાં દિવસે મહારાજે 'સ્વામિનારાયણ' મંત્ર આપ્યો ?

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) તેણે હાથ જોડી જવાબ દીધો : 'મહારાજ ! આવ્યો→.....

(૨) મહારાજે સૌ હરિભક્તોની સામે જોઈ કહ્યું : 'આજથી→.....

(૩) ત્યારે ભગવાને કહ્યું : 'આ રહ્યા રામાનંદ સ્વામી→.....

(૪) મેં કહ્યું : 'શ્રી સહજાનંદ સ્વામી જો પરબ્રહ્મ → .....

(૫) હું ભગવાન નથી, હું તો કેવળ ડુગડુગી વગાડનાર હતો→ .....

પ્રશ્ન-૬ નીચેની પંક્તિઓ પૂર્ણ કરો :

(૧) વિશ્વેશ છો.....
.....
.....
.....

(૨) ત્વમેવ માતા.....
.....
.....
.....

સભા-૧૧ : શ્રીજી મહારાજના સંતો



શ્રીજીમહારાજના **સંતો** પૈસાને અડે નહિ. મહારાજના સાધુઓ વિનયવિવેકથી વાત કરે, લડે-ઝઘડે નહિ, ગાળા-ગાળી કરે નહિ. ગાંજો-ભાંગ પીએ નહિ, અરે! વ્યસન પણ કરે નહિ!

મહારાજના સાધુઓ **ભિક્ષામાં** જે મળે તે ખાઈ લે. મહારાજના સાધુઓ **જીભનો સ્વાદ** કરે નહિ.

મહારાજના સાધુઓ **ધ્યાન કરે, પૂજાપાઠ કરે, ભગવાનનું નામ લે,** અને **સત્સંગનું કામ કરે.**

મહારાજના સાધુઓ **બહુ ભલા**. જાતે દુઃખ વેઠે, પણ કોઈ ને દુઃખી થવા ન દે!

મહારાજના સાધુઓ આવા ભલા, પણ **બાવાઓને** આ સાધુઓ **ગમે નહિ**. બાવાઓ ચેલાચેલીઓ લઈને ફરે, લોકોને બિવડાવે, ગાળાગાળી કરે, મારામારી કરે, ગાંજો ફૂંકે, ભાંગ રગડે. **જેવા ઘમંડી તેવા જ ક્રોધી**!

એક વાર મહારાજના **એક સાધુ રાઘવાનંદ સ્વામીને** એક **બાવાએ માર્યા**. મારતાં મારતાં બાવાની **લાકડી ભાંગી ગઈ** તોયે બાવો મારતો અટકે નહિ.

મહારાજના સાધુ માર ખાઈ લે, પણ સામો હાથ ઉગામે નહિ.

કેટલાક માણસોએ આ જોયું. તેમણે બાવાને વઢીને કાઢી મૂક્યો, ને રાઘવાનંદ સ્વામીને છોડાવ્યા.

પછી પૂછ્યું : 'બહુ વાગ્યું છે?'

રાઘવાનંદ સ્વામી કહે : 'ના...રે, આ શરીરને થોડું વાગ્યું છે, મને કંઈ વાગ્યું નથી!'

પછી કહે : 'પણ મને મારતાં **બાવાજીની લાકડી ભાંગી ગઈ એ સારું ન થયું.**'

આવા હતા મહારાજના સાધુ !

દુશ્મન ઉપર પણ એ દયા કરે !

•••••

મહારાજના એક સાધુ હતા.

તેમને જોઈ એક વાર એક **બાવો** ગુસ્સે થઈ ગયો. તેણે પગમાંથી **ખાસડું** કાઢી સાધુને **છૂટું માર્યું**.મહારાજના સાધુએ ખાસડું લઈને પાછું બાવાને આપ્યું. કહે : **'ખાસડાં વિના તમને ચાલવાની તકલીફ પડશે !'**


આ **વિનયવિવેક**માં બાવો કંઈ સમજ્યો નહિ. એ વધારે ગુસ્સે થયો. ને ફરી ખાસડું લઈ સાધુને મારવા લાગ્યો. તોયે સાધુ **શાંત** રહ્યા. પછી લોકો સાધુની મદદે દોડી આવ્યા. તેમણે બાવાને ઠપકો આપ્યો ને એને ગામમાંથી કાઢી મૂક્યો.

આવા હતા મહારાજના સાધુ !

ખાસડું મારે તેના પર પણ ગુસ્સે ન થાય !

•••••

મહારાજના એક સાધુ. નામ **બ્રહ્માનંદ સ્વામી**. એક વાર કેટલાક સાધુઓની સાથે તેઓ જતા હતા. ત્યાં રસ્તામાં બાવા-વૈરાગીઓએ એમના પર **હુમલો** કર્યો. તેમાં એક બાવાની પાસે **તલવાર** હતી. તલવાર નીચે



પડી ગઈ. એ જોઈ સ્વામી બાવાઓને કહે : **'તમારી તલવાર લઈ લો ! અમારા સાધુઓમાં કેટલાક ક્ષત્રિય છે.** તલવાર જોઈ એમનું **લોહી ઉકળી** આવશે તો તમારા **બે-પાંચનાં માથાં વઢાઈ જશે** !'

ત્યારે બાવાઓ કહે : 'અમે મરવાથી બીતા નથી !' સ્વામીએ કહ્યું : 'તમે મરો એની મને બીક નથી પણ મારી બીક તો બીજી છે ! **અમે મારામારીમાં ઊતરીએ તો અમારું સાધુપણું લાજે !** એટલે હું તમને તમારી તલવાર પાછી આપું છું !' **આવા હતા મહારાજના સાધુઓ !**

ભૂલેચૂકેયે ગુસ્સે ન થઈ જવાય તેની તેઓ કાળજી રાખતા હતા.

●●●●●

બાવા વેરાગીઓ લોકોને ઉશ્કેરતા ને મહારાજના સાધુઓને **હેરાન** કરતા. એમને ગાળ દે, અપમાન કરે, મારે-પીટે એ તો ઠીક, પણ એમની **કંઠી તોડી નાખે**, જનોઈ ખેંચી કાઢે, એમની **પૂજા** ફેંકી દે, એમની પાછળ **બાવીઓ** દોડાવે, બાવી અડકી જાય તો મહારાજના સાધુને **ઉપવાસ** કરવો પડે ને ! પણ મહારાજની એક જ આજ્ઞા : **'સાધુએ બધું સહન કરવાનું છે. સહન કરીને બીજાનું કલ્યાણ કરવાનું છે. માટે હે મારા સાધુઓ, ક્ષમા છોડશો નહિ, ધીરજ છોડશો નહિ, હતાશ થશો નહિ !'**

આવા હતા મહારાજના સાધુઓ !

મહારાજની આજ્ઞા કદી લોપે જ નહિ.



સંતમહિમા

નીચે આપેલી કડીઓનુ સૌ ગાન કરો - કંઠસ્થ કરો



- સંતકૃપાએ સુખ ઊપજે , સંતકૃપાથી સરે કામ ;
  સંત કૃપાથી પામીએ , પૂરણ પુરુષોત્તમ ધામ .
  (ભક્તચિંતામણી - ૨/૨)
- સંત હું ને હું તે વળી સંત રે , એમ શ્રીમુખે કહે ભગવંત રે ,
  સંત માનજો મારી મૂરતિ રે , એમાં ફેર નથી એક રતિ રે .
  (નિષ્કુળાનંદકાવ્ય : પુરુષોત્તમ પ્રકાશ - ૪૧/૯)
- કે 'શે સંત તો આ બહુ સારા રે , ખરા કલ્યાણના કરનારા રે ,
  એટલો જ ગુણ કોઈ ગ્રે 'શે રે , તે તો બ્રહ્મમો 'લે વાસ લેશે રે .
  (નિષ્કુળાનંદકાવ્ય : પુરુષોત્તમ પ્રકાશ - ૪૧/૧૪)
- સંત દેશ પરદેશ ફરે છે રે , સહુ જીવનાં અઘ હરે છે રે ,
  એનાં દર્શન સ્પર્શ જે કરશે રે , તે તો ભવજળ પાર ઉતરશે રે .
  (નિષ્કુળાનંદકાવ્ય : પુરુષોત્તમ પ્રકાશ - ૪૧/૧૯)

વાતો વિભાગ

સ્વામિનારાયણ હરે... સ્વામિનારાયણ હરે...

- ચાર વેદ , પુરાણ , ઇતિહાસ , એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન અને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે . (વ.ગ.મ. ૫૯)
- આવા સાધુ ખાસડાં મારે તો પણ અક્ષરધામમાં લઈ જાય ને બીજા મશરૂના ગાદલામાં સુવારી મૂકે તો પણ નરકમાં નાખે એમ સમજવું . (ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૧/૫૭)

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના વાક્યો ખરા (✓) છે કે ખોટા (✗) તે જણાવો.

(૧) મહારાજના સાધુ પૈસા રાખતા . ☐
(૨) મહારાજના સાધુ જાતે દુ:ખ વેઠે નહિ . ☐
(૩) મહારાજના સાધુ દુશ્મન પર દયા કરે . ☐
(૪) મહારાજના સાધુ મહારાજની આજ્ઞા કદી લોપે જ નહિ . ☐
(૫) મહારાજના સાધુ ગુસ્સે થઈ જાય . ☐

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજની સાધુઓને શી આજ્ઞા હતી ?

.....

(૨) બાવાઓ મહારાજના સાધુઓને કેવી રીતે હેરાન કરતા ?

.....

(૩) કયા સંતે બાવાઓની તલવાર પાછી આપી ?

.....

(૪) બાવાજીની લાકડી ભાંગી ગઈ ત્યારે સંતોએ શું કહ્યું ?

.....

પ્રશ્ન-૩ નીચેની પંક્તિઓ પૂર્ણ કરો.

(૧) સંત હું ને હું તે .....

.....

.....

(૨) સંત બોલે તે .....

.....

.....

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) સંતમહિમા વિશે શ્રીજી મહારાજ વચનામૃત ગઢડા મધ્યના ૫૯માં શું કહે છે?

.....

.....

(૨) સંત મહિમા વિશે ગુણાતીનંદ સ્વામીની એક વાત લખો.

.....

.....

(૩) તમારા શબ્દોમાં 'સંતોનો મહિમા' વર્ણવો.

.....

.....

.....

સભા-૧૨ : બાળપ્રભુનું પરાક્રમ



કાલિદત્ત નામનો એક **રાક્ષસ** હતો. તે પાપીઓનો સરદાર હતો. તેને ખબર પડી કે **ધર્મદેવને ઘેર પ્રભુ પ્રગટ્યા** છે તેથી તે એકદમ **આકુળ-વ્યાકુળ** થઈ ગયો.

એક દિવસ વહેલી સવારે તેણે બધી **કૃત્યાઓને** હુકમ કર્યો : જાઓ, ધર્મદેવને ઘેર જઈ બાળપ્રભુને **મારી નાખો**.

કૃત્યાઓ એટલે **રાક્ષસીઓ**. હુકમ થયો એટલે બધી જ કૃત્યાઓ **છપૈયા** ગામમાં આવી અને ધર્મદેવનું ઘર શોધવા લાગી.

કૃત્યાઓ બધી કાળી કાળી મેશ, લાલઘૂમ આંખો, મોટા મોટા અણીદાર દાંત, કદરૂપાં મોઢાં અને બિહામણો અવાજ. કૃત્યાઓ દોડતી ધર્મદેવના ઘર પાસે આવી. તેમણે હળવેથી અંદર જોયું તો **ભક્તિમાતા બાળપ્રભુને દૂધ પાતાં હતાં**. કૃત્યાઓ ધીમે પગલે અંદર આવી અને તરત જ બાળપ્રભુને **ઉપાડી**ને **આંબાના વન** તરફ દોડવા લાગી.

આંબાના વનમાં પવનપુત્ર **હનુમાનજી** રહે. તેમણે કૃત્યાઓને બાળપ્રભુને લઈને દોડી જતી જોઈ. તરત જ **કૂદકા** મારતા તેઓ કૃત્યાઓ પાસે પહોંચી ગયા. મોટી કૃત્યાના હાથમાંથી બાળપ્રભુને લઈ લીધા પછી ? પછી તો તેમણે બધી કૃત્યાઓને પકડી. બધાના **ચોટલા** પોતાના **પૂંછડા સાથે બાંધ્યા** અને પૂંછડું જોરજોરથી જમીન સાથે પછાડવા માંડ્યું. વળી, કેટલીકને તો માથાના વાળ

ખેંચીને મારી, કેટલીકને હવામાં અધ્ધર ફેરવીને પછાડી. બધીએ ચીસાચીસ અને રોકકળ કરી મૂકી. દરેકનાં **હાડકાં ખોખરાં** થઈ ગયાં. બધી કૃત્યાઓએ રોતાં રોતાં **માફી** માગી : અમને છોડી મૂકો, હવે અમે છપૈયામાં ફરી નહિ આવીએ.

બહુ આજીજી કરી ત્યારે હનુમાનજીએ તેમને છોડી, પછી તેમની પાછળ દોડ્યા. બધી કૃત્યાઓ મૂઠી વાળીને દૂર ભાગી ગઈ.

બાળપ્રભુને લઈને હનુમાનજી દોડતાં દોડતાં ગામમાં પાછા આવ્યા. ભક્તિમાતાને બાળપ્રભુ પાછા આપ્યા, પગે લાગ્યા અને કહ્યું : **મા ! તમારો આ બાળક તો ભગવાન છે અને હું તેમનો સેવક છું.** જ્યારે મારી જરૂર હોય ત્યારે **સેવા કરવા** મને બોલાવજો, હું તમારી સેવામાં **હાજર** થઈ જઈશ.

હનુમાનજી અદૃશ્ય થઈ ગયા. ભક્તિમાતાએ પ્રભુને ગોદમાં લીધા ને છાતીસરસા ચાંપીને વહાલ કરવા લાગ્યાં. ભાગી ગયેલી કૃત્યાઓએ **કાલિદત્ત**ને બધી વાત કહી. કૃત્યાઓ કહે : હવે અમે છપૈયા બાળપ્રભુને લેવા નહિ જઈએ. બાળપ્રભુના **હનુમાનજી** નામના સેવક છે. તેમણે તો અમને મારી મારીને અધમૂઈ કરી નાખી.

આ સાંભળી કાલિદત્ત વધુ **ક્રોધે** ભરાયો. તેણે **કોટરા** નામની **સૌથી મોટી કૃત્યા**ને બાળપ્રભુને મારી નાખવા મોકલી. કોટરા તો પ્રભુના ઘરની સામે આવીને ઊભી રહી. પ્રભુ એકલા પડે તેની રાહ જોવા લાગી. પ્રભુ તો બધુંય જાણે, એટલે પ્રભુએ **વાંકી નજરે કોટરા સામે જોયું** અને તરત જ કોટરા **બળવા** લાગી.



બળું છું, મરું છું, એવી મોટી ચીસો પાડતી, પગ તરફડાવતી કોટરા ત્યાં ને ત્યાં જ **મરી ગઈ**. મોટા **પહાડ** જેવી કોટરાને પ્રભુએ જરાક વારમાં જ ધામમાં પહોંચાડી દીધી.

કોટરાને જોઈને બીજાં બાળકો તો **ડરી** ગયાં. લોકો નવાઈ પામી ગયાં. ધર્મદેવ અને ભક્તિમાતા પણ ગભરાઈ ગયાં. બાળપ્રભુને અંદરના ઓરડામાં લઈ ગયાં અને પોઢાડી દીધા.

|| નિત્યનિયમ વિભાગ ||

નોંધ : સંચાલકોએ નીચે આપેલ શ્લોકને ગાઈ-ગવડાવી બાળકોને સમજાવવો-કંઠસ્થ કરાવવો.



જન્મ્યા કૌશલ દેશ વેષ બટુનો, લૈ તીર્થ માંહી ફર્યા,
રામાનંદ મળ્યા સ્વધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા;
મોટા ધામ રચ્યા રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા લીલા હરિ તણી, સંક્ષેપમાં ઉચ્ચરી.

અર્થ : ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મ ઉત્તર કૌશલ દેશમાં છપૈયા ગામે થયો. ત્યાર પછી શ્રીહરિએ ૧૧ વર્ષની ઉંમરે વર્ણીવેશ ધારી ૭ વર્ષ સુધી વનવિચરણ કર્યું. ત્યાર બાદ ગુજરાતમાં લોજ ગામે મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. પછી સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપી. પછી શ્રીહરિએ મોટા મોટા ઉત્સવો, યજ્ઞો કર્યા, શાસ્ત્રો રચ્યા-રચાવ્યા, મંદિરો બંધાવ્યા, સંતો-હરિભક્તો બનાવ્યા, આચાર્યોની સ્થાપના કરી, એમ એકાંતિક ધર્મનું સ્થાપન કરી, સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી ૪૯ વર્ષ આ ધરા પર રહી ગઢપુરમાં પોતાની દિવ્ય જીવનલીલા સંકેલી, પાછા અક્ષરધામમાં સીધાવ્યા.



નોંધ : રોજ સવાર-સાંજ ઠાકોરજી ધરાવતા પહેલા આ શ્લોક બોલવો અને ત્યાર બાદ જ ભોજન લેવું.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો

(૧) ભગવાન સ્વામિનારાયણનું બાળપણનું નામ શું હતું?☞ .....

(૨) બાળપ્રભુના પ્રાગટ્યથી કોણ આકુળ-વ્યાકુળ થઈ ગયું?☞ .....

(૩) બાળપ્રભુ ઘનશ્યામનું પ્રાગટ્ય કયા ગામમાં થયું હતું?☞ .....

(૪) પાપીઓનો સરદાર કોણ હતો?☞ .....

(૫) કૃત્યાઓના હાથમાંથી બાળપ્રભુને કોણે છોડાવી લીધા?☞ .....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) આંબાના વનમાં .....રહેતુ હતું. (હનુમાનજી, કાલીદાત્ત, કોટરા)

(૨) કૃત્યાઓને મેથીપાક.....ચખાડ્યો. (ધર્મદેવે, હનુમાનજીએ, કાલીદત્તે)

(૩) કાલીદત્તે .....ને બાળપ્રભુને મારવા મોકલી. (ટોટરા, કોટરા, રાક્ષસી)

(૪).....ના ઘરે બાળપ્રભુનું પ્રાગટ્ય થયું. (ધર્મદિવ, રામપ્રતાપજી, સુવાસીનીબાઈ)

(૫) .....નામનો એક..... હતો. (કોટરા, કાલીદત્ત, લુટારો, રાક્ષસ)

પ્રશ્ન-૩ નીચેના વાકયના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) બાળપ્રભુએ વાંકી નજરે કોટરા સામે જોયું ને બળી મરી. ☐

(૨) કૃત્યાઓ દેખાવમાં સુંદર હતી. ☐

(૩) હનુમાનજી દાદા ભક્તોની રક્ષા કરે છે. ☐

(૪) કૃત્યાઓ ગુદપુર ગામમાં આવી હતી. ☐

(૫) કૃત્યાઓ એટલે સજ્જન સ્ત્રીઓ કહેવાય. ☐

પ્રશ્ન-૪ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) સ્તુતિ	(૧) સંત સમાગમ કીજે
(૨) પ્રાર્થના	(૨) રામકૃષ્ણ ગોવિંદ
(૩) આરતી	(૩) નિર્વિકલ્પ ઉત્તમ અતિ
(૪) ધૂન	(૪) વિશ્વેશ છો સકલ
(૫) ગોડી	(૫) જય સદ્‌ગુરૂ સ્વામી
(૬) થાળ	(૬) જમો થાળ જીવન જાઉં

પ્રશ્ન-૫ નીચેના શ્લોકની પૂર્તિ કરો.

(૧) જન્મ્યા કૌશલ .....

.....

.....

.....

સભા-૧૩ : અમારા પર દયા રાખજો !



શ્રીજી મહારાજ કચ્છ-ભુજમાં હતા. દૂરનાં ગામોમાંથી કેટલાક **હરિભક્તો** શ્રીજીમહારાજનાં દર્શને આવ્યા. સમૈયો કરી, તેઓ **વિદાય લેવા** શ્રીજીમહારાજ પાસે ગયા ત્યારે બોલ્યા: 'મહારાજ ! અમે ઘરે જઈએ છીએ. **અમારા પર દયા રાખજો.**' શ્રીજી મહારાજે તરત જ સામે કહ્યું: '**તમે પણ મારા પર દયા રાખજો.**'

ભક્તો તો ચાલી નીકળ્યા, પણ રસ્તામાં વિચારવા લાગ્યા, 'અરે ! શ્રીજીમહારાજે આપણને દયા રાખવાનું કેમ કહ્યું ?' અંદર-અંદર ચર્ચા તો થઈ, પણ કોઈને રહસ્ય સમજાયું નહિ.

અડધે રસ્તેથી તેઓ **પાછા** શ્રીજીમહારાજ પાસે આવ્યા.

શ્રીજીમહારાજે પૂછ્યું: 'કેમ પાછા આવ્યા ?' તેઓ કહે : 'મહારાજ ! અમને તમારા પર દયા રાખવાનું કેમ કહ્યું ? દયા તો આપે અમારા પર રાખવાની હોય. **ભગવાન તમે છો**, અમે તો ભક્ત છીએ.'

શ્રીજીમહારાજ કહે : 'તો કહો જોઈએ, ભગવાન ક્યાં રહે છે ?' ભક્તોએ **છાતી પર હાથ મૂકી કહ્યું: 'અહીં હૃદયમાં.'**

શ્રીજીમહારાજ કહે: 'બસ ! એ જ વાત મારે તમને કરવી છે. **તમારા હૃદયમાં અમારો વાસ છે. માટે એ હૃદયને શુદ્ધ ને પવિત્ર રાખજો**. તમારા હૃદયમાં દુર્ગુણોનો કચરો હશે, તો અમારાથી ત્યાં નહિ રહેવાય. અમને તમારા શુદ્ધ હૃદયમાં રહેવું ગમે છે. માટે તેને ચોખ્ખું રાખવાની **દયા રાખજો**.'

ભક્તો આ રહસ્ય સાંભળી ચકિત થઈ ગયા. સૌએ ત્યારે જ નિર્ણય કર્યો, 'અમે અમારું હૃદય સાવ ચો...ખ્ખું રાખીશું !'

● હૃદય શુદ્ધ રાખવા માટે :

૧. પંચવર્તમાન પાળવાં : (૧) દારૂ : દારૂ ન પીવો. **(૨) માટી** : માંસાહાર ન કરવો. **(૩) ચોરી** : ચોરી ન કરવી. **(૪) અવેરી** : વ્યભિચાર ન કરવો. અને **(૫) વટલવું-વટલાવું નહીં** : અયોગ્ય આહાર-વિહાર ન કરવો.

૨. ખરાબ મિત્રો, ખરાબ પુસ્તકો વગેરે **કુસંગ ન કરવો.**

૩. સિનેમા-સિરિયલનો સંપૂર્ણ ત્યાગ કરવો. ટી.વી., ઇન્ટરનેટ, મોબાઈલ વગેરેનો ખોટો ઉપયોગ ન કરવો.



૪. સ્ત્રી-પુરુષ મર્યાદાનો ભંગ ન કરવો. દરેક બાળકે દુનિયાની દરેક સ્ત્રીને માતા કે બહેન સમાન માનવી. દરેક બાલિકાએ તમામ પુરુષને પિતા કે ભાઈ માનવા. ગર્લફ્રેન્ડ-બોયફ્રેન્ડ, ડેટિંગ, ચેટિંગ, ડાન્સ વગેરે આપણી સંસ્કૃતિ નથી.



૫. નિંદા, અભાવ-અવગુણ તથા **કોઈનું ખરાબ કરવાના વિચારોથી દૂર રહેવું.**

૬. નિયમિત સત્સંગ કરવો. સત્સંગ સભા ભરવી. ઘરસભા કરવી.

|| માંસાહાર અને વ્યસન ત્યાગ ||



ગુણાતીતાનંદ સ્વામી ફરતાં ફરતાં જૂનાગઢના **માળિયા** ગામમાં આવ્યા. ગામના ચોકમાં લીંબડા નીચે **રામો હાટી** નામનો માણસ બેઠો હતો. તે બધાં અપલક્ષણે પૂરો હતો.

સ્વામીએ પૂછ્યું: 'રામા ! **સિંહ લાડુ કે જલેબી ખાય** ?' રામાએ કહ્યું: **'ના.'** સ્વામીએ પૂછ્યું: 'કેમ ન ખાય ?' રામાએ કહ્યું: 'એ એનું ભોજન નહિ.'



સ્વામીએ કહ્યું: **'...તો માણસ પશુનું ભોજન ખાય, એ કેવું કહેવાય** ? વળી, ન પીવાનું પીએ, તે કાંઈ માણસનાં લક્ષણ કહેવાય ?'

રામો હાટી તરત સમજી ગયો ને બોલ્યો: 'સ્વામી ! આજથી માંસાહાર, દારૂ વગેરે તમામ વ્યસન **બંધ.**' પછી તેણે વર્તમાન ઘરાવ્યાં.

● માંસાહાર શા માટે ન કરાય ?

– માંસાહાર માટે પ્રાણીઓને મારવાં એ **ક્રૂરતા** છે. એ ખૂબ મોટું **પાપ** છે.

– મનુષ્યની શરીરરચના માંસાહાર માટે નથી.

– વિજ્ઞાને સ્વીકાર્યું છે કે માંસાહારથી કેન્સર, હાર્ટએટેક, ડાયાબિટિસ, કિડની, લીવર અને પાચનતંત્રના પ્રશ્નો જેવા **અનેક રોગોની શક્યતા ખૂબ વધે છે.**

– માંસાહારથી જ તાકાત મળે એ ખોટો ભ્રમ છે. હાથી, ઘોડો, ગેંડો વગેરે પ્રાણીઓ શુદ્ધ શાકાહારી છે. છતાં **મહા શક્તિશાળી છે.**

– ઈંડાં ખાવા એ પણ માંસાહાર છે, હિંસા જ છે. માટે આપણે **ઈંડાં** પણ ન ખવાય. **ઈંડાં** કરતાં કઠોળ, મોસંબી, અનાજ, દૂધ વગેરેમાંથી વધુ શક્તિ મળે છે.



● વ્યસન કેમ ન કરાય ?

– ગુટકા, દારૂ, બીડી, સિગારેટ, ડ્રગ્સ વગેરે **અનેક પ્રકારનાં વ્યસનો** છે.

– કામનું ટેન્શન, મિત્રોનું દબાણ, સ્ટેટસ, એક્ટરોનું આંધળું અનુકરણ વગેરેને લીધે લોકો વ્યસનની લતે ચઢી જાય છે, પછી એ માર્ગથી પાછા વળી શકતા નથી.

– વિશ્વમાં **દર વર્ષે** આશરે **૫૦ લાખ** લોકો ફક્ત તમાકુના વ્યસનથી **મરે છે** !

– વ્યસનથી **શરીરનાં દરેક અંગને નુકસાન** થાય છે. અકાળે મૃત્યુ આવે છે. આવા વ્યસનીની **પત્ની વિધવા** થાય છે, **બાળકો અનાથ** થાય છે, **કુટુંબ વેરણછેરણ** થઈ જાય છે.

● આપણે શું કરવું ?

– જે લોકો માંસાહાર, વ્યસન, જુગાર વગેરે કુટેવવાળા હોય તેનો સંગ ન જ રાખવો.

– શક્ય હોય તો તેઓને સમજાવી શુદ્ધ જીવન જીવવા માટે પ્રેરણા આપવી.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજે હરિભક્તોને 'અમારા પર દયા રાખજો' આવું શા માટે કહ્યું?

.....

.....

(૨) હરિભક્તોનાં પંચવર્તમાન જણાવો.

.....

.....

(૩) હૃદયશુદ્ધ રાખવા શું શું કરવું જોઈએ?

.....

.....

(૪) માંસાહાર શા માટે ન કરાય?

.....

.....

(૫) વ્યસન કરવાથી થતું નુકશાન જણાવો.

.....

.....

પ્રશ્ન-૨ નીચેની ખાલી જગ્યા પૂરો.

(૧) ભગવાન ..... માં રહે છે.

(૨) માટી વર્તમાન એટલે ..... ન કરવું.

(૩) અયોગ્ય આહાર વિહાર ન કરવો તેને ..... વર્તમાન કહેવાય છે.

(૪) મનુષ્ય શરીરની રચના ..... માટે નથી.

(૫) સિંહ ..... કે ..... ન ખાય.

પ્રશ્ન-૩ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) ઈંડા ખાવા એ પણ હિંસા જ કહેવાય છે. ☐

(૨) કુસંગી, વ્યસની, કુટેવવાળાનો સંગ કરવો જરૂરી છે. ☐

(૩) માંસાહાર, વ્યસનથી શરીર સારૂ રહે છે. ☐

(૪) ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ, ડેટિંગ, ચેટિંગ વગેરે આપણી સંસ્કૃતિ છે. ☐

(૫) વ્યસનથી શરીરના દરેક અંગોને નુકશાન થાય છે અને અકાળે મૃત્યુ થાય છે. ☐

સભા-૧૪ : ગુરુભક્ત એકલવ્ય

મહાભારતના સમયની આ વાત છે.

હસ્તિનાપુર નામે એક **નગરી** હતી. એમાં **પાંડવો** અને **કૌરવો** રહેતા હતા. એ બધા **રાજકુમારો** હતા. તેમને **ગુરુ દ્રોણ** બાણવિદ્યા શીખવતા હતા.

પાંચ પાંડવોમાં **અર્જુન** તેમનો **માનીતો** શિષ્ય હતો. બાણ દ્વારા નિશાન તાકવામાં તે સૌથી **મોખરે** રહેતો હતો. એ જમાનામાં ગુરુ દ્રોણ ખૂબ **જાણીતા** હતા. તેમની **કીર્તિ** ચારે બાજુ ફેલાયેલી હતી. તેમ જ તેમની પાસે ભણવા માટે દૂર દૂરથી પણ અનેક રાજકુમારો આવતા હતા.


એકલવ્યે પણ ગુરુ દ્રોણ વિષે ઘણું સાંભળ્યું હતું. તેને પણ **ધનુર્વિદ્યામાં નિપુણ** બનવું હતું. તેથી એકલવ્યને પણ તેમની પાસે ભણવા જવાનું મન થયું. કોણ હતો એ એકલવ્ય ?

એકલવ્ય હિરણ્યધનુષ નામના ભીલ રાજાનો દીકરો હતો. તેને દ્રોણાચાર્યનો શિષ્ય બનીને ધનુર્વિદ્યામાં પારંગત થવું હતું.

પાંડવો અને કૌરવોને **ધનુર્વિદ્યા** શીખવવા માટે **ભીષ્મે** દ્રોણાચાર્યને રાખ્યા હતા. તેની પાસે બીજા ઘણા **રાજકુમારો** પણ ધનુર્વિદ્યા શીખવા આવ્યા હતા. તેથી એકલવ્ય પણ ત્યાં આવ્યો અને **શિષ્ય** તરીકે સ્વીકારી **વિદ્યાદાન** આપવાની **પ્રાર્થના દ્રોણાચાર્યને કરી**. પણ **ભીલ રાજાનો દીકરો** હોવાથી આચાર્યે તેનો **સ્વીકાર કર્યો નહિ**.



એકલવ્ય **ઉદાસ** થઈ ગયો પણ **હિંમત હાર્યો નહિ**. મનમાં વિચાર કર્યો કે ગુરુએ તો મારો સ્વીકાર કર્યો નહિ પણ હવે હું ગુરુજીની **પાદુકા માંગી લઈને તેની પૂજા કરીશ**. તેથી એણે આચાર્ય પાસે **પાદુકાની માંગણી** કરી. દ્રોણાચાર્યે પોતાની **પાદુકા** આપી. પછી પોતાને **ઘેર** આવી ભક્તિપૂર્વક **માટીમાંથી આચાર્યની મૂર્તિ બનાવી**, એની આગળ પોતે **લઈ આવેલી પાદુકા** મૂકી. હવે એકલવ્ય **રોજ** તેની **નિયમપૂર્વક પૂજા** કરી પોતાનાં ધનુષ્ય બાણ લઈ **મૂર્તિ સામે ઊભા રહી** બાણ ફેંકવાનો **અભ્યાસ** કરવા લાગ્યો. આમ અભ્યાસ કરતાં કરતાં તે **વિમોક્ષ, આદાન, સંધાન** વગેરે **ધનુર્વિદ્યા**માં પારંગત થઈ ગયો.



એક વખત પાંડવો, કૌરવો અને બીજા રાજપુત્રો **મૃગયા** માટે નીકળ્યા હતા. તેઓ મૃગની પાછળ પાછળ દોડી રહ્યા હતા. તેની સાથે તેનો **શિકારી કૂતરો** પણ સાથે હતો. મૃગ પાછળની દોડાદોડમાં એ શિકારી કૂતરો જંગલમાં પાછળ રહી ગયો અને ભૂલો પડી ગયો.

તે કૂતરો **રસ્તો ભૂલી** એકલવ્યની પાસે આવી પહોંચ્યો. તે એકલવ્યને જોઈને **ભસવા** લાગ્યો. આથી બાણવિદ્યાનો અભ્યાસ કરી રહેલ એકલવ્યનું **ધ્યાન** તેના તરફ ગયું. **કૂતરાને ભસતો બંધ કરવા** માટે તેણે કૂતરાના મોઢાં પર **બાણ** માર્યા. આ બાણ કૂતરાના **મોંમાં** એવી રીતે પેસી ગયાં કે તેમાંથી **લોહી ન નીકળે** અને **ભસી પણ ના શકાય**.

હવે કૂતરો ત્યાંથી **ભાગતો દોડતો** પેલા **રાજપુત્રો** પાસે આવી પહોંચ્યો. રાજપુત્રોને કૂતરાની આવી હાલત જોઈને ખૂબ જ **આશ્ચર્ય** થયું. રાજપુત્રોને વિચાર આવ્યો કે કૂતરાની આવી **દશા** કરનાર જરૂર કોઈ જબરો **ધનુર્ધર** હોવો જોઈએ.

આ કૂતરો પાંડવ કુમારોનો હતો. તેઓ શિકારની શોધમાં નીકળ્યા હતા. તેમણે કૂતરાને જોયો. **ભીમ** તો કૂતરાને જોઈને જ ખડખડાટ હસી પડ્યો. ભીમે અર્જુનને કહ્યું: અર્જુન જો, જો ! **આપણા કૂતરાની દશા તો જો** ! અર્જુને કૂતરાની હાલત જોઈ. તે ખૂબ જ **નિરાશ** થયો. તેને થયું, **'ધનુર્વિદ્યામાં મને પણ ટપી જાય એવો કોઈ બાણાવળી નીકળ્યો તો ખરો !'** પાંડવકુમારો આગળ ગયા. ત્યાં આગળ **એકલવ્ય**ને નિશાન તાકતો જોયો. બધાને ખાતરી થઈ કે **આ પરાક્રમ** તેનું જ છે. બધા કુમારો પાછા વળ્યા અને ગુરુ દ્રોણને બધી વિગતે વાત કરી.

આ વાત સાંભળી **દ્રોણાચાર્ય** બધા રાજપુત્રો સાથે તે **જંગલમાં એકલવ્ય પાસે ગયા**. દ્રોણાચાર્યને જોતાં જ **એકલવ્યે** તેમને **પ્રણામ** કર્યા અને **હાથ જોડીને** ઊભો રહ્યો. ગુરુ દ્રોણે એકલવ્યને ઓળખ્યો. **આ એ જ એકલવ્ય હતો જેને તેમણે વિદ્યા શીખવવાની ના પાડી હતી**.



કંઈક વિચાર કરીને તેમણે એકલવ્યને પૂછ્યું, '**તને આ વિદ્યા કોણે શીખવી** ? તને આવી વિદ્યા શીખવનાર તારા **ગુરુ** કોણ છે ?' બાજુમાં **માટીની મૂર્તિ** બતાવતાં એકલવ્યે ગુરુ દ્રોણને કહ્યું: '**આ રહ્યા મારા ગુરુ ! આપ જ મારા ગુરુ છો** ? આપે જ મને આ વિદ્યા શીખવી છે.'


હવે ગુરુ દ્રોણ બધી વાત સમજી ગયા અને ઊંડાં વિચારમાં પડી ગયા. આ છોકરો ધનુર્વિદ્યામાં અર્જુનને પણ ટપી જાય તેવો છે. **આ માણસ ભવિષ્યમાં કોઈ વખત અર્જુનને પણ ભારે પડી શકે છે,** એમ દ્રોણાચાર્યને લાગ્યું.



તેમણે એકલવ્ય પાસે **ગુરુદક્ષિણા** માગી. એકલવ્યને કહ્યું: 'હવે તું બાણવિદ્યામાં પારંગત થયો છે. મને ગુરુદક્ષિણા આપ.'

એકલવ્યે કહ્યું: 'બોલો ગુરુજી, **આપ જે માગો તે આપવા હું તૈયાર છું.**' ગુરુજી કહે: 'મને તારા **જમણા હાથનો અંગૂઠો** જોઈએ.' આ સાંભળી કંઈ પણ વિચાર્યા વગર આંખના પલકારામાં **એકલવ્યે કેડેથી કટારી કાઢી**, અને **જમણા હાથનો અંગૂઠો કાપીને ગુરુજીના ચરણે ધર્યો**. આ દૃશ્ય જોઈએ બધાના હૈયાં ભરાઈ આવ્યાં. ગુરુ દ્રોણ મનમાં જ બોલી ઊઠ્યા, **'ધન્ય છે તને એકલવ્ય ! અને ધન્ય છે તારી ગુરુ ભક્તિને !'**

|| સૌ સાથે મળી કીર્તન ગાન કરો ||



સદ્‌ગુરુ સાચા રે સેવો શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર રે;
જેને સંગે વાધે રે પ્રભુ સંગ પ્રીતડી રે,
ટળી જાય જાત વર્ણ અહંકાર રે-સદ્‌ગુરુ ૦૧
વર્તમાન પાંચ રે પળાવે દૃઢ કરી રે,
સંભળાવે હરિનાં ચરિત્ર પરમ ઉદાર રે;
એવા ગુરુદેવ રે ગોવિંદ સમ જાણજો રે,
જેને સંગે પામીએ ભવજળ પાર રે-સદ્‌ગુરુ ૦૨
ગુરુ વિના જ્ઞાન રે ન પામે મન મુખી રે,
કહે છે એમ મહામુનિ વેદ પુરાણ રે;
એવું તે વિચારી રે સદ્‌ગુરુ સેવજો રે,
જેથી હરિ પામીએ પ્રગટ પ્રમાણ રે-સદ્‌ગુરુ ૦૩
ગુરુજીનાં વચન રે વિચારી ઉર ધારજો રે,
ટાળો તમે મોહ મમતા અભિમાન રે;
''મુક્તાનંદ'' કહે છે રે એવી રીતે વર્તતાં રે,
તેને ઉર વાસ કરે ભગવાન રે-સદ્‌ગુરુ ૦૪

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) પાંડવો અને કૌરવોને બાણવિદ્યા કોણ શીખવતા હતા ?

( ) A - ધૃતરાષ્ટ્ર ( ) B - ભીષ્મ ( ) C - વિદુર ( ) D - દ્રોણાચાર્ય

(૨) પાંચ પાંડવોમાં ગુરુ દ્રોણાચાર્યનો માનીતો શિષ્ય કોણ હતો ?

( ) A - અર્જુન ( ) B - ભીમ ( ) C - યુધિષ્ઠિર ( ) D - નકુલ

(૩) એકલવ્ય કયા નામના ભીલ રાજાનો દીકરો હતો ?

( ) A - જરાસંધ ( ) B - ધૃતરાષ્ટ્ર ( ) C - પૌંડરીક ( ) D - હિરણ્યધનુષ

(૪) ઉદાસ એકલવ્યએ ગુરુ દ્રોણાચાર્ય પાસે શું માગ્યું ?

( )A - ધનુષ ( ) B - ગદા ( )C - બ્રહ્માસ્ત્ર ( ) D - પાદુકા

(૫) કૂતરાને મોઢાં પર બાણ કોણે માર્યા હતાં ?

( )A - ભીમે ( ) B - કર્ણએ ( )C - અર્જુને ( ) D - એકલવ્યએ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) રાજકુમારોને કોણ બાણવિદ્યા શીખવતા હતા ?☞ .....

(૨) એકલવ્યને કઈ વિદ્યામાં પારંગત થવું હતું ?☞ .....

(૩) દ્રોણાચાર્યએ શા માટે એકલવ્યને ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી ?☞ .....

(૪) એકલવ્ય કઈ રીતે ધનુર્વિદ્યામાં પારંગત થયો ?☞ .....

(૫) એકલવ્યએ કૂતરાને કેવી રીતે બાણ માર્યા ?☞ .....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) ..... નામે એક નગરી હતી. એમાં પાંડવો અને કૌરવો રહેતા હતા.

(૨) એકલવ્ય ..... નામના ભીલ રાજાનો દીકરો હતો.

(૩) પાંડવો અને કૌરવોને ધનુર્વિદ્યા શીખવવા માટે ..... દ્રોણાચાર્યને રાખ્યા હતા.

(૪) એકલવ્યએ વિચાર કર્યો કે ગુરુએ તો મારો સ્વીકાર કર્યો નહિ પણ હવે હું ગુરુજીની ..... માંગી લઈને તેની પૂજા કરીશ.

(૫) એકલવ્યએ ઘેર આવી ભક્તિપૂર્વક માટીમાંથી ..... ની મૂર્તિ બનાવી.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

(૧) પાંચ પાંડવોમાં ભીમ દ્રોણાચાર્યનો માનીતો શિષ્ય હતો. ☐

(૨) દ્રોણાચાર્ય પાસે ભણવા માટે દૂર દૂરથી પણ અનેક રાજકુમારો આવતા હતા. ☐

(૩) એકલવ્ય વિમોક્ષ, આદાન, સંધાન વગેરે ધનુર્વિદ્યામાં પારંગત થઈ ગયો. ☐

(૪) દ્રોણાચાર્યએ એકલવ્ય પાસે ગુરુદક્ષિણામાં ડાબા હાથનો અંગૂઠો માંગ્યો. ☐

(૫) એકલવ્ય ધનુર્વિદ્યામાં અર્જુન કરતા પણ વધુ પારંગત હતો. ☐

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) 'તને આ વિદ્યા કોણે શીખવી ? તને આવી વિદ્યા શીખવનાર તારા ગુરુ કોણ છે ?'

→ .....

(૨) 'આ રહ્યાં મારા ગુરુ ! આપ જ મારા ગુરુ છો ? આપે જ મને આ વિદ્યા શીખવી છે.'

→ .....

(૩) 'મને તારા જમણા હાથનો અંગૂઠો જોઈએ.' → .....

(૪) 'બોલો ગુરુજી, આપ જે માંગો તે આપવા હું તૈયાર છું.' → .....

સભા-૧૫ : મહારાજ મારું સર્વસ્વ

મૂળી ગામમાં **પાતાલભાઈ** નામના ભક્ત રહે. તેમનાં **બહેન**નું નામ **રાજુબા**. રાજુબાને શ્રીજી મહારાજમાં ખૂબ હેત. સંસારનું કામ તો કરે, પણ **મન અખંડ ભગવાનમાં રાખે**. એક વાર તો **૬ મહિના** વીતી ગયા, પણ **શ્રીજીમહારાજનાં દર્શન ન થયાં**. રાજુબાના ગળેથી અન્ન ન ઊતરે ને **આંખે આંસુની ધારા** વહે !

ભક્ત આવાં **પ્રેમી** હોય, તો ભગવાન પણ કાંઈ ઝાલ્યા રહે ! શ્રીજીમહારાજે **અંતર્યામીપણે** આ જાણ્યું. ને **લોયાથી** સીધા **મૂળી** પહોંચ્યા. પાતાલભાઈએ શ્રીજીમહારાજની આગતા-સ્વાગતા કરી. રાજુબાએ તો શ્રીજીમહારાજને જોયાં કે પ્રેમનો સાગર છલકાયો. થોડી જ વારમાં તેમણે **કંસાર** અને **રોટલી**નો થાળ બનાવ્યો.



શ્રીજીમહારાજ જમવા પધાર્યા. કંસાર જોઈ કહે: 'કંસારમાં જરા **ઘી** નાંખજો.' રાજુબાને તો સેવાનો આવો લ્હાવો જ જોઈતો હતો. ઘીની **તાંબડી** લઈ તેઓ કંસારમાં રેડવા માંડ્યાં ને શ્રીજીમહારાજની મૂર્તિ અંતરમાં ઉતારવા લાગ્યાં. શ્રીજીમહારાજે થાળ જમી રાજુબાને **પ્રસાદી** આપી, ત્યારે તો તેઓ ખૂબ જ **પુલકિત** થઈ ગયાં.

સાંજ પડી. ઓસરીમાં ઢોલિયો ઢાળ્યો હતો. **ઠંડી ખૂબ** જ હતી. **પવન** પણ વાતો હતો. શ્રીજી મહારાજ કહે: 'રાજુબા ! ટાઢ વાય છે. **તાપણું કરો**.' રાજુબાએ તાપણી કરી. તાપતાં-તાપતાં શ્રીજીમહારાજ બોલ્યા: 'હજુ વધારે તાપ જોઈશે.' રાજુબાએ ઘરનાં બધાં **છાણાં-લાકડાં** તાપણીમાં નાખ્યાં. તોય શ્રીજીમહારાજની ઠંડી ઊડી નહિ, ત્યારે રાજુબાએ **સાંગામાંચી** સળગાવી. **ગાડાનું પૈડું** સળગાવ્યું. ને છેવટે **મોંઘો રંગીન ઢોલિયો** પણ **ફાડવાની** તૈયારી કરી !

ભક્ત **પરીક્ષામાં પાસ** થયા. શ્રીજીમહારાજે કહ્યું: 'હવે ટાઢ ઊડી ગઈ છે... પણ રાજુબા ! તમે આટલું બધું બળતણ અમારા માટે વાપરી નાખ્યું ?' રાજુબા કહે: 'મહારાજ ! **આપ જ મારું જીવન છો**. આપે મને આજે ઝીલી ન શકાય એટલું સુખ આપ્યું છે. **અમારું જે કાંઈ છે તે બધું આપનું જ છે. મારાથી તો કાંઈ આપી શકાયું નથી.'**

આવું સાંભળી શ્રીજીમહારાજ કહે: 'રાજુબા, તમને આજે બહુ ભીડો આપ્યો, પણ અમેય હાલ ભીડામાં આવ્યા છીએ.' રાજુબાએ પૂછ્યું: 'પ્રભુ ! આપને વળી કેવો **ભીડો** ?' શ્રીજીમહારાજ કહે: 'બ્રહ્માનંદ સ્વામી **વરતાલમાં મંદિર** બાંધે છે. **કડિયાના પગાર** ચઢી ગયા છે. નાણાં મંગાવ્યાં છે, પણ અમે ક્યાંથી લાવીએ ?' રાજુબાએ તરત જ ગળામાંથી **૫૦૦ રૂપિયાનો ચંદનહાર** ઉતારી આપ્યો. **રોકડા ૨૦૦ રૂપિયા** પણ આપ્યા. આવું સમર્પણ જોઈ શ્રીજીમહારાજ રાજી થયા ને બોલ્યા: 'રાજુબા ! અમને માફ કરજો. **અમે તમારું સર્વસ્વ લઈ લીધું.**'

આવું સાંભળી રાજુબાએ શ્રીજી મહારાજનાં ચરણોમાં માથું ઢાળી દીધું ને **આંસુ**થી ચરણો પખાળતાં બોલ્યા: 'મહારાજ ! **મારું સર્વસ્વ તો આપ છો**. ને આપ મારા અંતરમાં જડાઈ ગયા છો. આપની **કૃપાની મૂડી** અમારા અંતરમાં સદાયને માટે સચવાય એટલી દયા કરજો. ને આપની કૃપાની પાત્ર બનું એટલું જ માંગું છું.' શ્રીજીમહારાજ તેમના તરફ પ્રેમભરી દૃષ્ટિ કરી માણકી પર સવાર થયા ને વરતાલ જવા નીકળી ગયા.

આવા હતા શ્રીજીમહારાજના ભક્તો ! શ્રીજીમહારાજ જ એમનું સર્વસ્વ હતા. ભગવાન માટે સર્વસ્વ અર્પણ કરવામાં એમને જરાય વાર ન લાગે. અરે ! ઊલટું રાહ જોઈ બેઠાં હોય કે ભગવાન ક્યારે મારી પાસે માંગવાની કૃપા કરે. આવા ભક્ત થવાય તો જીવન જીવ્યા કહેવાય. ભગવાન અને સંતને જે આપે છે તે મેળવે છે. ભગવાન અને સંત માટે જે છોડે છે તે પામે છે. સંત અને ભગવાન માટે ઉપયોગમાં આવે તેટલું જ ધન સાચું અને લાભદાયી છે; એમ સમજે તેનું નામ સત્સંગ કહેવાય. મોક્ષના કામમાં ન આવ્યું તે ધન હજારોને લાખોની સંખ્યામાં હોય તો પણ કોડી સમાન છે. માટે આપણે ભગવાન માટે ધન વાપરવું. એમાં લોભ કે લાલચ ન રાખવી.

● દ્રવ્ય (ધન)ની શુદ્ધિ કરવી પડે.



આપણા ઘરમાંય પૈસા આવે છે, પણ તે દૈવી છે કે આસુરી કોને ખબર ? આપણે દ્રવ્યની શુદ્ધિ કરવા શું કરવું ? શ્રીજીમહારાજ **શિક્ષાપત્રી**માં કહે છે : મહિના કે વર્ષના અંતે નોકરી કે ધંધામાંથી જે નફો થયો હોય, તેમાંથી **દશમો ભાગ (૧૦%)** કે ગરીબ હોય તેણે **વીસમો ભાગ (૫%)** ભગવાનનાં ચરણે ધરવો. **મંદિરમાં દાન-ધર્માદો કરવો. તો દ્રવ્યની શુદ્ધિ થાય.** નોકરી કે ધંધા વખતે જાણે-અજાણે ઘણાં પાપ થઈ જાય છે, એનું દાન કરવાથી નિવારણ થાય છે.

● અશુદ્ધ દ્રવ્ય ઉત્પાત મચાવે.

શતાનંદ મુનિ શિક્ષાપત્રીના ભાષ્યમાં કહે છે : ‘ગૃહસ્થ સત્સંગી દશમો કે વીસમો ભાગ ન આપે, તો દ્રવ્યની શુદ્ધિ થતી નથી.’ ને તેથી વ્યક્તિની આર્થિક, શારીરિક અને પારિવારિક સ્થિતિમાં અનેક મુશ્કેલીઓ આવે છે.



ભગવાને આપણને જીવન અને જીવન જીવવા અનેક વસ્તુઓ મફ્ત આપી છે. તેનું ઋણ આપણે **સેવા**, **ભક્તિ** અને **દાન**થી ચુકવવાનો પ્રયત્ન કરીએ છીએ. વળી, આપણે આપેલું દાન સત્કાર્યોમાં વપરાય છે અને ભગવાન અનંતગણું કરી પાછું પણ આપે જ છે.

માટે દરેક સત્સંગીએ નિયમિત ધર્માદો કરી દ્રવ્યની શુદ્ધિ કરવી જોઈએ. આપણી કમાણીનો દશમો કે વીશમો ભાગ ભગવાનનો છે. તેના પર લોભવૃત્તિ ન રાખવી જોઈએ. ધર્માદો એ ભગવાન અને સંતને રાજી કરવાની ઉત્તમ તક છે.

|| નિત્યનિયમ વિભાગ ||

સુચના : સંચાલકોએ નીચેનું પદ ગાઈ-ગવડાવી બાળકોને કંઠસ્થ કરાવવું અને બપોર ૪ વાગ્યે ઠાકોરજી ઉત્થાન સમયે ગાવાના આગ્રહી બનાવવા.

રાગ : ધોળ

સર્વે સખી જીવન જોવાને ચાલો રે, શેરડિયુંમા આવે લટકંતો લાલો રે. ૧
એની શોભા મુખે વર્ણવી ન જાય રે, જેને નિગમ નેતિ નેતિ કરી ગાય રે. ૨
રોઝે ઘોડે રાજેશ્વર બિરાજે રે, છબી જોઈ કોટિક કંદર્પ લાજે રે. ૩
મળ્યાં આવે મહામુનિનાં વૃન્દ રે, તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર રે. ૪
શુક સનકાદિક ઉત્તમ જશ ગાવે રે, નૃત્ય કરી નારદ વીણા બજાવે રે. ૫
નિજ સખા ચમર કરે લઈ હાથ રે, આ જો આવ્યા ભૂમાનંદના નાથ રે. ૬

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) છ મહિના દર્શન વિના થઈ ગયા ત્યારે રાજુબાના શા હાલ થયા?

.....

(૨) રાજુબાઈએ શ્રીજીમહારાજને શેનો થાળ બનાવી જમાડ્યો?

.....

(૩) રાજુબાઈએ શ્રીજીમહારાજની ઠંડી દૂર કરવા કયા કયા ઉપાયો કર્યા?

.....

(૪) રાજુબાઈએ શ્રીજી મહારાજને શું શું અર્પણ કર્યું?

.....

(૫) રાજુબા શ્રીજી મહારાજના ચરણોમાં માથુ ઢાળી શું બોલ્યા?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મૂળીના પાતાલભાઈના બહેનનું નામ શું હતું?

( ) A - રંજનબા ( ) B - રાજુબા ( ) C - રેખાબા

(૨) પાતાલભાઈ કયા ગામના હતા?

( ) A - મૂળી ( ) B - લોયા ( ) C - પંચાળા

(૩) કયા સ્વામી વડતાલમાં મંદિર બનાવી રહ્યાં હતા?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - બ્રહ્માનંદ સ્વામી ( ) C - ગોપાળાનંદ સ્વામી

(૪) રાજુબાના ગળામાં કેટલા રૂપિયાનો ચંદન હાર હતો?

( ) A - ૨૦૦ રૂપિયા ( ) B - ૫૦૦ રૂપિયા ( ) C - ૫૦૦૦ રૂપિયા

(૫) દ્રવ્ય (ધન)ની શુદ્ધિ કેવી રીતે થાય છે?

( ) A - ધોવાથી ( ) B - વાપરવાથી ( ) C - ૧૦મો ૨૦મો ભાગ દાન કરવાથી

પ્રશ્ન-૩ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) મંદિરમાં દાન-ધર્માદો કરવાથી દ્રવ્યની શુદ્ધિ થાય છે. ☐

(૨) ભગવાન અને સંતને જે ધન આપે છે તે ધન મેળવે છે. ☐

(૩) ભક્તો માટે ભગવાન જ સર્વસ્વ હોય છે. ☐

(૪) રાજુબાએ મહારાજ માટે લાડવા બનાવ્યા હતાં. ☐

(૫) જો દાનધર્માદો ન કરીએ તો ઘરમાં મુશ્કેલી આવે છે. ☐

પ્રશ્ન-૪ નીચેના ફકરાનું સુલેખન કરો. (સારા અક્ષરે લખો)

ભગવાન અને સંતને જે આપે છે તે મેળવે છે. ભગવાન અને સંત માટે જે છોડે છે તે પામે છે. સંત અને ભગવાન માટે ઉપયોગમાં આવે તેટલું જ ધન સાચું અને લાભદાયી છે એમ સમજે તેનું નામ સત્સંગ કહેવાય.

.....

.....

.....




સભા-૧૬ : લોયાધામની સેવા

ઈ.સ. ૨૦૦૭ - પૂજ્ય ગુરુજી અને **સંતો** ત્યારે **લોયાધામ દરબારગઢ મંદિર**માં રહેતા હતા. એક વાર મંદિરની બહારના **ચોગાન**માં **બ્લોક** નાખવાનું કામ ચાલતું હતું. બ્લોક ભરેલી એક **ટ્રક** આવી. ટ્રક મંદિરની બહાર ઊભી રહી. સૌ **સંતો** અને ગામના **દરબારભક્તો** ટ્રકમાંથી **બ્લોક ઉતારવાની સેવા** કરી રહ્યા હતા. સૌ ટ્રકમાંથી બ્લોક ઉતારે અને મંદિરના ચોગાનમાં લાવીને મૂકે. **ગુરુજીએ આ દૃશ્ય** બારીમાંથી **જોયું** એટલે તેઓ પણ **ઉતાવળા પગે** બ્લોક ઉતારવા પહોંચી ગયા. ત્યાં સેવા કરતા સંતો ભક્તોએ કહ્યું : ગુરુજી ! **તમે રહેવા દો**; અમે બ્લોક ઉતારી લઈશું ! ત્યારે ગુરુજી કહે : **કરોડો જન્મના પુણ્યે પણ આ તીર્થધામની સેવા મળે નહિ**. આ તો **લોયાધામની સેવા** છે;

મારે પણ કરવી છે. **લોયાધામની સેવાથી અક્ષરધામ મળે** ને મહારાજ ખૂબ **રાજી** થાય - **લોયાધામની સેવા એટલે સાક્ષાત્ અક્ષરધામની સેવા**. માટે, **મને** સેવા કરવા દો અને **તમે** પણ કરો. પછી તો જ્યાં સુધી ટ્રક ખાલી થઈ ત્યાં સુધી ગુરુજીએ બ્લોક ઉતાર્યા...

ઈ.સ. ૨૦૧૬. એક વાર **લોયાધામ**માં સંતોએ એક દિવસ ગ્રાઉન્ડ **સફાઈની સેવાનો કાર્યક્રમ** રાખેલો. સૌ **સંતો** જાતે ગ્રાઉન્ડની સાફ-સફાઈ કરી રહ્યા હતા. કોઈ **સાવરણો** લઈ કચરો વાળે તો કોઈ સંત **પાણી છાંટે**. કોઈ સંતો **પાવડો** લઈ ઝાડની આજુબાજુ ક્યારા કરે તો કોઈ સંત **તગારામાં** કાંકરા-પથરા ભરી બહાર નાખે... આમ સૌ સંતો-પાર્ષદો **સેવા કરી રહ્યા હતા**.

ગુરુજી દૂર એકલા બેઠાં **માળા** ફેરવી રહ્યા હતા. ગુરુજીએ આ **દૃશ્ય જોયું** એટલે માળા ફેરવાની રહેવા દઈ **પોતે** પણ સંતો સાથે **સેવા કરવા આવી ગયા**. ગુરુજીએ હાથમાં **પાવડો** લીધો અને ઝાડની આજુબાજુમાં ઉગેલું ઘાસ કાઢવા લાગ્યા. એક સંત દોડતા-દોડતા આવ્યા ને ગુરુજીને કહે : ગુરુજી ! **તમે રહેવા દો; તમારાથી આવી સેવા ન થાય**, અમે કરી લઈશું ! ત્યારે ગુરુજી કહે : **હું તો લોયાધામનો મજૂર છું.** લોયાધામની નાનામાં નાની સેવા કરવામાં મને અક્ષરધામનું સુખ આવે છે.













ઈ.સ. ૨૦૧૫ : એક વાર **ગુરુજી** સૌ **સંતો** સાથે **લોયાધામ દરબારગઢ મંદિરે** શ્રી ઘનશ્યામ મહારાજના **દર્શન** કરવા ગયા હતા. શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા બાદ **સુરાખાચરના દરબારગઢના** પ્રત્યેક **થાંભલાને માંથું અડાડ્યું ને ભેટ્યા**. પછી પ્રસાદીના **લીંબવૃક્ષ** પાસે ગયા અને **ધૂળમાં દંડવત્** કરવા લાગ્યા. સેવકસંત દોડતા દોડતા **ચટાઈ** લઈ આવ્યા ને **પાથરી** દીધી અને તેના ઉપર દંડવત્ કરવા વિનંતી કરી ત્યારે ગુરુજી કહે: **આ લોયાધામની ધરતી પર આળોટવા મળે તે પણ મોટું ભાગ્ય સમજવું. આ ધરતી જ સર્વશ્રેષ્ઠ આસન છે.**












ઈ.સ. ૨૦૦૮ : એક વાર **લોયાધામમાં હોસ્પિટલ** પાસે પાણીના **બોરવેલ**નું કામ ચાલી રહ્યું હતું. **રાત્રીના ૧૦-૩૦** વાગ્યાનો સમય હતો. ગુરુજી ત્યાં **જોવા** માટે પહોંચ્યા ને **નીચે ધૂળમાં જ બેસી ગયા**. સેવક સંતે ગુરુજીને બેસવા માટે પોતાનો **ખેસ (ચાદર)** પાથરી ત્યારે ગુરુજી કહે : **આ લોયાધામની ધૂળમાં બેસવા મળે તે પણ મોટું ભાગ્ય સમજવું. આ ધામની ધૂળ માથે ચડાવીએ તો પણ કલ્યાણ થાય.**



વ્હાલા બાળમુક્તો ! ગુરુજી ઘણી વાર કથામાં કહે છે, આપણે તો લોયાધામના મજૂર છીએ, લોયાધામના બળદિયા છીએ. માટે લોયાધામની સેવા તન-મન-ધનથી, ખૂબ ઉત્સાહથી કરવી, તેમાં ક્યારેય આળસ-પ્રમાદ આવવા દેવો નહિ ને થાકવું નહિ. લોયાધામની સેવા એ જ મારા માટે ભક્તિ અને મુક્તિ છે અને એ જ મારું જીવન લક્ષ્ય છે એમ દૃઢ કરવું.








નિત્ય નિયમ વિભાગ

મારા વ્હાલાજી શું વાલપ દીસે રે

(ઇતિહાસ)

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની સાધુતા એવી હતી કે શ્રીહરિ તેમની મર્યાદા રાખતા. છતાં તેમના મંડળમાં **પૂર્વ હિન્દુસ્તાની સંત**ની સાથે કોઈક પ્રસંગે અંતરમાં અભાવ આવવાથી મહારાજને **બીજા સંતો** આપવાની રજૂઆત કરી.

સ્વામીનું **અનુભવ જ્ઞાન સિદ્ધ** થાય તે માટે શ્રીજીમહારાજે **ધ્રાંગધ્રા** રાજ્યમાં અપાતા સદાવ્રતમાં એક **મહિનો** રહેવા જવાની આજ્ઞા કરી. ત્યાં **ભેખ ધારી** ભેગા સ્વામી રહ્યા. પરંતુ **ચાર જ દિવસમાં 'કીર્તન'** બનાવી **ગઢપુર** શ્રીહરિ પાસે મોકલાવ્યું. મહારાજે આ કીર્તન વાંચી સ્વામીને તેડાવી લીધા. તે કીર્તન નીચે મુજબ છે :



સુચના :

(૧) આ પદ નિત્ય ગાવાની વચનામૃત વરતાલના-૧૧માં શ્રીજી મહારાજની આજ્ઞા છે.

(૨) સંચાલકોએ નીચે આપેલ પદ સ્વયં ગાઈ-બાળકો પાસે ગવડાવી, રાગ-ઢાળ શીખવી - કંઠસ્થ કરાવવું.

(૩) આ પદ નિત્ય સવારે આરતીમાં ગાવાનું હોય છે અને આપણા મોક્ષના દાતા પ્રગટ સત્પુરુષ પૂજ્ય ગુરુજીને દંડવત્ કરવાના હોય છે તેની સમજ આપવી.

રાગ - મલાર

મારા વ્હાલાજી શું વાલપ દીસે રે,

તેનો સંગ શીદ તજીએ, તે વિના કેને ભજીએ...ટેક

(મારા પ્રભુમાં જેમને-જેમને પ્રેમ છે, તેમનો સંગ શા માટે તજીએ ? અને તે વિના કોને ભજીએ? અર્થાત્ કોની સેવા કરીએ ?)

સન્મુખ જાતાં શંકા ન કીજે, મર ભાલા તણો મેહ વરસે રે,

હંસ જઈ હરિજનને મળશે, કાચી તે કાયા પડશે રે, તેનો સંગ.....૧

(એવા ભક્તની નજીક જાતાં ભલેને ભાલાનો વરસાદ વરસે તો પણ ભક્તનો પક્ષ રાખવો, નજીક જાવું. એમાં શંકા ન રાખવી. કારણ કે પક્ષ રાખતાં કે નજીક જાતાં આ કાચી કાયા પડી જશે, તો પણ આ હંસલો (જીવ) ભગવાનના મુક્તો સાથે મળી જશે. ૧)

શૂળી ઉપર શયન કરાવે, તોય સાધુને સંગે રહીએ રે,

દુરીજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખ દુઃખ સર્વે સહીએ રે, તેનો સંગ.....૨

(ભગવાનના સાધુ કે ભક્ત શુળી ઉપર શયન કરાવે તોય તેમની સાથે રહેવું. દુર્જન લોકો ભલે દુર્ભાષણ બોલે, તેનું સુખ દુઃખ સર્વે સહન કરવું. ૨)

અમૃતપેં અતિ મીઠા મુખથી, હરિનાં ચરિત્ર સુણાવે રે,

બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે, તેનો સંગ.....૩

(અમૃતથી પણ અતિ મીઠાં શ્રીહરિનાં ચરિત્રો મીઠી મધુર વાણીથી સંભળાવે છે અને બ્રહ્મા, ભવ, સનકાદિક જેવા પણ તેમનાં દર્શન કરવા આવે છે, તેવા ભક્તોની સંગે રહીએ. ૩)

નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે,

મુક્તાનંદ મગન થઈ માગે, વ્હાલા વાસ દેજો હરિજનમાં રે, તેનો સંગ.....૪

(હે વાલમજી ! હે મહારાજ ! આ મુક્તાનંદ રાજી થઈને માગે છે કે મને ભગવદ્ ભક્તો-સંતોની સાથે વાસ આપજો. દુર્જનોનું મુખ તો નરકના કુંડથી પણ નરસું લાગે છે. ૪)

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'મારા વ્હાલાજી શું વાલપ દીસે રે' કીર્તનનો રાગ કયો છે ?

( ) A - ગઝલ ( ) B - ધોળ ( ) C - મલાર ( ) D - ગરબી

(૨) આ કીર્તન સ્વામીએ કેટલા દિવસમાં શ્રીહરિ પાસે મોકલ્યું ?

( ) A - ચાર ( ) B - ત્રણ ( ) C - એક ( ) D - સાત

(૩) મુક્તાનંદ સ્વામીના કહેવા મુજબ કોના સંગમાં રહેવાની મજા છે ?

( ) A - લુટારા ( ) B - ચોર ( ) C - સાધુ ( ) D - કુસંગી

(૪) મુક્તાનંદ સ્વામીના કહેવા મુજબ નરકનાં કુંડથી પણ બદતર કોનું મુખ હોય છે ?

( ) A - ભેંસનું ( ) B - બકરીનું ( ) C - સજ્જનનું ( ) D - દુર્જનનું

(૫) પ્રસ્તુત કીર્તનમાં કોનો મહિમા જણાવવામાં આવ્યો છે ?

( ) A - માણસનો ( ) B - સ્ત્રીનો ( ) C - ભૂતનો ( ) D - સંતનો

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) મહારાજને બીજા સંતો આપવાની રજૂઆત કોણે કરી ?.....

(૨) મુક્તાનંદ સ્વામીને અનુભવ જ્ઞાન સિદ્ધ થાય તે માટે મહારાજે તેમને ક્યાં મોકલ્યા ?

.....

(૩) 'મારા વ્હાલાજી શું વાલપ દીસે રે' કીર્તનના રચિયતા કોણ છે ?.....

(૪) પ્રસ્તુત કીર્તનમાં મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ પાસે શું માંગણી કરી છે ?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) ..... સ્વામીની સાધુતા એવી હતી કે શ્રીહરિ તેની મર્યાદા રાખતાં.

(૨) સ્વામીનું અનુભવ જ્ઞાન સિદ્ધ થાય તે માટે શ્રીજી મહારાજે તેમને ધાંગધ્રા રાજ્યમાં અપાતા સદાવ્રતમાં ..... મહિનો રહેવા જવાની આજ્ઞા કરી.

(૩) સ્વામીએ ..... દિવસમાં કીર્તન બનાવી ગઢપુર શ્રીહરિ પાસે મોકલ્યું.

(૪) સ્વામી કહે છે કે ગમે તેટલા દુઃખ પડે તો પણ ..... ના સંગમાં રહેવાની મજા છે.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના'માં આપો.

(૧) 'મારા વ્હાલાજી શું વાલપ દીસે રે,' કીર્તનનો રાગ 'ગરબી' છે. ☐

(૨) નરકનાં કુંડથી પણ બદતર સજ્જનનું મુખ હોય છે. ☐

(૩) પ્રસ્તુત કીર્તન વાંચીને મહારાજે મુક્તાનંદ સ્વામીને તેડાવી લીધા. ☐

(૪) ભાલાનો વરસાદ વરસે તોય સંતને સંગે રહેવું.

પ્રશ્ન-૫ નીચે આપેલા શબ્દને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્ય બનાવો.

(૧) કીર્તન બનાવી મોકલ્યું ગઢપુર પરંતુ ચાર જ શ્રીહરિ પાસે દિવસમાં.

.....

(૨) દુ:ખ પડે તો મજા છે સંગમાં પણ સાધુના રહેવાની.

.....

(૩) હે વહાલા ! એવું કરજો ભેળા સંતો ભક્તો રહેવા મળે.

.....

(૪) બદતર દુર્જનનું પણ નરકનાં કુંડથી મુખ હોય છે.

.....

(૫) મુક્તાનંદ સ્વામીને વાંચીને તેડાવી મહારાજે લીધા આ કીર્તન.

.....

પ્રશ્ન-૬ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :

(૧) લોયાધામની સેવા વિશે પૂજ્ય ગુરૂજીનો એક પ્રસંગ જણાવો.

.....

.....

(૨) લોયાધામમાં ટ્રકમાંથી બ્લોક ઉતારતા ઉતારતા ગુરૂજીએ સંતો ભક્તોને શું કહ્યું?

.....

.....

(૩) ગુરૂજીએ સંતોને સાફ સફાઈની સેવા કરતા જોઈ શું કર્યું?

.....

.....

(૪) ગુરૂજીએ કઈ જગ્યાની ધૂળ માથે ચડાવી અને કઈ જગ્યાએ ધૂળમાં દંડવત કરવા લાગ્યા?

.....

.....

(૫) પૂજ્ય ગુરૂજીના મુખમાંથી નીકળેલ લોયાધામની સેવા વિશેના પાંચ વાક્યો પાઠમાંથી શોધીને લખો.

.....

.....


સભા-૧૭ : આ કંઠી તૂટે એટલે કલ્યાણ

જેણે **જમદૂતોને ડાંગ મારી ભગાડ્યા** હતા એ ગામ **ગોલીડા**ના **રાઘવભાઈ** પાછળથી **સંત** બન્યા હતાં. તેમનું નામ શ્રીહરિએ **રાઘવાનંદ સ્વામી** રાખ્યું હતું.

આ **રાઘવાનંદ સ્વામી** સંતમંડળ સાથે એક વાર **'બાર પટોળી'** ગામે પધાર્યા હતાં. ત્યાં રોજ કથા-કીર્તન થાય; પણ **આલા ભગતના પિતા** ક્યારેય ન આવે. તેથી રાઘવાનંદ સ્વામીએ તેમને બોલાવીને કહ્યું: "**દાદા !** આ તમારો દીકરો **આલો** આવો મહાન ભગત છે ને તમે કેમ નથી આવતા ? આજથી **કંઠી પહેરી સ્વામિનારાયણ ભગવાનના ભગત** થાવ અને નિયમિત સત્સંગ-ભજન ચાલુ કરો."

તે **વડીલ બાપા**એ કહ્યું: "સ્વામી ! હું તમારી કંઠી પહેરું પણ એક **શરત**, જ્યારે **આ કંઠી તૂટે ત્યારે તમે મારો મોક્ષ કરવાના હો તો પહેરું**." રાઘવાનંદ સ્વામી રોમ-રોમ સર્વોપરી શ્રીહરિના કેફથી ભરેલા હતાં, તેથી તેમણે તરત જ કહ્યું: "બાપા, **તમારી શરત મંજૂર**. જો તમને સ્વામિનારાયણ ભગવાન તથા સાધુનો પૂર્ણ **ભરોસો** હોય તો આ **કંઠી તૂટે એટલે તરત જ તમારું કલ્યાણ**."

સ્વામીના રણકારથી દાદાને વિશ્વાસ આવી ગયો અને તરત જ **કંઠી પહેરી લીધી**. સ્વામીને દંડવત્ કરી **ગુરુ** ધાર્યા. સ્વામીએ શીખવ્યું : "રોજ સવારે સ્નાન કરી **પૂજા કરજો**. સ્વામિનારાયણ નામની **માળા** ફેરવજો. **સંતોની સેવા** ને **સમાગમ** કરતા રહેજો. ગમે ત્યારે કંઠી તૂટે ત્યારે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન જરૂર **તેડવા** આવશે."



દાદાએ પૂર્ણ વિશ્વાસથી પ્રગટ પુરુષોત્તમની **ભક્તિ** ચાલુ કરી. **એક વર્ષ બાદ** એક દિવસ બાપાની **કંઠી વાડીએ તૂટી**. તરત જ બાપા **ખુશ-ખુશ** થઈ કહેવા લાગ્યા: "બેટા આલા ! મારે તો **અક્ષરધામનું તેડું** આવી ગયું. ચાલો, ઝટ ઘરે જઈએ. **મહારાજ મને તેડવા આવશે.**"

ઘરે આવ્યા. જાણે **જાન**માં જવું હોય તેમ બાપા તો હોંશથી તૈયાર થયા. સહુને શિરસાટે સત્સંગ રાખવાની **ભલામણ** કરી. પછી ધૂન કરવા લાગ્યા. થોડી વારે બાપા બોલ્યા : **"જુઓ ! આ રાઘવાનંદ સ્વામી અને સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે. હું તેમની ભેળો ધામમાં જાઉં છું.** સહુ કોઈને **જય સ્વામિનારાયણ**."

વ્હાલા બાળભક્તો ! આવા હતા શ્રીજી મહારાજના સંતો-ભક્તો ! કેફથી ભરેલા અને કહીને અક્ષરધામમાં જાય.

|| પ્રભુ પ્રસન્નતાના સાધનો ||

|| કંઠી ||

પરમાત્માનો વિધિપૂર્વક **આશ્રય કર્યાનું પ્રતીક એટલે કંઠી**. આપણા સંપ્રદાયમાં સુખડ, ચંદન કે તુલસી વગેરેની બેવડી કંઠી જે સત્સંગી થાય તેને પહેરાવવામાં આવે છે.

'હું ભગવાનને સમર્પિત છું.' એ ભાવનાને કંઠી દૃઢ કરાવે છે. હાથમાં જળ આપી સદ્‌ગુરુ દ્વારા વર્તમાન ધારણ કરવાથી આ જન્મ તથા પૂર્વજન્મનાં તમામ પાપો ભગવાન માફ કરે છે. કંઠી ધારણ કરનારને ક્યારેય ભૂત-પ્રેત-પલીત વળગતું નથી. જેણે સ્વામિનારાયણ ભગવાનની કંઠી પહેરી હોય તેને જમદૂત પણ તેડવા આવતા નથી.





માળા



મંત્રજાપ એટલે નામ-સ્મરણ દ્વારા કરાતી શ્રીહરિની **આરાધના**. પૂર્વે ઋષિ-મુનિઓ પાત્રમાં **ધાન્યના એક-એક કણ** મૂકતાં મૂકતાં મંત્રજાપ કરતા. એ પછી આંગળીના **વેઢા**ની મદદથી મંત્રજાપ કરતા. ત્યાર પછી રુદ્રાક્ષ, સ્ફટિક, તુલસી વગેરે પદાર્થોની માળાઓનો વિકાસ થયો.

હૃદય એ પરમાત્માનું નિવાસસ્થાન છે. એ પ્રભુને પ્રગટ કરવા માટે અનુભવી ઋષિઓએ **માળા** અપનાવી. જમણા હાથે, **પ્રથમ આંગળી** ભગવાન સામે રાખી, **વચલી આંગળી** ઉપર માળા રાખી અને **અંગૂઠા વડે** આપણા તરફ માળા ફેરવવી, એ માળા ફેરવવાની **ઉત્તમ રીત** છે. હિંદુ ધર્મમાં **૧૦૮** મણકાની માળા શ્રેષ્ઠ ગણાય છે. માળાના માધ્યમથી પ્રભુનું સ્મરણ સહેલાઈથી કરી શકાય છે. ૧૦૮ મણકા પૂરા થાય ત્યારે વચ્ચે **મેરુ(મોટો મણકો)** આવે છે. જ્યારે મેરુ આવે ત્યાંથી માળા ઊલટાવીને પાછા ફરવું પણ મેરુ ઉલ્લંઘવો નહિ. ભગવાનની **મૂર્તિ સંભારીને માળા ફેરવવાથી** અનંતગણું ફળ પ્રાપ્ત થાય છે. ચંચળ મન શાંત બને છે અને જીવમાં તત્કાળ બળ આવે છે.

દંડવત્ પ્રણામ

પરમાત્માએ જે કાંઈ આપ્યું છે તેનો આભાર માનવા માટે ભક્તિભાવપૂર્વક બે હાથ જોડી **નમન કરવું, તેને પ્રણામ કહે** છે.

★ પ્રણામ બે પ્રકારે કરવામાં આવે છે :

(૧) પંચાંગ પ્રણામ : પંચાંગ પ્રણામ એટલે ૧. હાથ, ૨. પગ, ૩. મસ્તક, ૪. મન તથા ૫. વાણી – આ પાંચ અંગથી પ્રભુને પ્રણામ કરવા તેને પંચાંગ પ્રણામ કહેવાય છે. **પંચાંગ પ્રણામ મોટે ભાગે સ્ત્રીઓ માટે છે.**

(૨) સાષ્ટાંગ પ્રણામ : સાષ્ટાંગ પ્રણામ એટલે ૧. હાથ, ૨. પગ, ૩. ઘૂંટણ ૪. છાતી, ૫. મસ્તક, ૬. મન, ૭. વાણી અને ૮. આંખ - આ **આઠ અંગો**થી ભગવાનને પ્રણામ કરવા તેને **સાષ્ટાંગ પ્રણામ** અથવા **દંડવત્ પ્રણામ** કહેવામાં આવે છે. **સાષ્ટાંગ પ્રણામ પુરુષો માટે જ છે.** નમ્રતા અને



સંપૂર્ણ શરણાગતિની ભાવના આ પ્રણામમાં ઉત્પન્ન થાય છે. આ પ્રણામ કરવાથી આઠેય અંગોથી થયેલાં પાપ બળી જાય છે અને પ્રભુ પ્રસન્ન થાય છે.યોગાસનથી જેમ ઘણા ફાયદા થાય છે તેમ પ્રણામથી પણ ઘણા જ શારીરિક ફાયદાઓ પણ થાય છે.



પ્રદક્ષિણા

પોતાની જમણી બાજુ પરમાત્મા રહે તે રીતે ઘડિયાળના કાંટાની જેમ પ્રભુને વચ્ચે રાખી ગોળ-ગોળ ફરવું તેને **'પ્રદક્ષિણા'** કહેવાય.

વ્યવહાર ગૌણ રહે, ભગવાન પ્રધાન રહે, ફરજો પ્રત્યે પૂરી જાગૃતિ રહે પણ ભક્તિની ગૌણતા આવી જાય નહિ તે માટે **'જીવનનું મુખ્ય કેન્દ્રબિંદુ પરમાત્મા છે'** એ **ભાવના પ્રદક્ષિણા** દ્વારા સિદ્ધ થતી રહે છે. ભગવાનનું ચિંતવન કરતા થકા જે પ્રદક્ષિણા કરે છે તેને **પગલે પગલે એક-એક અશ્વમેધ યજ્ઞ** કર્યાનું **પુણ્ય** મળે છે. ઘણીવાર ભગવાન સ્વામિનારાયણ વડતાલ પધારતા ત્યારે **સો-સો પ્રદક્ષિણા** વડતાલ મંદિરની કરતા હતા.



તિલક-ચાંદલો

સમાજમાં લગ્ન કરેલ સ્ત્રી પોતાને યોગ્ય પતિ મળી ગયો છે તેના હર્ષમાં **સૌભાગ્યચિહ્ન** સ્વરૂપે **સેથામાં સિંદુર** પૂરે છે ને કપાળે ચાંદલો કરે છે.

ભક્તિ સંપ્રદાયોમાં પણ ભક્ત માટે ભગવાન તેના **સ્વામી-નાથ** છે. **પ્રભુરૂપી સૌભાગ્ય અવિનાશી છે.** તેમાં **રંડાવાનો ભય નથી**. આ **અખંડ સૌભાગ્યની પ્રાપ્તિના પ્રતિક સ્વરૂપે** ભક્ત પણ કપાળે **તિલક-ચાંદલો** કરે છે.


– ભગવાનને સમર્પિત થયાનું ચિહ્ન એટલે તિલક-ચાંદલો !

– ભગવાનની પ્રાપ્તિનું અખંડ સૌભાગ્યનું ચિહ્ન એટલે તિલક-ચાંદલો !!

– આપણને ભગવાન અને સંત મળ્યા છે એ સૌભાગ્યની નિશાની એટલે તિલક-ચાંદલો !!!

● તિલક-ચાંદલો શાં માટે કરવો જોઈએ ?

સ્વામિનારાયણ સંપ્રદાયનું **ધર્મપ્રતિક** હોવાથી અને શ્રીજીમહારાજની **આજ્ઞા** હોવાથી આપણે તિલક-ચાંદલો કરવો જોઈએ. તિલક એ ભગવાનના **ચરણારવિંદનું** પ્રતિક છે અને ચાંદલો એ **લક્ષ્મીજી (ભક્તનું)** પ્રતિક છે. ભક્તના **માથા** પર ભગવાનના **અભય ચરણારવિંદ** સદા રહે છે તે ભાવ સાથે તિલક કરવામાં આવે છે. અને ભક્તનું સ્થાન સદા ભગવાનના **ચરણોમાં** હોય એ ભાવ સાથે તિલકના મધ્યમાં ચાંદલો કરવામાં આવે છે. તિલક કર્યા વિના કરવામાં આવતી ધર્મસંબંધી તમામ ક્રિયાઓની નિષ્ફળ જાય છે.





સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :

(૧) જમદૂતોને ડાંગ મારીને ભગાડનાર ભક્તનું ગામ અને નામ શું હતું? સંત બન્યા પછી તેમનું શું નામ પડ્યું ?.....

(૨) રાઘવાનંદ સ્વામીએ અલા ભગતના પિતાને કેવા આશીર્વાદ આપ્યા?

.....

(૩) રાઘવાનંદ સ્વામી સંત મંડળ સાથે કયા ગામમા પધાર્યા?.....

(૪) ગોલીડા ગામના એક ભક્તનું નામ જણાવો?.....

(૫) અલા ભગતના પિતાની કંઠી તુટી ત્યારે તેઓ શું બોલ્યા?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જમદૂત કોને તેડવા આવતા નથી?

( ) A- માદળીયું પહેરનારને ( ) B - તાબીચ પહેરનારને ( ) C - કંઠી પહેનારને

(૨) કંઠી ધારણ કરવાની પ્રક્રિયાને શું કહેવાય છે?

( ) A - વર્તમાન ધારણ ( ) B - નિયમ પાલન ( ) C - સુખડ ચંદન

(૩) હિંદુ ધર્મમાં કેટલા મણકાની માળા શ્રેષ્ઠ ગણાય છે?

( ) A - ૫૧ ( ) B - ૧૦૧ ( ) C - ૧૦૮

(૪) પરમાત્માનું નિવાસસ્થાન કયુ છે?

( ) A - મન ( ) B - હૃદય ( ) C - માથુ ( ) D - કંઠ

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) માળાના ૧૦૮ મણકા પુરા થાય પછી વચ્ચે .....આવે છે.(મેરુ , મણકો , માળા)

(૨) સ્ત્રી ભક્તોએ .....પ્રણામ કરવાના હોય છે.(સાષ્ટાંગ , પંચાગ , અષ્ટાંગ)

(૩) પુરૂષ ભક્તોએ .....પ્રણામ કરવાના હોય છે.(પંચાગ , સાષ્ટાંગ , વંદન)

(૪) સાષ્ટાંગ પ્રણામમાં .....અંગોનો સમાવેશ થાય છે.(૮ , ૫ , ૧૦)

(૫) પ્રણામ .....પ્રકારે કરવામાં આવે છે.(૨ , ૮ , ૫)

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) ગમે ત્યાં ગોળ ગોળ ફરવું તેણે 'પ્રદક્ષિણા' કહેવાય છે. ☐

(૨) જીવનનું મુખ્ય કેન્દ્રબિંદુ પરમાત્મા છે. ☐

(૩) સ્ત્રીઓ સૌભાગ્યચિહ્ન સ્વરૂપે સિંદુર પુરે છે. ☐

(૪) ભગવાનની પ્રાપ્તિનું અખંડ સૌભાગ્યનું ચિહ્ન એટલે તિલક ચાંદલો. ☐

(૫) પ્રભુરૂપી સૌભાગ્ય અવિનાશી છે , તેનો રંડવાનો ભય નથી. ☐

સભા-૧૮ : મનને માર્યું

વડતાલ પાસે એક ગામ, મહુડીયું પરું જેનું નામ;
એક બાળક રહે તે ઠામ, સલુક પગી છે તેનું નામ.

આ સલુકના **મામા** સ્વામિનારાયણ ભગવાનના **આશ્રિત સત્સંગી**. **સલુકે** એક વખત એની વાડીમાં **ચીભડા** વાવ્યાં. પહેલવહેલાં જે બે **ચીભડા** થયાં તે માટે તેણે **સંકલ્પ** કર્યો કે આમાંથી **એક** મારે **મામા**ને આપવું અને **એક મામાના ભગવાન સ્વામિનારાયણને આપવું.**

પણ **અઠવાડિયા** પછી **વડતાલ** સમૈયો છે; એ વખતે જઈશ અને એમનું ચીભડું એમને દેતો આવીશ. એ વિચારે તેણે બંને ચીભડા માટે જમીનમાં **બે ખાડા** કરી, તેમાં જુદાં જુદાં **દાટ્યાં** અને ઉપર **ધૂળ** વાળી દીધી.

અઠવાડિયા પછી વડતાલ સમૈયે જવાનો સંકલ્પ કર્યો. અને ખાડા ખોદી ચીભડા કાઢવા માંડ્યાં. પણ... એના મામાનું ચીભડું **શિયાળિયાં** ખોતરીને ખાઈ ગયેલાં. જ્યારે મહારાજનું ચીભડું **એમનું એમ** રહેલું. અને રહે જ ને ! **જે ભગવાનનું થયું એની રક્ષા ભગવાન કરે જ** !

એણે તો મહારાજનું ચીભડું લઈ **વડતાલને રસ્તે માંડ્યું ચાલવા**. પણ... જ્યાં થોડે પહોંચ્યો હશે ત્યાં તેની નજર હાથમાં રહેલા ચીભડા પર પડી. પાકીને સરસ થયેલું ચીભડું જોઈ સલુક તો **વિચારમાં પડ્યો** : "અરે ગાંડા... આવું સરસ ચીભડું... છાનોમાનો પતાવી દે પતાવી... સ્વામિનારાયણને ઘેર ક્યાં ખોટ હતી ? એમને તો કેટલાય લાવનાર મળશે... પતાવી દે." આમ તેનું **મન ઢીલું પડ્યું**. એટલે એક ઝાડ નીચે બેસી ગયો. ખીસામાંથી **છરી કાઢી** ને જ્યાં કાપવા જાય છે ત્યાં તો **પાછો વિચાર આવ્યો**, "અરે મૂરખ ! તને શરમ નથી આવતી ? ભગવાનને એક વખત **અર્પણ કર્યું** તેને વપરાય ? અલ્યા, ભગવાનનુંય ખાઈ જવાનું ?"


એ વિચારે છરી ખીસામાં મૂકી પાછો ચીભડું લઈને **ચાલ્યો**.

આગળ જતાં ફરી ચીભડુ જોઈ **મન લલચાયું** અને વિચાર આવ્યો, "ત્યાં સમૈયામાં તારું ચીભડુ ક્યાંય કચડાઈ જશે. કોણ તારું ધ્યાન રાખશે? એટલા બધા માણસમાં તને કોઈ બોલાવશેય નહિ. છાનોમાનો **અહીં જ પતાવી** દે ને !" એ વિચારે પાછી ખીસામાંથી છરી કાઢી ત્યાં વળી **પાછો વિચાર** આવ્યો, "કંઈ નહિ, કદાચ ભગવાન વાપરે નહિ તોય આપણો પ્રેમ તો ભગવાન જાણવાના જ છે ને ! તે તો **અંતર્યામી** હોય; તો શા માટે એમને ન આપવું ?'' એમ **જીવની ને મનની લડાઈ કરતો કરતો** અંતે સલુક **પહોંચ્યો વડતાલ**. મહારાજ મોટી સભા ભરીને બિરાજેલા. સલુક સભાની પાછળ જઈ ઊભો રહ્યો.

શ્રીજીમહારાજે એ જ વખતે સભામાં, જગ્યા કરવા કહ્યું. પાછળ ઊભેલા સલુકને એક માણસને મોકલી પાસે બોલાવ્યો અને સભા વચ્ચે કહ્યું: **"સલુક ! લાવ, ચીભડુ ! લાવ્યો છે ?"**

પછી એના હાથમાંથી લઈ ચીભડુ **સભા વચ્ચે** તેને **કપાવ્યું** અને **પોતે માંડ્યું જમવા**.

મહારાજ જમતા જાય છે ને વાત કરતા જાય છે, **"સંતો-હરિભક્તો! આ સલુક તમારા બધા**



કરતા મોટો છે કારણ કે એણે મન ઉપર વિજય મેળવ્યો છે. એ મનને મારતો-મારતો અહીં પહોંચ્યો છે. નહિ તો આજે અમને આ ચીભડાનાં દર્શન ન થાત. માટે આ સલુકનું આજે મુક્તાનંદસ્વામી સાથે કલ્યાણ !"

એમ મહારાજ ખૂબ રાજી થયા અને સલુકને આશીર્વાદ આપ્યો.

વ્હાલા બાળકો ! આપણે પણ મન કહે તેમ ન કરવું. જીવ કહે તેમ કરવું. સંતો કહે તેમ કરવું તો ભગવાન અને પૂજ્ય ગુરુજી અને સંતો-ભક્તો રાજી થાય.

|| નિત્યનિયમ વિભાગ ||

સુચના : સંચાલકોએ નીચે આપેલ 'ઓરડાના પદ' સ્વયં ગાઈ બાળકો પાસે ગવડાવવા અને કંઠસ્થ કરાવવા - બપોરે ૪ વાગ્યે ઠાકોરજી ઉત્થાનના સમયે આપણે ગાવાનો આગ્રહ કરી - સંપ્રદાયની રીત શીખવવી.



પદ-૧

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ;
બાઈ મેં બોલાવિયા રે, સુંદર છોગાવાળો છેલ....૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ;
શોભા શી કહું રે, નીરખી લાજે કોટિક કામ....૨
ગૂંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર;
લઈને વારણાં રે, ચરણે લાગી વારંવાર....૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળિયો કરી પ્યાર;
પૂછ્યા પ્રીતશું રે, બાઈ મેં સર્વે સમાચાર....૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર;
સુંદર શોભતા રે, અંગે સજિયા છે શણગાર.....૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સૂંથણલી સુખદેણ;
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ....૬
ઉપર ઓઢિયો રે, ગૂઢો રેંટો જોયા લાગ;
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યા તેનાં ભાગ્ય.... ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોળીડું અમૂલ્ય;
કોટિક રવિ શશી રે, તે તો નાવે તેને તુલ્ય....૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ;
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ....૯

નોંધ : ઓરડાના અન્ય ત્રણ પદ નિત્ય નિયમાવલીમાંથી જોય લેવા.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો

(૧) સલુક ક્યા રહેતો હતો? .....

(૨) સલુકે કેવી રીતે મનને માર્યું ?

.....

.....

(૩) શ્રીજી મહારાજે સલુકની કયા શબ્દોમાં પ્રશંસા કરી?

.....

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પુરો.

(૧) સલુકના ..... સત્સંગી હતા.

(૨) ..... ગામે સમૈયો હતો.

(૩) મામાના ચીભડાને ..... ખાઈ ગયા હતા.

(૪) સલુકનું ..... સાથે કલ્યાણ કર્યું.

(૫) આપણે ..... ને મારવું જોઈએ.

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'મહુડીયા પરૂ' કયાં આવેલું છે.

( ) A - ગઢપુર પાસે ( ) B - લોયા પાસે ( ) C - વડતાલ પાસે

(૨) કોણે પોતાના મનને માર્યું ?

( ) A - જોબન પગી ( ) B - સલુક પગી ( ) C - તખા પગી

(૩) જીવ અને મનની લડાઈ કોની અંદર ચાલતી હતી?

( ) A - મામા ( ) B - ચીભડુ ( ) C - સલુક પગી

(૪) સલુક ચીભડાને કયાં લઈ જઈ રહ્યો હતો?

( ) A - વડતાલ ( ) B - ગઢપુર ( ) C - મામાના ઘરે

(૫) ચીભડુ કોણ જમી ગયું ?

( ) A - સલુક પગી ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C - શ્રીજી મહારાજ

પ્રશ્ન-૪ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) મનુષ્યનું મન જ બંધન અને મુક્તિનું કારણ છે. ☐

(૨) આપણે મનનું ધાર્યું ન કરવું જોઈએ. ☐

(૩) જીવ અને મનની લડાઈમાં જીવનું માનવું જોઈએ. ☐

(૪) જે મન જીતે છે તે જગત જીતે છે. ☐

(૫) મનને ભગવાનમાં રાખવાથી મુક્તિ થાય છે. ☐

(૬) મનને મારવું અર્થાત્ મનનું કહ્યું ન કરવું. ☐

સભા-૧૯ : જમો થાળ જીવન જાઉં વારી


આપણને જીવવા માટે **અનાજ**ની ખાસ જરૂર પડે છે. અનાજ ન મળે તો આપણે ભૂખથી મરી જઈએ. ભગવાન સૂર્યનો પ્રકાશ અને પાણી પૂરાં પાડે છે ત્યારે અનાજ ઊગે છે. એના વિના ખેડૂત મજૂરી કરીને મરી જાય તો પણ અનાજ ન ઊગે. તે **અનાજની આપણે રસોઈ બનાવીએ છીએ અને જમીએ છીએ. તે રસોઈ આપણે ભગવાનને ધરાવવી જ જોઈએ.**

આ દુનિયામાં જે કાંઈ વસ્તુ દેખાય છે તે **બધાના માલિક ભગવાન છે.** માટે આપણે જે કાંઈ વસ્તુ તેમાંથી લઈએ તે **પહેલાં ભગવાનને અર્પણ કરવી** જોઈએ. દરેક વસ્તુ ભગવાનને ધરાવીને પછી જ આપણાથી લેવાય. આપણાથી **દરેક વસ્તુ પ્રસાદીની કરીને** જ વપરાય. ભગવાને આપણને **અનાજ** પકવી આપ્યું માટે એ પણ એમને ધરાવ્યા વિના કેમ જમાય ? જે વાનગીઓ આપણને ભાવતી હોય, તે આપણે **થાળમાં** મૂકવી.

સુંદર વાનગીઓનો **થાળ સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીએ** બનાવ્યો છે, પણ એ કેવી રીતે બનાવ્યો છે એની પણ એક **સુંદર કથા** છે, તે પહેલાં સાંભળીએ.

એક વખત **સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી** ગામડે-ગામડે વિચરણ કરી રહ્યા હતા, તેમને **ચાર દિવસ**ના એકસાથે **ઉપવાસ** થયા. તેમને કાંઈ પણ જમવા ન મળ્યું.

પાંચમે દિવસે તેઓ **એક ગામ**માં પધાર્યા. અહીં **એક સંત**ને તેમની આવી સ્થિતિ જોઈને દયા આવી. તે સંતે ભૂમાનંદ સ્વામીને



ઘઉંનો પોંક આપ્યો. આવી રીતે ભગવાનની ઇચ્છાથી અચાનક **ભોજન** મળી જવાથી, તેઓ **ગદ્‌ગદ્‌ થઈ મહારાજ**ને તે **પોંક ધરાવવા** લાગ્યા.



તેઓ **કવિ** હતા, તેથી સહજ રીતે **'જમો થાળ જીવન જાઉં વારી...'** એ **થાળ બોલ્યા**. મહારાજે તેમનો ભાવ જોઈને ત્યાં પ્રગટ થઈને તેમને **દર્શન** દીધાં અને થાળમાં **કહ્યા** પ્રમાણે **વાનગી**ઓ તેમના દેખતાં **જમ્યા**. પછી મહારાજ ભૂમાનંદ સ્વામીને **આશીર્વાદ** આપી અદૃશ્ય થઈ ગયા. **ત્યાર પછી તે જ થાળ સત્સંગમાં પ્રચલિત છે.**

આપણે પણ એ જ **થાળ ભગવાનને સંભારીને બોલીએ.** સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામીની જેમ આપણો પણ સાચો પ્રેમ હશે તો શ્રીજીમહારાજ જરૂર જમવા પધારશે.

સૌ સાથે મળી થાળ ગાન કરો.

જમો થાળ જીવન જાઉં વારી,
ધુઓ કર ચરણ, કરો ત્યારી...જમો થાળ૦
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી;
જળે ભર્યા ચંબુ ચોખાળી... જમો થાળ ૦૧
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી... જમો થાળ ૦૨
ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી,
પૂરી પોચી થઈ છે ઘીમાં ચટી... જમો થાળ ૦૩
અથાણાં શાક સુંદર ભાજી, મ લાવી હું તરત કરી તાજી,
દહીં ભાત સાકર છે ઝાઝી... જો થાળ ૦૪

(આટલો થાળ બોલ્યા પછી થોડો સમય, **'ભગવાન શાંતિથી જમે છે,' તેવું સ્મરણ કરવું.** પછી ચળું કરાવવું.)

ચળું કરો લાવું જળઝારી, એલચી લવિંગ સોપારી,
પાનબીડી બનાવી સારી... જમો થાળ ૦૫
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદી થાળ તણી દઈને,
ભૂમાનંદ કહે રાજી થઈને... જમો થાળ ૦૬



આ પ્રમાણે ભગવાનને થાળ ધરાવી પછી જ આપણે જમવું, તો જરૂર ભગવાન આપણી ઉપર પ્રસન્ન થાય.

થાળ વિવેક

બાળમિત્રો, આપણા ઘેર કોઈ મહેમાન આવ્યા હોય કે કોઈ આપણો મિત્ર આવ્યો હોય તો પહેલાં આપણે તેમને જમાડીએ છીએ કે પહેલાં આપણે જમીએ છીએ ?

આપણે તો પછી જ જમાય !

તો પછી આપણા **ઘરમાં ઘરમંદિરમાં** અક્ષરધામના અધિપતિ, રાજા મહારાજાધિરાજ, ઘનશ્યામ પ્રભુ અને તેમના મુક્તો બિરાજતા હોય તો એમને જમાડ્યા વિના આપણાંથી કંઈ જમાય ખરું ?

અને... ભગવાન જમે પછી માયાનો પદાર્થ ભગવાનના સંબંધવાળો થઈ જાય છે. બજારમાંથી આપણે કેળાં લાવીએ પછી તેને પાણીથી ધોઈ સુધારીએ ત્યાં સુધી તે કેળાં જ કહેવાય. પણ જેવાં તે ભગવાનને ધરાવીએ પછી તે 'લ્યો કેળાં' એમ ન બોલાય પણ **'લ્યો પ્રસાદ'** એમ કહેવાય. કારણ કે હવે **ભગવાનના સંબંધને પામી પ્રસાદી થઈ ગઈ**.

આમ, **પ્રસાદી જમવાથી** આપણી **બુદ્ધિ શુદ્ધ** અને **નિર્મળ** થાય છે. **વિચારો** પણ **સારા** જ આવે.

હવે જ્યારે આપણે બનાવેલી રસોઈ ભગવાનને જમાડવાની હોય તો દરેક વસ્તુ ગાળીને, ચાળીને શુદ્ધતાથી વપરાવી જોઈએ. પાણી, દૂધ, ઘી, તેલ ગાળ્યા વગર ન વપરાય. નહિ તો તેનું, માંસ ખાધા બરાબર પાપ લાગે છે. વળી, હાથ પણ શુદ્ધ રીતે ધોઈને થાળ કરવા જોઈએ. તો જ મહારાજ આપણા થાળ જમે. રસોઈ થઈ ગયા પછી તેને એકદમ ગરમ ગરમ ભગવાનને ન જમાડાય. મહારાજ પ્રગટ છે, સાક્ષાત્ છે, એટલે દાઝે એવા ભાવથી થોડા ઠારીને પછી થાળ ધરાવવા જોઈએ. ઘરમંદિરમાં ભગવાનની આગળ થાળ મૂકી, **પ્રેમે કરી થાળ બોલવો જોઈએ**. પ્રેમવિભોર અને ગળગળા થઈ, મહારાજને **જમવા માટે સ્તુતિ** કરવી જોઈએ. તો મહારાજ જરૂર થાળ જમે છે.

આમ મહારાજને જમાડીને પછી આપણે જમવું. જો થાળમાં કંઈક મરચું, મીઠું ઓછું પડ્યું હોય ને જમતાં ખબર પડે તો ખરેખર પછી લેવાય નહિ. કંઈ ધરાવવાનું રહી ગયું હોય તોય, પાછળથી લેવાય નહિ. કારણ કે, જો અક્ષરધામના અધિપતિ સ્વયમ્ ભગવાનને ચાલ્યું હોય તો આપણે કેમ ન ચાલે ! આનું નામ જ ભક્તિ ! પ્રત્યક્ષભાવ !

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) દુનિયાની તમામ વસ્તુઓના માલિક કોણ છે?.....

(૨) ભગવાનને થાળ શા માટે ધરાવવો જોઈએ? .....

(૩) ભુમાનંદ સ્વામીને કેટલા દિવસના ઉપવાસ થયા હતા?.....

(૪) ભુમાનંદ સ્વામીને એક સંતે શું આપ્યું ?.....

(૫) 'જમો થાળ જીવન જાઉં વારી' થાળની રચના કોણે કરી છે?.....

(૬) અન્ન, જળ, ફળ વગેરે 'પ્રસાદી' ક્યારે બને છે?.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ભુમાનંદ સ્વામીએ ભગવાનને શું ધરાવ્યું?

( )A - ઘઉનો પોંક ( )B - પૌંવા ( )C - ખીચડી

(૨) સ્વામી શ્રીજી મહારાજને કેવી થાળીમાં જમવાનું કહે છે?

( )A - પિત્તળની ( )B - સોનાની ( )C - ચાંદીની

(૩) હરિભક્તે થાળ કોના માટે તૈયાર કરેલ છે?

( )A - ભગવાન ( )B - મિત્ર ( )C - સ્નેહીજન

(૪) સાકર શેમાં બોળી છે ?

( )A - ઘૃત ( )B - જળ ( )C - માખણ

(૫) મુખવાસ કેવા છે. ?

( )A - સ્વાદિષ્ટિ ( )B - મનગમતા ( )C - મજાના

(૬) સ્વામી શ્રીજી મહારાજને શેના પર બેસાડી થાળ જમાડે છે.

( )A - બાજોઠ ( )B - ટેબલ ( )C - પાથરણું

પ્રશ્ન-૩ નીચે આપેલ ખાલી જગ્યા પુરો.

(૧) .....ઘઉંની પોળી તૈયાર છે.

(૨) .....નો રસ કાઢેલ છે.

(૩) પૂરીને .....માં ચઢાવામાં આવી છે.

(૪) અથાણાં, શાક અને સુંદર .....તાજી કરી છે.

(૫) ચળુ કરવા માટે .....લાવવામાં આવ્યુ છે.

પ્રશ્ન-૪ નીચેની પંક્તિઓ પૂર્ણ કરો.

(૧) જમો થાળ જીવન જાઉં વારી, ...

.....

.....જળે ભર્યા ચંબુ ચોખાળી.....

સભા-૨૦ : જેવી વૃત્તિ તેવી પ્રવૃત્તિ



એક વાર **ધર્મદેવ** અને **ભક્તિમાતા** બાળક **ઘનશ્યામને** લઈને બેઠા હતા.

ધર્મદેવને **વિચાર** આવ્યો કે **માર્કંડેયમુનિ**એ કહ્યું છે કે, આ બાળકનો જગતના નવેય ખંડોમાં **જય જયકાર** થશે. તો જય જયકાર **શેને** કરીને થશે ? જગતમાં **ત્રણ રીતે** જય જયકાર થાય છે : **શસ્ત્રથી, ધનથી** અને **જ્ઞાનથી** !!

રાજાઓનો શસ્ત્રથી જય જયકાર થાય છે.

શેઠ સોદાગરોનો ધનથી જય જયકાર થાય છે.

શાસ્ત્રવેત્તાઓનો જ્ઞાનથી જય જયકાર થાય છે.

બાળ ઘનશ્યામ મોટા થઈને શું બનશે ? **રાજા** બનશે ? **ધનવાન** શેઠ બનશે ? કે **શાસ્ત્રવેત્તા** ? લાવને **પરીક્ષા** કરું !! **ઘનશ્યામની પરીક્ષા** લેવા તેમણે એક યોજના કરી.

એક પાટલા પર રેશમી વસ્ત્ર પાથર્યું ને **ત્રણ વસ્તુઓ** મૂકી :

(૧) કટાર (૨) સોનામહોર (૩) ધર્મશાસ્ત્ર

કટાર એ **રાજાનું** પ્રતિક.

સોનામહોર એ **ધનવાન** શેઠનું પ્રતિક.

ધર્મશાસ્ત્ર એ **શાસ્ત્રવેત્તાઓનું** પ્રતિક.

હવે **વૃત્તિ પરીક્ષા** લેવા માટે નાનકડા **ઘનશ્યામ**ને ધર્મદેવે બોલાવ્યા. ભક્તિમાતાએ ઘનશ્યામને ખોળામાંથી નીચે ઉતાર્યા. તેઓ **ઘૂંટણિયે** ચાલતાં-ચાલતાં પાટલા પાસે આવ્યા.

તેમને પાટલા પર મૂકેલ ત્રણેય ચીજો **જોઈ** પછી **ધર્મશાસ્ત્ર**ને ઉપાડીને જાણે **વાંચતા** હોય તેમ ઉઘાડીને બેસી ગયા.

ધર્મદેવ તો ઘનશ્યામ પ્રભુની સામે જોઈ જ રહ્યા ને વિચારવા લાગ્યા કે સામાન્ય રીતે નાના બાળકો **ચમકતી ચીજો** જોઈને તે લેવા **લલચાય** છે; પરંતુ આ બાળકે **સોના** સામું જોયું નહિ, **શસ્ત્ર** સામું જોયું નહિ અને નાનકડા હાથમાં **ધર્મશાસ્ત્ર** ઉપાડ્યું. તેમને થયું ઘનશ્યામ જરૂર મોટા **શાસ્ત્રવેત્તા પંડિત** થશે. તેઓ મોટા થઈને જગતમાં ધર્મની સ્થાપના કરશે.

ઘનશ્યામ પ્રભુએ **૮-૧૦ વર્ષની** વયે તો વેદ-ઉપનિષદ્-ભાગવત-રામાયણ-મહાભારતાદિક સર્વ શાસ્ત્રોનો અભ્યાસ પૂરો કરી લીધો હતો. અને **૧૦ વર્ષ**ની ઉંમરે તો **કાશીના પંડિતોને શાસ્ત્રાર્થમાં પરાસ્ત** કરી સહુને અચંબામાં મૂકી દીધા હતા.


જે ઘનશ્યામે **ધર્મશાસ્ત્ર** પસંદ કર્યું તેજ ઘનશ્યામે મોટા થઈ **ભગવાન સ્વામિનારાયણ** રૂપે **'વચનામૃત'** અને **'શિક્ષાપત્રી'** જેવા **સર્વશ્રેષ્ઠ ધર્મગ્રંથો** આપણને આપ્યા.

વ્હાલા બાળમિત્રો !

આપણી વૃત્તિ અને પ્રવૃત્તિ આપણું ભવિષ્ય નક્કી કરે છે. માટે બાળપણથી જ સારા સ્વભાવો કેળવવા. પ્રતિદિન મંદિરે જવું, સંતો-માતા-પિતા-વડીલોને પગે લાગવું, બાળસભામાં જવું, સંતોનો સમાગમ કરવો, શાસ્ત્ર અધ્યયન કરવું, કુસંગ-વ્યસનથી દૂર રહેવું.

સૌ સાથે મળી કીર્તન ગાન કરો

તારી મૂરતિ લાગે છે મને પ્યારી રે શ્રી ઘનશ્યામ હરિ;
રૂડી ચાલ જગતથી ન્યારી રે ... શ્રી ૦
ઊંડી નાભિ છે ગોળ ગંભીર રે - શ્રી ૦
રૂડા લાગો છો શ્યામ શરીર રે - શ્રી ૦
તારી છાતી ઉપડતી શ્યામ રે - શ્રી ૦
છે જો લક્ષ્મી કેરું ધામ રે - શ્રી ૦
તારા મુખની શોભા જોઈ રે - શ્રી ૦
રાખું અંતરમાં પ્રોઈ રે - શ્રી ૦
તારાં નેણાં કમલપર વારી રે - શ્રી ૦
મંજુકેશાનંદ બલિહારી રે - શ્રી ૦



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ તે મોટો થઈને શું બનશે ? જણાવો.

દા.ત (૧) જેને રમવામાં રસ છે તે રમતવીર થશે.

(૨) જેને ભણવામાં રસ છે તે .....થશે.

(૩) જેને ગાવામાં રસ છે તે .....થશે.

(૪) જેને લડવામાં રસ છે તે .....થશે.

(૫) જેને ભજનમાં રસ છે તે .....થશે.

(૬) જેને ચિત્રમાં રસ છે તે .....થશે.

(૭) જેને નૃત્યમાં રસ છે તે .....થશે.

(૮) જેને જનસેવામાં રસ છે તે .....થશે.

(૯) જેને ચોરીમાં રસ છે તે .....થશે.

(૧૦) જેને સંશોધનમાં રસ છે તે .....થશે.

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) શ્રી ઘનશ્યામના માતા-પિતાનું નામ શું હતું?.....

.....

(૨) ધર્મદેવને શું વિચાર આવ્યો?

.....

.....

(૩) ઘનશ્યામે પાટલા પરની કઈ વસ્તુ ઉપાડી?.....

(૪) ઘનશ્યામે ૧૦ વર્ષની ઉંમરે ક્યાં અને કોને પરાસ્ત કર્યા હતા?

.....

પ્રશ્ન-૩ યોગ્ય જોડકાં જોડો

A	B
(૧) રાજા	(૧) શસ્ત્ર
(૨) સાધુ	(૨) જ્ઞાન
(૩) શાસ્ત્રવેત્તા	(૩) ધન
(૪) શેઠ	(૪) ભજન
(૫) ચિત્રકાર	(૫) રંગ

પ્રશ્ન-૪ નીચેની ખાલી જગ્યા પુરો.

(૧) સ્વામિનારાયણ ભગવાનનું બાળપણનું નામ .....હતું.

(૨) ઘનશ્યામ મહારાજનું પ્રાગટ્ય .....ગામમાં થયુ હતું.

(૩) માર્કંડેયમુનિએ ઘનશ્યામના .....નામ પડ્યા હતા.

(૪) ઘનશ્યામના મોટાભાઈનું નામ .....હતુ.

(૫) શિક્ષાપત્રી .....એ લખી છે.

સભા-૨૧ : પિબેકનો પરાજય

વન વિચરણ કરતા **નીલકંઠ** સિરપુરથી નીકળીને ફરતાં ફરતાં આસામમાં **કામાક્ષી તીર્થ**માં આવ્યા. ત્યાં **કામાક્ષીદેવીનું મોટું મંદિર** છે.

અહીં નાનકડા નીલકંઠના સ્વરૂપે જાણે **જાદુ** કર્યો. સૌ ભાવિક **મુમુક્ષુ**ઓ તેમના સ્વરૂપમાં ખૂબ **આકર્ષાયા**. આથી બીજા **બાવાઓને** નીલકંઠ માટે **દ્વેષ** જાગ્યો. લોકો પરથી પોતાનું **વર્ચસ્વ** ઓછું ન થઈ જાય તે માટે તેમણે **નીલકંઠને પરાજિત** કરવાનું નક્કી કર્યું અને **પિબેક** નામના એક **કાલીભક્ત**ને ઉશ્કેર્યો.

મહાકાલીનો ઉપાસક પિબેક મૂળ તો એક **મુમુક્ષુ બ્રાહ્મણ** હતો પરંતુ **ખરાબ સોબતથી** તે બહુ ખરાબ થઈ ગયો. માંસ-મચ્છી ખાવા લાગ્યો. ભાંગ, દારૂ પીવા લાગ્યો. દેવીની ઉપાસના કરતો. ભૂત-ભૈરવની સાધના કરતો. રાત્રે **સ્મશાનમાં** જઈ **મલિન વિદ્યા** શીખતો. ગાળો અને અપશબ્દો બોલતો. ગળામાં **માણસની ખોપરીની માળા** પહેરી, ત્રિશૂલધારી પિબેક ઠેર ઠેર લોકોને ડરાવતો.

જંતર-મંતર અને દોરા-ધાગા કરી લોકોને હેરાન કરતો. કપાળે કંકુની મોટી આડ્ય, માથે મોટો ચોટલો, લાલઘૂમ મોટી આંખો, શરીરમાં પહેલવાન જેવો તે સૌને ધમકી આપી ડરાવતો. સાધુ-સંતો અને જોગી-જતિઓની કંઠી તોડી પોતાના **શિષ્ય** બનાવતો. તેમના પર મંત્ર મારી, મૂઠ મારી, મેલી વિદ્યા વડે ડરાવીને શિષ્યો બનાવતો અને ભૂત-ભૈરવની પૂજા કરાવતો.



ગામ બહાર **ફૂલવાડીમાં** નીલકંઠ જ્યાં ઊતર્યા હતા ત્યાં નીલકંઠને **મહાત** કરવાના આશયથી પિબેક આવી ચડ્યો. ફુલવાડીમાં કેટલાક **સિદ્ધ યોગીઓ** પણ આવીને ઊતર્યા હતા. પિબેકને જોઈને સિદ્ધ બાવાઓ થર થર **ધ્રુજવા** લાગ્યા. તે સૌ ઊઠીને **પિબેકના શરણે** જવાની તૈયારી કરવા લાગ્યા.

નીલકંઠે તેમને શાંતિથી કહ્યું : '**તમે કેમ ચાલવા માંડ્યા** ? આવા મલિન દેવ-દેવીઓના ઉપાસકથી **કેમ બીઓ છો** ? પરમાત્માની કાળ શક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ કોઈને મારી શકતું નથી માટે ડરશો નહિ અને તેના સામે નજર પણ કરશો નહિ.'

નીલકંઠની **શાંત** અને **નિર્ભય** વાણીથી પિબેક અત્યંત **ગુસ્સે** થયો. આજુબાજુનાં ટોળાઓએ નીલકંઠને પિબેકનો મહિમા સમજાવી તેની સાથે **બાથ** ન ભીડવા કહ્યું : પરંતુ નીલકંઠ શાંત અને નિશ્ચલ હતા.

એટલામાં પિબેકે એક **વડના ઝાડ** ઉપર **અડદના દાણા** નાખ્યા અને ઝાડ સુકાઈ ગયું. બાવાઓ આ જોઈ

ગભરાયા. તેઓ ગળા પર હાથ નાખી કંઠી તોડવા પ્રયત્ન કરવા લાગ્યા. નીલકંઠે કહ્યું : **'તમે કોઈ તમારું તિલક ભૂંસશો નહિ. તમે તમારી વૈષ્ણવી કંઠી તોડશો નહિ. કંઠી તોડવાથી પાપ લાગે. તમે કોઈ આ પિબેકથી બીશો નહિ.** પહેલાં **મારા ઉપર** તે પ્રયોગ કરે અને મને કાંઈ થાય તો પછી તમે તેના શરણે જજો.' એમ કહી નીલકંઠે **પિબેકને પડકાર** કર્યો.

પિબેક આથી અત્યંત ઉશ્કેરાયો. તેણે કહ્યું : **'હવે તારો કાળ આવ્યો છે'.** નીલકંઠ કહે : **થાય તે કરી લે. હું આ બેઠો.** એમ કહી નીલકંઠ આસન વાળીને તેની સામે જ બેઠા. નીલકંઠ પાછળ સૌ સિદ્ધો બેઠા, પિબેકે નીલકંઠને ડરાવવા મંત્ર ભણીને અડદના દાણા જોરથી દૂર જમીન પર નાખ્યા. ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા. તેમાંથી **કાલભૈરવ** અને **બટુકવીર** નીકળ્યા પરંતુ તે વર્ણી પાસે જઈ શક્યા નહિ. થોડે દૂર આવીને ઊભા રહી ગયા.

પિબેક ઘણા મંત્રો **ભણ્યો** પણ નીલકંઠ ભણી આગળ વધ્યા જ નહિ. ઉલ્ટાના તે **પિબેકને વળગ્યા**. ત્રિશૂળથી તેને માર્યો. તેને જમીન પર પછાડ્યો. તેના મોઢામાંથી લોહી નીકળવા માંડ્યું.

આ પરાજયથી તે વધુ **ધૂંઆ પૂઆ** થયો. હવે તેણે **હનુમાનવીર**ની આરાધના કરી. **હનુમાનજી** આવ્યા. તેણે તો નીલકંઠને નમસ્કાર કરીને પિબેકના માથા ઉપર જોરથી મુઠ્ઠીનો પ્રહાર કર્યો. પિબેક ઉપર તૂટી પડ્યા. તેઓ કહેવા લાગ્યા : **'તું અમને અમારા દેવના દેવ સામે લડવાનું કહે છે ?** આજ તો તને જ મારી નાખીએ.' પિબેકને એવો માર માર્યો કે **લોહીની ઉલ્ટી** થઈ અને આંખો ઉપર ચઢી ગઈ. પિબેક મોટું ઝાડ પડે તેમ ધબ દઈને બેભાન થઈને પૃથ્વી પર પડ્યો.

આ જોઈ પિબેકના કેટલાક શિષ્યો અને સગાઓએ તેને બેઠો કરવા નીલકંઠને પ્રાર્થના કરી, તેઓ કરગરવા લાગ્યા. **નીલકંઠને દયા આવી**. તેમણે દૃષ્ટિ કરી. પિબેક જાગ્યો. તેનું આખું શરીર દુઃખતું હતું. બોલાતું પણ નહોતું. હાડકાં ને પાંસળાં નરમ થઈ ગયાં હતાં. ઊભું તો થવાય જ ક્યાંથી ? જમીન પર ઘસડાતો ઘસડાતો તે નીલકંઠ પાસે આવ્યો. નીલકંઠના પગ પકડીને આંસુથી પખાળ્યા અને તે **માફી** માગવા લાગ્યો.

સૌને અત્યંત **આશ્ચર્ય** થયું. અજેય લાગતો પિબેક નાનકડા નીલકંઠનાં ચરણોમાં આળોટતો હતો. તેનું **સંપૂર્ણ પરિવર્તન** થઈ

ગયું હતું. નીલકંઠે તેને કહ્યું : **'પિબેક ! જે સાચા સિદ્ધ હોય તે કોઈને ડરાવતા નથી. જે ખરા પરમાત્માના આશ્રિત હોય છે તે કોઈથી ડરતા પણ નથી.** તારી મંત્રશક્તિને ભસ્મસાત્ કરી નાંખ'

અનિમિષ દૃષ્ટિએ નીલકંઠનાં દર્શન કરતો પિબેક તેમની વાણીને અંતરમાં ઉતારવા લાગ્યો. નીલકંઠે તેના **માથા પર હાથ મૂક્યા** અને તેને **દિવ્ય શાંતિનો** અનુભવ થયો. નીલકંઠે તેને **વૈષ્ણવી દીક્ષા** આપી, **સૌમ્ય વેશ** રાખવા કહ્યું. તેના શિષ્યોને પણ **વૈષ્ણવી દીક્ષા** આપી, સૌને **તુલસીની કંઠી** અને **તિલક** પણ ધારણ કરાવ્યાં. સૌને આશીર્વાદ દઈ, અધર્મમાંથી ઉગારીને નીલકંઠ પોતાની કલ્યાણ યાત્રા પૂરી કરવા ત્યાંથી ચાલી નીકળ્યા. આપણા સંતોએ તેથી જ ગાયું છે :

"હતો પિબેક પુરો પાપી, તમે સદ્‌ગતિ તેને આપી
તમે છો પ્રભુ અધમ ઉદ્ધારા, દીનબંધુ ધર્મ દુલારા
જય જય પ્રભુ જગદાધારા, દીનબંધુ ધર્મદુલારા."

॥ સત્સંગ સંસ્કાર વિભાગ ॥


બાળમંડળમાં વર્તણૂક

શરીર સાચવવા માટે આપણે તેને **ખોરાક, પાણી** વગેરે આપીએ છીએ. શરીરને સ્વચ્છ રાખવા **નાહીએ** છીએ. શરીરને તંદુરસ્ત રાખવા **કસરત** કરીએ છીએ. તેવી જ રીતે **મનને સ્વચ્છ** રાખવા કાંઈક કરવું જોઈએ. મનને **સારા વિચાર**નો ખોરાક આપવો જોઈએ. **મનને પવિત્ર રાખવા** માટે આપણે દર અઠવાડિયે **બાળમંડળ**ની **સભા**માં જવું. બાળમંડળમાં જવાથી આપણા **વિચારો પવિત્ર** થાય. આપણી **કુટેવો** સુધરે અને આપણે **સુખી** થઈએ. માટે બાળમંડળમાં જવાનું તો ભૂલવું જ નહિ.

બાળમંડળમાં જઈએ પણ આપણે ત્યાં **કેવી રીતે વર્તવું** તે સમજવું જોઈએ. મંદિરમાં જઈ **પ્રથમ** ભગવાનને દંડવત્ કરી પગે લાગવું ને તે પછી **સંતોને** પગે લાગીને આપણને જ્યાં બેસવાનું કહે ત્યાં બેસવું.

બાળમંડળની સભા વખતે કોઈની મશ્કરી કે ચાળા કરવા નહિ. કેટલાંક બાળકો ચાલુ સભાએ બીજાં બાળકો સાથે તોફાન કરે, મશ્કરી કરે, પોતે પણ સભામાં ધ્યાન આપે નહિ ને બીજાને પણ ધ્યાન રાખવા દે નહિ. આપણે બાળમંડળમાં તોફાન કરવા આવતાં નથી, પણ **શીખવા** આવીએ છીએ. માટે **નવું નવું શીખવું**, પણ તોફાન કરવું નહિ.

બાળમંડળમાં જે કાંઈ શીખવવામાં આવે, તે શાંતિથી **એકચિત્તે** સાંભળવું. વાતોઓ ને પ્રસંગો યાદ રાખવા ને બીજે અઠવાડિયે લખી લાવવા. **પ્રાર્થના** ને **ધૂન** વખતે **ભગવાન**ને તથા **ગુરુ**ને યાદ કરવા. સભા વખતે એક-પલાંઠીએ બેસવું. વારેવારે પગ ઊંચા-નીચા કરવા નહિ.



બીજા કોઈને કાંઈ પૂછે તો વચ્ચે બોલવું નહિ. આપણને બોલવાનું કહે તો જ બોલવું. જવાબ આપવો તે પણ ખૂબ જ **વિવેકથી** ને શાંતિથી આપવો.

બાળમંડળમાં રમત-ગમત વખતે અંદરોઅંદર ઝઘડવું નહિ. આપણે જીતી જઈએ તો બહુ **બડાઈ મારવી** નહિ ને હારી જઈએ તો રડી પડવું નહિ. આપણાથી નાના ભાઈઓ હોય તેને પ્રેમથી રમાડવા. 'મને આ રમત રમાડો તો જ હું રમું' એમ ન કહેવું. જે કાંઈ રમત રમાડે ને જે કાંઈ કામ સોંપે તે ઉત્સાહથી કરવું. બધો જ વખત રમવાની ઇચ્છા ન રાખવી. **બાળમંડળમાં** આપણે ફક્ત રમવા જ નથી આવતા, પણ શીખવા આવીએ છીએ. માટે રમતમાં જ ધ્યાન ન રાખવું.

બાળમંડળમાં **પ્રસાદ** આપે તે વખતે હારબંધ શાંતિથી બેસવું. પ્રસાદ પહેલાં **ધૂન** કરવી. પ્રસાદ ન ભાવતો હોય તોય ફેંકી ન દેવાય. **ભગવાનનો પ્રસાદ એ બહુ પવિત્ર વસ્તુ** છે. આપણને પ્રસાદ ન ભાવે તો તેને નમન કરી બીજાને આપી દેવો. જોઈએ તેટલો જ પ્રસાદ લેવો.

કેટલાંક બાળકો વધુ પ્રસાદ માંગીને પછી પડ્યો મૂકે છે ને બગાડે છે, એ ઠીક નથી. કેટલાંક બાળકો ખાતાં ખાતાં પોતાની આજુબાજુ બહુ વેરે છે, એ પણ સારું ન કહેવાય. પ્રસાદ જમ્યા પછી કાગળ હોય તો તેને કચરા, પેટીમાં ફેંકી દેવો. વાસણ હોય તો તેને એક બાજુ મૂકી દેવું.

પ્રસાદ જમ્યા પછી એક સાથે પાણી પીવા દોડી ન જવું. **હારબંધ** ઊભા રહી પાણી પીવું. પાણી એકબીજાના એઠા પ્યાલામાં ન પીવું. **પાણી હંમેશાં ઊંચેથી પીવાની ટેવ પાડવી.** સૌ પ્રસાદ લઈ લે પછી ત્યાંથી આપણે જ સાફ કરી નાખવું. આપણું કામ જાતે જ કરવાની ટેવ પાડવી.

આ પ્રમાણે પ્રસાદ લીધા પછી,

સૌને 'જય સ્વામિનારાયણ' કહી પછી જ ઘરે જવું.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મહાકાલીનો ઉપાસક પિબેક મૂળ કોણ હતો ?

( ) A - રાજા ( ) B - સૈનિક ( ) C - બ્રાહ્મણ ( ) D - ક્ષત્રિય

(૨) પિબેકે શેનાથી નીલકંઠના પગ પખાળ્યા?

( ) A - ગંગાજળ ( ) B - યમુનાજળ ( ) C - દૂધ ( ) D - પોતાના આંસુ

(૩) પિબેકને કોણે બહુ માર્યો?

( ) A - રાજાએ ( ) B- હનુમાનજી( ) C - નીલકંઠે ( ) D - સૈનિકોએ

(૪) પિબેક ગળામાં કોની માળા પહેરતો હતો?

( ) A - ગુલાબની ( ) B - મોગરાની( ) C - કમળની ( ) D - માણસની ખોપરીની

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) બાવાઓએ શા માટે નીલકંઠને પરાજિત કરવાનું નક્કી કર્યું?

.....

(૨) પિબેક કોની સાધના કરતો હતો?

.....

(૩) ફુલવાડીમાં નીલકંઠ જ્યા ઉતર્યા હતા ત્યાં કયા આશયથી પિબેક આવી ચડ્યો ?

.....

(૪) કોની શક્તિ વિના આ બ્રહ્માંડમાં કોઈ કોઈને મારી શકતુ નથી?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પુરો.

(૧) બાવાઓએ પિબેક નામના એક ..... ઉશ્કેર્યો.

(૨) મહાકાલીનો ઉપાસક પિબેક મૂળ તો એક ..... હતો.

(૩) પિબેક રાત્રે ..... માં જઈ મલિન વિદ્યા શીખતો.

(૪) જે ખરા પરમાત્માના ..... હોય છે તે કોઈથી ડરતા નથી.

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) 'તમે કોઈ તમારૂં તિલક ભૂંસશો નહિ.' → .....

(૨) થાય તે કરી લે હું આ બેઠો → .....

પ્રશ્ન-૫ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) બાળમંડળમાં જવાથી આપણા વિચારો પવિત્ર થાય છે. ☐

(૨) પ્રાર્થના ને ધુન વખતે ભગવાન અને ગુરૂજીને યાદ કરવા. ☐

(૩) પ્રસાદ ન ભાવતો હોય તોંય ફેંકી ન દેવાય. ☐

(૪) પાણી હંમેશા ઊંચેથી પીવાની ટેવ પાડવી. ☐

(૫) સંતો સાથે હેત-પ્રીત કરવાથી ભગવાન મળે છે. ☐

સભા-૨૨ : નરકના કુંડ ખાલી કર્યા



સહજાનંદ સ્વામી સંતો ભક્તોની સાથે અગત્રાઈથી **કાલવાણી** પધાર્યા. તેઓ ગાદી તકિયા ઉપર બિરાજમાન છે. સામે સંતો અને ભક્તો બેઠા છે. ત્યાં **ભીમભાઈ** પ્રભુનાં દર્શન કરવા આવ્યા. પગે લાગીને સભામાં બેઠા. પછી ધીરેથી વાત કરી કે, હે પ્રભુ : **આ લોક**માં એવી **રાજનીતિ** છે કે જ્યારે **રાજા**ને ઘરે **પુત્રનો જન્મ** થાય ત્યારે રાજા અતિ આનંદમાં આવી જાય. ખુશાલીમાં સૌને **દાન દક્ષિણા** આપે અને **જેલમાં પુરેલાં ગુનેગારને જેલમાંથી છૂટા કરે.**

રાજા જ્યારે પોતાના **રાજકુંવરને રાજગાદી** સોંપે ત્યારે **નવા રાજા** અતિ આનંદમાં આવી જાય ત્યારે ખુશાલીમાં અનેકને **રાજી** કરે. અને **બંદીવાનને જેલમાંથી છૂટા કરે.** તો હે પ્રભુ ! તમને **રામાનંદ સ્વામી**એ ધર્મની **ધર્મધૂરા સોંપી** છે, **રાજાધિરાજ થયા છો** તો તમે બંદીવાનને બંધનથી છૂટા કરો. **નરકના કુંડ ખાલી કરાવો**. હે પ્રભુ ! **જમપુરી**માં અનેક વર્ષોથી અનેક **પાપી જીવાત્માઓ** નરકના કુંડમાં રીબાઈ રહ્યા છે. પીડાય છે. અતિ દુઃખી થાય છે. તેને દુઃખથી મુક્ત કરો. સર્વેને સુખિયા કરો. **કોઈ સંતને** ત્યાં મોકલીને નરકથી રીબાતા પ્રાણીને છૂટા કરો. ત્યારે શ્રીજી મહારાજે **સ્વરૂપાનંદ સ્વામીને** કહ્યું: સ્વામી ! તમે **સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ** મંત્રનો જોરથી અખંડ જપ કરતાં કરતાં **યમલોક**માં જાઓ. સ્વામિનારાયણ મહામંત્રનો **સ્વર** પાપી જીવાત્માના **કાને** સંભળાશે કે તુરંત તેમની **નરકકુંડથી મુક્તિ થશે**.


સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી **સ્વરૂપાનંદ સ્વામી સમાધિ**માં બેઠા. દિવ્ય દેહે **યમલોક**માં ગયા. ઉચ્ચ સ્વરે **મહામંત્રની ધૂન** કરે છે. સ્વામીએ કહ્યું: હે પાપી જીવાત્માઓ ! તમે

અંતરના ભાવથી **સ્વામિનારાયણ સ્વામિનારાયણ તાલી બજાવીને ધૂન કરો.** મહામંત્રનો જપ કરતાં પાપી જીવાત્માઓના **પાપ બળી ગયા.** અને **નરકના કુંડમાં પીડાતા સર્વે પાપી જીવાત્માને દિવ્ય દેહ પ્રાપ્ત થયો.** પાપી જીવાત્માઓ રાજી રાજી થઈ ગયા. સ્વામીને બે હાથ જોડી નમસ્કાર કરી, પગે લાગીને બોલ્યા: હે સ્વામીજી ! તમે અમને ધન્ય કરી દીધા. ભયંકર દુ:ખમાંથી બચાવી લીધા.

સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું: તમે **ભૂમાપુરુષના** લોકમાં જાઓ. ત્યાં તો અનેક **વિમાન** આવ્યા. **ચતુર્ભુજ રૂપ** ધારણ કરી પાપી જીવાત્માઓ તેમાં બેસી ગયા. **નરકના તમામ કુંડ ખાલી થઈ ગયા.** એક પણ ગુનેગાર નથી. જમદૂતો નવરા થઈ ગયા. આંટા મારે છે. પસ્તાય છે. હવે શું ખાશું અને શું કરશું ? **મુક્તાનંદ સ્વામીની કીર્તનની ઝલક જોઈએ.**


સર્વે નરકના કુંડ ખાલી કર્યા,ભૂખ્યા જમગણ રે, કર ઘસી પસ્તાય...

સ્વરૂપાનંદ સ્વામી સમાધિમાંથી જાગૃત થયા. બનેલી તમામ બાબત સૌને કહી સંભળાવી. સૌ ભક્તજનો **આશ્ચર્ય** પામી ગયા. દયાળુ પ્રભુ પતિત જીવોને પુનિત કરનારા છે. **અધમનો ઉદ્ધાર કરનારા** છે. શ્રીજી મહારાજે કહ્યું : આ અવતારે અમારે **અનંત જીવાત્માનો ઉદ્ધાર** કરવાનો છે.



અમારા સંતો દ્વારા અનેકનો ઉદ્ધાર થશે. **સંકલ્પ માત્રથી અનેકનું કલ્યાણ થશે.** આવી વિશાળ **કલ્યાણની ભાવના** જોઈ સૌ ભક્તજનો ખૂબ રાજી થયા.

વહાલા બાળભક્તો ! આજ સુધીના **ઇતિહાસ**માં આવું ક્યારેય બન્યું હોય તેવું સાંભળ્યું નથી. જેના એક સંત વડે આટલું મોટું અજોડ કાર્ય થાય તે **સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન** કેટલા મહાન હશે !! **આવા પ્રતાપી પુરુષોત્તમ નારાયણનો આપણને આશરો મળ્યો છે.** તેનો જોરદાર **કેફ** રાખવો. જેના નામનું શ્રવણ કરવાથી, યમપુરીમાંથી પણ જીવ ઉદ્ધરી જતા હોય તો તેનો અચલ આશરો રાખી, તેની આજ્ઞા પાળનારો ભક્ત **અક્ષરધામ**ને પામે જ એમાં તો કહેવું જ શું !! માટે હવે મહારાજની નાની-મોટી દરેક **આજ્ઞા** ખટકો રાખી પાળવી. સુખ-દુઃખ, માન-અપમાન દરેક પરિસ્થિતિમાં આવા પ્રતાપી પુરુષોત્તમનો **આશરો દૃઢ રાખવો. તેના સાચા સંતો-ભક્તોનો પક્ષ રાખવો. વળી, આટલા મોટા મહારાજ તથા તેના સાચા સંતો મને મળ્યા છે તેથી મારો મોક્ષ તો થઈ જ ગયો છે. એવો પૂર્ણ વિશ્વાસ રાખવો.**



|| સ્વામિનારાયણ મંત્ર મહિમા ||

સુચના : સંચાલકોએ નીચેનું કીર્તન ગાઈ-બાળકો પાસે ગવડાવી કંઠસ્થ કરાવવું.

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારા શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક ... ૧
જો સ્વામિનારાયણ એક વાર, રટે બીજાં નામ રટ્યાં હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ... ૨
ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે... ૩
ગાયત્રીથી લક્ષ ગણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એ જ થાય ... ૪
જો અંત કાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે ... ૫
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે ... ૬
ષડક્ષરો છે ષટશાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે ... ૭
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય ... ૮
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં ... ૯
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહે જ તેનું ... ૧૦

(શ્રીહરિલીલામૃત - ૫/૩/૪૫-૫૪)



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) કાલવાણી ગામમાં કયા હરિભક્ત શ્રીજી મહારાજના દર્શને આવ્યા?.....

(૨) રાજકુંવરને ગાદી સોપે ત્યારે રાજા રાજી થઈ શું કરે છે?

.....

.....

(૩) સ્વરૂપાનંદ સ્વામીએ જમપુરીમાં જઈ શું કર્યું ?

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલ ખાલી જગ્યા પુરો.

(૧) સ્વરૂપાનંદ સ્વામીએ જમપુરીના પાપી જીવોને ..... લોકમાં મોકલ્યા.

(૨) શ્રીજી મહારાજને ..... પોતાની ધર્મધૂરા સોપી.

(૩) ..... મંત્રથી નરકના કુંડ ખાલી થયા.

(૪) પાપી જીવાત્માઓ ..... રૂપ ધારણ કરી વિમાનમાં બેસી ગયા.

(૫) દયાળુ પ્રભુ પતિત જીવોને પણ ..... કરનારા છે.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ 'હા' અથવા 'ના'માં આપો.

(૧) સ્વરૂપાનંદ સ્વામી સમાધિ કરીને નરકમાં ગયા. ☐

(૨) ગાયત્રીમંત્રના જપથી નરકના કુંડ ખાલી થયા. ☐

(૩) પાપકર્મથી નરકની સજા થાય છે. ☐

(૪) સારા કર્મથી જીવાત્માની સદ્‌ગતિ થાય છે. ☐

(૫) શ્રીજી મહારાજ અધમનો ઉદ્ધાર કરનારા છે. ☐

(૬) 'સ્વામિનારાયણ' મહામંત્ર શ્રીજી મહારાજે સ્વયં આપ્યો છે. ☐

પ્રશ્ન-૪ નીચેના ફકરાનું સુલેખન કરો (સારા અક્ષરે લખો)

મહારાજની નાની-મોટી દરેક આજ્ઞા ખટકો રાખી પાળવી. સુખ-દુઃખ, માન-અપમાન દરેક પરિસ્થિતિમાં આવા પ્રતાપી પુરૂષોત્તમ નારાયણનો આશરો દૃઢ રાખવો. તેના સાચા સંતો-ભક્તોનો પક્ષ રાખવો. વળી આટલા મોટા મહારાજ તથા તેના સાચા સંતો મને મળ્યા છે તેથી મારો મોક્ષ તો થઈ જ ગયો છે, એવો પૂર્ણ વિશ્વાસ રાખવો.

.....

.....


.....

.....

.....

.....

સભા-૨૩ : શ્રેષ્ઠ બળ





મહાભારતના યુદ્ધની પડઘમ વાગી રહી હતી. **પાંડવો** અને **કૌરવો** એમ બંને પક્ષે **યુદ્ધની તડામાર તૈયારી**ઓ શરૂ થઈ ગઈ હતી. સૌ પોતપોતાનાં હથિયારો સજી રહ્યા હતા. બંને પક્ષે મોટી મોટી સેનાઓ સાબદી થઈ રહી હતી. ચારે દિશામાંથી પાંડવો અને કૌરવોને સહાય કરવા જઈ રહેલાં સૈન્યોની કૂચના ધમધમાટથી પૃથ્વી ધમધમી ઊઠી હતી. **હસ્તિનાપુર**માં સેનાઓનો ખડકલો એવો થયો હતો કે એક **સોય મૂકવા જેટલી પણ જગ્યા** ખાલી રહી ન હતી.





આવા સમયે આવનારા યુદ્ધને જોઈ **યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સહાય** લેવા માટે **અર્જુનને દ્વારકા** મોકલવાનો નિર્ણય કર્યો. **દુર્યોધન**ને આ ખબર મળતાં તે પણ દ્વારકા જવા નીકળી પડ્યો.

અર્જુન અને **દુર્યોધન** બંને **એક જ દિવસે દ્વારકા** પહોંચ્યા, અથવા કહો કે બંનેએ એક જ દિવસે શ્રીકૃષ્ણની મુલાકાત લીધી.

કૃષ્ણ સૂતા હતા તે ખંડમાં **પહેલાં દુર્યોધને** પ્રવેશ કર્યો. ભગવાનને સૂતેલા જોયા, તેથી તેઓને ખલેલ ન પહોંચે તેવી રીતે તે ભગવાનના **ઓશિકા** પાસે જઈને ગોઠવાઈ ગયો.





થોડી વારે **અર્જુન** ભગવાનના શયનખંડમાં **દાખલ** થયો. તેણે ભગવાનને સૂતેલા જોયા, તેથી ચુપચાપ આવીને ભગવાનના **ચરણ** પાસે ઊભો રહી ગયો, હાથ જોડીને.

થોડો વખત વીત્યો ત્યાં શ્રીકૃષ્ણ જાગ્યા. **પહેલી જ નજર** પગ પાસે હાથ જોડીને ઊભેલા અર્જુન પર પડી. પછી **મસ્તકે** બેઠેલ દુર્યોધનને પણ તેમણે જોયો.

બંનેનું ભગવાને **સ્વાગત** કર્યું અને બંનેને આવવાનું કારણ પૂછ્યું. પહેલો જવાબ દુર્યોધને આપ્યો, **'આ લડાઈમાં આપ મારી સહાય કરો.'** આટલું કહી સહાય માટેની પોતાની માંગણીના










સમર્થનમાં તે દલીલ કરવા લાગ્યો, 'તમારી **દોસ્તી** તો અમારા બંને સાથે, અર્જુન સાથે અને મારી સાથે, એકસરખી જ છે. વળી, તમારી **મદદ** ઉપર પહેલો **હક્ક** મારો છે. સંતો હંમેશાં પહેલાં આવેલા પર પહેલાં **કૃપા** કરે છે. અને તમે તો સંતોના **શિરતાજ** છો, સજ્જનોના મુકુટમણિ છો. માટે પહેલી સહાય મને કરો.'

દુર્યોધનનાં **ખુશામત, દંભ, ચતુરાઈ** બધું જ ભગવાન **સમજી** ગયા. પછી તેમણે કહ્યું, 'તમે પહેલાં આવ્યા એ કબૂલ, પણ મેં પહેલાં અર્જુનને જોયો છે. વળી, અર્જુન **ઉંમરમાં** તમારા કરતાં પણ **નાનો** છે. માટે સહાય હું બંનેને કરીશ, પણ **પહેલી માંગણીનો** અધિકાર તમારા **નાના ભાઈના** હિસાબે **હું અર્જુનને આપીશ**.' આટલી વાત કરી ભગવાને પોતા પાસે આપવા જેવી જે **બે વસ્તુઓ** હતી તેની વાત કરતાં જણાવ્યું, 'મારી પાસે એક તો મારી **નારાયણી સેના** છે. તે સેનામાં અદ્‌ભુત લડાયક શક્તિવાળા **એક અર્બુદ ગોપ સૈનિકો** છે. **બીજો હું પોતે છું,** પણ હું લડાઈમાં **લડીશ નહિ** અને **શસ્ત્ર પણ ધારણ કરીશ નહિ**. આ બેમાંથી હવે હે અર્જુન ! જે એક તારે જોઈએ તે **માંગી લે**.'

આ સાંભળતાં જ દુર્યોધનના હૈયે ફાળ પડી. તેને થયું કે **અર્જુન જો સેના માંગી લેશે** તો આપણે શસ્ત્ર વગરના ને નહિ લડનારા એકલા શ્રીકૃષ્ણને લઈને શું કરીશું ? તે હજી તો આમ **વિચાર** કરી રહ્યો હતો ત્યાં જ **અર્જુને** પળના વિલંબ વગર **શ્રીકૃષ્ણ ભગવાનને પોતાના પક્ષે માંગી લીધા**.



દુર્યોધન તો આ જોઈ **રાજીનો રેડ** થઈ ગયો. પોતાના હિસ્સામાં **એક અર્બુદ સૈનિકો** સહજમાં આવી ગયા તેનો પારાવાર આનંદ તેને થયો. આ જ આનંદમાં હરખાતો હરખાતો તે તો ત્યાંથી ચાલી નીકળ્યો. અર્જુન શ્રીકૃષ્ણ પાસે રોકાયો. ખંડમાં તે **બંને** એકલા જ હતા. તે વખતે શ્રીકૃષ્ણે અર્જુનને પૂછ્યું, 'અર્જુન ! **હું લડવાનો નથી**. એટલું જ નહિ, **હું શસ્ત્ર પણ ધારણ કરવાનો નથી**, એવું મેં સ્પષ્ટપણે કહેલું છતાં તેં મને કેમ પસંદ કર્યો ? આ મને સમજાતું નથી.'

તે વખતે અર્જુને જવાબ વાળ્યો, 'એ તો ભગવાન, સાવ સ્પષ્ટ જ છે. મેં જાણ્યું છે કે **આપના બળ આગળ દુનિયાનાં બીજાં બધાં જ બળ ઓછાં છે. દરેકને બળ આપનારા આપ જ છો. આપની કૃપા હોય તો જ વિજય મળે છે.**'

એક કવિએ કહ્યું છે :

'જિતને તારે ગગન મેં, ઉતને શત્રુ હોય;
જિસ પે કૃપા રઘુનાથ કી, બાલ બાંકા ન હોય.'

આકાશમાં જેટલા તારા છે એટલા શત્રુ હોય, પણ જેની પાસે ભગવાનનું બળ હોય છે તેનો કોઈ વાળ વાંકો કરી શકતું નથી.

વિશેષ વાંચન

૧. દુનિયામાં કેટલાકના મતે **શરીરબળ** શ્રેષ્ઠ બળ છે. બળવાન શરીરવાળાથી લોકો ડરતા હોયે, પરંતુ શરીરબળ કરતાં **બુદ્ધિબળ** શ્રેષ્ઠ છે. હાથી પાસે ઘણું બળવાન શરીર છે, પણ માણસ પાસે બુદ્ધિબળ છે તો તે હાથીને પણ વશ કરી શકે છે. પરંતુ બુદ્ધિબળ કરતાં **મનોબળ** શ્રેષ્ઠ છે. ઘણાં બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ પરીક્ષાના ભયથી ભાંગી પડે છે. તેઓનું મન નબળું-માયકાંગલું હોય છે, પરંતુ મનોબળ કરતાં **આત્મબળ** શ્રેષ્ઠ છે. અને આત્મબળ કરતાં **પરમાત્માનું બળ શ્રેષ્ઠ છે.**

૨. દુનિયાના ઘણા લોકો **સત્તા, સંપત્તિ** કે **સંબંધીના બળ** પર વિશ્વાસ ધરાવતા હોય છે, પરંતુ આ બધાં બળ અણીના સમયે નકામાં પુરવાર થાય છે. **રાવણ**ની પાસે ત્રિલોકનું રાજ્ય હતું. એટલે કે, અમર્યાદિત સત્તા હતી. તેની પાસે સોનાની લંકા હતી. એટલે કે, સંપત્તિનો પણ કોઈ પાર ન હતો. તેના સંબંધીઓની સંખ્યા પણ ઘણી મોટી હતી. કહેવાય છે કે તેને **એક લાખ પુત્રો** હતા. છતાં તે કોઈ બળ તેની સહાય કરી શક્યાં નહિ. **ભગવાનના બળ આગળ તે બધાંનો પરાજય થયો. તેથી સૌથી શ્રેષ્ઠ બળ ભગવાનનું છે.**



|| સત્સંગ સંસ્કાર વિભાગ ||

આદર્શ બાળકની વર્તણૂક

આપણે **સત્સંગી** બાળકો છીએ. આપણે **બાળમંડળ**માં જઈએ છીએ. આપણી રીતભાત, વર્તણૂક વગેરે સારાં હોવાં જોઈએ. આપણે જૂઠું બોલીએ, કોઈની સાથે ઝઘડો કરીએ તો લોકો જાણે કે આનાં **મા-બાપ** આવાં હશે ? આના **ગુરુ** આવા હશે ? આને **બાળમંડળ**માં આવું શીખવતા હશે ? આમ, આપણા ખરાબ વર્તનથી આપણાં મા-બાપનું, ગુરુનું, આપણા મંડળનું બધાંનું નામ ખરાબ થાય. માટે આપણે રીતભાત સુધારવી જ જોઈએ.

સત્સંગી બાળકે સવારે પૂજા કર્યા પછી **મા-બાપને પગે લાગવું** જોઈએ. કેટલાંક બાળકો મા-બાપની સાથે ને મોટાં ભાઈ-બહેનો સાથે ઉદ્ધતાઈથી વર્તે છે એ સારું ન કહેવાય. વડીલોને હંમેશાં **માન** આપવું જોઈએ. તેમની સાથે ઊંચે સાદે ન બોલાય. તેમની આજ્ઞા આપણે માનવી જ જોઈએ. તેમની સાથે વાતચીત પણ ખૂબ જ વિનયથી કરવી જોઈએ. જવાબ આપતી વખતે **માનવાચક શબ્દો** વાપરવા જોઈએ.

કેટલાંક બાળકો કપડાં માટે, ખાવા-પીવા માટે પણ ખૂબ જ તકરાર કરતાં હોય છે. 'મારે આવાં જ કપડાં જોઈએ. ઇસ્ત્રી કર્યા વગર કપડાં હું ન પહેરું. મને આવું શાક ભાવે જ નહિ. મારે અમુક જ ચીજ ખાવા જોઈએ.' આવું કેટલાંક બાળકો બોલે છે. આ ઠીક ન કહેવાય. આપણને જે કાંઈ ખાવા મળે તે શાંતિથી જમી લેવું. **શ્રીજીમહારાજના સાચા શિષ્ય** હોય તે ખાવા-પીવા અને કપડાં માટે તકરાર ન કરે; આપણને મા-બાપ જે કપડાં આપે તે પહેરવાં. કદાચ ન ગમતાં હોય તો શાંતિથી કહેવું, પણ તકરાર તો કરવી જ નહિ.

એવી રીતે કેટલાંક બાળકો પોતાનાં નાનાં ભાઈ-બહેનો સાથે પણ ઝઘડતાં હોય છે. નાના



ભાઈઓ સાથે વાદ કરે : 'મારો ભાઈ કામ કરે તો જ હું કરું. એને સારી વસ્તુ આપો છો ને મને આવી કેમ? આવું પણ કેટલાંક બાળકો બોલતાં હોય છે. સત્સંગી બાળક આવું ન બોલે. એ પોતાનાં ભાઈ-બહેનોનો વાદ ન કરે. એ ભાઈ-બહેનોને મદદ કરે. એ નાનાં ભાઈ-બહેનોને મારે કે હેરાન ન કરે. પોતાનાં ઘરનાં સૌ સાથે **હળીમળીને રહે**.

કેટલાંક બાળકો પૈસા બહુ વાપરવા માગે. ઘરનું ખાવાનું તો તેમને ભાવે જ નહિ. બજારનું કે હોટલનું ખાવાનું હોય તો જ તેમનું પેટ ભરાય. રોજ મિત્રો સાથે હોટલમાં જવા જોઈએ. કલાકોના કલાકો ટીવી જોયા જ કરે. સિરિયલો અને ફિલ્મો જોવા જોઈએ જ. આ બધા શોખ માટે પૈસા ન મળે તો ઘરમાંથી છાનામાના પૈસા ઉપાડી લે. આવી રીતે પોતાના શોખ પૂરા કરે. તેમને દોસ્તી પણ આવા છોકરા સાથે જ હોય.

આ બધી ટેવો બહુ જ ખરાબ છે.

સત્સંગી બાળક બહારનું કે હોટલનું ખાય જ નહિ. તે બહુ ગંદું ને અપવિત્ર હોય છે. તે ખાવાથી ખરાબ સંસ્કાર પડે છે.



સત્સંગી બાળક ટીવી કે સિનેમામાં ખરાબ જુએ જ નહિ.

ચોરી તો સત્સંગી બાળક કરે જ નહિ. કોઈ વખત કોઈ ચીજની જરૂર હોય તો તે માટે મા-બાપ પાસેથી માગીને પૈસા લે, પણ ચોરી તો કરે જ નહિ.

સત્સંગી બાળક હંમેશાં સારા છોકરાની સોબત જ રાખે. રખડુ, ચોર, જૂઠાબોલા છોકરાની સોબત રાખે જ નહિ.

સત્સંગી બાળકની રીતભાત સારી હોય તો સૌ તેનાં વખાણ કરે, માન આપે. તેનાં મા-બાપનાં અને ગુરુનાં વખાણ કરે. સૌ તેના પર પ્રેમ કરે.

માટે આપણે આજથી જ નક્કી કરીએ કે –



અમે કદી ચોરી કરીશું નહિ.
અમે કદી જૂઠું બોલીશું નહિ.
અમે કદી બજારનું કે હોટલનું ખાઈશું નહિ.
અમે કદી ટીવી-સિનેમામાં ખરાબ જોઈશું નહિ.
અમે કદી મા-બાપની સામું બોલીશું નહિ.
અમે કદી ખાવા-પીવા કે કપડાં માટે ઝઘડો કરીશું નહિ.
અમે કદી નાનાં ભાઈ-બહેનો સાથે તકરાર કરીશું નહિ.
અમે ખરાબ છોકરાની સોબત કે ખરાબ વ્યસન રાખીશું નહિ.
અમે કદી ગાળ્યા વગરનું પાણી કે દૂધ પીશું નહિ.

પરંતુ,

અમે હંમેશાં સાચું જ બોલીશું.
અમે હંમેશાં માબાપને માન આપીશું.
અમે હંમેશાં પૂજા કરીશું.
અમે હંમેશાં તિલક-ચાંદલો કરીશું.
અમે હંમેશાં અભ્યાસ કરીશું.
અમે હંમેશાં બાળમંડળમાં જઈશું.
અમે હંમેશાં મંદિરમાં જઈશું.
અમે હંમેશાં ગુરુની આજ્ઞાનું પાલન કરીશું.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કૌરવો અને પાંડવો વચ્ચે શેનું યુદ્ધ થયું ?

( ) A - મહાભારત ( ) B - રામાયણ ( ) C - હસ્તિનાપુર

(૨) પાંડવોના મોટા ભાઈ કોણ હતા?

( ) A - અર્જુન ( ) B - યુધિષ્ઠિર ( ) C - દુર્યોધન

(૩) પાંડવો કેટલા હતા?

( ) A - ૧૦૦ ( ) B - ૫ ( ) C - ૬

(૪) પાંડવોને કોની સહાય મળી?

( ) A - શ્રીકૃષ્ણ ( ) B - ભીષ્મ ( ) C - યુધિષ્ઠિર

(૫) અર્જુન અને દુર્યોધન શ્રીકૃષ્ણની સહાય લેવા માટે કયાં ગયા?

( ) A - હસ્તિનાપુર ( ) B - ગોકુળ ( ) C - દ્વારકા

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(શ્રીકૃષ્ણને, યુધિષ્ઠિર, ભીમ, નારાયણી સેના, દુર્યોધન, અર્જુન, કૌરવો, પાંડવો, કંસ, દાસી)

(૧) શ્રી કૃષ્ણ સુતા હતા તે ખંડમાં પ્રથમ .....પ્રવેશ્યો.

(૨) શ્રીકૃષ્ણના ચરણ પાસે .....ઊભુ રહ્યું?

(૩) પહેલી માંગણીનો અધિકાર શ્રી કૃષ્ણે .....ને આપ્યો.

(૪) અર્જુને શ્રીકૃષ્ણ પાસે .....માગ્યા.

(૫) મહાભારતના યુદ્ધમાં .....નો વિજય થયો.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) દુર્યોધન અને અર્જુન સહાય માંગવા કૃષ્ણ પાસે ગયા ત્યારે શ્રીકૃષ્ણ શું કરતા હતા?

.....

(૨) દુર્યોધને શ્રીકૃષ્ણ પાસે કેવી દલીલ કરી?

.....

(૩) શ્રી કૃષ્ણ પાસે યુદ્ધમાં આપવા જેવી કેટલી વસ્તુઓ હતી? કઈ કઈ?

.....

(૪) પાંડવોના નામ જણાવો.

.....

(૫) સર્વ શ્રેષ્ઠ બળ કયું છે? શા માટે?

.....

પ્રશ્ન-૪ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) શરીર બળ કરતા બુદ્ધિબળ શ્રેષ્ઠ છે. ☐

(૨) બુદ્ધિબળ કરતા મનોબળ શ્રેષ્ઠ છે. ☐

(૩) મનોબળ કરતા આત્મબળ શ્રેષ્ઠ છે. ☐

(૪) આત્મબળ કરતા પરમાત્મબળ શ્રેષ્ઠ છે. ☐

પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ 'હા' કે 'ના'માં આપો.

(૧) સવારે પૂજા કર્યા પછી મા-બાપને પગે લાગવું જોઈએ. ☐

(૨) વડીલોની સામે બોલવું જોઈએ. ☐

(૩) સત્સંગી બાળકથી હોટેલનું કે બહારનું ખવાય નહિ. ☐

(૪) સત્સંગી બાળક હંમેશા સારા છોકરાની સોબત રાખે. ☐

સભા-૨૪ : સર્વોપરી ઉપાસના

વચનામૃતમાં શ્રીજીમહારાજ **સર્વોપરી ઉપાસના** અને **નિશ્ચય**ની વાત કરતા કહે છે : "ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું, જે **સર્વોપરી** ને સદા દિવ્ય **સાકારમૂર્તિ** અને **સર્વે અવતારનું અવતારી** એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ **મને પ્રાપ્ત થયું** છે. **(વચ. ગ.મ. - ૯)** એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે **ભગવાનનો જે દૃઢ આશરો** એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે; તેણે કરીને ભગવાન રાજી થાય છે **(વચ. ગ.પ્ર.-૩૩)** ભગવાન સંબંધી સાધનમાં એક **નિશ્ચય** રહે તો બાકી સર્વે સાધન આવે. **(વચ. લો. - ૬)**



• • • • •

ઈ.સ. ૨૦૧૨માં સત્સંગ પ્રચાર માટે **પૂજ્ય ગુરુજી લંડન** (UK) ગયા હતા. હરિભક્તોએ ગુરુજીની આગતા-સ્વાગતા કરી ઉતારો આપ્યો. કેટલાક આગેવાન ભક્તોએ ભેગા મળીને ગુરુજીની **કથા-વાર્તાનું** આયોજન કર્યું. પૂજ્ય ગુરુજીએ **'સ્વામિનારાયણ નામ વ્હાલુ લાગે'** એ **કીર્તન વિવેચન** પર કથા કરી રહ્યા હતા. પ્રથમ દિવસની કથા પૂર્ણ થઈ ત્યારે કેટલાક **આગેવાન હરિભક્તો** ગુરુજી પાસે આવીને કહે : સ્વામીજી ! **ઉપાસનાની વાતો હળવી કરો** ! અહીંયા બહું ઉપાસનાની વાતો નહિ કરવાની !!

ગુરુજી કહે : ભગત ! **એ મારાથી નહિ બને !** અહીં તો **સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ**ની જ **કથાગંગા** વહેશે; **ઉપાસનાની** વાતો તો આવશે જ ! આત્યંતિક કલ્યાણ ભગવાનની



ઉપાસનાથી જ થાય છે. તમારે કથા કરાવવી હોય તો કરાવો, નહિંતર અમે આ ચાલ્યા. રાજી રેજો ભગતજી ! **હીરાની દુકાને હીરા જ વેંચાય** અને શાકભાજીની દુકાને શાકભાજી જ મળે. જેના જે વેપારી હોય તે વેચે. અમે તો **સર્વોપરીનો ટંટેરો પીટવા આવ્યા છીએ.**

ત્યારે પેલા હરિભક્તો કહે : સ્વામી ! તમે પણ રાજી રહેજો !

આ તો કેટલાક હરિભક્તોને ન ગમે એટલે અમે કહ્યું. પણ તમને જેમ **યોગ્ય** લાગે તેમ કથા કરજો !

•••••


ઈ.સ. ૨૦૦૭. કંડારી ગુરૂકુળના સંત નિવાસે પૂજ્ય ગુરુજી બેઠા હતા. ત્યારે સંપ્રદાયમાં **પ્રસિદ્ધિ** પામેલા એક **મોટા હરિભક્ત** પૂજ્ય ગુરુજી પાસે આવ્યા ને કહેવા લાગ્યા : શાસ્ત્રીજી મહારાજ ! તમે આમ જાહેર ચોકમાં, વ્યાસપીઠ પર બેસીને કથાઓમાં **ઉપાસનાની વાતો** બહુ કરો છો તે **તમારો સંપ્રદાય** ખડો કરવા અને **તમારું ગ્રુપ** જમાવવા કરો છો. આ સંપ્રદાયના સિદ્ધાંત **વિરુદ્ધ** છે.

આ સાંભળી પૂજ્ય ગુરુજી કહે : ભગત ! સાંભળો હું આ **પચાસ સાધુઓનો** અને આ હરિભક્તોનો **ગુરુ** થયો : ત્યારથી જ આ ઉપાસનાની વાતો નથી કરતો. ઉપાસનાની વાતો તો મને **જન્મસિદ્ધ** મળેલી છે. **હું પહેલા ધોરણ**માં ભણતો ત્યારે પણ

ઉપાસનાની વાતો કરતો હતો. અને ઉપાસનાની વાતો તો **મારા ગુરુજી નંદબાબાના ગળથૂંથીના સંસ્કારમાંથી આવેલ છે.** ભગવાન ધામમાંથી આવીને કહે કે ઉપાસનાની વાતો બંધ કર તો પણ ઉપાસનાની વાતો બંધ ન થાય. પછી બીજાની વાત જ ક્યાં રહી ? મારા ગુરુજીએ મને સંસ્કૃત ભણાવતાં પહેલાં **'ધણીના ખાટલે ધણી જ રાખજે'** એ **સૂત્ર** આપ્યું છે ; એ હું ક્યારેય ન ભૂલું....

આવી બળભરી વાણી સાંભળી પેલા ભક્ત તો **ચૂપ** જ થઈ ગયા. ને ગુરુજીના પગમાં પડી ગયા.

વ્હાલા બાળકો ! આવા છે આપણા પૂજ્ય ગુરુજી! તેમના લોહીના કણેકણમાં સર્વોપરી ઉપાસના રહેલી છે. ઉપાસનાનું ખંડન થતી વાત પણ ગુરુજી સાંભળી શકતા નથી. પૂજ્ય ગુરુજીની ઉપાસનાની બળભરી વાતો સાંભળી અનેક મુમુક્ષુઓના સંશયના સમાધાન થયા છે અને એકાંતિક ભક્ત બન્યા છે. તેમને એક ભગવાનનું જ બળ છે. તેઓ ઇશનિષ્ઠા અને ગુરુનિષ્ઠાના બળ પર જ બધા કાર્યો કરે છે. ગુરુજીના આ જીવન પ્રસંગો દ્વારા આપણે પણ શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દૃઢ કરવી. ભગવાનનું જ બળ રાખવું. ગુરુજીનું આપેલું સૂત્ર યાદ રાખવું : સર્વોપરી તો એક મારો મહારાજ જ છે.



|| નિત્યનિયમ વિભાગ ||



સુચન : સંચાલકોએ નીચે આપેલ 'શ્રી સદ્‌ગુરુ વંદના' સ્વયં ગાઈ-બાળકો પાસે ગવડાવી; રાગ-ઢાળ શીખવવા અને કંઠસ્થ કરાવવી.

શ્રી સદ્‌ગુરુ વંદના

(દોહા)

પરમગુરુ શ્રીસહજાનંદ, અક્ષારધામ કે વાસી;
પ્રગટ પ્રાપતિ સદ્‌ગુરુ મોહે, મેં તવ ચરનકી દાસી. ૧
એક આશ રાજત ઉર ભીતર, સદ્‌ગુરુ મહિમા ગાઉં;
પ્રગટ ભક્તિ કે આનંદ સે, અહોનિશ મોજ મેં પાઉં. ૨



(ચોપાઈ)

હે પરમેશ્વર ભવદુઃખહારણ, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ;
મોક્ષકે કારન કરૂણાસાગર, સદ્‌ગુરુ આપ દીનો સુખસાગર. ૩
ગુરુકી મહિમા ન્યારી ન્યારી, અચરજકારી જાઉં બલિહારી;
પાપ તાપ સંતાપ સમુહકો, પલમે વિદારે જનમજનમકો. ૪
બંદઉ સદ્‌ગુરુ મહાસુખરાશી, ઉદ્ધવીય મત જગપ્રકાશી;
હરિમુખસે શુભ મંત્ર હિ લીના, મોક્ષકાજ નિજજનકુ દીના. ૫
સ્વધર્મરક્ષક નિજજનત્રાતા, શરનાગત વત્સલ સુખદાતા;
ઐસે રામાનંદ મુનીશા, તવ ચરન મેં નામું શીશા. ૬



મુક્તમુનિ કે ચરણારવિંદા, પ્રણતિ કરુ મેં સો સુખકંદા;
સતસંગકી જનની હે સ્વામી, ગુરુ શ્રીહરિકે અંતરજામી. ૭
શશી શોભત હે વ્યોમ ઉડુગન, તૈસે હી સ્વામી સાધુ સમાજન;
સકલ કલા મંડિત હે સ્વામી, તવ મહિમા ગાવે બહુનામી. ૮
જાકે બચન હે બ્રહ્મસરિતા, જો જન પાન કરૈ હે મીતા;
હોવત સદ્ય સો બ્રહ્મસ્વરુપા, અમૃતપદ પાવત હિ અનુપા. ૯



જનમજાત સિદ્ધાનંદ જેહિ, હરિગુણ ગાવે અનુપમ તેહિ;
હે સદ્‌ગુરુ કાગદ મુજ અંતર, હરિમૂરત તુમ ચીતરો નિરંતર. ૧૦
અપર સોઈ આધારાનંદા, કાલ કરમ અરુ માયાફંદા;
ટારત શરણાગત કે અપારા, તવ પદ પ્રણમું વારમવારા. ૧૧
પ્રભુ ચરન બિન કો સુખ નાહી, ત્રિભુવન લોક-ભોગ કે માંહી;
પ્રીતિ હરિ સે અખંડ રહાવે, શ્રીહરિ જીન બીન રહન ન પાવે. ૧૨





ઐસે ગુરુવર હરિપ્રિયદાસા, સકલ જગતકો કરન ઉજાસા;
બઢત મુમુક્ષુ આપ સમાગમ, એસે સંત કો ગાત હે આગમ. ૧૩
યહુ જુગ નિત્ય સકલ ગુન ગાવે, અજ ભવ જિસકો પાર ન પાવે;
દાસભક્તિ સે પ્રભુ કો રીઝાવે, સેવા સમરપન જીય મે લાવે. ૧૪
વૈકુંઠચરણસ્વામીજી તુમારે, ચરનકમલમે નમન હમારે;
શ્રી વચનામૃત કે અભ્યાસી, તાકે ચરનમે મથુરા કાશી. ૧૫



કીરતન કથા હરિ કી કહાવે, ધ્યાન ભી જીસકે જીયમે રહાવે;
નારાયણકા સ્વરૂપ હે પ્યારે, સાધુ સંત ઔર ભક્ત દુલારે. ૧૬
નિર્બલકો બલ નિર્ધનકો ધન, પંચસેવા વ્રત શરન હે દીનજન;
દેવપૂજા ઔર ગોપ્રતિપાલક, મંદિર સેવા ભક્ત ઉદ્ધારક. ૧૭
મહંતકે રૂપમે સંત વિરાગી, જગસે અસંગ પ્રભુ અનુરાગી;
ઐસે ગુરુવર પ્રાણસે પ્યારે, નંદકિશોર નામ ઉજીયારે. ૧૮



એકનિષ્ઠ હરિકૃષ્ણ ઉપાસે, નિશદીન તાકો હિ જસ પ્રકાશે;
નંદબાબાકો પરમ દુલારો, સો સદ્‌ગુરુ મુજ મોહ નિવારો. ૧૯
તુચ્છ મશક સમ આતમ મેરો, તુમ ગરુડ મોહે આશરો તેરો;
કરી કીરપા નિજ પંખ હિ ધારો, ભરો ઉડાન અક્ષરપદ ન્યારો. ૨૦
તીર્થરાજ શ્રી લોયાધામા, સદ્‌ગુરુ લક્ષ્ય કીયો સુખધામા;
ઈસ ભૂમિ પર વચનામૃતકી, અષ્ટાદશધારા બહી ઉનકી. ૨૧



શાકોત્સવ ઔર મિલન ધર્મકુલ, ચંદ્રગ્રહણ ગાદી સ્થાપન મુલ;
લોયાધામ લીલા પ્રભુ કાવી, ચિંતવન કર મન હૃદયમે ભાવી. ૨૨
પ્રગટ ગુરુહરિ પ્રગટ સંતકે, પ્રગટ તીર્થ ઔર પ્રગટ ભક્તકે;
દરશન સ્પર્શ સુમિરન ઉનકા, દેહ બુદ્ધિ અઘ ટારે મનકા. ૨૩
એક ટેક ધરી રટીયે અંતર, ગુરુહરિ કીરપા બરસે નિરંતર,
જો યહ પાઠ સનેહે ગાવે, હરિ મુરત સો હિય મે પાવે. ૨૪

(દોહા)

હે ! હરિકૃષ્ણ હે ! ઘનશ્યામ, ગુરુમહિમા જશ ગાયો;
નાથ તું હી તું બિરાજો ઉરમે, એહિ મે અરજ સુનાયો. ૨૫

શ્રી સદ્‌ગુરુદેવકી જય

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) કોનું બળ અતિશય રાખવું?.....

(૨) ઈ.સ.૨૦૧૨માં ગુરૂજી સત્સંગ પ્રચાર માટે ક્યાં ગયા હતા?.....

(૩) સર્વે સાધનમાં મોટુ સાધન ક્યું છે? વચનામૃતના આધારે જણાવો.

.....

(૪) લડંનના આગેવાન ભક્તોને ગુરૂજીએ શું પ્રત્યુત્તર આપ્યો ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'સ્વામિનારાયણ નામ વ્હાલુ લાગે' એ કીર્તન પર કથા ગુરૂજીએ ક્યાં કરી હતી?

( )A - આફ્રિકા ( )B - અમેરીકા ( )C - લંડન

(૨) ભગવાન સંબંધી સાધનમાં કયુ એક રહે તો બાકી સર્વે સાધન આવે ?

( )A - બ્રહ્મચર્ય ( )B - સેવા ( )C - નિશ્ચય

(૩) આંત્યાતિક કલ્યાણ શેનાથી થાય છે?

( )A - સંતોની સેવા ( )B - શાસ્ત્રજ્ઞાન ( ) C- ભગવાનની ઉપાસના

(૪) ગુરૂજી કોના બળે બધા કાર્યો કરે છે?

( )A - પોતાના બળે ( )B - ગુરૂભાઈના બળે ( )C - ઈશનિષ્ઠાના બળે

પ્રશ્ન-૩ આપણી ગુરૂપરંપરા જણાવો.

(૧) .....

(૨) .....

(૩) .....

(૪) .....

(૫) .....

(૬) .....

(૭) .....

(૮) .....

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) સર્વોપરી ઉપાસના એટલે શું?

.....

(૨) 'ગળથુંથીમાંજ સર્વોપરી ઉપાસના' આ વાક્ય પર પ્રકાશ પાથરો.

.....

.....

(૩) ગુરૂજીએ ઉપાસના બાબતે કયુ સૂત્ર આપેલું છે?

.....

સભા-૨૫ : પૂજામાં ભગવાન પધારે છે

સૌરાષ્ટ્રમાં **સારંગપુર** પાસે **બોટાદ** શહેર છે. બોટાદમાં **વણિક શિવલાલભાઈ શેઠ** મહારાજના **અનન્ય ભક્ત** હતા. તેઓ બહુ જ **સમજણવાળા** હતા.

પૈસે-ટકે ખૂબ જ સુખી છતાં પૈસાનું સહેજ પણ **અભિમાન ન હતું.** તેઓ નિત્યપ્રત્યે **ભગવાનની પૂજા-સેવા ભાવવિભોર થઈને કરતા.** જેથી **સાક્ષાત્ શ્રીજીમહારાજ પ્રગટ થઈ તેમની પૂજાને અંગીકાર કરતા.** મહારાજ પધારે ત્યારે **બીજા**ને દર્શન થતાં, પરંતુ શિવલાલભાઈને દર્શન થતાં ન હતાં. મંદિરેથી **સંતો પણ** શિવલાલભાઈની પૂજાનો સમય થાય ત્યારે મહારાજનાં **દર્શન કરવા આવતા.**

એમાં એક વખત એવું બન્યું કે શિવલાલભાઈ **પૂજામાં માળા ફેરવતા** હતા.

ત્યારે શેઠના **મુનીમે** આવીને છેટેથી કહ્યું : "શેઠ ! **રૂના ભાવ વધ્યા** છે તો માલ વેચી દઉં ?" ત્યારે શેઠનું મન પૂજામાંથી તે વાતમાં ગયું; અને **લાભ** થશે એમ માની **'હા'** કહી.

મન પૂજામાંથી **વ્યવહાર**માં જવાથી **મહારાજ તેમની પૂજામાંથી જતા રહ્યા** એટલે **સંતો પણ મંદિરે જતા રહ્યા.** પછી શિવલાલભાઈ વિચારમાં પડ્યા કે, 'રોજ તો હું **વિસર્જનમંત્ર** બોલું ત્યાર પછી સંતો જાય છે ને આજ આમ કેમ ?'

પૂજા પૂરી થયા બાદ મંદિરે જઈને સંતોને આનું કારણ પૂછ્યું.



ત્યારે સંતોએ કહ્યું કે, "અમે તમારાં દર્શન કરવા નથી આવતાં, પણ **તમારી પૂજામાં મહારાજ સાક્ષાત્ પધારે છે, તેમનાં દર્શને આવીએ છીએ;** પરંતુ તમે આજે મહારાજને મૂકી **ઘનમાં** ધ્યાન દીધું. એટલે મહારાજ ઊઠીને જતા રહ્યા એટલે અમે પણ જતા રહ્યા.''

આ સાંભળીને શિવલાલભાઈને **પોતાની ભૂલનું અપાર દુઃખ** થયું. પછી તો તેઓએ પૂજા કરવા માટે એક **જુદો રૂમ** રાખ્યો, જ્યાં કોઈ **વિક્ષેપ** ન કરે.

વહાલા બાળમિત્રો ! આ વાત પરથી આપણે પણ એ શીખવાનું કે પૂજામાં ખૂબ જ એકાગ્રતા રાખવી. વાતો કરતાં કરતાં કે બીજું કામ કરતાં કરતાં પૂજા ન કરાય. નહિ તો ભગવાન પૂજા અંગીકાર કરતા નથી. પૂજા બને ત્યાં સુધી એકાંતમાં અથવા મંદિરમાં કરવી જોઈએ. પૂજા ઔપચારિક કે યંત્રવત્ થવી ન જોઈએ. પૂજા તો ભગવાનમાં પ્રેમ કેળવવાનું એક માધ્યમ છે. એટલા માટે આપણે સંતો કે મોટા ભક્તો પાસેથી ખૂબ સરસ પૂજા કરતાં શીખી જવું જોઈએ.

નિત્યપૂજા વિધિ

• પૂજા શું છે ?

પૂજા એટલે શ્રદ્ધા, સન્માન અને વિનયનો ભાવ પ્રગટ કરનારી વિધિ. સમર્પણનો ભાવ પ્રગટ કરતું કાર્ય. આભાર વ્યક્ત કરતી વર્તણૂક.

ઉપકારી એવા કોઈપણ જીવ કે નિર્જીવ; વ્યક્તિ કે વસ્તુની પ્રત્યે આદર-શ્રદ્ધા- સન્માન પ્રગટ કરવો એટલે પૂજા.

• ભગવાનની પૂજા શા માટે કરવી જોઈએ ?

આપણા પર ભગવાનના અનંત ઉપકારો છે. તેઓએ હવા, પાણી, ખોરાક, સુંદર સૃષ્ટિ જેવાં અમૂલ્ય તત્ત્વો તેમજ માનવ શરીર વિનામૂલ્યે આપણને ભેટ આપેલ છે. ભગવાનના આ અનંત ઉપકારોને ભૂલી આપણે ઘમંડી બની અધોગતિના પંથે લપસી પડીએ છીએ. આ ન થાય એ માટે



ભગવાનના અનંત ઉપકારોનું સતત અનુસંધાન રાખવા, તેમનો આભાર વ્યક્ત કરવા, જીવનને નમ્ર બનાવવા અને ભગવાનના દિવ્યગુણોને જીવનમાં પ્રગટાવવા ભગવાનની પૂજા આવશ્યક છે.

• નિત્યપૂજા શું છે ?

– ભગવાનનો **નિત્ય મેળાપ** એટલે નિત્યપૂજા.

– ભગવાનનો **આભાર** માનવો એટલે નિત્યપૂજા.

– આપણા ઇષ્ટદેવની નિયમિતપણે થતી પૂજા એટલે નિત્યપૂજા.

– ભગવાનના **સ્વામિત્વનો સ્વીકાર** અને પોતાના **દાસત્વપણા**ની નિયમિતપણે યાદ એટલે નિત્યપૂજા.

– પૂજાથી મન સ્થિર થાય છે. જીવનમાં સદ્‌ગુણો વૃદ્ધિ પામે છે. પ્રભુના **પ્યારા** બનાય છે ને રાજીપો મળે છે.

• નિત્યપૂજા વ્યક્તિગત શાં માટે ?

ઘર મંદિરમાં સવાર-સાંજ દીવો-પૂજા થતા હોવા છતાં પણ આપણે આપણી વ્યક્તિગત પૂજા કરવી જોઈએ... કેમ કે જેમ

→ ભૂખ આપણને લાગે અને આપણા બદલે બીજો જમી લે તો ચાલે ?

→ ઉંઘ આપણને આવે અને આપણા વતી બીજો ઉંઘી લે તો ચાલે ?

→ વિદ્યા આપણે ભણવી છે ને આપણા બદલે બીજો ભણી લે તો ચાલે ?

→ તેમ, વ્યક્તિગત સુખ-શાંતિ ને સંતોષ માટે વ્યક્તિગત પૂજા.

વ્યક્તિગત ઘડતર માટે વ્યક્તિગત પૂજા.

વ્યક્તિગત પૂજા એટલે ભગવાનની **અંગત મુલાકાત**.

• નિત્યપૂજામાં કોની કોની મૂર્તિઓ રાખવી ?

અનંતકોટિ બ્રહ્માંડોના સર્જક, પોષક, ધારક અને રક્ષક પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી



સ્વામિનારાયણ એક જ છે. તે જ **સર્વ અવતારોના અવતારી** છે, જેમ **હાથીના પગલામાં** બધાં જ પ્રાણીઓના પગલાં આવી જાય છે તેમ પોતાના ઇષ્ટદેવના સ્વરૂપમાં જ અન્ય સર્વ અવતારો અને દેવતાઓનાં સ્વરૂપો આવી જાય છે. માટે **શ્રીજીમહારાજ** અને **મુક્તોની મૂર્તિઓ** જ આપણી પૂજામાં રખાય. અને પૂજાની મૂર્તિઓ પણ **આખી** અને **સ્પષ્ટ** હોવી જોઈએ. **દિવાળી કાર્ડ** કે **અર્ધપ્રતિમા** પૂજામાં ન રખાય. ખંડિત થયેલી, ફાટી ગયેલી મૂર્તિઓ બદલી લેવી જોઈએ.

પૂજા કરવાની પદ્ધતિ

(૧) પૂજાનો આદર્શ સમય :

સૂર્યોદય પહેલાં જાગવું. પથારીમાં બેઠા બેઠા બે મિનિટ ભગવાનનું **ધ્યાન** ધરવું. ત્યારબાદ શૌચ-દાતણ-સ્નાનાદિક ક્રિયા કરવી. (સ્નાન કરતાં-કરતાં ભગવાનનું નામ લેવું. નહિ તો **રુધિર**થી નાહ્યા બરોબર કહેવાય.) સ્નાનાદિક ક્રિયામાંથી પરવારી સૌ પ્રથમ **પૂજાવિધિ**નું કાર્ય કરવું. **પહેલું કામ પૂજા પછી બીજુ બધું**.

(૨) વસ્ત્રો :

પૂજાના વસ્ત્રો ધોયેલા, સ્વચ્છ અને અલગ જ રાખવાં. આ વસ્ત્રોમાં એક ધોતીયું ને એક ઉપવસ્ત્ર રાખવું, તે ઉત્તમ છે. જો ધોતીયું અનુકૂળ ન આવે તો સફેદ ઝભ્ભો-લેંઘો ફક્ત પૂજા માટે અલગ રાખવો. રોજિંદા જીવનમાં આ વસ્ત્રોનો ઉપયોગ ન કરવો.

– પેન્ટ-શર્ટ પહેરીને પૂજા કરવી તે યોગ્ય નથી.

– પૂજા દરમિયાન ટુવાલ, લુંગી કે ચડ્ડો-ચડ્ડી તો પહેરાય જ નહિ.

(૩) સ્થળ; દિશા અને આસન :

પવિત્ર, શાંત અને એકાંત સ્થળ પૂજા માટે પસંદ કરવું. એક આસન પાથરી તેના પર ઉત્તર કે પૂર્વ મુખે બેસવું. સામે બીજા આસન પર ઠાકોરજીની મૂર્તિ ખોલ્યા વિના રાખવી. તિલક-ચાંદલો વગેરે અન્ય સામગ્રી એક બાજુ મુકવી.


(૪) તિલક-ચાંદલો :

કપાળ પર ચંદનનું તિલક અને કંકુનો ચાંદલો કરવો. ત્યાર બાદ **છાતી** પર અને **બંને ભુજા** પર ચંદનનું તિલક અને ચાંદલા કરવા. (સ્ત્રીઓએ કપાળે કેવળ ચાંદલો કરવો.)

(૫) ધ્યાન અને માનસી :

પદ્માસન અથવા સુખાસન (પલાઠી)માં બેસી **ધ્યાન** કરવું. ધ્યાનમાં **આત્મચિંતન, પરમાત્મચિંતન** અને **ધ્યેયનું** ચિંતન કરવું. **હું આ દેહ નથી - આત્મા છું. મારા આત્મામાં પરમાત્મા સદાય અખંડ વિરાજમાન છે. મારે કોઈ પણ ભોગે, કોઈ પણ સંજોગોમાં શ્રીજીમહારાજ અને ગુરુજીને રાજી કરવા જ છે.**

ત્યારબાદ **માનસી** પૂજા કરવી. આંખો બંધ કરી કલ્પના કરવી ને મનની આંખથી દર્શન કરવા. સરસ મજાની સવાર છે, શીતળ સુગંધી વાતાવરણ છે. શ્રીજીમહારાજ ઢોલીયા પર પોઢ્યા છે. હું ચરણ ચાંપુ છું. પ્રેમથી તેમને જગાડું છું. ઋતુ પ્રમાણે નિર્મળ જળથી સ્નાન કરાવું છું.


પ્રાર્થના
શિક્ષાપત્રી વાંચન
પ્રદક્ષિણા
તપની માળા
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ
ધ્યાન અને માનસી
તિલક-ચાંદલો
માળાજાપ

સુંદર શણગાર ધરાવું છું. થાળ ધરાવું છું. આરતી ઉતારું છું ને ખૂબ લાડ લડાવું છું.

નોંધ : (માનસી પૂજા વિષે વિશેષ માહિતી માનસી પૂજાના ૩૩માં પાઠમાં આપવામાં આવેલ છે.)

આમ, સવારની માનસી પૂજા કરી પૂજાની મૂર્તિઓ ગોઠવવી. મૂર્તિ સ્થાપન બાદ, **આહ્વાન મંત્ર** બોલી હાથ જોડી ભગવાનને પૂજામાં પધારવા પ્રાર્થના કરવી.

(૬) આહ્વાન મંત્ર :

ઉતિષ્ઠોતિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ! ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરંકુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ, સ્વસ્થાનાત્પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

અર્થ : હે ધર્મના પુત્ર ! હે દયાસિન્ધુ ! હે સ્વામિનારાયણ ! હે પ્રભુ ! જાગો અને પોતાના ભક્તોનું પરમ કલ્યાણ કરો. હે પરમેશ્વર ! હે દેવ ! હે ભગવન્ ! આપ આપના સ્થાનમાંથી, અક્ષરધામમાંથી મારી પૂજામાં પધારો. હું તમારી પૂજા કરવા ઇચ્છું છું. આપ સદા માટે મારી સન્મુખ વિરાજમાન થાવ.

(૭) માળાજાપ :

આમ, પ્રાર્થના કરી પછી સ્વામિનારાયણ મંત્રની **પાંચ** કે **સાત** કે **તેથી વધુ** માળા ફેરવવી.

(૮) તપની માળા :

પુલહાશ્રમમાં **નીલકંઠપ્રભુએ** કરેલ **તપની સ્મૃતિ** કરતાં કરતાં **એક પગે** ઊભા રહી બંને હાથ ઊંચા રાખી તપની એક માળા ફેરવવી.

(૯) પ્રદક્ષિણા :

ભગવાન જ આપણા જીવનનું **કેન્દ્રબિંદુ** રહે તેવી ભાવના કરતાં કરતાં માળા ફેરવતાં ફેરવતાં શ્રદ્ધા પ્રમાણે પ્રદક્ષિણા કરવી.

(૧૦) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ :

ત્યાર બાદ શ્લોક બોલતાં-બોલતાં પાંચ દંડવત્ કરવા. જાણે-અજાણે થયેલ ભક્તોના અપરાધની ક્ષમા માટે છઠ્ઠો દંડવત્ કરવો. (બહેનોએ પંચાંગ પ્રણામ કરવા.)

(૧૧) પ્રાર્થના :

દંડવત્ બાદ આસન પર ફરી બેસીને હાથ જોડીને ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરવી.

હે મહારાજ ! હે સ્વામી ! અહં-મમત્વરૂપ માયા થકી મારી રક્ષા કરજો. ઇન્દ્રિયો, અંતઃકરણરૂપ શત્રુ થકી મારી રક્ષા કરજો. દરેક પ્રકારના કુસંગી થકી મારી રક્ષા કરજો. હું હંમેશા આપના દાસનો દાસ થઈને રહું, તમામ આજ્ઞા પાળું, ખરાબ કાર્યને ન કરું, ને આપને ને આપના સંતો-ભક્તોને રાજી કરી શકું ને આપનો આદર્શ ભક્ત બનું તેવા બળ-બુદ્ધિ-શક્તિ આપજો. હે પ્રભો ! આપનામાં ને આપના સંતો-ભક્તોમાં મને સદાય દિવ્યબુદ્ધિ ને નિર્દોષબુદ્ધિ રહેજો.

પછી નીચેનો ક્ષમાયાચના મંત્ર બોલવો.

અપરાધ સહસ્રાણિ ક્રિયંતેઽહર્નિશં મયા ।
દાસોઽયમિતિ માં મત્વા ક્ષમસ્વ પુરુષોત્તમ ॥

અર્થ : હે પુરુષોત્તમ ! હે ભગવાન્ ! મારાથી જાણ્યે-અજાણ્યે દિવસ-રાત હજારો પાપ થઈ જાય છે. માટે મને આપનો દાસ જાણી, અલ્પમતિનો બાળક જાણી ક્ષમા કરો. પ્રાર્થના કરી પ્રત્યેક મૂર્તિનો **ચરણસ્પર્શ** કરી આંખે સ્પર્શ કરવો.

(૧૨) વિસર્જન મંત્ર :

અંતમાં, પૂજા પુરી થતાં નીચેનો વિસર્જન મંત્ર બોલીને મૂર્તિઓને ક્રમમાં પાછી ભેગી કરવી.

સ્વસ્થાનં ગચ્છ દેવેશ, પુજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામ પ્રસિધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

અર્થ : હે દેવેશ ! મારા અભિલષિત કાર્યની સિદ્ધિને અર્થે આપે મારી પૂજા અંગીકાર કરી, હવે આપ આપના સ્થાનમાં, કહેતાં મારા હૃદયમંદિરમાં બિરાજો અને આવતીકાલે મારી પૂજા અંગીકાર કરવા પુનઃપધારજો.

(૧૩) શિક્ષાપત્રી વાંચન :

શિક્ષાપત્રીના ઓછામાં ઓછા **પાંચ આજ્ઞાવચનો** વાંચવા.

(૧૪) પૂજા પછી તરત કરવાનું નિત્યકર્મ :

પૂજા કર્યા બાદ ઘર મંદિરમાં દર્શન-દંડવત્-પ્રાર્થના કરી, આપણા સદ્‌ગુરુઓને દંડવત્ કરી પછી માતા-પિતાને પંચાંગ પ્રણામ કરવા અને ઘરના અન્ય સભ્યોને પ્રણામ સહ જય સ્વામિનારાયણ કહેવાં.



● પરમ પૂજ્ય ગુરુજી કહે છે :

નિત્યપૂજા આપણા આત્માનો ખોરાક છે. સવારના પહોરમાં આપણે ભગવાન અને સંતની પ્રાર્થના-પૂજા કરીએ ને તેમને સંભારીએ તો બાકીનો આખો દિવસ ભગવાન આપણને સંભાળે; આપણા જીવનનું ગાડુ ભગવાન હંકારે, જો શ્વાસ લીધા વગર ચાલે તો નિત્યપૂજા વગર ચાલે.

• આવશ્યક સૂચનો :

- પૂજાને **પગ અડે** કે **અપવિત્ર** થાય તેવી જગ્યાએ જ્યાં-ત્યાં ન મુકવી. મંદિર પાસે કે અન્ય કોઈ યોગ્ય જગ્યાએ મુકવી.
- પૂજા કર્યા વિના પાણી પણ પીવાય નહિ ; તો પછી ખવાય શાથી ?
- પૂજા કરતાં-કરતાં કંઈ પણ બોલાય નહિ. આડું-અવળું જોવાય નહિ. મન દઈને પૂજા કરવી.
- તિલક-ચાંદલો કર્યા વિના પૂજા ન કરાય.
- પૂજા ક્યારેય **અપૂજ્ય** ન રખાય. બહારગામ જઈએ તો પૂજા સાથે લઈ જવી.
- પથારીવશ અવસ્થા હોય, માંદગી હોય કે વૃદ્ધપણાની અશક્તિ હોય ત્યારે પૂજા કરતી વ્યક્તિને પોતાની પૂજા આપીને પોતે માનસીપૂજા તથા યથાશક્તિ નામ, જપ, પાઠાદિ કરવા. (સામાન્ય આપત્તિને વિશેષ આપત્તિ ન માની લેવી.)

વ્હાલા બાળભક્તો ! આ રીતે પૂજા કરવામાં ફક્ત ૨૦ થી ૨૫ મિનિટ લાગે. બસ આટલું કરીએ તો ભગવાનની આજ્ઞા પળાઈ જાય ને ભગવાન રાજી થઈ જાય. શ્રીજીમહારાજની આ પાયાની આજ્ઞા છે. ભગવાનને ગમતાં થવાની ને ૧૦૦% સત્સંગી બનવાની આ તક ચૂકવી નહિ. પળભરની નવરાશ ન ધરાવતાં પૂજ્ય ગુરુજી રોજ એક કલાક પૂજા માટે ગાળે છે એજ બતાવે છે કે એમને મન પૂજાનું મહત્ત્વ કેટલું બધું છે !!

"સમય નથી મળતો ?" એવું બહાનું ક્યારેય કાઢવું નહિ. ખાવા-પીવાનો ને બીજા કામ કરવાનો જો સમય મળે તો પછી આપણને જેણે ૨૪ કલાક વાપરવા આપ્યા તેમની માટે ફક્ત અડધો કલાક પણ ન ગાળીએ તો આપણા જેવો "કૃતઘ્ની" બીજો કોણ ?

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) બોટાદ શહેર કયાં આવેલ છે.

( ) A - સૌરાષ્ટ્ર ( ) B - ચરોતર ( ) C - કાનમ

(૨) શિવલાલભાઈ શેઠ કયાંના વતની હતા ?

( ) A - સારંગપુર ( ) B - બોટાદ ( ) C - સૌરાષ્ટ્ર

(૩) સંતો કોની પૂજાના દર્શન કરવા જતા ?

( ) A - શિવલાલભાઈ શેઠ ( ) B - ભગાદોશી શેઠ ( ) C - પ્રેમચંદભાઈ શેઠ

(૪) ચાલુ પૂજામાં કોણ બોલ્યુ ?

( ) A - શિવલાલ શેઠ ( ) B - મુનિમ ( ) C - સંતો

(૫) ચાલુ પૂજામાં શું ન કરવું જોઈએ ?

( ) A - વાતો ( ) B - ચેનચાળા ( ) C - વ્યવહાર

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) પૂજા એટલે શું?

.....

.....

(૨) નિત્યપૂજા શું છે?

.....

.....

(૩) ભગવાનની પૂજા શા માટે કરવી જોઈએ?

.....

.....

(૪) વ્યક્તિગત પૂજા શા માટે કરવી જોઈએ?

.....

.....

(૫) નિત્યપૂજાનો ક્રમ જણાવો.

.....

.....

પ્રશ્ન-૩ 'આહ્વાનમંત્ર'નો અર્થ જણાવો.

.....

.....

.....

.....

પ્રશ્ન-૪ 'વિસર્જનમંત્ર' જણાવો.

.....

.....

.....

.....

પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજ અને મુક્તોની જ મૂર્તિઓ આપણી પૂજામા રખાય ? ☐

(૨) શું તમે પૂજા કરો છો? ☐

(૩) સ્ત્રીઓએ પણ કપાળે તિલક-ચાંદલો કરવો? ☐

(૪) પૂજા કર્યા વિના જમી લઈએ તો ચાલે? ☐

(૫) શું આપણે દેહ નહિ પરંતુ આત્મા છીએ? ☐

સભા-૨૬ : રીત જગતસે ન્યારી

એવા સંત સદા શુભમતિ, જકત દોષ નહિ જેમાં રતિ ।
સૌને આપે હિત ઉપદેશ, એવા સંતને નામું હું શીશ ॥



સાધુતાના તમામ સદ્‌ગુણો આપણા **દાદાગુરુજીમાં** હતા. તેઓ **ધૂપસળી**ની માફક પોતે બળીને બીજાને સુગંધ આપતા. તેમનું **સમગ્ર જીવન** બીજા માટે હતું. તેમની પ્રત્યેક **ક્ષણ** સત્સંગના સારા માટે જ હતી. દાદાગુરુજીના સંપર્કમાં આવેલ સૌ કોઈના પર એક અમીટ છાપ પડતી, પોતાના પાસે આવેલાને તેઓ **પ્રેમપાશમાં** એવા બાંધી દેતા કે તેમાંથી છુટવાનું ભલભલાને મુશ્કેલ થઈ પડતું હતું. સત્સંગી-કુસંગી સૌને તેઓ **પોતાના** લાગતા. ધનિક હોય કે ગરીબ, સુખી હોય કે દુઃખી, સ્વધર્મી હોય કે અન્યધર્મી, સંત હોય કે અસંત સૌને દાદાગુરુજી **પ્રેમ-હૂંફ-બળ** પૂરું પાડતા ને જીવન જીવવામાં મદદરૂપ થતા. દાદાગુરુજીની આવી **ઉચ્ચ સાધુતાના** કારણે ઘણા લોકો ત્યાં ખેંચાય આવતા. **જ્યાં મધપુડો** હોય ત્યાં માખીઓ ભેગી થઈ જાય છે, **જ્યાં સુગંધિત પુષ્પો** હોય ત્યાં ભ્રમર ખેંચાય આવે છે, **જ્યાં લોહીચુંબક** હોય ત્યાં લોખંડ ખેંચાય આવે છે તેમ **દાદાગુરુજી જ્યાં હોય** ત્યાં જનસમુદાય આપમેળે ભેગો થઈ જતો.

પૂજ્ય દાદાગુરુજીની આવી વધતી જતી **પૂજા-પ્રતિષ્ઠા**ને **વડતાલમાં** કેટલાક **દ્વેષીઓ** સહન નહોતા કરી શકતા. દાદાગુરુજી કેમ કરીને વડતાલ **છોડીને** ચાલ્યા જાય તે માટે અવાર-નવાર નાના-મોટા **કાવતરા** કર્યા કરતા હતા.

એક વાર દાદાગુરુજીને **હેરાન** કરવા માટે કેટલાક દ્વેષીઓએ દાદાગુરુજીના **મકાનની બારી પાસે મુતરડી** અને **સંડાસ** બનાવવાનું





નક્કી કર્યું. બારી પાસે સંડાસ-મુતરડી બનાવીએ તો તેની **દુર્ગંધથી નંદસ્વામી હેરાન** થાય તેવી તેની **મેલી મુરાદ** હતી. **મુતરડી-સંડાસ** બનાવવાનું **ચાલુ** થયું. દાદાગુરુજીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેમણે પોતાના હેતવાળા **ચાર હરિભક્તોને** બોલાવ્યા અને કહ્યું : **ભક્તો ! આપણે ભગવાનના સાધુની સેવા તન-મન-ધનથી કરવી જોઈએ;** આ મકાનની બાજુમાં કેટલાક સંતો (દ્વેષી, અસાધુ) સંડાસ-મુતરડી બનાવી રહ્યાં છે તમે ચારેય ભક્તો તેમની પાસે જાવ અને **થઈ શકે તેટલા રૂપિયાની સેવા/મદદ કરો.**





દાદાગુરુજીના આવા શબ્દો સાંભળી ચારેય ભક્તો આશ્ચર્યમાં પડી ગયા. તેમણે કહ્યું : પણ સ્વામી ! આ તમોને **હેરાન-પરેશાન** કરવા માટે જ અહીંયા મુતરડી-સંડાસ બનાવે છે.

દાદાગુરુજી આ વાતને સારી રીતે **જાણતા** હતા. છતાં તેઓ કહે : **આપણને તો આપણા અવળા સ્વભાવો જ હેરાન-પરેશાન કરતા હોય છે. ભગવાનના સાધુ કોઈને હેરાન-પરેશાન ન કરે.** તે સાધુઓ તો હરિભક્તો માટેની આ વ્યવસ્થા (સેવા) કરી રહ્યા છે. આપણાથી થવાય તેટલા આ સેવાના કાર્યમાં **મદદરૂપ** થવાનું !!!

ચારેય ભક્તો દાદાગુરુજીની **મરજી જાણી** તે સાધુઓ પાસે

પહોંચ્યા ને સર્વે વાત જણાવતા કહ્યું : અમને **'નંદસ્વામી'** એ આપના **યજમાન** થવા માટે મોકલ્યા છે. સંડાસ-મુતરડી બનાવવા માટે **કેટલા રૂપિયાની જરૂર છે ?** અમને જણાવો તો અમે પણ **સેવા કરીએ** ! હરિભક્તોના મુખે આવી વાત સાંભળતા જ પેલા સાધુઓનો સર્વે દ્વેષ **ઓગળી** ગયો. તેમને દાદાગુરુજી પ્રત્યે **સાચા સાધુ** હોવાની ભાવના જાગ્રત થઈ. તેઓ **ક્ષોભ** અને **અપરાધનો ભાવ** અનુભવતા અનુભવતા દાદાગુરુજી પાસે આવ્યા. તેમણે દાદાગુરુજીની **માફી** માગી અને દાદાગુરુજીના પગમાં પડી **રડી** પડ્યા. તેઓ રડતાં રડતાં દાદાગુરુજીને કહેવા લાગ્યા : **સ્વામી ! અમે તમારું ભૂંડું કરવા ઇચ્છ્યું તો પણ તમે અમારું સારું ચિતવ્યું.** અમે તમારું **અહિત** ઇચ્છતા હતાં છતાં તમે **અમારું ખરાબ ન કર્યું.** અમને માફ કરો, ક્ષમા કરો...






દાદાગુરુજીએ **સ્મિત હાસ્ય** કરી તેમને **સાધુના ધર્મોનો બોધપાઠ** શીખવ્યો.

વ્હાલા બાળમિત્રો ! સાચા સાધુની આવી અલૌકિક રીત હોય છે. ઝેરના ગુટડા જીરવી જાણે, અમૃત સૌને પાય. સાચા સાધુ એમ ઓળખાયજી. જે પોતાનું ભૂંડું ઇચ્છનારનું રૂડું ઇચ્છે તે સાચા સાધુ કહેવાય છે. તેથી આપણે પણ ધોબીએ ધોબી ન થાવું.





|| સૌ સાથે મળી કીર્તન-ભક્તિ કરો ||



કીર્તન

અવસર આવ્યો રે કે તમને ભજવાનો,
તનની ઉપાધી રે કે સરવે તજવાનો. ૦૧
ધારુ નહીં માથે રે કે ધણી દેહધારીને,
તમ ઉપર સરવસ રે કે નાખું વારીને. ૦૨
અવતાર ધર્યો છે રે કે તમને વરવાને,
કુળની મરજાદારે કે ખોટી કરવાને. ૦૩
અમૃતરસ મેલી રે કે વિખ હું નહીં ચાખું,
રસિયા તમ વિના રે કે વાલું નહીં રાખું. ૦૪
કરશે શું મુજને રે કે કુડાં લોકડીયાં,
જગજીવન મારે રે કે જીવલડે જડીયા. ૦૫
બ્રહ્માનંદના વાલા રે કે મા જાશો વિસરી,
તન મન ધન સોંપી રે કે થઈ રહી છું તારી. ૦૬

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) 'રીત જગ સે ન્યારી' આ પાઠ કોના ગુણોનું વર્ણન કરે છે?

.....

(૨) આપણા દાદાગુરૂજીનું નામ જણાવો.

.....

(૩) દાદાગુરૂજીને હેરાન કરવા દ્વેષીઓએ શું કર્યું?

.....

.....

(૪) દાદાગુરૂજીએ હરિભક્તોને બોલાવીને શું કહ્યું?

.....

.....

પ્રશ્ન-૨ 'તમારી દૃષ્ટિ'માં સાચા સંત કેવા હોય? તે જણાવો.

.....

.....

પ્રશ્ન-૩ 'સંત પરમહિતકારી' આ આખુ પદ શોધીને સાચા અક્ષરે લખો.

.....

.....

.....

.....

.....

.....

.....

પ્રશ્ન-૪ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) સાધુતાના તમામ સદ્‌ગુણો આપણા દાદાગુરૂજીમાં હતા. ☐

(૨) જ્યાં મધપુડા હોય ત્યાં ભૂંડ ભેગા થાય છે. ☐

(૩) કોઈ આપણુ ભુંડુ કરવા ઈચ્છે તેનું પણ આપણે રૂડું ઈચ્છવું. ☐

(૪) આપણને તો આપણા સ્વભાવો જ નડે છે. ☐

(૫) દાદાગુરૂજી સત્સંગી-કુસંગી સૌને પોતાના લાગતા. ☐

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) આપણે ભગવાનના સાધુની સેવા તન-મન-ધનથી કરવી જોઈએ.

☞ .....

(૨) પણ! સ્વામી આ તમોને હેરાન-પરેશાન કરવા માટે જ અહીંયા મુતરડી-સંડાસ બનાવે છે. ☞ .....

(૩) સ્વામી! અમે તમારૂં ભૂંડું કરવા ઈચ્છયું તો પણ તમે અમારૂં સારૂં ચિંતવ્યું

☞ .....


પ્રશ્ન-૬ યોગ્ય જોડકાં જોડો

A	B
(૧) ચેષ્ટા	(૧) ગુરૂજી
(૨) થાળ	(૨) ભૂમાનંદ સ્વામી
(૩) આરતી	(૩) પ્રેમાનંદ સ્વામી
(૪) સ્વામીશ્રીનું પ્રકરણ	(૪) મુક્તાનંદ સ્વામી
(૫) વચનામૃત	(૫) નિષ્કુળાનંદ સ્વામી
(૬) ભક્તચિંતામણી	(૬) શ્રીજી મહારાજ

સભા-૨૭ : મનુષ્યમાં શેતાન



ઇટાલી દેશના મીલાન્ શહેરનો આ પ્રસંગ છે. તે શહેરમાં એક મોટો **ચિત્રકાર** હતો. તેણે વિચાર કર્યો કે – "મારે **માણસનું ચિત્ર** દોરવું છે, પરંતુ તે માણસનું ચિત્ર હોવા છતાં તેમાં **દેવનાં દર્શન** થાય." પછી તેવા માણસને શોધી લાવ્યો અને સામે બેસાડીને તેનું ખૂબસૂરત **ચિત્ર** તૈયાર કર્યું, પછી તે ચિત્રનું નામ રાખ્યું **'ગોડ ઇન મેન' (માણસમાં ભગવાન).** તે ચિત્ર **વિશ્વમાં પ્રસિદ્ધ** થયું અને તેમને **પુરસ્કાર** મળ્યો.



આઠ વર્ષ પછી ફરીને તે ચિત્રકારને થયું કે - "હવે હું એવું ચિત્ર તૈયાર કરું કે તે **ચિત્ર માણસનું હોવા છતાં તેમાં શેતાન દેખાય. 'ડેવીલ ઇન મેન' (માણસમાં અસુર)"** એવો વિચાર કરી તે, માણસ હોવા છતાં અસુર જેવો દેખાય એવી વ્યક્તિને **શોધવા** લાગ્યો. સમય જતાં એક માણસ તેણે જોયો, તેથી તેને બોલાવીને કહ્યું : "મારે **માણસમાં શેતાન** દેખાય એવું ચિત્ર દોરવું છે, માટે **આપની પસંદગી** કરુ છું; આપ મારે ત્યાં પધારો." પેલો ગયો તેથી તેનું ચિત્ર પેલા ચિત્રકારે દોર્યું, તો બરાબર તેવું જ થયું **"ડેવીલ ઇન મેન" માણસમાં શેતાન !**

આવું ચિત્ર જોઈને પેલો વ્યક્તિ **જોરજોરથી રડવા** લાગ્યો, તેથી ચિત્રકારે રડવાનું **કારણ** પૂછ્યું. ત્યારે પેલો વ્યક્તિ બોલ્યો : **"આઠ વર્ષ પહેલાં તમોએ મનુષ્યમાં દેવનાં દર્શન થાય એવું ચિત્ર દોર્યું હતું તે હું પોતે હતો, અને આજે મનુષ્યમાં શેતાન દેખાય એવું ચિત્ર દોર્યું તે પણ મારું જ છે."** ચિત્રકાર આવી વાત સાંભળી **આશ્ચર્ય** પામી ગયો અને તેનું કારણ પૂછ્યું. ત્યારે પેલી વ્યક્તિએ કહ્યું: "જ્યારે તમોએ આઠ વર્ષ પહેલાં ચિત્ર દોર્યું હતું ત્યારે **હું દારૂ પીતો ન હતો**, અને ત્યાર **પછી**

મેં દારૂ પીવાનું શરૂ કર્યું, તેથી જ આજે તમોને હું માણસ હોવા છતાં શેતાન જેવો લાગું છું."



સાંભળ્યુને બાળભક્તો ! માણસ હોવા છતાં શેતાન લાગ્યો. તેનું કારણ શું ? **દારૂ-વ્યસન.**

આપણે ક્યારેય ભુલે પણ વ્યસનના માર્ગે ચડવું નહિ. **વ્યસન એટલે બરબાદીનું જ બીજું નામ!!**

●●●

"પહેલું સુખ તે જાતે નર્યા" એટલે કે **શરીરની તંદુરસ્તી** એ માણસ માટે **પહેલું સુખ** છે. તમામ પ્રકારની સુખ સગવડતા હોય પણ તે ભોગવવા માટે શરીર તંદુરસ્ત હોવું જોઈએ. જેમ ડાયાબિટીશના રોગીને ખાવા-પીવાનું સુખ આવતું નથી. તેમ જેના શરીરમાં રોગ હોય તે માણસને સુખ સગવડ ભોગવવાનો આનંદ આવતો ન ી. શરીરમાં રોગ થવાનું મુખ્ય કારણ તો **વ્યસન** છે. જેને લીધે માણસની **રોગપ્રતિકારક શક્તિ** નબળી પડી જાય છે. જેથી રોગ લાગું પડે છે. **વ્યસન એ વિનાશનું પહેલું પગથિયું છે.**



સામાન્ય રીતે **તમાકુ** ખાવાની કે **બીડી** પીવાની ટેવવાળા માણસને **દાંત** અને **મોઢાના રોગો** થાય છે તેમજ **કૅન્સર** જેવો **જીવલેણ રોગ** લાગુ પડે છે. દારૂ પીવાથી માણસની **કીડની** અને **લીવરના રોગ** થાય છે. વળી, અફીણ, ગાંજો અને બીજા ડ્રગ્સ માણસને **શારીરિક** તેમજ **માનસિક રોગો** પેદા કરે છે. શરૂઆતમાં વ્યસનનો ખર્ચ અને પછી રોગ થાય એટલે દવાનો ખર્ચ એમ વ્યસની માણસને **બેવડો માર** પડે છે અને તે **બરબાદી** તરફ ધકેલાય છે.



વ્યસનથી માણસને નશો ચડે છે એટલે તેનું **માનસિક સંતુલન** રહેતું નથી. જેથી



ઘરમાં **કલેશ** અને **કંકાસ** થાય છે. રોજબરોજ **ઝગડા** થાય છે. આડોશ-પાડોશમાં સંબંધો બગડે છે જેથી ઘરના બીજા સભ્યો આવાં વ્યસની માણસથી ત્રાસ અનુભવે છે અને ઘરમાં સૌ કોઈ એને ધિક્કારે છે. તેમજ આસપાસ કે સમાજમાં તેની સાથે કોઈને સારો સંબંધ રહેતો નથી માટે જ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે **કોઈ પ્રકારનું નશાકારક વ્યસન કરવું નહિ તેમજ આવી વ્યસની વ્યક્તિનો સંગ કરવો નહિ.**

શ્રીજી મહારાજને રાજી કરવા અને આપણા ઘર અને સમાજને સુખી કરવા માટે જીવનમાં ક્યારેય પણ વ્યસન ન કરવાની પ્રતિજ્ઞા લઇએ તેમજ વ્યસન મુક્તિ રેલીઓ કાઢીને સૌ કોઈને વ્યસન મુક્ત થવા સમજાવીએ.

|| સાવધાન ! વ્યસન ઝેર છે ||

શું તમને **ઝેર** કે **એસિડ** જેવી ભયંકર વસ્તુઓ **મોમાં** નાખવી સારી લાગે છે ? નહિ ને ? તો પછી ગુટખા-પાનમસાલા , બીડી-સિગારેટ વગેરે તો આવી જ વસ્તુઓ છે.

અનેક સંશોધનોથી જાણવા મળ્યું છે કે , **આપણા દેશમાં** કેન્સરના રોગીઓની સંખ્યાનો **33% ભાગ** તમાકુ તથા ગુટખા વગેરેનું સેવન કરનારા લોકો છે. તમાકુ-ગુટખા ખાનારી વ્યક્તિના **શ્વાસમાં દુર્ગંધ** આવવા લાગે છે. એના સેવનથી **હૃદયરોગ, લકવો, ટી.બી. જેવા ભયંકર રોગો** થાય છે તથા ચૂનાના કારણે **પાયોરિયા** તથા **દંતક્ષય** રોગ થાય છે.

તમાકુમાં **નિકોટિન** નામનું એક **અતિ ઝેરી તત્ત્વ** હોય છે. જે **હૃદય, નેત્ર, મસ્તિષ્ક માટે અત્યંત ઘાતક** હોય છે. તેનાથી **આંખોની જ્યોતિ** પણ અચાનક ચાલી જાય છે. આ ઉપરાંત તેના નશાથી **લોહીનું દબાણ** વધી જાય છે.

આમ , **ઝેર જેવાં આ વ્યસનો** આપણા જીવનને **બીમારીઓનું ઘર** બનાવી દે છે. મનુષ્ય જીવનની સુખ-શાંતિને બાળી નાખે છે.

આથી હે બાળકો ! ગુટખા અને પાન-મસાલા જેવાં વ્યસનોની માયાજાળમાં ફસાશો નહિ; અને ભગવાનની અમૂલ્ય દેન એવા આ મનુષ્ય જીવનને ભણતર, સેવા, સત્સંગ, સંયમ અને સાધના દ્વારા ઉન્નત બનાવજો.

● પરમ પૂજ્ય ગુરુજી કહે છે :



સત્સંગીએ તો **ચા**નું કે **સોપારી**નું પણ **વ્યસન ન રાખવું**. કોઈ પણ પ્રકારના વ્યસનને **ઝેર** જ સમજવા, તો જ વ્યસનથી દૂર રહેવાશે. વ્યસનથી જીવનમાં **વિનાશ** જ મળે છે. વ્યસનો આપણને નથી વળગ્યા પણ આપણે વ્યસનને વળગ્યા છીએ. **વ્યસનો રાખવા હોય તો કથા - વાર્તા - સત્સંગ - ભજનભક્તિ - સેવા - નામજપ એવા વ્યસનો રાખો.**



વ્યસન મુક્ત સમાજ અને સદાચારી સમાજ એ સ્વામિનારાયણ સંપ્રદાયનું **આગવું** ને **અજોડ કાર્ય** છે. **સૌરાષ્ટ્રમાં કાઠી દરબારોને** વ્યસનો છોડાવવા શ્રીજી મહારાજ સ્વયં તેમની સાથે ભળી જતા, ડાયરામાં બેસી મીઠી મધુરી વાતો કરતા અને લોકોના દિલ જીતી પ્રેમથી **વ્યસનમુક્તિ** કરાવતા. વ્યસનમુક્તિ માટે **૫૦૦ પરમહંસોએ** પણ જબરદસ્ત દાખડો કર્યો છે. તેઓ **રોજ ૫ નવા વ્યક્તિને** વર્તમાન ધરાવી વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા લેવડાવે પછી જ ભોજન જમતા. આપણે પણ મહારાજ અને નંદસંતોના આ **સમાજસેવાના કાર્યને** ચાલું રાખવા અને ઠેર ઠેર **વ્યસનમુક્તિના કાર્યક્રમો યોજવા.** વ્યસનમુક્તિ **રેલીઓ** કાઢવી, **ઝુંબેશ ઉઠાવવી, વ્યસનીને વ્યસનનું દુઃખ સમજાવી - પ્રેમથી વ્યસનો છોડાવવા તેમાં શ્રીજી મહારાજનો ખૂબ રાજીપો છે.**

પ્રતિજ્ઞા

એકસાથે આપણે સૌ બોલીએ

હું આજથી ગુટખા અથવા તો તમાકુવાળી કોઈ પણ વસ્તુને અડીશ નહિ. ભવિષ્યમાં પણ એને અડવાનો સંકલ્પ નહિ કરું. અને મારા મિત્રો, સગાઓ કે સ્નેહીઓને એ છોડાવવાનો પ્રયત્ન કરીશ.'

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) ચિત્રકારે પહેલું ચિત્ર શેનુ બનાવ્યું ?

.....

(૨) ચિત્રકારે બીજુ ચિત્ર શેનું બનાવ્યું?

.....

(૩) મનુષ્યમાં શેતાન દેખાવાનું કારણ શું છે?

.....

(૪) વ્યસનથી થતું નુકશાન જણાવો.

.....

.....

(૫) શિક્ષાપત્રીમાં વ્યસન ન કરવા વિશે શું આજ્ઞા કરી છે? જણાવો.

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) પહેલુ સુખ શું છે?

( ) A - જાતે નર્યા ( ) B - હર્યા ભર્યા ( ) C - આનંદે ભર્યા

(૨) શરીરમાં રોગો થવાનું મુખ્ય કારણ શું છે?

( ) A - વ્યસન ( ) B - ફેશન ( ) C - કુસંગ

(૩) વ્યસની માણસ શેના તરફ ધકેલાય છે?

( ) A - આનંદ ( ) B - બરબાદી ( ) C - મૃત્યુ

(૪) વ્યસની માણસના ઘરમાં શું થાય છે?

( ) A - કલેશ ( ) B - કંકાસ ( ) C - ઝગડા

(૫) વ્યસનના કારણે આડોશ-પાડોશના સંબંધોમાં શું થાય છે?

( ) A - બગડે છે ( ) B - સુધરે છે ( ) C - વધે છે

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) તમે વ્યસન કરો છો?

(૨) શુ વ્યસન એ ઝેર છે?

(૩) તમાકુ ગુટખા ખાનારના શ્વાસમાંથી સુગંધ આવે છે.

(૪) સત્સંગીએ તો ચાનું કે સોપારીનું પણ વ્યસન ન રાખવું.

(૫) વ્યસનથી જીવનમાં સુખી થવાય છે.

પ્રશ્ન-૪ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) કોઈ પણ પ્રકારના વ્યસનને .....જ સમજવા.

(અમૃત, ઝેર, દૂધ, એસીડ)

(૨) વ્યસન રાખવા હોય તો ..... ના રાખવા.

(દારૂ, ગુટખા, કથા-વાર્તા, સેવા)

(૩) વ્યસન મુક્તિની ..... કાઢવી.

(ઢેલીઓ, રેલીઓ, ચેલીઓ, વાતો)

(૪) વ્યસનમુક્તિ માટે ..... એ જબરદસ્ત દાખડો કર્યો છે.

(દારૂડીયાઓ, વ્યસનીઓ, નંદસંતો, સરકારે)

(૫) ભગવાનની અમૂલ્ય દેન ..... છે.

(પશુજીવન, મુનુષ્ય જીવન, વ્યસની જીવન)

પ્રશ્ન-૫ તમે શું વિચારો છો? જણાવો.

(૧) તમાકુ વડે કેન્સરનો ભોગ બનેલી તમારી આજુબાજુ ફરતી વ્યક્તિના નામ લખો.

.....

.....

(૨) જે જે પદાર્થમાં તમાકુ આવતી હોય એ પ્રકારના ઉત્પાદનોની એક સૂચિ તમારી જાતે બનાવો.

.....

.....

(૩) 'દારૂડીયાના' જીવન વ્યવહાર વિશે જણાવો.

.....

.....

(૪) તમે કેટલા વ્યક્તિઓને વ્યસનમુક્ત કરશો ? જણાવો.

.....

.....


સભા-૨૮ : સેવા કરે તે મહંત

આખાયે **સોરઠ દેશ**માં ને વડતાલ, ગઢડા ને ગુજરાતમાં પણ જેમની વાતો ચાર ચાર મોઢે સૌ હરિભક્તો કરતા કે, **"ઉપાસના ને ધર્મ-નિયમ દૃઢ કરવા હોય તો જાવ જૂનાગઢના જોગી પાસે."**

એવા જોગી હતા, **સમર્થ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી.** ૪૦-૪૦ વર્ષ સુધી **જૂનાગઢના મહંતપદે** રહી રાત-દિવસ સભામંડપમાં **થાંભલીના ટેકણે** બેસી કથાવાર્તાના અખાડા ચલાવ્યા હતા. વડતાલથી **રઘુવીરજી મહારાજ** પણ વર્ષોવર્ષ સ્વામીનો જોગ-સમાગમ કરવા જૂનાગઢ આવતા.

ગુણાતીતાનંદ સ્વામી એટલે સિદ્ધાંતવાદી તથા નીડર સત્પુરુષ. **મહારાજની ઉપાસના પ્રવર્તાવવા** ઘણા વિરોધો હોવા છતાં છડેચોક મહારાજને **જેમ છે તેમ** કહેવામાં કોઈની **મહોબત** રાખતા નહિ કે નિયમ-ધર્મમાંય ગમે તેવો મોટો હોય તો તેને સારું લગાડવાની ઇચ્છા રાખતા નહિ. અને એટલે જ તો એમને સેવીને **માથાં આપે તેવા બળિયા હજારો સંતો ને હરિભક્તો તૈયાર થતા.** છતાં પોતે **સાદાઈનો ભંડાર** હતા. **વૃદ્ધ થયા છતાંય પોતે રોજ સવારે જૂનાગઢ મંદિરનો ચોક વાળતા.**

એક વખત સવારમાં કાછડો વાળી, હાથમાં **સાવરણો** લઈ મંદિરનો **ચોક વાળી રહેલા**.



સ્વામીની ચારેબાજુ ખૂબ **પ્રસિદ્ધિ** તે સમયે સાંભળી પરોક્ષની એક **તરણેતરની ગાદીના ગાદીપતિ** સ્વામીનાં **દર્શન** કરવા આવ્યા.

અને **ચોક વાળતાં** સ્વામીને જ તેમણે પૂછી નાખ્યું : **"સ્વામી ! આ જગ્યાના મહંત જે જૂનાગઢી જોગી ગુણાતીતાનંદજી છે; તે ક્યાં હશે ?** અમારે તેમનાં દર્શન કરવાં છે."

સ્વામીએ કહ્યું : "તમે **સભામંડપમાં** જઈ સામે જે **થાંભલી** છે ત્યાં જઈને **બેસો**. હમણાં જ તે ત્યાં આવશે." એટલું કહી મહંતને ત્યાં મોકલ્યા.

આવી મોટી જગાના મહંત ને લાખો લોકો જેની આજ્ઞામાં ટુકટુક થઈને વર્તે તેમનો તો **કેવોય ઠાઠ** હશે. **ચાંદીની પાલખી**માં બેસીને આવતા હશે ને **ભવ્ય સિંહાસન** પર બિરાજતા હશે... વળી, પ-૨૫ તેમના ચેલા તેમને **ચમર ઢોળતા** હશે, **પંખા નાખતા હશે**...

આવા આવા તો સ્વામી માટે કંઈક કંઈક **અનુમાનો** કરેલાં આ **તરણેતર ગાદીના મહંતે**. તેથી તેઓ તો થાંભલી સામે બેસી અંદર **રૂમોનાં બારણાં** તરફ જોયા કરે.

આ બાજુ સ્વામી ચોક વાળી, સાવરણો મૂકી, હાથ-પગ ધોઈ થાંભલીના ટેકણે પડેલી **ફાટેલી ગોદડી** પર આવીને બેસી ગયા. ત્યારે પે'લા મહંતે કહ્યું : "સ્વામી ! અમારે અહીંના જાણીતા જોગી ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરવાં છે; તે ક્યારે આવશે ?''

"એ... એ... **હું જ જોગી, હું જ ગુણાતીતાનંદ...**"

"તમે નહિ... અમારે તો આ **જૂનાગઢના મહંત** જે છે તેમને..."

"હા... હા... એ હું જ છું."

"તમે...! તમે જ જૂનાગઢના મહંત છો ? પણ **તમે તો હમણાં મંદિરનો ચોક વાળતા'તા એ નહિ** ?''


સ્વામીએ કહ્યું : **"હા... મહંતજી... અમારામાં જે ચોક વાળે ને નીચી ટેલની સેવા કરે તે જ મહંત કહેવાય."**

સાંભળનાર આગંતુક તો **આભા** જ બની ગયા ! તેમનાં **તમામ અનુમાનો ખોટાં પડ્યાં** ને સ્વામી પ્રત્યે અપાર **અહોભાવ** થયો.

કેવો સાદાઈનો ભંડાર કહેવાય !

શા માટે આવી સેવા તેઓ કરતા ? આપણને સૌને એવી નીચી ટેલ શીખવવા માટે જ તો.

આજે આપણા પરમ પૂજ્ય ગુરુજી પણ એવી નાની સેવા કરી આપણને તેવી સેવા કરવાની પ્રેરણા આપે જ છે ને! તેઓ પણ એવા જ સમર્થ હોવા છતાં તેવી નાની નાની સેવા કરતા જ હોય છે. અહાહા ! કેવા સમર્થ પુરુષો છતાં કેવી તેમની સમર્થ થકા જરણા કરવાની અજબ રીત !



|| સૌ સાથે મળી કીર્તન ગાન કરો ||

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માંગુ છું,
રહે જન્મો જન્મ તારો સાથ પ્રભુ... ૦૧
તારું મુખડું મનોહર જોયા કરું, રાત દિવસ તારું કિર્તન કરું,
રહે અંત સમય તારુ ધ્યાન પ્રભુ... ૦૨
મારી આશા નિરાશા કરશો નહિં, મારા અવગુણ હૈયામાં ધરશો નહિં,
શ્વાસોશ્વાસે રહે તારું નામ પ્રભુ.. ૦૩
મારા પાપ ને તાપ સમાવી દેજો, તારા ભક્તનો દાસ બનાવી દેજો,
દેજો આવીને દર્શન આજ પ્રભુ ... ૦૪
પ્રભુ દાસની અરજી ઉરમાં ધરો, શ્રીજી દર્શન આપી પાવન કરો,
અમને દેજોને અક્ષરમાં વાસ પ્રભુ... ૦૫

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ગુણાતીતાનંદ સ્વામી કયા મંદિરના મહંતપદે રહ્યા હતા?
( ) A - ગઢપુર ( ) B - જૂનાગઢ ( ) C - વડતાલ

(૨) ગુણાતીતાનંદ સ્વામી કેટલા વર્ષ સુધી જૂનાગઢ મંદિરના મહંતપદે રહ્યા હતા?
( ) A - ૮૦ ( ) B - ૬૦ ( ) C - ૪૦

(૩) કોણ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતા?
( ) A - ગોપાળાનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C - રઘુવીરજી મહારાજ

(૪) ગુણાતીતાનંદ સ્વામી કોની વાતો છડેચોક કરતા?
( ) A - સંગીતની ( ) B - વ્યવહારની ( ) C - ઉપાસનાની

(૫) ગુણાતીતાનંદ સ્વામીએ કયા પ્રદેશને સત્સંગના રંગથી રંગી દીધો?
( ) A - સોરઠ ( ) B - ચરોતર ( ) C - કાઠીયાવાડ

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પૂરો.

(૧) રઘુવીરજી મહારાજ ..... દેશના આચાર્ય હતા?
(૨) ૪૦ વર્ષ સુધી ..... સ્વામીએ જૂનાગઢ મંદિરની સેવા કરી.
(૩) રોજ સવારે ..... જૂનાગઢ મંદિરનો ચોક વાળતા.
(૪) ગુણાતીતાનંદ સ્વામીના દર્શન કરવા ..... ના ગાદીપતિ મહંત આવ્યા.
(૫) ભક્તિ કરતાં ..... પ્રભુ એવુ માંગુ છુ.

પ્રશ્ન-૩ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) આપણે તો આજ્ઞામાં રહેવા આવ્યા છીએ. આજ્ઞામાં રાખવા નહિ.

(૨) દાસના દાસ થઈને સત્સંગમાં રહેવાય તે જ સાચુ છે.

(૩) નાની-મોટી તમામ સેવાઓને મહિમાથી કરવી જોઈએ.

(૪) સેવા રોજ કરવાની ન હોય.

(૫) જે નમે છે તે સૌને ગમે છે.

પ્રશ્ન-૪ નીચીટેલ (સેવા) વિશે દસ લીટીનો નિબંધ લખો.

.....

.....

.....

.....

.....

.....

.....

.....

પ્રશ્ન-૫ તમે શું કહો છો ? જણાવો.

(૧) આપણે મંદિરની કઈ કઈ રીતે સેવા કરી શકીએ છીએ? લીસ્ટ બનાવો.

.....

.....

.....

.....

(૨) આપણે સંતોની કઈ કઈ રીતે સેવા કરી શકીએ છીએ ? યાદી બનાવો.

.....

.....

.....

.....

(૩) તમને કઈ સેવા કરવી ખૂબ ગમે છે ? જણાવો

.....

.....

.....

.....

(૪) તમે છેલ્લા કઈ સેવાથી મહારાજ, ગુરૂજી અને સંતોનો રાજીપો લીધો હતો ? જણાવો.

.....

.....

.....

.....


સભા-૨૯ : દાસના દાસ

તારીખ ૨૬-૩-૨૦૨૨. **કંડારી** ગુરુકુળમાં બાળકોની **બાળસભા** ચાલતી હતી. બાળસભાના સંચાલક શ્રી બાળકોને શીખવી રહ્યા હતા કે, "અગત્રાઈના **પર્વતભાઈ**ની જેમ આપણે પણ **'ગોલાના ગોલા'** થઈને રહેવું તો મહારાજ અને સદ્‌ગુરુ સંતો આપણા પર રાજી થાય. માટે આપણે સૌએ **દાસના દાસ** થવાનું છે. એવામાં અચાનક **પૂજ્ય ગુરુજી** માળા ફેરવતા ફેરવતા ત્યાં આવી ચડ્યા; અને તેમના કાને **આ શબ્દો** પડ્યા. ગુરુજીને આવેલા જોઈ સૌ બાળકોએ **ઊભા** થઈ જય સ્વામિનારાયણ કહ્યા. ગુરુજી **ક્લાસરૂમ**માં દાખલ થયા અને ખુરશીમાં બેઠા.

ગુરુજીએ પૂછ્યું : અત્યારે તમે શું **શીખી** રહ્યા હતા ? બધા બાળકો કહે : **દાસના દાસ થવાનું** !

બાળકોની વાત સાંભળી ગુરુજીએ પણ તુરંત **બાળકોને હાથ જોડી વંદન કર્યા** ને બોલ્યા : **'હું પણ દાસનો દાસ જ છું ને !** મારે પણ **દાસના દાસ** થવાનું છે !

કેવી **સરળતા** ! કેવું **હળવાપણું** ને કેવું જબરૂ **દાસપણું** કે જેઓ **ગુરુ** હોવા છતાં **બાળકોની સામે** આમ, હળવાશથી **હાથ જોડી** શકે !




હા, વ્હાલા બાળભક્તો ! **'દાસના દાસ થવાનું'** ગુરુજી ફક્ત બોલતા જ નથી તેમના **જીવનમાં** પણ આ **ચરિતાર્થ** થયેલું અવારનવાર જોવા મળે છે. જ્યારે આપણી સંસ્થામાં બહારથી કોઈ સંતો-સદ્‌ગુરુઓ આવ્યા હોય ત્યારે ગુરુજીનું વર્તન સાવ **નાના બાળક** જેવું ને **દાસના દાસ** જેવું હોય છે. ગુરુજી જ્યારે દાદાગુરુજી સાથે **વડતાલ**માં રહેતા ત્યારે રોજ **સભામંડપ**ને સાફ-સફાઈ કરવાની સેવા કરતા. **કચરો** વાળ્યા બાદ ભેગી થયેલી સંતો-ભક્તોની **ચરણરજને માથે** પણ ચડાવતા ! કેવો જબરો મહિમા ને કેવું દાસત્વ !

કંડારી ગુરૂકુળના સંતનિવાસમાં એક વાર **રાત્રે ૨** વાગ્યે સહું સંતો **સુતા** હતા. ત્યારે સૂતેલા શિષ્ય સંતોને ગુરુજી **દંડવત્** કરી રહ્યા હતા. એક સંત રાત્રે **જાગ્યા** અને આ **દૃશ્ય** જોઈ ગયા; બીજે દિવસે સવારે તે સંતે ગુરુજીને પૂછી લીધું કે : **ગુરુજી ! તમે રાત્રે કોને દંડવત્ કરતા હતા** ? ત્યારે ગુરુજીએ જવાબ આપ્યો : **હું સૂતેલા સંતો-પાર્ષદોને દંડવત્ કરતો હતો**. ગુરુજીએ આગળ કહ્યું : હું ગુરુસ્થાને છું એટલે જવાબદારીના ભાગરૂપે મારે ક્યારેક સંતો-પાર્ષદોને **રોકવા-ટોકવા** પડે છે; પણ પછી મને ખૂબ જ દુ:ખ થાય છે કે મારાથી કોઈ સંત દુ:ખાય તો નહિ ગયા હોય ને ? બસ - તેના **પ્રાયશ્ચિત્તરૂપે માફી માંગવા** આમ રાત્રે દંડવત્ કરી લઉં છું ને મહારાજને **પ્રાર્થના** કરું છું કે મહારાજ ! મને માફ કરજો - **હું પણ સંતોનો દાસ જ છું**. મારે પણ સંતોને રાજી કરવા પડે ને ! આ કળિયુગમાં આવી રીતે ધર્મ-નિયમ પાળી ભગવાનનું ભજન કરનાર આવા **રૂડા સાધુ** હોય જ ક્યાંથી; **આ તો બધા મુક્તો છે...**

ગુરુજીની આવી વાત સાંભળી પેલા સંતને ખૂબ જ **આશ્ચર્ય** થયું. ગુરુજી અને સંતોનો મહિમા સમજાયો.

વ્હાલા બાળભક્તો ! આવી રીતે ગુરુજીને અનેકવાર રાત્રે **સંતોને/શિષ્યો**ને દંડવત્ પ્રદક્ષિણા કરતા ઘણાં સંતોએ જોયા છે. હા, ગુરુજી ઘણી વાર સંતોના **બાથરૂમ-મુતરડી** પણ સાફ કરી કાઢે છે. ક્યારેક તો સંતનિવાસની સાફ-સફાઈ પણ **જાતે** જ કરવા લાગે છે. કોઈ તેમને રોકે ત્યારે કહે : **મારે પણ ભગવાનને રાજી કરવા દાસભાવ કેળવવો પડે ને !**



વ્હાલા બાળમુક્તો ! આ વાતનો મર્મ ખૂબ ઊંડો છે. જે દાસના દાસ થઈને સત્સંગમાં રહે છે તેની જ ભક્તિ સાચી છે ને તે જ મહાન બને છે. દાસના દાસ થઈને રહેવું એ ખરેખરો સત્સંગ છે. દાસના દાસ થાય તેને બધી સાધના સિદ્ધ થઈ જાય છે. દાસપણું જ સત્સંગની માસ્ટર-કી છે. દાસના દાસ થવામાં જ મહારાજ અને સંતો-ભક્તોના અંતરનો રાજીપો છે. જેને ઉપસવાની, મોટા થવાની, માન-મોટાઈની ઇચ્છા રહે છે તે મહારાજ અને મોટાની દૃષ્ટિમાં નથી આવતો - માટે આ પ્રેરક પ્રસંગો દ્વારા આપણે પણ નાના થવાનું છે; દાસના દાસ થવાનું શીખવાનું છે.

|| સૌ સાથે મળી કડીગાન કરો ||

દાસના દાસ થઈને, વળી જે રહેશે સત્સંગમાં; ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.
હરિ કે દાસ હિ દાસ, તિનકે દાસ હોઈ કર; છલ કપટ કરના નાશ, વર્તના શુદ્ધ હોઈ કર.

|| સર્વોપરી સંત શ્રી મુક્તાનંદ સ્વામી ||

● શ્રીજીમહારાજ કહે છે :

મુક્તમુનિ સમ સંત ન કેહું, સર્વોપરી હમ જાનત તેહું ।
માહાત્મ્ય કે ગુણ હે અધિકાઈ, દિનદિન પ્રતિ લેત ચટાઈ ॥ (હ.ચ.સા. ૮/૧૪)

- **અર્થ :** મુક્તાનંદ સ્વામીનાં સમાન કોઈ સંત નથી. હું તેમને સર્વશ્રેષ્ઠ સાધુ જાણું છું. તેમનું અંગ માહાત્મ્યનું છે. દિન-પ્રતિદિન તે મહિમાનું અંગ વધતું જ જાય છે. (હ.ચ.સા.૮/૧૪)
- આ મુક્તાનંદ સ્વામી સર્વ સંતમાં શ્રેષ્ઠ છે. સત્સંગની "માં" છે અને અમારા પણ ગુરુ છે. મુક્તોમાં સહુથી મહાન મુક્તાનંદ સ્વામી કહેવાય. (હ.ચ.સા.૪/૭૬)
- સ્વામી ! અનંતકોટિ બ્રહ્માંડમાં અમારું કર્યું થાય છે ને અમારે પ્રતાપે કરીને તમારું પણ અનંતકોટિ બ્રહ્માંડમાં કર્યું થાય છે. પણ તેને તમે જાણતા નથી. (ગુ. સ્વામીની વાતો : ૪/૧૬)
- હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે તે નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય. (વ.લો.૧૩)



- ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવાં મોટા હોય તેના નામ લઈને તેની પ્રાર્થના કરવી. તો ભુંડાઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય. પણ એ વિના બીજો એવાં ઘાટ ટાળ્યાનો ઉપાય નથી. (વ.લોયા-૬)
- મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે. (વ.મ.૬૨)
- અમે સ્વામીના દર્શન થયા મો'ર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. (વ.લો.૩)
- હે સંતો ! તમારે સર્વેને પણ મુક્તાનંદ સ્વામીની જેમ મધુર વાણી બોલતાં શીખવી પણ કઠોર વાણી બોલતા શીખવી નહિ. (અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૨૧૫)
- અમને સંકલ્પ થાય છે જે સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી મૂકીએ. પછી સાચવવા ન પડે. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૨૦૭)
- સ્વામી ! તમે તમારી મોટ્યપને જાણો છો ? ત્યારે સ્વામી કહે, ના, મહારાજ ! હું જાણતો નથી. ત્યારે મહારાજ કહે કે, "અલ્પ જેવો જીવ હોય અને તમે એમ સંકલ્પ કરો જે, આ જીવ ઠેઠ અક્ષરધામમાં જાય. તો તે જીવ અક્ષરધામમાં જઈને પૂગે; એવું તમારા સંકલ્પનું બળ છે અને તમારી મોટ્યપ તો અપાર છે. (અક્ષરાનંદ સ્વામીની વાતો-૮૧૧)
- મહારાજે તેરા ગામથી કાગળ લખાવ્યો જે, "વર્ષ દહાડામાં એક મહિનો સર્વે સાધુ-સત્સંગીને મુક્તાનંદ સ્વામીની વાત સાંભળવી. (ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૩/૧૦)



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) આપણે સત્સંગમાં કઈ રીતે રહેવાનું છે?

.....

(૨) ગુરૂજીએ બાળસભામાં સર્વે બાળકોને શું કહ્યું ?

.....

.....

(૩) બાળસભાનાં સંચાલકશ્રી કોની કથા કરી રહ્યાં હતા? અને શું શીખવી રહ્યા હતા?

.....

.....

(૪) ગુરૂજી રાત્રે કોને દંડવત્ કરી લે છે? શા માટે?

.....

.....

(૫) દાસના દાસ થવા વિશે ગુરૂજી શું કહે છે

.....

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) પર્વતભાઈ ..... ગામના વતની હતા. (ગત્રાઈ, અગત્રાઈ, પંચાળા)

(૨) આપણા ગુરૂજીનો સ્વભાવ ..... છે. (કઠણ, કઠોર, સરળ)

(૩) ગુરૂજી .....માં સભામંડપ સાફ સફાઈની સેવા કરતા.
(લોયાધામ, વડતાલ, ગઢપુર)

(૪) મોટા સંતો આગળ ગુરૂજીનું વર્તન ..... જેવું હોય છે.
(મોટામાણસ, નાના બાળક, બુદ્ધિશાળી)

(૫) સંતો-ભક્તો બધા જ ..... છે. (માણસો, મુકતો, દુશ્મનો)

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) અમને મુક્તાનંદ સ્વામી ઉપર ઘણું હેત છે.

( ) A - વ.મ.૬૨ ( ) B - વ.વ.૫ ( ) C - વ.લો-૩

(૨) શ્રીજી મહારાજ સર્વોપરી સંત કોને કહે છે?

( ) A - ગોપાળાનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C- ગુણાતીતાનંદ સ્વામી

(૩) 'સત્સંગની માં' નું બિરૂદ કયા સંતને મળ્યુ છે?

( ) A - ગોપાળાનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C - પ્રેમાનંદ સ્વામી

(૪) શ્રીજી મહારાજ લોજમાં કોની આજ્ઞામાં રહ્યાં હતા?

( ) A - સુખાનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C - આત્માનંદ સ્વામી

(૫) મુક્તાનંદ સ્વામીનું અંગ કયું હતું?

( ) A - મહિમા ( ) B - ઉપદેશ ( ) C - સાધુ

પ્રશ્ન-૪ નીચે આપેલ વિષયો પર પાંચ-પાંચ વાક્યો લખો.

(૧) સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામીનો મહિમા જણાવો.

.....

.....

.....

.....

(૨) આપણે દાસભાવ કઈ કઈ રીતે પ્રગટ કરી શકીએ છીએ?

.....

.....

.....

.....

પ્રશ્ન-૫ નીચેની પંક્તિઓ પૂર્ણ કરો.

(૧) મુક્તમુનિ સમ .....

.....

(૨) દાસના દાસ થઈને .....

.....

પ્રશ્ન-૬ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) મુકુંદદાસ	(૧) નીલકંઠવર્ણી
(૨) વિનુ ભગત	(૨) રામ જન્મભૂમિ
(૩) પોપટ ભગત	(૩) ગુરૂજી
(૪) ગોપાળ યોગી	(૪) દાદાગુરૂજી
(૫) શ્રી હરિચરિત્રામૃતસાગર	(૫) મુક્તાનંદ સ્વામી
(૬) અયોધ્યા	(૬) આધારાનંદ સ્વામી


સભા-૩૦ : સત્સંગ છોડવો જ નહિ

અગતરાઈ ગામના **પર્વતભાઈ**. આજ્ઞા અને ઉપાસનામાં પાક્કા ભક્ત. **સમર્પણ** પણ ખૂબ કરે. લોજના સદાવ્રત માટે તેમણે **૧૬ કળશી (૬,૪૦૦ કિલો) અનાજ** દાનમાં આપેલું. આવા મોટા ભગત હતા.

એક વાર તેઓ અને તેમનાં પત્ની **ગઢડા** આવ્યાં. રાત દિવસ પર્વતભાઈ સત્સંગ કરે. આ જોઈ **શ્રીજી મહારાજ**ને થયું, **'આ પર્વતભાઈ જમતા ક્યાં હશે ?** નક્કી ઉતારે જઈને જમતા હશે.' પણ ઘણા દિવસ થયા ત્યારે શ્રીજી મહારાજે મયારામ ભટ્ટને કહ્યું : 'જાઓ, જઈને તપાસ કરો કે પર્વતભાઈ જમે છે ક્યાં ?'

મયારામ ભટ્ટે આ વાત પર્વતભાઈનાં **પત્ની**ને પૂછી. તેઓ કહે : 'અરે ! શ્રીજી મહારાજની પાસે જ તો અખંડ બેસી રહે છે. ત્યાં જ **પ્રસાદી** જમતા હશે ને. **અમારી પાસે તો જમવા નથી આવતા.**'

મયારામ ભટ્ટે આ વાત કરી, ત્યારે આશ્ચર્ય પામી **શ્રીજી મહારાજે પર્વતભાઈને પૂછ્યું** :



‘તમે અહીં જમતા નથી. તમારા ઘરનાં પાસેય જમતા નથી, **તો તમે જમો છો ક્યાં ?**’

પર્વતભાઈ કહે : ‘મહારાજ ! **તમારી મૂર્તિનાં દર્શન કરીને જ તૃપ્ત** થઈ જાઉં છું.’

૧-૨ નહિ, લગભગ ૭ દિવસ સુધી કોઈએ જમવાનુંય પૂછ્યું નહિ, તોય પર્વતભાઈને ખોટું ન લાગ્યું.


• • •


બોટાદના નગરશેઠ **શિવલાલ શેઠ**. ૯ લાખ રૂપિયાના આસામી. ગુણાતીતાનંદ સ્વામીના સત્સંગથી તેમની એકાંતિક સ્થિતિ થઈ હતી.

એકવાર તેઓ **જૂનાગઢ** આવ્યા. જમ્યા પછી મુખવાસમાં **સોપારી** ચાવતાં **સભા**માં બેઠા. **ગુણાતીતાનંદ સ્વામી કથા** કરતા હતા. **કટક્ કટક્ અવાજ** સાંભળીને તેઓ બોલ્યા : **‘સભામાં કોણ હાડકું ચાવે છે?’**

આખી સભાની નજર શિવલાલ શેઠ તરફ ગઈ. **શિવલાલ શેઠ** તરત જ ઊભા થઈ ગયા. બહાર ગયા. **સોપારી થૂંકી મોં ધોયું.** અને પાછા સભામાં બેઠા.

‘આટલા બધા માણસો વચ્ચે સ્વામીએ મારું **અપમાન** કર્યું ? આટલી સેવા કરીએ છીએ, તોય અહીં આપણી કદર થતી નથી. ચાલો સત્સંગ છોડી દઈએ.’ એવો વિચાર પણ તેમને ન આવ્યો.





સત્સંગનો ખપ કેવો રાખવો જોઈએ ? એ વિશે પરમહંસ **સચ્ચિદાનંદ સ્વામી** કહેતા : 'કોઈ મારા પગ ટીંચણ કે કાંડાથી ભાંગી નાંખે, તો પણ હું ઢસડાતો-ઢસડાતો સંતોનો નિવાસ હોય ત્યાં જાઉં ને કહું : 'હે સંતો ! આ ઝોળીમાં ભિક્ષા આપો.' પછી તેમાં જે મળે, તે ખાઈને હું સત્સંગમાં પડ્યો રહું, પણ સત્સંગ ન મૂકું. કેમ કે હાડ-ચામડી સત્સંગનાં છે.'

આવા હતા આપણા સંતો-ભક્તો !

સમર્પણ કરવામાં કાંઈ જ બાકી ન રાખે. છતાં ક્યારેક સગવડ ન સચવાય, ગમે તેવું અપમાન થાય, તોય તેઓ સત્સંગ છોડતા નહિ. તેઓનો સત્સંગ જીવનો હતો.

● જીવનમાં દૃઢ કરો :

(૧) શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીયે રે ;
દુર્જિન લોક દુર્ભાષણ બોલે તેનું સુખ-દુઃખ સર્વે સહીએ રે
તેનો સંગ શીઘ્ર તજીએ, તે વિના કેને ભજીએ. - **સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી**

(૨) ભમરી ભરે ભારે ચટકો, બદલાવા ઇયળનું અંગજી ;
તેમ સંત વચન કટુ કહે, આપવા એહનો રંગજી. - **સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામી**

સુચના : સંચાલકશ્રીઓએ નીચે આપેલ કડીઓ ગાઈ-ગવડાવી બાળકોને સમજાવવી.

|| કોનું મૃત્યુ ધિક્કારને પાત્ર છે ? ||

આવે અંતસમે ઉદાસ કરવા સ્વાર્થી સગા સૌ મળી,
પાડે આંસુ સમીપ આવી પત્ની સંતાન સાથે વળી;
તે દેખી તન વાસના અતિ વધે ક્યાં કષ્ટનો પાર છે,
એવું અંતસમે મુંઝાય મરવું ધિક્કાર ધિક્કાર છે.

અર્થ : એવા કુસંગી લોકોનું મૃત્યુ પણ ધિક્કારને પાત્ર છે કે જેનો અંતકાળ આવે ત્યારે મૃત્યુશય્યા પાસે સ્વાર્થી સૌ સગા-સંબંધી માતા-પિતા, પતિ, પત્ની, ભાઈ-બહેન વગેરે આવી રોકકળ કરે છે, જગતની વાતો કરે છે, અને વાસનામાં વધારો કરે છે, મનને વધુ વિહ્વળ કરે છે અને કષ્ટને આપે છે. આમ, અંતકાળે ભગવાન-સંતો-ભક્તોના દર્શન-સ્મરણ-ચિંતન-સ્પર્શ વિના કેવળ સંસારના દુઃખોથી મુંઝાઈને કુસંગી જીવ મૃત્યુ પામે છે, અને નરકમાં જાય છે. આવું મૃત્યુ લાખોવાર ધિક્કારને પાત્ર છે.

||કોનું મૃત્યુ ધન્યવાદને પાત્ર છે ?||

આવે અંતસમો સુભક્ત જનને સંતો સમીપે રહે,

કોઈ કીર્તન ગાય થાય સુમતિ વાર્તા પ્રભુની કહે;

પ્રીતી દેહ સુગેહમાંહી ન રહે વૃત્તિ પ્રભુમાં ઠરે,

એવાનું અતિ ધન્ય ધન્ય મરવું સદ્ધામમાં સંચરે.

અર્થ : એવા ભક્તજનોનું મૃત્યુ પણ ધન્યવાદને પાત્ર છે કે જેનો અંતકાળ આવે ત્યારે મૃત્યુશય્યા પાસે સંતો-ભક્તોની હાજરી હોય, ભગવાનની કથા-વાર્તા થતી હોય, ધૂન-કીર્તન ગવાતા હોય અને મનમાં મહારાજનું ચિંતન-સ્મરણ થતું હોય. જેને કરીને દેહ અને દેહના સગા-સંબંધીમાંથી સહજ રીતે પ્રીતિ તૂટીને કેવળ ભગવાનમાં જ પ્રીતિ (વૃત્તિ) રહે અને મન ભગવાનમાં જ એક તાર લાગી જાય. આમ, સંપૂર્ણ આધ્યાત્મિક વાતાવરણમાં જેનું મૃત્યુ થાય તેની સદ્‌ગતિ થાય છે અને તેનું મૃત્યુ લાખોવાર ધન્યવાદને પાત્ર છે અને એવા જ મૃત્યુની માગણી ભગવાન પાસે કરવી.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) લોજના સદાવ્રત માટે પર્વતભાઈએ કેટલું અનાજ દાનમાં આપેલું?.....

(૨) પર્વતભાઈને કેટલા દિવસ સુધી કોઈએ જમવાનું પૂછ્યું ન હતું?.....

(૩) પર્વતભાઈ શેનાથી તૃપ્ત થઈ જતા હતા?.....

(૪) શિવલાલભાઈ શેઠ ક્યા ગામના વતની હતા?.....

(૫) સચ્ચિદાનંદ સ્વામી ખપ રાખવા વિશે શું કહે છે?

.....

.....

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પુરો.

(૧) શૂળી ઉપર શયન કરાવે તોય .....સંગે રહીયે રે.

(૨) ..... સમ સંત ન કેહુ. સર્વોપરી હમ જાનત તેહુ

(૩) શિવલાલ શેઠ ..... રૂપિયાના આસામી હતી.

(૪) .....ના સંગથી શિવલાલ શેઠની એકાંતિક સ્થિતિ થઈ.

(૫) આવે અંતસમો.....જનને .....સમીપે રહે.

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) જાઓ ! જઈને તપાસ કરો કે પર્વતભાઈ જમે છે કયાં ? ☞ .....

(૨) અરે ! શ્રીજી મહારાજની પાસે જ તો અખંડ બેસી રહે છે. ☞ .....

(૩) મહારાજ ! તમારી મૂર્તિના દર્શન કરીને જ તુપ્ત થઈ જાઉ છું. ☞ .....

(૪) સભામાં કોણ હાડકું ચાવે છે ? ☞ .....

(૫) હે સંતો ! આ ઝોળીમાં ભિક્ષા આપો. ☞ .....

(૬) દુરિજન લોક દુર્ભાષણ બોલે, તેનું સુખ-દુ:ખ સર્વે સહીએ રે. ☞ .....

પ્રશ્ન-૪ ટૂંક નોંધ લખો.

(૧) સત્સંગનો ખપ રાખવા વિશે પાંચ વાક્યો લખો.

.....

.....

.....

.....

(૨) કોનું મૃત્યુ ધિક્કારને પાત્ર છે ?

.....

.....

.....

.....

(૩) કોનું મૃત્યુ ધન્યાવદને પાત્ર છે ?

.....

.....

.....

.....

પ્રશ્ન-૪ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) અપમાન થાય તો સત્સંગ છોડી દેવો. ☐

(૨) મરતાં સુધી સંતો-ભક્તોની ગરજ રાખવી. ☐

(૩) આપણી ભુલ થાય તો સંતો આપણને કહેવા ન જોઈએ. ☐

(૪) મોક્ષ માટે જીવનો સત્સંગ કરવો. ☐

(૫) મૃત્યુ સમયે સંતો-ભક્તો પાસે હોય તો સારૂં કહેવાય. ☐

(૬) સહન કરવું, જતું કરવું, માફી આપવી, ખમીખાઉં આ સુખી જીવન માટેની ચાવી છે. ☐

સભા-૩૧ : અવતારવાદ

હિંદુ એટલે કોણ ? વેદોમાં વર્ણવાયેલું છે - આત્મા અને પરમાત્માનું જ્ઞાન. તેની સાથે જોડાયેલી છે **૪ માન્યતાઓ : (૧) કર્મસિદ્ધાંત (૨) પુનર્જન્મ (૩) અવતારવાદ અને (૪) મૂર્તિપૂજા.** આ ૪ માન્યતા સ્વીકારે તેને હિંદુ કહેવાય. આ પાઠમાં આપણે **'અવતારવાદ'** વિશે જાણીએ.


એક હતો **રાજા**. તેને એક **પ્રધાન**. બંને વચ્ચે પાક્કી મિત્રતા. એકવાર તેઓમાં ચર્ચા થઈ. રાજા કહે, **'ભગવાન પૃથ્વી પર શા માટે આવે છે ?** ઉપર બેઠાં-બેઠાં જ બધું કેમ ન કરી શકે ? એમને નીચે આવવું પડે, તો તેઓ **અસમર્થ** કહેવાય. જોને, હું ક્યાં બધે જાઉં છું. સેવકો દ્વારા, દૂતો દ્વારા જ કામ પતાઉં છું ને !' પ્રધાન કહે, 'માફ કરશો મહારાજ, આ તો ભગવાનની **દયા** છે. **અસમર્થપણું નહિ.**'

બંને પોતપોતાની રીતે ખૂબ **દલીલો** કરતા રહ્યા. કોઈ કોઈને નમે નહિ. ચર્ચા **ઉગ્ર** બની ત્યારે પ્રધાન કહે, 'સારું ત્યારે ! આ વાત અહીં અટકાવીએ. **સમય આવ્યે** હું તમને સમજાવીશ.'

થોડા દિવસો વીત્યા. એકવાર સૌ **નદીમાં વિહાર** કરવા નીકળ્યા. **રાજા** અને **પ્રધાન હોડી**માં આગળ બેઠા. **રાણી** અને **નાનો રાજકુમાર** પડદા પાછળ બેઠાં. આહ્લાદક વાતાવરણ હતું. સૌ કુદરતને માણી રહ્યાં હતાં. પરંતુ અચાનક જ **પ્રધાન ઊભો થયો. અને રાજકુમારને ઊંચકીને નદીમાં ફેંકી દીધો !**

રાજા ખૂબ જ **ગુસ્સે** ભરાયો. પણ ગુસ્સો દબાવી તે પહેલાં ધુબાક્ કરતાંક **નદીમાં કૂદી પડ્યો.** ને પુત્રને બચાવી લીધો. પણ જોયું તો આ **પોતાનો પુત્ર નહિ, મીણનું પૂતળું હતું !** બિલકુલ રાજકુમાર જેવું જ લાગે. આ જાણીને તો રાજાનો **ગુસ્સો** આસમાને ચઢ્યો.

નાવમાં ચઢીને રાજા પ્રધાન પર તાડૂક્યો, 'મૂર્ખ ! મારી સાથે આવી **મજાક** !' પ્રધાન રાજાના પગ પકડી ઠંડા દિલે કહે, 'માફ કરો મહારાજ, **આ મજાક નથી તમારા પ્રશ્નનો જવાબ છે.** પહેલાં એ કહો કે રાજકુમાર નદીમાં પડ્યા, ત્યારે તમે પોતે કેમ નદીમાં ઝંપલાવ્યું ? મને કે સેવકોને કેમ ન કહ્યું ?' '**પુત્ર મારો છે.**



એ મુશ્કેલીમાં હોય અને હું બેસી રહું ?' રાજાએ તરત જ કહ્યું. ત્યારે પ્રધાન કહે, 'હુંય એ જ કહું છું. **ભગવાન ભક્તોને પોતાના માને છે. ભક્તો સંસાર સાગરમાં ડૂબતા હોય, દુઃખી થતા હોય, તો શું તેઓ જોઈ શકે ? માટે પોતે જ પૃથ્વી પર પધારે છે. મનુષ્ય** જેવા બની **અનેક લીલા** કરે છે. ભક્તોને સુખ આપે છે. ધર્મનું સ્થાપન કરે છે. અધર્મનો નાશ કરે છે. ને સૌનું **કલ્યાણ** કરે છે. માટે કહું છું.- **ભગવાન અસમર્થ નહિ, દયાળુ છે. ભક્તવત્સલ છે.'**

રાજાને બધું જ સમજાઈ ગયું. એ પછી તેમણે ક્યારેય એવો પ્રશ્ન પૂછ્યો નહિ.

➔ કારિયાણીના પાંચમા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે : 'પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે. અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે. ને ધર્મનું સ્થાપન પણ કરે છે.'

આ સિદ્ધાંતને **'અવતારવાદ'** કહેવામાં આવે છે. તેના જ દૃષ્ટાંતરૂપે શ્રીરામ, શ્રીકૃષ્ણ, નૃસિંહ વગેરે અવતારો પૃથ્વી પર પ્રગટ્યા હતા. અને **અવતારોના અવતારી શ્રીજી મહારાજ પણ પૃથ્વી પર પધાર્યા હતા.** આ રીતે હિંદુઓ અવતારોને માને છે અને પૂજે છે.

ભગવાનનાં ચોવિશ અવતાર તથા તેના હેતુ

(૧) સનકાદિક - બ્રહ્માના સંકલ્પથી નૈષ્ઠિક ઉર્ધ્વરેતા ધર્મ સ્થાપવા.

(૨) વરાહ - હિરણ્યાક્ષ દૈત્ય પૃથ્વીને પાતાળમાં લઈ ગયો હતો તે દૈત્યને મારી પૃથ્વી પાતાળમાંથી લઈ આવવા.

(૩) યજ્ઞ - સંસારના જીવોને યજ્ઞકર્મ શીખવવા.

(૪) હયગ્રીવ - બ્રહ્માની ઉત્પત્તિ સમયે મધુ અને કૈટભ નામના અસુર થકી બ્રહ્માની રક્ષા કરવા.


સનકાદિક


વરાહ


યજ્ઞ


હયગ્રીવ


નર નારાયણ


કપિલ


દત્તાત્રેય


ઋષભ


પૃથુ


મચ્છ


કચ્છ


ધન્વંતરી

(૫) નર નારાયણ - ભરતખંડના મુમુક્ષુ જીવોના કલ્યાણ માટે તપ કરવા.

(૬) કપિલ - કર્દમ ઋષી અને દેવહૂતિ અર્થે, સાંખ્યયોગનું જ્ઞાન દેવા.

(૭) દત્તાત્રેય - ત્યાગ અને યોગ દેખાડવાને અર્થે લક્ષ લઈ ચોવીશ ગુરુ કરી બોધ દેવા.

(૮) ઋષભ - ત્યાગીઓને ત્યાગ માર્ગ શીખવવા.

(૯) પૃથુ - નીરસ સૃષ્ટિને રસાળ કરવા.

(૧૦) મચ્છ - સત્યવ્રતરાજાને પ્રલયની લીલા દેખાડીને શંખાસુર દૈત્યને મારી બ્રહ્માને વેદ લાવી દેવા.

(૧૧) કચ્છ - સમુદ્ર મંથન વખતે મંદ્રાચળ પર્વતને પીઠ ઉપર રાખવા.

(૧૨) ધન્વંતરી - ઔષધિઓનાં નામ ગુણ તથા ઉપયોગ બતાવવાં.

(૧૩) હરિ - ગ્રાહ થકી ગજની રક્ષા કરવા.

(૧૪) નૃસિંહ - હિરણ્યકશિપુ દૈત્યને મારી પ્રહ્લાદની રક્ષા કરવા.

(૧૫) વામન - ઇદ્રાદિ દેવતાના હિત અર્થે બળિરાજને છળવા.

(૧૬) હંસ - સનકાદિકોને જ્ઞાન આપવા.

(૧૭) નારાયણ- ધ્રુવને દર્શન આપી વરદાન દેવા.

(૧૮) મન્વંતર- ધર્મ મર્યાદા સ્થાપન કરવા.

(૧૯) પરશુરામ- આસુરી ક્ષત્રિઓને હણવા.


(૨૦) રામ - રાવણાદિક રાક્ષસને હણવા.

(૨૧) વ્યાસ- વેદ, પુરાણ ઇત્યાદિક શાસ્ત્ર પ્રગટ કરવા.

(૨૨) શ્રીકૃષ્ણ- કંસાદિક દુષ્ટ રાજાઓને મારવા.

(૨૩) બુદ્ધ- બોધથી જ્ઞાન આપી જીવનાં કલ્યાણ કરવા.

(૨૪) કલ્કિ- કલિના અધર્મનો નાશ કરી યુગના ધર્મ સ્થાપવા.


હરિ


નૃસિંહ


વામન


હંસ


નારાયણ


મન્વંતર


પરશુરામ


રામ


વ્યાસ


શ્રીકૃષ્ણ


બુદ્ધ


કલ્કિ

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) નૃસિંહ અવતાર	(૧) નૈષ્ઠિક ઉર્ધ્વરેતા ધર્મ સ્થાપવા
(૨) હરિ અવતાર	(૨) કંસાદિ દુષ્ટને મારવા
(૩) નારાયણ અવતાર	(૩) ધ્રુવને દર્શન આપવા
(૪) શ્રીકૃષ્ણ અવતાર	(૪) પ્રહ્લાદની રક્ષા કરવા
(૫) સનકાદિક અવતાર	(૫) ગજની રક્ષા કરવા

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) હિન્દુ કોને કહેવાય?

.....

.....

(૨) ભગવાન પૃથ્વી ઉપર શા માટે અવતાર ધારણ કરે છે?

.....

.....

(૩) ક્યાં વચનામૃતમાં અવતાર ધર્યાના પ્રયોજનની વાત કરવામાં આવી છે?

.....

(૪) અવતારવાદ એટલે શું ?

.....

.....

(૫) ભગવાનના કુલ કેટલા અવતારો થયા છે. ?

.....

પ્રશ્ન-૩ નીચેના ફકરાનું સુલેખન કરો. (સારા અક્ષરે લખો)

આપણા ગુરૂજીનું બાળપણનું નામ ‘ વિનુભગત ’ હતુ. આપણા ગુરૂજીનું પ્રાગટ્ય વેળાવદર ગામે થયુ હતુ. ગુરૂજીએ ૧૩ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી દીધો હતો. આપણા ગુરૂજી ભગવાનના સાક્ષાત્કારી સંત સત્પુરૂષ છે. આપણી ગુરૂપરંપરા સદ્‌ગુરૂશ્રી મુક્તાનંદ સ્વામીની છે. લોયાધામ આપણા મોક્ષનું કેન્દ્રસ્થાન છે. આપણે પણ ગુરૂજીની આજ્ઞા મુજબ લોયાધામની સેવા કરવી. લોયાધામની સેવાથી અક્ષરધામ મળે છે.

.....

.....

.....

.....

.....

.....

સભા-૩૨ : શ્રીજીની લીલા અપરંપાર

ફૂલદોલનો ઉત્સવ એટલે **શ્રીજી મહારાજનો સૌથી પ્રિય ઉત્સવ**. એક વાર **વરતાલ** ગામમાં તેમણે ઉત્સવ ઊજવવાનું નક્કી કર્યું. **જોબનપગી** અને બીજા ભક્તોએ **ગાડાં ભરીને ગુલાલ** મંગાવ્યો. **રંગના બે** મોટા **હોજ** તૈયાર કરાવ્યા. તાંબાનાં વાસણો પણ આખા ગામમાંથી ભેગાં કર્યાં.

પિચકારી, ફૂલો, રંગમંચ, અત્તર, હિંડોળો, ઢોલ, નગારાં, ત્રાંસાં વગેરે જે કાંઈ તૈયારી કરવી ઘટે બધી જ તૈયારી થઈ ગઈ. શ્રીજી મહારાજ પણ તૈયારી જોઈ પ્રસન્ન થયા. સૌ બીજા દિવસની **સવાર** પડવાની રાહ જોતા હતા.

સૂર્ય ઊગ્યો. **શ્રીજી મહારાજ** નિત્યવિધિથી પરવાર્યા. તેમણે સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. ફૂલના હાર અને ગજરા પણ પહેર્યા. ચાખડીએ ચઢીને તેઓ **રંગમંચ પર** પધાર્યા. સૌને રંગે રમવાનો જ ઉમંગ હતો, તેથી શ્રીજી મહારાજે આવતાંવેંત કહી દીધું: **'સૌ બે વૃંદમાં વહેંચાઈ જાઓ, તો જ અમે રંગે રમીશું.'** સંતો કહે: 'આપ કહો તેમ વૃંદ કરીએ.' શ્રીજી મહારાજ કહે: '**એક તરફ** બધા **સંતો** રહો. **એક તરફ અમે અને હરિભક્તો** રહીએ. પછી જોઈએ કોણ **જીતે** છે !'

સૌ હાથમાં પિચકારી અને ગુલાલ લઈને તૈયાર હતા. જેવો **સોનાની પિચકારી**થી શ્રીજી મહારાજે રંગ ઉડાડ્યો કે **રંગલીલા** શરૂ થઈ. સૌ એકબીજાને રંગતા હતા. ખૂબ રસાકસી જામી. એવામાં **સુરાખાચરે રંગ ભરેલો** આખો **દેગડો નિત્યાનંદ સ્વામી** પર રેડ્યો. **બ્રહ્માનંદ સ્વામી** આ જોઈ ગયા. તેમણે સુરાખાચર પર રંગનો દેગડો રેડ્યો ને ગુલાલની મૂઠી **આંખ**માં નાંખી.



સુરાખાચર અંધ જેવા થઈ ગયા. આ જોઈ **સોમલાખાચરે** બ્રહ્માનંદ સ્વામી પર રંગ રેડ્યો. તેથી નિત્યાનંદ સ્વામી ફરી દોડ્યા ને સોમલાખાચરની આંખમાં ગુલાલ ભરી દીધો. આમ સંતો-ભક્તો વચ્ચે ઘણી **રમૂજ** થઈ.

હવે શ્રીજી મહારાજનો **વારો** હતો. બધા **સંતો** એક થઈ તેમના પર રંગભરેલી પિચકારી અને **ગુલાલની મૂઠીઓ ઉડાડવા માંડ્યા, અકળાઈને શ્રીજી મહારાજ** મંચ પર ચઢી ગયા. અને આડી **ઢાલ ધરીને** બેસી ગયા. આ જોઈ સંતો વધુ જોરમાં આવ્યા, ત્યારે બચવા માટે શ્રીજી મહારાજ **ટોલિયા પર ચઢી ગયા**. પણ એક ઈસ પરથી બીજી ઈસ પર કૂદવા ગયા, ત્યાં **ટોલિયો ભાંગી ગયો** !

શ્રીજી મહારાજે **નાજાજોગિયા**ને કહ્યું: 'જલદી અમારી **ઘોડી** લાઓ.' નિત્યાનંદ સ્વામી આ સાંભળી ગયા. તેમણે **ઘોડીની આંખમાં પિચકારી મારી**. ઘોડી ગભરાઈને ભાગી ગઈ. કોઈ ભક્ત ફરી ઘોડી લાવ્યા, તો **અદ્‌ભુતાનંદ સ્વામી**એ ઘોડીની આંખમાં ગુલાલ ઉડાડ્યો. ઘોડી ભડકી અને ઠેકડા મારતી ત્યાંથી રવાના થઈ ગઈ. ઘોડી લાવનાર ભક્ત કહે: 'આ ઘોડી યુદ્ધમાંય સામી દોડે એવી છે, પણ સંતોની રંગની પિચકારી અને ગુલાલ સામે ભડકે છે.'

શ્રીજી મહારાજ કહે: **'તો ઘોડીને મોઢે કપડું ઢાંકી ઘોડી લાવો.'** ભક્તે એમ કર્યું. જેવી ઘોડી આવી કે શ્રીજી મહારાજ તેની પર ચઢી ગયા. સંતો હજુય રંગ અને ગુલાલ ઉડાડતા હતા. પછી તો બંને હાથ ઊંચા કરી શ્રીજી મહારાજ બોલ્યા: '**સંતો જીત્યા, સંતો જીત્યા** ! હવે રમવાનું બંધ રાખો.' આવું કહી શ્રીજી મહારાજ ઉતારે પધાર્યા. તેમની મૂર્તિને અંતરમાં ઉતારી સંતો-ભક્તો પણ શાંત થયા.

• ભગવાન લીલા શા માટે કરે છે ?

શ્રીજી મહારાજ કહે છે : 'અમે જ્યાં-જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને કીર્તન ગવરાવ્યાં હોય ને (કથા) વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે **અમારાં ચરિત્ર-લીલા** તેને **કહેવાં** ને **સાંભળવાં** ને તેનું મનમાં **ચિંતવન** કરવું. અને જેને એનું **ચિંતવન અંતકાળે** જો થઈ આવ્યું હોય, તો તેનો **જીવ ભગવાનના ધામને જરૂર પામે**. માટે એવાં જે અમારાં સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે **કલ્યાણકારી** છે.'

આવા હતા શ્રીજી મહારાજ !

લીલાચરિત્ર જોનાર, બોલનાર, સાંભળનાર, લખનાર, વાંચનાર, ચિંતવનાર વગેરે સર્વનું કલ્યાણ થાય એ માટે શ્રીજી મહારાજે રંગલીલા, સ્નાનલીલા, અશ્વલીલા, ભોજનલીલા, શાકોત્સવલીલા, પરિવેષણલીલા, હાસ્યવિનોદલીલા, મંદવાડલીલા, રાસલીલા, રિસાવાની લીલા વગેરે અનેક લીલાઓ કરી હતી.

|| બધી જ લીલામાં રહસ્ય ||

એક વાર શ્રીજીમહારાજ ગઢપુરમાં લીંબડાના વૃક્ષ નીચે વિરાજમાન હતા. સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી. લીંબડા ઉપરથી એક **સૂકી સાળી** શ્રીજીમહારાજના **ખોળા**માં પડી. શ્રીજીમહારાજે તે **સાળી લીધી** ને તેના **બે ટુકડા** કર્યા.

મુક્તાનંદ સ્વામી શ્રીજીમહારાજની પાસે જ બેઠા હતા. સ્વામી આ જોઈ ગયા. તેમને આશ્ચર્ય થયું ને મહારાજને પૂછ્યું : મહારાજ ! **આ સાળી તોડીને તમે શું કર્યું ?** ત્યારે શ્રીજી મહારાજે મંદહાસ્ય કરતા કહ્યું : **એક બ્રહ્માંડ તોડ્યું ને એક બ્રહ્માંડ જોડ્યું.**


•••••

ગઢપુરમાં મહારાજ રોજ સવારે **દાતણ** કરીને ટોપલો **જાર** મંગાવતા, ને નિત્ય **કબુતરો**ને નાંખતા. **હજારો કબૂતરો** આવતા ને તે **જાર ચણતાં**, ત્યારે મહારાજ એમ બોલતા કે : **આ સર્વે સત્સંગીના છોકરા થાશે ને એનું કલ્યાણ થાશે.**

વ્હાલા બાળભક્તો ! શ્રીજીમહારાજ જ કર્તા-હર્તા-ધર્તા છે, અનંત બ્રહ્માંડોના સર્જક છે, તેમની બધી જ ક્રિયા દિવ્ય-અલૌકિક લીલા છે. તેમના બધા જ કર્મમાં ઊંડું રહસ્ય છુપાયને રહેલું છે. માટે ભગવાન અને સંતના ચરિત્રમાં ક્યારેય શંકા-કુશંકા ન કરવી. દિવ્યબુદ્ધિ રાખવી.

કીર્તન ગાન કરો

વળી વખાણું લીલા લોયા ગામની, સુણતાં શ્રવણે પાતક પ્રલય થાય જો;
દુર્લભ છે સુરપુરવાસી નરનારને, વ્યાસ વિરંચિ શુક નારદ નિત્ય ગાય જો...ટેક૦
વળી વખાણું શાકોત્સવ લીલા કરી, નયણે નીરખ્યા કરતાં સુંદર શાક જો;
દ્વાદશ મણ એકાક્ષર તો વઘારમાં, જોવા આવ્યા શિવ બ્રહ્મા તજી નાક જો...૦ ૧
ચીરીઓ ચાર સુધારીને વૃંતાકની, મેલે મોટા ભાંડમાંહિ ભગવાન જો;
લવણ મસાલો હલદી મરચાં માવજી, નિજ હાથે લઈ નાખે કૃપાનિધાન જો...૦ ૨
હલદીવાળા હાથ લુવે નિજ ધોતિયે, શોભે સુંદર પીળે પટ પરિબ્રહ્મ જો;
અક્ષર પર પુરુષોત્તમજીએ નરવપુ ધર્યું, જાણે મોટા મુનિ એકાંતિક મર્મ જો...૦ ૩
શું વર્ણવું એ શાક તણા સ્વાદને, રમા રાધિકા તે ડોલાવે શીશ જો;
ભવ બ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે, પ્રેમાનંદ પીરસે નિત્ય જગદીશ જો...૦ ૪



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શ્રીજી મહારાજનો સૌથી પ્રિય ઉત્સવ ક્યો છે?

( ) A - હોળી ઉત્સવ ( ) B - ફુલદોલોત્સવ ( ) C - ઘૂળેટી ઉત્સવ

(૨) જોબનપગી ક્યા ગામના હતા?

( ) A - ગઢપુર ( ) B - લોયાધામ ( ) C - વડોદરા ( ) D - વડતાલ

(૩) વડતાલમાં રંગોત્સવ માટે કેટલા હોજ તૈયાર કરાયા?

( ) A - એક ( ) B - બે ( ) C - ત્રણ ( ) D - છ

(૪) રંગોત્સવમાં કોની જીત થઈ?

( ) A - સંતો ( ) B - હરિભક્તો ( ) C - બાળકો ( ) D - બાઈઓ

(૫) ભગવાનના લીલાચરિત્રો કેવા છે?

( ) A - દિવ્ય ( ) B - દુ:ખકારી ( ) C -માયિક ( ) D - કલ્યાણકારી

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) ભગવાન લીલા શા માટે કરે છે?

.....

.....

(૨) વડતાલના રંગોત્સવની તૈયારી કેવી હતી? વર્ણવો.

.....

.....

(૩) શ્રીજી મહારાજે કઈ-કઈ લીલાઓ કરી છે? જણાવો.

.....

.....

(૪) સળી તોડીને શ્રીજી મહારાજે શું ચરિત્ર કર્યું ?

.....

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પુરો.

(૧) શ્રીજી મહારાજે ..... ની પિચકારીથી રંગ ઉડાડ્યો.

(૨) સુરાખાચરે રંગ ભરેલો દેગડો ..... પર રેડ્યો.

(૩) રંગોત્સવનું જ બીજુ નામ ..... ઉત્સવ છે.

(૪) શ્રીજી મહારાજે શાકોત્સવ લીલા ..... ગામે કરી હતી.

(૫) શ્રીજી મહારાજે રાસોત્સવ લીલા ..... ગામે કરી હતી.

પ્રશ્ન-૪ નીચેના વાકય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) શ્રીજી મહારાજની બધી જ ક્રિયા દિવ્ય અલૌક્કિ લીલા છે. ☐

(૨) ભગવાન અને સંતોના ચરિત્રમાં શંકા-કુશંકા કરાય. ☐

(૩) શ્રીજી મહારાજ લોયાધામમાં રસોયા બન્યા હતા. ☐

(૪) શ્રીજી મહારાજની ઘોડીનું નામ માણકી હતું. ☐

(૫) સુરાખાચર શરીરે કરીને સુકલકડી હતા. ☐

પ્રશ્ન-૫ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) મંદવાડ લીલા	(૧) છપૈયા
(૨) રાસોત્સવ લીલા	(૨) પંચાળા
(૩) ફુલદોલોત્સવ લીલા	(૩) લોયાધામ
(૪) શાકોત્સવ લીલા	(૪) વડતાલ
(૫) બાળ લીલા	(૫) વરજાંગ જાળીયા
(૬) દેહોત્સર્ગ લીલા	(૬) ગઢપુર

સભા-૩૩ : માનસીપૂજા

સ્વામિનારાયણ હરે.. સ્વામિનારાયણ હરે...

શ્રીજી મહારાજ કહે છે કે, હાલતાં ચાલતાં ખાતાં-પીતાં સર્વ ક્રિયાને વિષે **ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ** રાખવાનો અભ્યાસ કરવો તો તેને ભજનમાં બેસે ત્યારે **ભગવાનમાં વૃત્તિ** સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતાં પણ રહે, અને જેને ગાફ્લાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે. તે માટે **સાવધાન** થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો **અભ્યાસ** ભગવાનના ભક્તને કરવો. **(ગ. પ્ર. પ્ર. ૨૨ વચનામૃત)**

ધ્રોડ નામનું ગામ. તે ગામમાં એક **શેઠ** બહું **લોભી** હતા. નામ તેમનું **પ્રેમજીશેઠ**. પૈસા ઘણાં અને રહેવા માટે **મહેલ મોટા** પણ **મન** સાવ **નાનું**, દરરોજ સત્સંગ કરવા આવે. સંતો કહે : ભગવાને તમને ખૂબ ધન આપ્યું છે તો કાંઈક **દાન પુણ્ય** કરવા જોઈએ. શેઠ બોલ્યા : શું કરું ? એક પણ પૈસાનો ખર્ચ ન થાય તેવું હોય તો બતાવો ! સંતે કહ્યું : **માનસી પૂજા** કરવામાં એક ટકાનો ખર્ચ નથી. શેઠે કહ્યું : દીવો તો કરવો પડે ને ! નૈવેદ્ય ધરાવવું પડે તો એમાં પૈસાનો ખર્ચ થાય જ ને ! સંત બોલ્યા: માનસી પૂજામાં બધું **મનથી અર્પણ કરવાનું હોય**. બેસો તમને શીખવાડું. નાહી ધોઈ પલાંઠી વાળીને ઉત્તર અથવા પૂર્વ દિશા સામે બેસીને મનથી ધારણા કરવાની કે મારી સામે ઠાકોરજી બેઠા છે, મનથી સ્નાન કરાવવાનું પછી વસ્ત્ર અલંકાર ધરાવવાના, વાઘા પહેરાવવા. શેઠે કહ્યું : વાઘા બનાવવામાં ખર્ચ થાય ને! સંતે કહ્યું : મનથી જ પહેરાવવાના છે. **કાંઈ ખર્ચ નથી**. તમે ચિંતા ન કરો..!



પુષ્પના હાર પહેરાવવાનાં, તુલસી પત્ર અર્પણ કરવા, પછી ભોજનના થાળ જમવા આપવાના. પાછી પ્રેમજીશેઠ કહે: હાં, આ રીત બરાબર છે.

કાલથી જ આ બધું હું ચાલુ કરી દઈશ. તે દરરોજ **માનસી પૂજા** કરે. એમ કરતાં **બાર મહિના** થયા. ધીરે ધીરે શેઠનું મન એકાગ્ર થવા લાગ્યું. હૃદયમાં આનંદ વધતો ગયો. તેથી વધારે સમય સુધી નિરાંતે માનસી પૂજા કરે.

એક દિવસ માનસી પૂજા કરતાં **દૂધમાં ખાંડ વધારે પડી ગઈ. લોભી સ્વભાવ** એટલે મનમાં થયું. **ખાંડના ભાવ** ચડતા જાય છે તેથી **દૂધમાંથી ખાંડ કાઢવા ગયો**. ભગવાન **પ્રગટ** થઈને લોભીનો **હાથ પકડી લીધો**. તમારું શું જાય છે. ભલે ખાંડ વધારે પડી. આંખ ઉઘાડી જોયું. તો તેજનાં કિરણો મધ્યે **ભગવાન** દૂધ પીવે છે. આહાહા. સાક્ષાત્ પરમાત્માએ એમને દર્શન આપ્યાં. પગે લાગી નમસ્કાર કરવા જાય ત્યાં પ્રભુ અદૃશ્ય થઈ ગયા. આજે મારી **માનસી પૂજા સિદ્ધ થઈ**. માનસી પૂજા કરવાથી લોભીનું મન **એકાગ્ર** થયું. **જીવન ધન્ય બની ગયું**.


• માનસીપૂજા એટલે શું ?



ભગવાન મનુષ્યરૂપે પ્રગટ-પ્રત્યક્ષ ન હોય ત્યારે અથવા આપણી પાસે અર્ચાસ્વરૂપ પણ ન હોય અથવા આપણી પાસે ઉપચાર દ્રવ્યો (વસ્તુઓ) પણ ન હોય ત્યારે ભગવાનની મનોમય મૂર્તિની મનોમય પદાર્થો વડે સેવા-પૂજા કરવી એ જ માનસી પૂજા.

☞ મન દ્વારા થતી ભગવાન અને ભક્તની પૂજા એટલે માનસીપૂજા. આ માનસીપૂજા એ કાંઈ સ્મૃતિમાત્ર નથી પણ ભગવાનની સાક્ષાત્ સેવા જ છે.

☞ શ્રીજીમહારાજે શિક્ષાપત્રી શ્લોક-૫૩ અને ગઢડા અંત્ય વચનામૃત-૨૩માં નિત્ય **માનસીપૂજા** કરવાની આજ્ઞા કરી છે.



☞ શ્રીજીમહારાજ કહે છે : **જો ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્‌ગદ્ કંઠે થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા માનસીપૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે. (વ.સા. ૩)**

☞ માનસીપૂજા એ સ્વામિનારાયણ સંપ્રદાયની એક વિલક્ષણ પૂજા પદ્ધતિ છે; એક અનમોલ ભેટ છે.

• માનસીપૂજા કોની કરવી ?

આપણી ઉપાસના બે ચરણની છે. તે બે ચરણ એટલે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણ. ભગવાન એક જ છે. માટે આપણે તેમની જ માનસીપૂજા કરવી.

● માનસી પૂજાનો લાભ :



☞ દિન-પ્રતિદિન ભગવાનમાં પ્રેમ વધે છે, હેત થાય છે.

☞ આપણી આસક્તિ સેવામાં રૂપાંતરિત થાય છે ને મન ભગવાન તરફ વળે છે.

☞ મનની સ્થિરતા તથા એકાગ્રતા વધે છે. ચિત્ત શાંત થાય છે.

☞ ભગવાનનો સાક્ષાત્કાર કરવા મનન-નિદિધ્યાસનની જરૂર પડે છે અને તે માનસીપૂજાના અભ્યાસથી જ થાય છે.

☞ આપણો બધો જ ભક્તિભાવ વિના ખર્ચે પૂરો થાય છે.

● માનસીપૂજા ક્યારે અને કેટલીવાર કરવી ?

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પાંચ વખતની માનસીપૂજા પ્રચલિત છે :



(૧) પ્રાત:કાળે પૂજામાં (સવારે ૪ થી ૭ વચ્ચે)

(૨) બપોરે ભોજન સમયે (બપોરે ૧૦ થી ૧ વચ્ચે)

(૩) ચાર વાગ્યે ઉત્થાન સમયે (બપોરે ૩ થી ૪ વચ્ચે)

(૪) સંધ્યાકાળે - ભોજન સમયે (સાંજે ૭ થી ૯ વચ્ચે)

(૫) રાત્રે - શયન સમયે (રાત્રે ૧૦ થી ૧૧ વચ્ચે)

● માનસીપૂજા કંઈ રીતે કરવી ?

સર્વ પ્રથમ એકાંત સ્થાનમાં પલાંઠીવાળીને બેસી, બે હાથ ખોળામાં મૂકી, આંખો બંધ કરી, શાંત મને એકાગ્રચિત્તે ભગવાન અને મોટાપુરુષે આપણાં પર કરેલા અનંત ઉપકારોની સ્મૃતિ કરવી.

જો મને આ સત્સંગ, આ ગુરુપરંપરા, આ સંતો, આ શુદ્ધ સર્વોપરી ઉપાસનાનો યોગ ન થયો હોત તો હું ક્યાં હોત ? કેવો હોત ? મહારાજ અને ગુરુજીની કૃપાથી હું ઉગરી ગયો. એમ વિચાર કરી આત્મવિચાર કરવો.

હું દેહ નહિ આત્મા છું ને મારા આત્મામાં ભગવાન સદા બિરાજમાન છે.

ત્યાર બાદ રોમાંચિત ગાત્રે ; ગદ્‌ગદ્ કંઠે ને પ્રેમમગ્ન થઈ સાક્ષાત્ મહારાજ અને મોટાપુરુષની સેવા-પૂજા કરતા હોઈએ તેમ મનમાં ચિંતવવું. અને ઋતુ પ્રમાણે અલગ-અલગ માનસી પૂજા કરવી.

● પરમ પૂજ્ય ગુરુજી કહે છે :

માનસીપૂજાનો સમય થાય એટલે બધા કામ છોડીને પહેલાં એક સ્થળે બેસીને માનસીપૂજા કરી લેવી. માનસીપૂજા ભૂલી જઈએ તો ન ચાલે. જે સમયની માનસીપૂજા કરવાની શરૂઆત કરીએ તેથી પહેલાંની માનસીપૂજામાં ભગવાનને કેવા વસ્ત્ર-અલંકાર ધારણ કરાવ્યાં હતાં, ક્યાં વિરાજમાન કર્યા હતાં અથવા કેવી રીતે પોઢાડ્યાં હતાં. તે સર્વનું અનુસંધાન રાખીને તે જ મૂર્તિનું ચિંતવન કરીને યથા સમયની માનસીપૂજાની શરૂઆત કરવી. ભગવાનને થાળ ધરાવી, માનસીપૂજા કરી પછી જ ભોજન કરાય. માનસીપૂજા કરી લઈએ પણ ભગવાનને થાળ ન ધરાવીએ તો તે પણ ન ચાલે. ભગવાનને થાળ ધરાવ્યા વિના ક્યારેય જમાય નહિ.

વ્હાલા બાળભક્તો ! આ રીતે માનસીપૂજા કરતાં ફક્ત ૩ થી ૪ મિનિટ લાગે ! બસ, આટલું કરીએ તો ભગવાન રાજી થઈ જાય. ને ભગવાનની પાયાની આજ્ઞા પળાઈ જાય. વિનાખર્ચે પ્રત્યક્ષપૂજાનું ફળ મળે તેવો આ અવસર ક્યારેય ચુકાય નહિ. જો આપણે પાક્કા સત્સંગી થવું હોય તો પાંચ માનસીપૂજા અવશ્ય કરવી જ પડે ! તેમાં બાંધછોડ ન ચાલે !!

|| દિવસ દરમિયાન પાંચ વખતની માનસી પૂજાની રીત ||

(૧) પ્રાતઃ કાળે પૂજામાં માનસીપૂજા :

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્ત મંડળે સહિત દિવ્યમૂર્તિ શ્રીહરિનું ધ્યાન ધરવું. શ્રીહરિ પલંગમાં પોઢ્યા છે, હું ધીમે મીઠા સ્વરે પ્રભાતિયા બોલું છું ને ભગવાનને જગવા માટે પ્રાર્થના કરું છું. શ્રીજીમહારાજ જાગે છે, આળસ મરડીને ઊભા થાય છે. પલંગ પરથી નીચે ઉતરે છે ત્યારે હું તેમને ચાખડીઓ પહેરાવું છું. શ્રીહરિ ચાખડીઓ પહેરી બાથરૂમમાં સ્નાન કરવા પધારે છે. મહારાજ બાજોઠ ઉપર બિરાજે પછી એલચી, લવિંગ, તજ તેણે યુક્ત પાણીમાં રાખેલું લીલુ અને કોમળ દાતણ હું શ્રીહરિને આપું છું. મહારાજ દાતણ કરે છે ને હું નીરખું છું. મહારાજે દાતણ કરી લીધા પછી તે પ્રસાદીનું દાતણ હું રાખી મુકું છું. પછી મહારાજને કોગળા કરાવી મુખારવિંદ ધોવરાવું છું. ત્યારબાદ ઋતુ અનુસાર ઘણાં જળથી અંગોઅંગ ચોળીને સ્નાન કરાવું છું. સ્નાન કરી લીધા પછી સુંદર રૂમાલથી મહારાજનું મુખારવિંદ અને અંગોઅંગ લુછું છું. ત્યારબાદ ઋતુ અનુસાર શણગાર ધરાવું



છું. સૌ પ્રથમ સોનેરી સુરવાળ પહેરાવ્યો. જરકસી જામો, ખેસ, સોનાના હાર, પુષ્પના હાર પહેરાવ્યાં. બન્ને હાથમાં બાજુ બંધ બાંધ્યા. દસેય આંગળી ઉપર વીંટીઓ પહેરાવી. મસ્તક ઉપર ત્રણ છોગાવાળી પાઘ ને પુષ્પના તોરા ધરાવ્યા. કાનમાં મયુરાકાર કુંડળ ધરાવ્યા. ચરણોમાં નૂપુર, તોડા ધરાવ્યા. જમણા હાથમાં પુષ્પનો ગજરો અને ડાબા હાથમાં રેશમી રૂમાલ આપ્યો, ચરણોમાં મખમલની મોજડી પહેરાવી. આમ, મહારાજને ખૂબ શણગાર કરું છું. ત્યારબાદ ઋતુ અનુસાર કેસર-ચંદનાદિક ઉપચારોથી શ્રીહરિની પૂજા કરું છું. ત્યારબાદ શ્રીજીમહારાજને સવારનો નાસ્તો ધરાવું છું. કાજુ-બદામ નાખેલું સાકરવાળું દૂધ તથા મગસ-મોહનથાળ-લાડુ-બરફી-પેંડા-ચેવડો-સેવ વગેરે પકવાનો ધરાવું છું. રોટલા-ઘી-સાકર-માખણ વગેરે શ્રીહરિને જમાડી જળપાન કરાવું છું. પછી મહારાજને સુંદર સિંહાસન પર બિરાજમાન કરું છું. શ્રીહરિની આરતી ઉતારું છું. પ્રદક્ષિણા-દંડવત્ કરું છું. સ્તુતિ-પ્રાર્થના કરું છું. શ્રીહરિ મને ભેટે છે. પ્રસાદીના ભોજનથી હું મુક્તોને પણ જમાડું છું. શ્રીહરિ સિંહાસન પર વિરાજમાન છે. નંદસંતો, ગુરુજી અને પ્રગટ સંતો તથા ભક્તો વિવિધ વાજિંત્રો વગાડી કીર્તન-ભક્તિ કરે છે. હું મહારાજની પાસે હાથ જોડીને તેમની સેવામાં અખંડ ઊભો છું. આવી રીતની ભાવના કરી સવારની માનસીપૂજા પૂર્ણ કરવી.

(૨) બપોરે ભોજન સમયની માનસીપૂજા :

સૌપ્રથમ પોતાને બ્રહ્મરૂપની ભાવના કરી આત્માને વિષે બિરાજી રહેલા શ્રીહરિના અંગો અંગના દર્શન કરવા. પછી મહારાજને પ્રાર્થના કરવી કે હે પ્રભો ! બપોરના ભોજનનો સમય થયો છે. તમોને બહું જ ભૂખ લાગી હશે માટે જમવા પધારો. મહારાજ સભામાંથી ઊભા થઈ એક ઓરડીમાં જમવા પધારે છે. મહારાજને સવારમાં ધરાવેલ તમામ વસ્ત્ર-આભૂષણને હું ઉતારું છું અને ભોજનને અનુરૂપ પીતામ્બર અને ખેસ ધારણ કરાવું છું. ત્યારબાદ શ્રીહરિને એક સુંદર મજાના સોનાના



બાજોઠ ઉપર બેસાડું છું અને બન્ને હાથ ધોવડાવી રૂમાલથી હાથ લૂછું છું. ત્યાર બાદ સામે બીજો સુવર્ણનો બાજોઠ મૂકી તેના પર સુવર્ણના થાળમાં શ્રીહરિને હું બાસુંદી, દૂધપાક, શીખંડ, પુરી, મૈસુબ, મોહનથાળ, સાટા, જલેબી, ગુલાબજાંબુ, પુરણપોળી, માલપુવા આદિક વિવિધ પ્રકારના પક્વાનો પીરસું છું. દાળ, ભાત, શાક, અથાણાં, પાપડ, દહીં, ભજીયા વગેરે પણ પીરસું છું. ત્યારબાદ બે હાથ જોડી મહારાજને હું જમવા માટે પ્રાર્થના કરું છું. હે ભક્તવત્સલ ! હે ભગવાન્ ! હે મહારાજ ! આપ આ સુંદર મજાનો મેં જાતે બનાવેલ થાળ આરોગો. મહારાજ વારાફરતી એક પછી એક વાનગી જમતા જાય છે ને મારી સામે જોઈને મંદ મંદ હસતા જાય છે. હું મહારાજને એકવાર, બેવાર, ત્રણવાર પીરસું છું. દંડવત્ કરું છું. મહારાજ પેટ ઉપર હાથ ફેરવતાં જાય છે ને જમતા જાય છે. અંતે મસાલાયુક્ત મીઠી છાશ શ્રીહરિને આપું છું. ત્યારબાદ જમીને તૃપ્ત થયેલા મહારાજને હું જળપાન કરાવું છું. મુખ ધોવડાવી હાથ લૂછું છું. ત્યારબાદ લવિંગ-એલાયચી-સોપારી આદિથી યુક્ત પાનબીડું શ્રીહરિના મુખમાં આપુ છું. શ્રીહરિ પાનબીડું જમતા જમતા ઊભા થાય છે. સુંદર સિંહાસનમાં વિરાજમાન થાય છે. ત્યાર બાદ શ્રીહરિની આરતી ઉતારી, સ્તુતિ-દંડવત્ પ્રણામ કરું છું. શ્રીહરિ મને ભેટે છે. ત્યાર બાદ પ્રસાદીના ભોજનોથી હું મુક્તોને, ગુરુજીને, સંતોને પણ જમાડું છું.

અંતે, શ્રીહરિએ મને પણ પ્રસાદી આપી છે એવી ભાવના કરી અને મુક્તમંડળ સહિત શ્રીહરિને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં સુંદર પલંગ પર પોઢાડી એક સ્વરૂપે હું શ્રીજીમહારાજની સેવામાં અખંડ રહ્યો છું એવી ભાવના કરી બપોરની માનસીપૂજા સમાપ્ત કરવી.

(૩) ઉત્થાન સમયની માનસીપૂજા :

(ત્રણથી ચારના સમય વચ્ચે કરવી) સૌ પ્રથમ પોતાના આત્મસ્વરૂપમાં સુંદર પલંગ પર પોઢેલા શ્રીહરિનું ધ્યાન ધરવું. ત્યારબાદ પ્રાર્થના કરવી હે મહારાજ ! બધા જ ભક્તો આપના દર્શનની રાહ જુએ છે. આપ જાગૃત થાઓ અને બધા ભક્તોને દર્શનનું સુખ આપો. પ્રાર્થનાથી જાગૃત થયેલા ભગવાનને સ્નાન કરાવવું અથવા સુગંધીમાન જળ મુખારવિંદ ધોવા માટે આપવું. સ્નાન કરી લીધા બાદ સુંદર મજાના વસ્ત્રો ધારણ કરાવવા. પુષ્પોના હાર, તોરા, ગુચ્છ, ગજરા, બાજુબંધ વગેરે ધરાવવું. ત્યાર બાદ કેસર-ચંદનથી મહારાજનું પૂજન કરવું. ત્યાર બાદ મહારાજને સુંદર મજાના સિંહાસન ઉપર બિરાજમાન કરી સફરજન, ચીકુ, દાડમ, કેળાં, જ્યુસ, આઇસક્રીમ વગેરે અનેક પ્રકારના દેશી-પરદેશી ઋતુ અનુસારના મેવા જમાડી જળપાન કરાવવું. ત્યારબાદ પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરવું અને પ્રસાદીના ફળો તેમને પણ જમાડવાં.

સુંદર શણગાર ધારણ કરેલ શ્રીહરિ સભામાં પધારે છે. હું પણ તેમની સાથે છું. મહારાજના દર્શન થતા જ સર્વે સંતો-ભક્તો મહારાજના નામનો જયઘોષ કરી ઊભા થાય છે. મહારાજ સિંહાસન ઉપર વિરાજમાન થાય છે ને સૌને હાથની સાન કરી બેસવા કહે છે. ત્યારબાદ સૌ સંતો કીર્તન-ભક્તિ કરે છે. હું મહારાજને દંડવત્ કરું છું. પાસે બેસી ચરણ ચાપું છું. શ્રીહરિ મુક્તમંડળે

સહિત અક્ષરધામરૂપ મારા આત્મામાં અખંડ વિરાજમાન રહેલાં છે ને એક સ્વરૂપે હું તેમની સેવામાં છું એવી ભાવના કરી માનસીપૂજાને પૂર્ણ કરવી.

(૪) સાયંકાળની માનસીપૂજા :

સંધ્યા સમયે પહેલાંની પેઠે બ્રહ્મરૂપની ભાવના કરીને મહારાજાધિરાજની શોભાથી યુક્ત અનંતકોટિ મુક્તોએ સેવેલ દિવ્ય-અદ્‌ભુત, લાવણ્યમૂર્તિ શ્રીહરિનું ચિંતવન કરી આરતી ઉતારી, ધૂન-સ્તુતિ-દંડવત્-પ્રદક્ષિણા વગેરે કરીને શ્રીહરિને ભેટવું. ત્યાર પછી પ્રાર્થના કરવી હે મહારાજ ! હવે તો ભોજન કરવા પધારો. મહારાજ જમવા માટે એક સુંદર મજાના મહેલમાં પધારે છે. ત્યાં એક સરસ મજાના સિંહાસન ઉપર શ્રીહરિને હું બિરાજમાન કરું છું. બપોરે ધરાવેલા વસ્ત્રો-અલંકારો ઉતારી ભોજનને અનુરૂપ સૂક્ષ્મ-કોમળ-ઘાટુ સફેદ ધોતીયું પહેરાવું છું ને બીજો એક સફેદ ખેસ ઉપર ઓઢાડું છું. ત્યાર પછી શ્રીહરિના હાથ-પગ-મુખ ધોવરાવી સુંદર રૂમાલ વડે તેને લૂછું છું. ત્યારબાદ શ્રીહરિને જમવા માટે એક સુંદર મજાનો સુવર્ણનો બાજોઠ ઢાળી આપું છું. શ્રીહરિ તેના પર વિરાજમાન થાય છે. સામે બીજા સુવર્ણના બાજોઠ પર સુવર્ણની થાળીમાં શીરો, પુરી, ભજીયાં, ખીચડી, કઢી, દૂધ, ભાત, સાકર, પાપડ, અથાણાં, શાક, વડા આદિક ભોજન પીરસું છું. મહારાજ જમતાં જાય છે ને મારી સામે જોઈ મંદ મંદ હસતાં જાય છે. મહારાજને હું વચ્ચે વચ્ચે પીરસું છું. મહારાજે જમી લીધા પછી જળપાન કરાવું છું. સુંદર મજાનું પાનબીડું, મુખવાસ આપું છું. મહારાજ પાનબીડુ જમી સુંદર સિંહાસન પર બિરાજમાન થાય છે. ત્યારબાદ મહારાજની આરતી, ધૂન, સ્તુતિ, પ્રદક્ષિણા, દંડવત્ કરી હું મહારાજને ભેટું છું. મહારાજ પણ મને ભેટે છે. મહારાજ મારી ઉપર હાથ મૂકે છે. હું મહારાજના ચરણકમળ છાતીમાં લઉં છું. ત્યાર બાદ પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી તેમને પણ પ્રસાદી જમાડી જળપાન કરાવું છું, મુખવાસ આપું છું. શ્રીહરિ મુક્ત મુક્તમંડળે સહિત મોટી સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન છે અને વચનામૃતનું પાન કરાવે છે. સર્વે મુક્તો શ્રીહરિના મુખકમળ તરફ જોઈ રહ્યાં છે ને હું તેમની સેવામાં અખંડ હાજર છું એવી ભાવના કરી માનસીપૂજા પૂર્ણ કરવી.



(૫) રાતની માનસીપૂજા :

શયનની આરતી સમયે શ્રીહરિનુ ચંદનાદિક ઉપચારોથી પૂજન કરવું. ત્યારબાદ શયનને અનુરૂપ સૂક્ષ્મ-કોમળ-હળવા વસ્ત્રો ધરાવી, બદામ, પીસ્તા, કેસર, એલચી વિગેરે નાંખેલું દૂધપાન કરાવવું તેમજ જ્યુસ ઈત્યાદિકનું પાન કરાવવું. પછી પ્રસાદીના ઉપચારોથી મુક્તોનું પૂજન કરી દૂધપાન કરાવવું અને મને પણ શ્રીહરિએ પ્રસાદી આપી તે હું જમ્યો. એવી ભાવના કરવી. પછી શ્રીજીમહારાજને અક્ષરધામરૂપ પોતાના આત્મામાં, પ્રેમરૂપી પલંગ ઉપર અથવા સુંદર કોમળ મખમલનું ગાદલું, ગાલમસુરીયું, ઓશિકું, ઓછાડ, મચ્છરદાની આદિક સામગ્રી યુક્ત સુંદર છપ્પર પલંગ ઉપર શયન કરાવવું. મહારાજ પલંગ ઉપર આડા પડખે થયાં છે. મહારાજને એક આછી ચાદર ઓઢાડી હું મહારાજ સાથે વાતો કરું છું, ચરણ દાબું છું. જોતજોતામાં મહારાજની આંખોમાં નિંદ્રા ભરાવા લાગી ને આંખો મીંચાઈ ગઈ ને મહારાજ પોઢી ગયા. હું મહારાજના મુખનું દર્શન કરું છું ને શ્રીહરિ અખંડ મારા આત્મામાં વિરાજમાન છે એવી ભાવના કરી માનસીપૂજા પૂર્ણ કરવી.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) કયા શેઠ બહું લોભી હતા? તેમને સંતે શું કહ્યું?

.....

.....

(૨) શેઠને માનસીપૂજા દ્વારા કયો ચમત્કાર થયો?

.....

.....

(૩) માનસીપૂજા એટલે શું?

.....

.....

(૪) માનસીપૂજા ક્યારે અને કેટલીવાર કરવી?

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા પ્રશ્નોના સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) આપણી ઉપાસના કેટલા ચરણની છે?

( ) A - એક ચરણ ( ) B - બે ચરણ ( ) C - ચાર ચરણ

(૨) પ્રેમજી શેઠના ગામનું નામ જણાવો.

( ) A - ધુડ્ડે ( ) B - ધ્રોડ ( ) C - ધોલેરા

(૩) પ્રેમજી શેઠનો સ્વભાવ કેવો હતો?

( ) A - ઉદાર ( ) B - ઉડાઉ ( ) C - લોભી

(૪) આપણા સંપ્રદાયમાં કેવું ધ્યાન પ્રચલિત છે?

( ) A - સપાર્ષદ ( ) B - નિરાકાર ( ) C - તેજ

(૫) ઉત્થાન સમયની માનસી પૂજા કેટલા વાગ્યે કરવાની હોય છે?

( ) A - સવારે ૪ થી ૭ વચ્ચે ( ) B - બપોરે ૩ થી ૪ વચ્ચે

( ) C - સાંજે ૭ થી ૯ વચ્ચે

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) માનસીપૂજાના લાભ જણાવો.

.....

.....

.....

.....

(૨) માનસીપૂજા કંઈ રીત કરવી જોઈએ?

.....

.....

.....

.....

સભા-૩૪ : શ્રીજીની માણકી ઘોડી

આપણા તમામ દેવતાઓને પોતપોતાનું **વાહન** છે જેમ કે, ગણેશજીનું વાહન **મૂષક**, શ્રીવિષ્ણુ દેવનું વાહન **ગરુડ**, મહાદેવજીનું વાહન **નંદિ** તે પ્રમાણે ભગવાન શ્રી સ્વામિનારાયણનું વાહન **માણકી ઘોડી** છે. માણકી ઘોડી મહારાજના **સંકલ્પ** પામી જતી હતી. મહારાજ માણકી ઉપર અસવાર થાય કે તરત જ માણકી મહારાજના સંકલ્પ અનુસાર માર્ગ પકડી લેતી. વાયુવેગે પંથ કાપતી માણકી ઘોડી મહારાજને તેમના **નિર્ધારિત સમયે** યોગ્ય સ્થાન ઉપર લઈ જતી. માણકી ઘોડી **કર્તવ્યનિષ્ઠ** અને **સર્વગુણ** સંપન્ન હતી. અશ્વવિદ્યાની ભાષામાં ઘોડીની **છત્રીસ** ખામીઓ બતાવવામાં આવી છે, પણ માણકીમાં એ છત્રીસમાંથી એકેય ખામી ન હતી.

માણકી ઘોડી શ્રીજી મહારાજની **મરજી** મુજબ, **આજીવન** એમની **સેવક** રહી. સ્વામિનારાયણ પ્રભુ આ લોકમાં અવતર્યા ત્યારે તેમની સાથે અનેક **મુક્તો** પધાર્યા હતા. મહારાજ સાથે જેમ જુદા જુદા મુક્તો આ ધરતી ઉપર પધાર્યા હતા, તેમ માણકી ઘોડી પણ એક **મુક્તાત્મા સ્વરૂપે** ધરતી ઉપર પધારી હતી. મહારાજને ઉત્સવમાં જવાનું હોય કે પછી કોઈ હરિભક્તને અંત સમયે તેડવા જવાનું હોય, ક્યારેક મહારાજને કોઈ હરિભક્તના સંકલ્પ પૂર્ણ કરવાના હોય કે પછી સાધુ-સંતોને તેમના સંકલ્પ મુજબ દર્શન દેવાનાં હોય... માણકી ઘોડી તમામ પ્રસંગે એક **પળનો વિલંબ** કર્યા વિના મહારાજના **સંકલ્પ માત્રથી** સેવામાં હાજર થઈ જતી હતી.

સંવત્ ૧૮૮૬ના જેઠ સુદી ૧૦ના રોજ પૃથ્વી પરની **લીલા** સંકેલી શ્રીજી મહારાજ પોતાના **અક્ષરધામ** પધાર્યા ત્યારે **માણકી ઘોડી**ને ખૂબ **આઘાત** લાગ્યો. મહારાજના **વિયોગના દુઃખે** માણકી ચોધાર **આંસુએ** રડતી રહેતી. શોકમાં ડૂબેલી માણકીએ **બાર-બાર દિવસ સુધી અન્નજળનો ત્યાગ** કરી દીધો હતો.



માણકીને મહાદુ:ખી જાણી છેવટે, **સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી**એ માણકીને કહ્યું: "**હવે તો તું કંઈ અન્નજળ** ગ્રહણ કર.'' સ્વામીની વાત સાંભળી માણકીએ ઈશારાથી **માથું હલાવ્યું** અને ફક્ત રાબેતા મુજબ આંસુડાં જ સાર્યા. સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામી તેની **મરજી જાણી ગયા** અને કહ્યું: **"માણકી હવે શ્રીજી મહારાજના વિરહમાં પૃથ્વી ઉપર રહેવા તૈયાર નથી.''** થોડા દિવસો પછી શ્રીજી મહારાજની ઉત્તરક્રિયાના **તેરમાના દિવસે** ખાધા-પીધા વિના માણકીએ **દેહ ત્યાગી દીધો** અને પોતાના પ્રાણપ્રિયને મળવા **અક્ષરધામ** સિધાવી. સમગ્ર જગતમાં **માણકી** અને તેનો **સેવકભાવ** એક ઇતિહાસ થઈ ગયો. ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના **અગ્નિસંસ્કારની બાજુમાં માણકીની અંતિમ વિધિ** કરવામાં આવી. ફૂલવાડીમાં (લક્ષ્મીવાડીમાં) તે જગ્યાએ **ઓટો** બનાવવામાં આવ્યો છે.

શ્રીજી મહારાજ માણકી ઘોડી ઉપર બિરાજમાન હોય તેવી ત્યાં મૂર્તિ બનાવવામાં આવી છે. સમાધિ સ્થાન ઉપર માણકીએ અસવાર થયેલી શ્રીજી મહારાજની મૂર્તિનાં દર્શન થાય છે.

|| માણકીએ ચડયા રે મોહન વનમાળી ||

એક વખત **માણાવદરના મયારામ ભટ્ટ** શ્રીજી મહારાજના દર્શન કરવા **ગઢપુર** આવ્યા. આવીને શ્રીહરિને દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. ત્યાં શ્રીજી મહારાજ કહે: 'ભટ્ટજી ! અમે તમારી જ રાહ જોતા હતા. **અમારે વડતાલ રામનવમીનો સામૈયો કરવા જવું** છે તો **મુહૂર્ત** જોઈ આપો.' તરત જ ભટ્ટજીએ ખડિયામાંથી **ટીપણું** કાઢ્યું અને જોયું પછી શ્રીહરિને કહે: 'કૃપાનાથ ! **ઉત્તમમાં ઉત્તમ મુહૂર્ત તો કાલ સવારના છ વાગ્યાનું જ છે.**' ત્યારે શ્રીહરિ કહે: 'ભલે તો **કાલ સવારે** જ નીકળીશું પણ તમે સાથે આવશો ને ? ત્યારે ભટ્ટજી કહે: 'હા પ્રભુ ! જ્યાં આપ હો ત્યાં દાસ હોય જ, પણ મહારાજ ! **દરબારગઢમાંથી રજા** તો લીધી છે ને ? ત્યારે મહારાજ કહે છે: 'ભટ્ટજી ! અમારે જવાનું છે એમાં તે વળી **કોની રજા લેવી** ? ત્યારે ખડિયો ખભે ભેરવતાં ભટ્ટજીએ કહ્યું : હા પ્રભુ ! આપ તો **સર્વજ્ઞ** અને **સર્વાધાર છો** આપને **કોની રજા** લેવાની હોય માટે કરો તૈયારી.

પછી શ્રીજી મહારાજે આવનાર સંતો ભક્તોને કહ્યું કે, અત્યારે જ બધી **તૈયારી** કરી લેજો. **સવારે વહેલાં** નીકળવું છે. કાલે જ શ્રીજીમહારાજ **વડતાલ** પધારવાના છે એવી જાણ **આખા દરબારગઢ**માં કોઈને નથી પરંતુ તે રાતે **મોટીબા**ને **સ્વપ્ન**માં એવું દેખાયું કે મહારાજ સંતો ભક્તો સાથે માણકીએ અસવાર થઈ વડતાલ તરફ જઈ રહ્યા છે. મોટીબા એકદમ **જાગી** ગયા અને **અક્ષર ઓરડી** તરફ જુએ છે ત્યાં તો શ્રીહરિ અને સંતો **જવાની તૈયારી** કરી રહ્યા છે. મોટીબા પહોંચ્યા **દાદાખાચર** પાસે અને કહ્યું : 'અહીં બેઠા બેઠા ટોકરી શું ખખડાવી રહ્યા છો ? **પ્રભુ વડતાલ પધારે છે તેને પાછા વાળો**' આ સાંભળી દાદાખાચર દોડતા પ્રભુ પાસે આવ્યા અને કહ્યું; **દયાળુ ! આ એકાએક શાની તૈયારી માંડી છે ?** પ્રભુ અમને જાણ પણ ન કરી ! એવો અમારો ક્યો ગુનો છે ? તે આપ અમને છોડીને જાઓ છો ? '**બા**' એ કહેવડાવ્યું છે કે જેમ કહેશો તેમ કરશું પણ **આપ રોકાઈ જાઓ**. આપના કામમાં આડે આવવું ઠીક નહિ પણ, એટલું બોલતાં ગળે ડૂમો ભરાઈ ગયો... છતાં

પ્રભુએ કાંઈ ન સાંભળ્યું હોય તેમ કહ્યું **'દાદા'** અમે તો જશું જ.

આમ સાંભળીને દાદાખાચર પરત આવ્યા આ બાજુ **જીવુબા, લાડુબા, પાંચુબા** આદિક **બહેનો** પણ અંતરથી શ્રીહરિને પ્રાર્થના કરતા હતા ત્યાં દાદાખાચરે આવીને કહ્યું મહારાજ તો જાય છે રોકાવાની ના કહી છે. ત્યારે જીવુબા કહે છે : **'ઠીક છે ત્યારે હું પણ જાઉં કે પ્રેમ ભીનો પાતળિયો કેમ જઈ શકે છે** ? એમ કહીને જીવુબાએ **સમાધિ** લગાવી **માણકીની વૃત્તિ ખેંચી લીધી**. ને આ તરફ મહારાજ માણકી ઉપર અસવાર થઈ ચાલ્યા પણ દરબારગઢની ડેલીએથી કેમેય કરીને **માણકી આગળ ચાલતી નથી**.

પાર્ષદો ધક્કા મારે, પ્રહાર કરે માણકી કોઈને દાદ દેતી નથી. ત્યારે મહારાજે ક્રોધાયમાન ચહેરે કહ્યું: 'ભગુજી ! **મારી ચાબુક લાવો** આજ માણકી **ઉદ્ધત** બની લાગે છે. અબઘડી ખબર પાડી દઉં કે અમારી મરજી લોપવાનું શું ફળ મળે છે ?' અને ભગુજીએ **ચાબુક** આપી અને મહારાજે તે સોટી **માણકીના બરડામાં મારી** પણ પરિસ્થિતિ તે જ રહી. મહારાજ પણ પરસેવે રેબઝેબ થઈ ગયા પણ માણકી કોઈ પણ ભોગે ડેલી બહાર ન ગઈ. ત્યારે અંતર્યામી પ્રભુ કહ્યું કે, 'આજે **માણકીની વૃત્તિ** કોઈકે **ખેંચી** લીધી લાગે છે. માટે ભગુજી સરક છોડી દો. માણકીને જ્યાં જવું હોય ત્યાં જવા દો.' **સરક ઢીલી મૂકી** કે તરત જ માણકી જે ઓરડામાં **પાંચે ભાઈ-બહેનો બેઠા છે તે ઓરડાની ઓસરીની કોરે જઈને ઊભી રહી**.

શ્રીહરિએ તે ઓરડાની ભીંતે કાન માંડ્યો તો અંદરથી આર્તનાદનો અવાજ આવી રહ્યો છે. આ સાંભળીને શ્રીજી મહારાજ નીચે ઉતર્યાને





બોલ્યા: **'જીવુબા ! તમે આજ્ઞા આપો તો અમે વડતાલ જઈએ.'** અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રીહરિ **ભક્તાધિન** થઈને આજ્ઞા માંગી રહ્યા છે. આ પ્રસંગે હાજર રહેલા **પ્રેમાનંદ સ્વામી**એ નીચે મુજબનું કીર્તન બનાવ્યું.

|| સૌ સાથે મળી કીર્તન ગાન કરો ||

રાગ - માઢ

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી, શોભે રૂડી કરમાં લગામ રૂપાળી
માણકીએ ચડ્યા રે મોહન વનમાળી....ટેક

માણીગર સૌને કહે છે થાઓ તૈયાર, મુનિ વરણી પદાતિને અસવાર,
વ્રતપુરી જવા કર્યો નિરધાર.... માણકી... ૧

કેસર, બેરી, બોદલીને ફૂલમાળ, તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ,
શોભે ઘણા વ્હાલા લાગે છે મરાળ.... માણકી... ૨

પ્રેમી ભક્ત વિનંતી કરે દોડી દોડી, લોહ - ચુંબક તુલ્ય વૃત્તિ મૂરતીમાં જોડી,
નથી જાતિ દરબારમાંથી ઘોડી.... માણકી... ૩

આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી, જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી,
સેવકદાસ પ્રેમાનંદ હજૂરી.... માણકી... ૪

નોંધ : વ્હાલા બાળભક્તો ! આપણે ઘરેથી કે એક ગામથી બીજા ગામ કે કોઈ કામ પ્રસંગે દૂર જતા હોય ત્યારે પ્રથમ આ કીર્તન ગાન કરીને જ નીકળવું.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી (✓) ખરાની નિશાની કરો.

(૧) ગણેશજીનું વાહન શું છે?

( ) A - ઘોડો ( ) B - હાથી ( ) C - ઊંટ ( ) D - મૂષક

(૨) શ્રી વિષ્ણુ દેવનું વાહન કયું છે?

( ) A - મોર ( ) B - બાજ ( ) C - ગરુડ ( ) D - કબૂતર

(૩) મહાદેવજીનું વાહન કયું છે?

( ) A - નંદી ( ) B - કાચબો ( ) C - અશ્વ ( ) D - હાથી

(૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વાહન કયું હતુ?

( ) A - માણકી ઘોડી ( ) B - હાથી ( ) C - ગરુડ ( ) D - મોર

(૫) શ્રીજી મહારાજના વિયોગમાં માણકીએ કેટલા દિવસ સુધી અન્ન-જળનો ત્યાગ કર્યો ?

( ) A - ૧૨ ( ) B - ૧૪ ( ) C - ૧૫ ( ) D - ૧૭

(૬) શ્રીજી મહારાજના વિયોગમાં માણકીએ કેટલા દિવસે દેહ ત્યાગ કર્યો?

( ) A - ૧૩ ( ) B - ૧૫ ( ) C - ૧૨ ( ) D - ૧૦

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પુરો.

(૧) ભટ્ટજીએ સમૈયો કરવા માટેનું ઉત્તમ મુહૂર્ત કાલ સવારના ..... વાગ્યાનું કાઢ્યું.

(૨) મયારામ ભટ્ટનું ગામ ..... છે.

(૩) શ્રીજી મહારાજે ચાબુક ..... ના બરડામાં મારી.

(૪) શ્રીજી મહારાજ સંતો-ભક્તો સાથે ..... પર અસવાર થઈ વડતાલ તરફ જઈ રહ્યા છે.

(૫) માણકી પર અસવાર શ્રીજી મહારાજના હાથમાં રૂડી ..... શોભે છે.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) મયારામ ભટ્ટ શ્રીજી મહારાજના દર્શન કરવા કયા ગામ આવે છે?

.....

(૨) જીવુબાએ સમાધિ લગાવી કોની વૃત્તિ ખેંચી લીધી?

.....

(૩) શ્રીજી મહારાજ વડતાલ જવા માટે કોની પાસે આજ્ઞા માંગે છે?

.....

(૪) પ્રસ્તુત કાવ્યમાં ઘોડીઓની ઉત્તમ જાતના કયા કયાં નામ જણાવવામાં આવે છે?

.....

(૫) પ્રસ્તુત કાવ્યમાં પ્રેમીભક્તોની વૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં શેની જેમ ચોટી ગઈ છે?

.....

પ્રશ્ન-૪ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી (✓)ની નિશાની કરો.

(૧) રામનવમીનો સમૈયો કયા ગામ કરવાનો છે?

( ) A - વડતાલ ( ) B - ગઢપુર ( ) C - મૂળી ( ) D - લોયા

(૨) શ્રીજી મહારાજ વડતાલ જવાના છે એવું સ્વપ્ન કોને આવ્યુ?

( ) A - જીવુબા ( ) B - લાડુબા ( ) C - મોટીબા ( ) D - નાનીબા

(૩) શ્રીજી મહારાજને સોટી કોણે આપી?

( ) A - ભગુજી ( ) B - ભટ્ટજી ( ) C - દાદા ખાચર ( ) D - સુરા ખાચર

(૫) પ્રસ્તુત પદનો રાગ કયો છે?

( ) A - માઢ ( ) B - ધોળ ( ) C - ગરબી ( ) D - મલાર

(૩) શ્રીજી મહારાજને પાછા વાળવા માટે મોટીબા કોની પાસે ગયા?

( ) A - સુરા ખાચર ( ) B - દાદા ખાચર

( ) C - જીવા ખાચર ( ) D - મયારામ ભટ્ટ

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) કૃપાનાથ ! ઉત્તમમાં ઉત્તમ મુહૂર્ત તો કાલ સવારના છ વાગ્યાનું જ છે. ☞

.....

(૨) ભટ્ટજી ! અમારે જવાનું છે એમાં તે વળી કોની રજા લેવી ? ☞

.....

(૩) મહારાજ તો જાય છે, રોકાવાની ના કહી છે. ☞

.....

(૪) અહીં બેઠા બેઠા ટોકરી શું ખખડાવી રહ્યા છો? ☞

.....

સભા-૩૫ : નિયમની દૃઢતા




શ્રીજીમહારાજના કરેલા નિયમોને-આજ્ઞાઓને **શિર સાટે** પાળે એ જ ભગવાનનો **પાકો ભક્ત** કહેવાય. તે માટે જે કોઈનીય મહોબત રાખવા જાય તો તે ધર્મ ક્યારેય રાખી શકે જ નહિ. એક મહોબત મહારાજની. જેને રાજી કરવા આપણો આ જન્મ છે તે રાજી થાય તો જ કામનું. નહિ તો સત્સંગમાં આવ્યા તેનું ફળ શું ? અને જો ખરેખર **નિયમ પાળવાની દૃઢતા** હોય તો સદ્‌ગુરૂશ્રી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું તેમ... **"દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી."** ભગવાન જરૂર તેની **રક્ષા** કરે છે.

આવો જ એક પ્રસંગ બન્યો **જૂનાગઢ**ના પ્રસિદ્ધ એક મોટા કલેક્ટરને ત્યાં. પહેલાંના જમાનામાં **કલેક્ટર** એટલે મોટા **વડાપ્રધાન** જેટલો જેમનો માન-મતરબો ગણાતો. એવા આ કલેક્ટર સાહેબના વિશાળ **બંગલાના** ચોકમાં **ગોવા ભગત** સવારના સમયે **ઝાડું** વાળતા હતા.

ત્યાં જ કલેક્ટરનાં **ધર્મપત્ની** બહાર આવી બોલ્યાં: **"ગોવા ! ઘેર જા ત્યારે કટી લેતો જજે."**

"બા ! રાજી રહેજો, પણ **તમારી કટી મારે નહિ ખપે**..." ગોવા ભગતે તુરંત **જવાબ** વાળ્યો.

અને જેમ અચાનક વીજળી પડે તેમ જવાબ સાંભળી **કલેક્ટર સાહેબનાં ધર્મપત્ની** ને બહાર



ચોકમાં હિંડોળે ઝૂલતાં **કલેક્ટર સાહેબ સમસમી** ગયા.

"અલ્યા ગોવા, અમે રહ્યા **નાગર બ્રાહ્મણ** ને તું રહ્યો નાતે **ઝાડું વાળવાવાળો** ને પાછો એમ કેમ બોલ્યો કે તમારી કઢી મારે નહિ ખપે.?!"

"સાહેબ, માફ કરજો... **હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું.** સ્વામી ગુણાતીતાનંદજી મારા ગુરુ છે. મેં તેમની પાસેથી **વર્તમાન** ધાર્યા છે. અમારા ઇષ્ટદેવની **આજ્ઞા** છે કે **લસણ-ડુંગળી ન વપરાય**. માફ કરો, આપની કઢીમાં **લસણનો વઘાર** હશે એટલે મને ન ખપે સાહેબ..." ગોવાએ નિધડકપણે મળેલી પ્રાપ્તિના કેફમાં ખુદ કલેક્ટર સાહેબનેય કહી દીધું.

સાહેબ ને તેમનાં પત્ની ગોવાની **નીડરતા** જોઈ-સાંભળી આભાં જ બની ગયાં. જેથી કંઈ બોલે તે પહેલાં તો ગોવાએ વળી પાછું ચાલુ કરી દીધું, "સાહેબ, આ **મોંઘો મનુષ્યનો જન્મ** મળ્યો. અનંત જન્મો પછી મળેલા મોંઘા મનુષ્યજન્મમાં એ જીવના **મોક્ષ** માટે કંઈ ન થાય તો શું કામનું ? અને **જીવનો મોક્ષ તો ભગવાન કે ભગવાનના મળેલા સાચા સંત મળે તો જ થાય**. આ જીવની એવી કોઈ ગતિ નથી કે તે ભગવાન સુધી પહોંચી શકે. પણ ભગવાનના **સાચા સત્પુરુષ** મળે ને તે કહે તેમ કરે તો જીવને તે **ન્યાલ** કરી દે. ઠેઠ... ઠેઠ... ભગવાન સુધી પહોંચાડી દે...

સાહેબ ! ધર્મ-નિયમ ને સાર-અસાર, વિધિ ને નિષેધ તો શાસ્ત્રની **મર્યાદા** છે. જે પશુ માટે નથી, કેવળ મનુષ્ય માટે છે. તે પ્રમાણે જો **ન** વર્તાય તો આપણામાં ને પશુમાં **શો ફેર** ? માટે સાહેબ ! મારી તો તમને બે હાથ જોડીને એક નમ્ર **વિનંતી** છે કે તમે રહ્યા મોટા માણસ, તમને ઝાઝો વખત ન

હોય પણ આપણા આ ઘરઆંગણે જૂનાગઢમાં જ સ્વામિનારાયણ મંદિરમાં એક ભગવાન જેવા સંત સ્વામી ગુણાતીતાનંદજી બિરાજે છે. તેમના એક વખત **દર્શન** તો કરો... સાહેબ ! તેમના દર્શને આ **મનખો** પાવન થઈ જાય હોં...

બોલો સાહેબ ! કાલે રજા છે... મારી સાથે આવશો ? સ્વામી તમારી ને મારી બેયની ઉપર બહુ રાજી થશે હોં...."

આમ, ગોવો તેની મસ્તીમાં **બોલતો** જ ગયો. તેને **મન** સાહેબની મોટપ કરતાં **મળેલા ભગવાન ને તેમના સંતની મોટપ અનંતગણી અધિક હતી**. તેથી તો મળેલી વાત કહેવામાં સહેજ પણ ખચકાટ નહોતો.

સાહેબ તો વિચાર કરતા જ થઈ ગયા. **ધન્ય છે ગોવાને ને ગોવાના સ્વામીને** ! અને... ગોવો સાહેબને લઈ ગયો સ્વામી પાસે, કંઠી બંધાવીને **સત્સંગી** કર્યા.

આનું નામ પાકો સત્સંગી. કોઈથી દબાય નહિ અને ક્યારેય નિયમ-ધર્મ ચૂકે નહિ અને અનંતને સત્સંગી બનાવી મુકે.


|| આટલું તો ન જ વપરાય ||

જેવું અન્ન એવો ઓડકાર.



બાળકો, તમે ક્યારેય **મૂળો** ખાધો છે ? જોજો ખાધા પછી તમને મૂળાનો **ઓડકાર** આવશે. એમ જેવું અન્ન ખાય તેવા વિચારો આવે છે.

શુદ્ધ અન્ન જમવાથી શુદ્ધ વિચારો આવે ને અશુદ્ધ જમવાથી ખોટા વિચારો આવે.



શુદ્ધ એટલે ધોયેલું એમ નહિ, દેખાવડું નહિ, પણ શુદ્ધ એટલે **પવિત્ર**.

તેલ, ઘી, દૂધ અને પાણી કપડાના ઝીણા ગળણાથી **ગાળવું** જોઈએ.

અનાજને દળાવતાં પહેલાં બરાબર **સાફ** કરવું જોઈએ, કે જેથી ઝીણી જીવાત ન રહી જાય.

લોટને તથા મસાલાને વાપરતાં પહેલાં **ચાળીને** સાફ કરવા જોઈએ.

નહિ તો આ બધુ માંસ ખાધા તુલ્ય ગણાય. **અણગળ પાણીનું એક ટીંપુયે** જો ઉપયોગમાં આવી જાય તો **માછીમાર છ માસ માછલાં મારે** ને જેટલું પાપ લાગે એટલું પાપ પીનારને લાગે.

બોલો, આટલું બધું પાપ કોણ માથે લે ?

આપણે બજારમાં કંદોઈની દુકાને કે હોટલ-લોજમાં

જોઈએ તો કાચના કબાટમાં સુંદર વસ્તુ ગોઠવી હોય. જમીએ તો જીભને સ્વાદિષ્ટ પણ લાગે છે. પણ એ વિચાર્યું કે... આમાં વપરાયેલું પાણી, તેલ, ઘી કે દૂધ ગાળ્યું હશે ? આ લોટ ચાળ્યો હશે ? અનાજ સાફસૂફ કરીને દળાવ્યું હશે ? તમારા લોજ-હોટલવાળા કોઈ તમારા સંબંધી હોય તો એમને પૂછી જોજો. આ બધું કેવી રીતે વપરાય છે ? જૂનું - વાસી વાપરી નાખી કમાણી કરવી, એ જ **ધંધાદારીની નજર** હોય, એટલે એના ઉપયોગથી એક તો **શરીર બગડે** અને **મહારાજ કુરાજી** થાય એ જુદું.

● માટે આટલું તો કદી ન જ ખાવું.



- ડુંગળી, લસણ, હિંગ તો ન જ ખવાય.
- બજારનાં જલેબી-પેંડા-ફાફડા-ચવાણું કે કોઈ પણ વસ્તુ ન જ ખવાય.
- બીડી, તમાકુ, સિગારેટ, પાન-મસાલા, ચા કે કોફી ન જ પિવાય.
- બહારની ચોકલેટ, કુલફી, બરફ, આઇસક્રીમ, બિસ્કિટ વગેરેનો ખાત્રી કરીને જ ઉપયોગ કરવો.

આવું આવું તો બહુ ધ્યાન રાખવું. જો આપણે મહારાજને રાજી કરવા હોય તો.



કીર્તન ગાન કરો



સ્વામિનારાયણ નામની હો, કંઠી છે ડોકમાં;

સ્વામિનારાયણ નામની હો, માળા છે હાથમાં....ટેક

જૂઠું બોલાય નહિ, ખોટું લેવાય નહિ;

અવળું ચલાય નહિ હો, કંઠી છે ડોકમાં....સ્વા ૧

ચોરી કરાય નહિ, કોઈને મરાય નહિ;

જ્યાં ત્યાં ખવાય નહિ હો, કંઠી છે ડોકમાં....સ્વા ૨

પૂજા મૂકાય નહિ, નિયમ છોડાય નહિ;

સત્સંગ લજવાય નહિ હો, કંઠી છે ડોકમાં...સ્વા ૩

વ્હાલા ગુરુજીને, ક્યારેય વિસરાય નહિ;

ભક્તિ ભૂલાય નહિ હો, કંઠી છે ડોકમાં....સ્વા ૪

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) ગોવા ભગતે કઢી લેવાની કેમ ના પાડી?

.....

(૨) ગોવા ભગતે સાહેબને શું ઉપદેશ આપ્યો?

.....

(૩) ગોવા ભગતના ઉપદેશની સાહેબ પર શું અસર થઈ?

.....

(૪) અણગળ પાણીનું એક ટીંપુય જો પિવાઈ જાય કેટલું પાપ લાગે?

.....

(૫) મહારાજને રાજી કરવા શું કદી ન ખાવું જોઈએ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ગોવા ભગત કયા ગામના હતા?

( ) A - ગઢપુર ( ) B - લોયા ( ) C - જૂનાગઢ

(૨) દૃઢતા જોઈને રે તેની મદદ કરે છે મુરારી- આ પદ કોનું છે.

( ) A - ગુણાતીતાનંદ સ્વામી ( ) B - બ્રહ્માનંદ સ્વામી ( ) C - ગોવા ભગત

(૩) ગોવા ભગતે કલેક્ટરને કયા સંતનો સમાગમ કરવાનું કહ્યું ?

( ) A - ગુણાતીતાનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C - બ્રહ્માનંદ સ્વામી

(૪) ગોવા ભગત ક્યું કામ કરતા હતા?

( ) A - ઝાડુ વાળતા ( ) B - ગાડી ચલાવતા ( ) C - ઓફિસે જતા

(૫) મોંઘો મનુષ્યજન્મ શા માટે છે?

( ) A - હરવા-ફરવા ( ) B - મોક્ષ માટે ( ) C - વેડફવા

પ્રશ્ન-૩ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) લસણ-ડુંગળી નાખેલું જમી લેવાય તો વાંધો નહિ. ☐

(૨) જેવું અન્ન તેવું મન બને છે. ☐

(૩) શુદ્ધ અન્ન જમવાથી શુદ્ધ વિચારો આવે છે. ☐

(૪) સાચો સત્સંગી કોઈનીય મહોબત રાખતો નથી એક મહારાજની મહોબત રાખે છે. ☐

(૫) નિયમ-ધર્મ તો આપણી સાચી શોભા છે. ☐

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) ગોવા ! ઘેર જા ત્યારે કઢી લેતો જજે ☞ .....

(૨) તમારી કઢી મારે નહિ ખપે ☞ .....

(૩) અમે રહ્યાં નાગર બ્રાહ્મણ ને તું રહ્યો નાતે ઝાડું વાળવાવાળો ☞ .....

સભા-૩૬ : આપણી શોભા વધી

ગઢડાથી ઉમરેઠ, ભાલેજ થઈ મહારાજ **વડતાલ** પધાર્યા. અહીં **આણંદના** કેટલાક પ્રેમી હરિભક્તોએ આવીને મહારાજને પ્રાર્થના કરી : 'મહારાજ ! આપ કૃપા કરીને **આણંદ** પધારો. અમારા ઘર **પાવન** કરો.'

મહારાજે કહ્યું : 'આણંદમાં **દ્વેષી લોકો** બહુ છે માટે ભવિષ્યમાં ક્યારેક આવીશું.' પરંતુ આ ઉત્તર સાંભળી હરિભક્તો દુઃખી થયા. તેમની આંખોમાં **આંસુ** આવ્યાં. તેમણે મહારાજને ફરીથી ગદ્‌ગદ્ થઈને વિનંતી કરી. મહારાજે તેમનો ભાવ જોઈને '**હા**' પાડી.

મહારાજ શૂરવીર કાઠી દરબારો, સંતોનો સંઘ લઈ **આણંદ** જવા નીકળ્યા. આણંદમાં હરિભક્તોએ **રસોઈ** કરાવી. મહારાજ કાઠી દરબારો અને સંતોનો સંઘ લઈ આણંદ **શહેરમાં પ્રવેશ્યા**. હરિભક્તોએ **સામૈયું** કર્યું.

પરંતુ 'મહારાજ આણંદમાં પધાર્યા છે' તેવી ખબર પડતાં **મતપંથીઓ રોષે ભરાયા**. તેમને તેમની દાળ-રોટી હાથમાંથી ચાલી જતી લાગી. આવા મતપંથીઓએ કેટલાક માણસોને **ઉશ્કેર્યા** અને **ભરચૌટા**માં **અપમાન કરવા** ભેગા કર્યા. મહારાજે પહેલેથી જ સૌને કહી દીધું હતું કે **ક્ષમા અને ધીરજ રાખજો, ગાળ, અપમાન અને તિરસ્કાર સહન કરજો.**

ચૌટામાં **સંઘ** આવ્યો ત્યારે કુસંગીઓએ **ગાળો** અને **અપશબ્દો** સંભળાવ્યા, પણ સૌ શાંત રહ્યા, પછી તો **છાણ, ધૂળ, ઢેફાં, કાંકરા** વગેરે જે હાથ આવ્યું તે **ફેંકવા** લાગ્યા. ભગુજી, દાદાખાચર અને નાજા જોગીયાનો હાથ **તલવાર** પર ગયો. ત્યાં મહારાજે વાર્યા અને **સહન** કરવા



કહ્યું. મહારાજ અને આખો સંઘ **ગામ બહાર ગુંસાઈની જગ્યાએ વડ નીચે ઊભો રહ્યો**. મહારાજ જમ્યા વગર **બાકરોલ** થઈ **વડતાલ** પાછા ગયા.

સાંજે મહારાજે સભામાં કહ્યું : 'આપણે કેવી **જીત** કરી ?' બ્રહ્મમુનિ કહે : 'જાણે **ઇડરીઓ ગઢ** જીતીને આવ્યા હોય એવું પરાક્રમ કર્યું છે !' 'દરબારો કહે શું જીત કરી ? **ધૂળ અને ઢેફાં ખાધાં**. અમને શૂરવીરોને ઇંટો ને રોડાં ખવડાવ્યાં. આ વાત કોઈ જાણશે તો અમને નોકરીમાં નહિ રાખે.' મહારાજ કહે : '**આપણે સહન કર્યું અને સામા નથી થયા તેથી આપણી શોભા વધી છે.** નહિ તો **ધીંગાણું** મચી જાત. કાવાદાવા થાત.'

આ બનાવની અસર **આણંદ** શહેરના આગેવાન લોકો ઉપર બહુ થઈ. તેમને થયું : 'આવા **નિર્મત્સર સંત**ને અને **મહારાજ**ને નગરજનોએ દુ:ખવ્યા એ **ખોટું** કર્યું.' આમ વિચારી શહેરના આગળ પડતા લોકોએ વડતાલ આવી મહારાજની **માફી** માંગી. ફરીથી આવું નહિ થવા દઈએ તેવી ખાતરી આપી, **આણંદનું દ્વાર કાયમને માટે ખોલી આપ્યું**.


વ્હાલા બાળભક્તો ! આ પ્રસંગ પરથી શીખવાનું એ છે કે :

(૧) શૂરવીર હોય એ જ ક્ષમા આપી શકે છે.

(૨) સહન કરવાથી સજ્જન વ્યક્તિઓ ઉપર સારી છાપ પડે છે.

(૩) સમર્થ હોવા છતાં સહન કરવાથી આખરે જીત પ્રાપ્ત થાય છે.

(૪) ભગવાન અને સંતની આજ્ઞા અનુસાર લોકોના અપમાન સહન કરવા.



● આટલું યાદ રાખો :

'ક્ષમા થકી ઈશ્વર રાજી થાય, ક્ષમા થકી વિશ્વ બધું જિતાય...'

● અંતઃદૃષ્ટિ :

માફી માંગતી વખતે ભક્ત અને અભક્તના હૃદયમાં ઉદ્‌ભવતી નીચે દર્શાવેલ મનોદશાને વાંચો. તેને આધારે તમારી પોતાની મનોદશાનું મૂલ્યાંકન કરો :



ભક્ત

(૧) માફી માંગવાથી હું ક્યાં નાનો થઈ જવાનો છું ?

(૨) મને માફ કરજો ! હવે પછી આવી ભૂલ નહિ થાય.

(૩) મારી ભૂલ બદલ હું આપને કઈ રીતે મદદ કરી શકું ?



અભક્ત

(૧) માફી માંગીશ તો મારી આબરૂનું શું ?

(૨) એમાં માફી શેની ? આવી ભુલ તો થાય પણ ખરી.

(૩) ભૂલનું વળી પ્રાયશ્ચિત્ત શેનું ? તમારાથી થાય તે કરી લેજો.

● આટલું યાદ રાખો :

'ક્ષમા કરવાથી પોતાના હૈયામાં અખંડ શાંતિ વરતે છે, ને આનંદના ફુવારા છૂટે છે. અને મોટા જીવમાંથી રાજી થાય છે.'

● તમે શું કરશો ? :

૧. ઘરે જો નાનો ભાઈ તમારાં રમકડાં તોડી નાખે, પુસ્તકો ફાડે ☞ તો શું કરશો ?

૨. તમારો મિત્ર જો કોઈ ભૂલ કરે ☞ તો તમે શું કરશો ?

૩. તમારી સાથે ભણતો વિદ્યાર્થી કંઈ ખોટું કાર્ય કરી નાખે ☞ તો તમે શું કરશો ?

|| નિત્યનિયમ વિભાગ ||

સુચના : સંચાલકોએ નીચેની આરતી સ્વયં ગાઈ-ગવડાવી બાળકોને ગાતા શીખવવી.

શ્રી ગણપતિજીની આરતી



જય મંગલકારી, જય મંગલકારી;
આરતી પ્રેમે ઉતારૂં (૨) ગણપતિ ભયહારી...જય૦ ૧ ટેક.
વંદિત ચરણ સુરાસુર, ત્રિભુવન વિખ્યાતા (૨)
કામરિપુ સુત સુંદર (૨) મનવાંછિત દાતા...જય૦ ૧
ગૌરવરણ ગિરિજાસુત, સુંદર ગજવદના, (૨)
શોભિત શશિવર ભાલે (૨) જય જય સુખસદના...જય૦ ૨
એકદંત અઘમોચન, ઉંદર અસવારી (૨)
લંબોદર ગણનાયક (૨) વરદાયક ભારી...જય૦ ૩
સુંદર ઉરગ વિભૂષણ, ભૂષિત સુખરાશી, (૨)
પ્રેમાનંદ બલિહારી (૨) શિવસુત અવિનાશી...જય૦ ૪

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) શ્રીજીમહારાજને આણંદમાં પધારવાનો આગ્રહ કોણે કર્યો ?

( ) A - રાજાએ ( ) B - હરિભક્તોએ
( ) C - કલેક્ટરે ( ) D - પ્રેમજીભાઈએ

(૨) આણંદમાં કેવા લોકો બહુ રહે છે જેના કારણે શ્રીજીમહારાજે પહેલાં આણંદમાં આવવાની ના પાડી ?

( ) A - સત્સંગી ( ) B - જ્ઞાની
( ) C - બુદ્ધિશાળી ( ) D - દ્વેષી

(૩) શ્રીજીમહારાજ સંતો સાથે કોનો સંઘ લઈ આણંદ જવા નીકળ્યા ?

( ) A - કાઠી દરબારો ( ) B - ગામ લોકો
( ) C - સુથાર લોકો ( ) D - બ્રાહ્મણો

(૪) ભગુજી, દાદા ખાચર અને નાજા જોગીયાનો હાથ તલવાર પર ગયો ત્યારે તેમને કોને વાર્યા ?

( ) A - આનંદાનંદ સ્વામીએ ( ) B - ગોપાળાનંદ સ્વામીએ
( ) C - શ્રીજી મહારાજે ( ) D - આણંદના રાજાએ

(૫) શ્રીજીમહારાજની માફી કોણે માંગી ?

( ) A - આણંદના રાજાએ ( ) B - આણંદના આગળ પાડતા લોકોએ

( ) C - દ્વેષી લોકોએ ( ) D - દાદા ખાચરે

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) મહારાજે શા માટે આણંદ જવાની 'હા' પાડી ?

.....

(૨) મહારાજે પહેલેથી જ સૌને શું કહી દીધું હતું ?

.....

(૩) અસુરોએ મહારાજ તથા સંઘનું કેવી રીતે અપમાન કર્યું ?

.....

(૪) મહારાજ તથા સંઘની શોભા શા માટે વધી ?

.....

(૫) શહેરના આગળ પડતા લોકોએ શું વિચારી મહારાજની માફી માંગી ?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) 'આણંદમાં ..... લોકો બહુ છે માટે ભવિષ્યમાં ક્યારેક આવીશું.'

(૨) મહારાજ શૂરવીર ..... સંતોનો સંઘ લઈ આણંદ જવા નીકળ્યા.

(૩) 'મહારાજ આણંદમાં પધાર્યા છે' તેવી ખબર પડતાં ..... રોષે ભરાયા.

(૪) મહારાજ જમ્યા વગર બાકરોલ થઈ ..... પાછા ગયા.

(૫) શહેરના ..... લોકોએ વડતાલ આવી મહારાજની માફી માંગી.

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) 'મહારાજ ! આપ કૃપા કરીને આણંદ પધારો. અમારા ઘર પાવન કરો.'

☞ .....

(૨) 'આપણે કેવી જીત કરી ?' ☞ .....

(૩) 'આપણે સહન કર્યું અને સામા નથી થયા તેથી આપણી શોભા વધી છે. નહિ તો ઘીંગાણું મચી જાત. કાવાદાવા થાત.' ☞ .....

પ્રશ્ન-૫ માંગ્યા મુજબ જવાબ આપો.

(૧) અન્ય મહાપુરુષોએ સહન કર્યું હોય તેવા પ્રસંગોની રજૂઆત કરો.

.....

.....

(૨) પરિવારમાં સભ્યોનું સહન કરવાથી શું ફાયદા થાય તે જણાવો.

.....

.....

સભા-૩૭ : કલા ભગત

ભગવાન ક્યારેય ભક્તને નિરાશ કરતા નથી. ભક્ત જ્યારે દુ:ખી હોય, મુશ્કેલીમાં હોય ત્યારે ભગવાન બ્રહ્માંડના સઘળાં કાર્યો એક બાજુએ મૂકીને ભક્તની **મદદ** કરવા માટે પધારતા હોય છે. ભક્ત ગરીબ છે કે પૈસાદાર તેનાથી ભગવાનને કોઈ ફરક પડતો નથી. ભગવાન તો કેવળ જીવ સામે જુએ છે. જે જીવમાં **ભક્તિ** હશે તે ભગવાનને ચોક્કસ **વહાલો** લાગશે.

કલાભગતનું આખ્યાન વાંચીશું એટલે આપણને સમજાઈ જશે કે ભગવાન પોતાના ભક્તની ખૂબ **સારસંભાળ** રાખે છે. **ઉત્તરગુજરાતમાં કુંડાળ ગામે** એક **કલા** નામના સ્વામિનારાયણ ભગવાનના **ભક્ત** રહેતા હતા. કથા વાર્તા સાંભળવી, સંતોની સેવા કરવી, મંદિરે દર્શન કરવાં વગેરેનો **કલા ભગત**ને બહુ **ખપ** રહેતો હતો. કલાભગતને **સત્સંગનો રંગ** જીવમાં બેસી ગયો હતો. જ્યારે જ્યારે કુંડાળ ગામમાં સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત **સંતો** પધારે ત્યારે કલાભગત તેમની ખૂબ **સેવા** કરતા. કલાભગત પોતાના સગાં-વહાલાં તેમજ ગામમાં ખૂબ ઉમંગ અને કેફથી વાત કરતા કે સ્વામિનારાયણ ખરેખર **સાક્ષાત્ ભગવાન** છે.





કલાભગત ગામના રહેવાસીઓને તેમજ પોતાના સગાંઓને સમજાવતા કે, "જો સાચું સુખ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનને ભજો, બીજે ક્યાંય માલ નથી.'' કલાભગત સતત **સત્સંગની વાતો** કર્યે જ રાખતા હતા. કલાભગતની આ પ્રમાણે સત્સંગના મહિમાની વાતો સાંભળીને કેટલાક **ઈર્ષાળુઓ** અને **દ્રોહીઓ** અંદરો-અંદર બળી ઊઠ્યા. ઈર્ષાળુઓએ યુક્તિ કરીને કલાભગતને સત્સંગમાંથી પાડી **કુસંગી** કરવાનો નિર્ધાર કર્યો.

ઈર્ષાળુઓએ **ભોળા ગામ લોકો**ને પણ ભરમાવ્યા અને ગામમાં કલાની **ખેતીવાડી બંધ કરાવી** દેવાની વાત કરી. સાથે સાથે, કલાને **નાત બહાર** પણ કરવાનું પણ નક્કી કર્યું. એક દિવસ કલાને બોલાવી બધાએ કહ્યું, "**આજથી આ ગામમાં તારી ખેતીવાડી બંધ અને તું નાત બહાર છે.** આજથી તારે અમારી સાથે કોઈ **સંબંધ ન રાખવો**. અમે તારી સાથે **બોલવાનું બંધ** કરીએ છીએ અને તારા ઘરનું **પાણી પણ બંધ** કરીએ છીએ." કોઈ પણ **વાંક ગુના વગર** કલાભગત સાથે ગામ લોકોએ વ્યવહાર તોડી નાખ્યો.


ગામ વાળાનો અન્યાય જોઈ કલાભગતે **દરબાર**ની

વાટ લીધી. કલો દરબારની **ડેલી**એ ગયો અને પોતાની સાથે થયેલા **અન્યાય**ની વિગત જણાવી. કલાએ દરબાર ઘણી પાસે ન્યાયની **માંગણી** કરી પણ પેલા દ્વેષીઓએ પહેલેથી જ દરબારને **ખોટી ચઢવણી** કરી કલા **વિરુદ્ધ** ખોટો પ્રચાર કર્યો હતો. જેથી, દરબારે કલાને કહ્યું : "તારે **સોગંદ** લેવા પડશે અને તારી **ભક્તિની આકરી કસોટી** આપવી પડશે. **જો તું કસોટીમાંથી પાસ થઈશ તો જ હું માની શકું કે તારા સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ છે.**'

કસોટી આપવા માટે કલાભગતને **એક દિવસ વાડીએ** બોલાવ્યો. કલાભગતને સોગંદ લેવડાવી બધા વાડીએ ઉપડ્યા. આખી વાડી ગામ લોકોથી ઊભરાઈ ગઈ. પેલા ઇર્ષાળુઓ મનોમન ખુશ થતા હતા કે, હવે કલો બરાબરનો ફસાયો છે. કલાભગતની પરીક્ષા કરવા ઈર્ષાળુઓએ એક **લોખંડનો ગોળો આગમાં બરાબરનો તપાવ્યો**. લોખંડનો ગોળો આગમાં તપીને **ઘગઘગતો લાલ અંગારા** જેવો થઈ ગયો ત્યારે દ્વેષીઓએ કલાને કહ્યું, "**આ ગોળો હાથમાં પકડીને તું ચાલ**. જો તારા હાથ નહિ દાઝે તો અમે સમજીશું કે તારા સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે."

કલાભગતે સ્વામિનારાયણ ભગવાનને મનોમન **પ્રાર્થના** કરી. ભગવાનને સંભારીને કલાભગતે ઘગઘગતો લાલ ચોળ લોખંડનો ગોળો હાથમાં લીધો અને ચાલવા લાગ્યા. કલાભગત તો એ રીતે ચાલતા હતા જાણે હાથમાં લોખંડનો ઘગઘગતો ગોળો નહિ પણ **ફૂલનો ગોળો** હોય. કલાભગતના ચહેરા ઉપર સહેજ પણ વેદના દેખાતી ન હોતી. ગામ લોકો આ જોઈને વિસ્મય પામી ગયા.





ભગવાનની આ લીલા જોઈને સૌ કુસંગી **શરમાઈ** ગયા. દ્વેષીઓનું માથું શરમથી ઝૂકી ગયું અને જાણે કાળી મેશથી મોઢું કાળું થયું હોય તેવી લજ્જા સાથે દ્વેષીઓ પાછા ફર્યા.

ભગવાને આ પ્રકારે કલાભગતની રક્ષા કરી અને ભક્તિની લાજ રાખી. બાળમિત્રો, આજના યુગમાં આપણે કોઈ લોખંડનો ધગધગતો ગોળો પકડવાનો નથી અથવા એવી કોઈ પણ પ્રકારની વિચિત્ર કહી શકાય તેવી પરીક્ષા નથી આપવાની. કલાભગતના આખ્યાન ઉપરથી આપણે એ શીખવાનું છે કે ગમે તેવી મુશ્કેલીમાં પણ સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ મૂકવી નહિ. સ્વામિનારાયણ ભગવાન સર્વ પ્રકારે સમર્થ છે અને ભગવાન આપણને મુશ્કેલીમાંથી પાર ઉતારશે જ એવી શ્રદ્ધા રાખવી.

|| નિત્યનિયમ વિભાગ ||

સુચના : સંચાલકોએ નીચેની આરતી ગાઈ, ગવડાવી બાળકોને ગાતા શીખવાડવું.

શ્રી હનુમાનજીની આરતી



જય કપિ બલવંતા, જય કપિ બલવંતા;
સુરનર મુનિજન વંદિત, પદરજ હનુમંતા... જય૦ ૧
પ્રૌઢ પ્રતાપ પવન સુત, ત્રિભુવન જયકારી;
અસુર રિપુ મદ ગંજન, ભય સંકટ હારી... જય૦ ૨
ભૂત પિશાચ વિકટ ગ્રહ, પીડત નહિ જંપે;
હનુમંત હાક સુણીને, થર થર થર કંપે... જય૦ ૩
રઘુવીર સહાય ઓળંગ્યો, સાગર અતિ ભારી;
સીતા શોધ લે આયે, કપિ લંકા જારી... જય૦ ૪
રામ ચરણ રતિ દાયક, શરણાગત ત્રાતા;
પ્રેમાનંદ કહે હનુમંત, વાંછિત ફળદાતા... જય૦ ૫

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) કલાભગત ક્યા ગામના રહેવાસી હતા ?

.....

(૨) કલાભગતને દ્વેષીઓ કેમ હેરાન કરતા હતા ?

.....

(૩) કલાભગતને દરબારે શું કહ્યું હતું ?

.....

(૪) દ્વેષીઓ શા માટે શરમાઈ ગયા ?

.....

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પૂરો.

(૧) કલાભગતે ..... હોય તેમ ઘગઘગતો ગોળો હાથમાં પકડ્યો હતો.

(૨) કલાભગતને ..... ખૂબ હેરાન કરતા હતા.

(૩) કલાભગતની પરીક્ષા લેવા સૌ ..... ગયા હતા.

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કુડાળ ગામ ક્યા આવેલ છે ?

( ) A - સૌરાષ્ટ્ર ( ) B - કચ્છ ( ) C -ઉત્તર ગુજરાત

(૨) સાચું સુખ ક્યા રહેલું છે ?

( ) A - સત્સંગમાં ( ) B - કુસંગમાં ( ) C - શહેરમાં

(૩) કોણ સત્સંગની વાતો કરતા રહેતા હતા ?

( ) A - ભલા ભગત ( ) B - કલાભગત ( ) C -ગામ લોકો

(૪) ઈર્ષાળુ ગામ લોકોએ આગમાં શું તપાવ્યું ?

( ) A - લોખંડનો ગોળો ( ) B - કલા ભગત ( ) C - સોનાનો હાર

પ્રશ્ન-૪ કલાભગત વિશે પાંચ વાક્યો લખો.

.....

.....

.....

.....

.....

સભા-૩૮ : ભગવાન બધે જ રહેલા છે

એક હતું **ગુરૂકુળ**.

તેમાં દેશોદેશથી વિદ્યાર્થીઓ ભણવા આવતા. કેટલાક રાજાના કુંવરો તો કેટલાક નગરશેઠના નબીરાઓ; કોઈક ખેડૂતના પુત્રો તો કો'ક વેપારીઓના દીકરાઓ. સૌ આ ગુરૂકુળમાં **સંપીને** રહેતા. ગુરુ જે કહે તે સેવા સૌ કરતા. જંગલમાંથી લાકડાં કાપી લાવવાની વાત ગુરુ કરે તો તેમાં પણ તૈયાર. ફળ-ફૂલ વીણી લાવવાનાં હોય કે ગાયો ચરાવવાની વાત હોય - પણ **ગુરુનો આદેશ** થાય એટલે સૌ ઊપડે.

સેવાની સાથે સાથે ગુરુ તેમને **વિદ્યા** પણ ભણાવતા. સૌ બાળકો ધ્યાનપૂર્વક ભણે. ગુરુ જે પાઠ આપે તેને તે જ દિવસે **મોઢે** કરી નાંખે. અભ્યાસમાં બિલકુલ **આળસ** ન કરે.

એક વાર ગુરુએ દરેક વિદ્યાર્થીને **એક-એક કેરી** આપી સૌને કહ્યું, 'આ કેરી તમારે બધાએ **ખાઈ જવાની** છે. પણ એક શરત. **કોઈ તમને જુએ નહિ એવી જગ્યાએ જઈને** તમારે આ **ફળ** જમવાનું.'

સૌ વિદ્યાર્થીઓ નીકળ્યા. કો'ક **ડુંગરની બખોલ**માં પહોંચ્યું તો કો'ક **ઝાડ** પર ચઢ્યું. કો'ક ઝાડના **થડની પાછળ** લપાયું તો કો'ક ગુરૂકુળના જ **ખૂણેખાંચરે** સંતાયું. સાંજ સુધીમાં કેરીને **ઓઇયાં** કરી સૌ વિદ્યાર્થીઓ ગુરુ પાસે આવી પહોંચ્યા. પણ **એક વિદ્યાર્થી ખાધા વિના કેરી પાછી લઈને આવેલો**. જેવી ગુરુએ આપી હતી એવી ને એવી જ કેરી તેના હાથમાં હતી.

સૌ વિદ્યાર્થીઓ તેને આ હાલતમાં જોઈ ટીખળ - મશ્કરી કરવા લાગ્યા. કોઈ બોલ્યું, 'સાવ વેદિયો જ રહ્યો. સંતાઈને ખાવાની એકેય જગ્યા જ ન મળી ?'

કો'કે કટાક્ષ કર્યો,



'આ બિચારાને પેટમાં ચૂંક આવતી હશે.' કો'કે ટાપશી પૂરી, 'માખીને ચંદન પર બેસવું ન ગમે તેમ આને આવું સુંદર ફળ નહિ ભાવતું હોય કે શું ?'

સૌ છાત્રો **મજાકમાં મસ્ત** હતા ત્યારે ગુરુએ તે વિદ્યાર્થીને પોતાની પાસે બોલાવ્યો. તેને પૂછ્યું, 'બેટા ! **તું આ ફળ કેમ જમ્યા વિના પાછું લઈ આવ્યો** ?'

ત્યારે તે વિદ્યાર્થી બોલ્યો, 'ગુરુજી ! આપે કહેલું ને કે **કોઈ ન જુએ** ત્યાં જઈને આ ફળ ખાવું. પણ જ્યાં કોઈ ન જોતું હોય તેવી **એકેય જગ્યા** જ મને ન જડી.'

આ સાંભળી ગુરુજી બોલ્યા, 'અરે દીકરા ! આપણા ગુરૂકુળની બાજુમાં આવેલા ડુંગરની ગુફા કે કોઈ ઝાડની પાછળ છુપાઈ ગયો હોત તોય વાંધો ન આવત. આપણા આશ્રમમાં પણ એવી જગ્યાઓ છે જ્યાં તને કોઈ ન જોઈ શકત. આ બધાને કોઈને કોઈ જગ્યા મળી ને તને જ ન મળી ?'

પેલા વિદ્યાર્થીએ કહ્યું, 'ગુરુજી ! આપે કહ્યું ત્યાં બધે જ હું જઈ આવ્યો. ગુરૂકુળનો ખૂણેખૂણો હું પણ ફરી વળ્યો. પણ આપે કહેલું ને કે કોઈ ન જુએ ત્યાં બેસીને કેરી ખાવાની !'

'હા, હા ! મેં ગણાવી તે બધી જગ્યાઓ એવી જ છે કે ત્યાં કોઈ **ચકલું ન ફરકે**. તો પછી બીજું કોઈ જોઈ જાય તેની તો વાત જ ક્યાં રહી ?'

'ગુરુજી ! આપ જ કહો છો ને કે **ભગવાન તો બધે જ છે ! જળ-સ્થળ, કણકણમાં સર્વત્ર ભગવાનનો વાસ છે** એવું આપે અમને **શિખવાડ્યું** છે ને ? હું ગુફામાં ગયો પણ ત્યાં **ભગવાન તો મને જોતા જ હતા.** હું ઝાડની ઓથે સંતાયો ને કેરી ખાવા ગયો પણ ત્યાં ભગવાન તો હતા જ અને તેઓ મને જોતા હતા. હું ગુરૂકુળની ગૌશાળામાં ગયો. ત્યાં ખૂણામાં બેસી કેરી ચૂસવા ગયો પણ ત્યાંય ભગવાન તો છે જ ને ! એ ખૂણામાંય ભગવાન મને જુએ છે તેમ લાગ્યું. **બધે ગયો પણ બધે આ જ દશા થઈ**, ક્યાંય હું ભગવાનથી છુપાઈને કેરી ન ખાઈ શક્યો, તેથી તે જેવી હતી તેવી જ આપની પાસે લઈને આવ્યો છું.'


ગુરુજી શિષ્યની આ વાત સાંભળી ખૂબ જ **રાજી** થયા. તેઓએ તેને **ધન્યવાદ** આપ્યા અને તેની

સમજણની પ્રશંસા કરી. પછી સૌ છાત્રોને ઉપદેશ આપતાં કહ્યું, 'મારા વહાલા વિદ્યાર્થીઓ ! **ભગવાન બધે જ રહેલા છે. પૃથ્વીના રજકણમાં, વૃક્ષોમાં, પાંદડામાં, નદીઓના નીરમાં, ઊંચે આકાશમાં કે નીચે પાતાળમાં, બધે જ ભગવાનનો વાસ છે. આ પૃથ્વીમાં એક અણુ જેટલી પણ જગ્યા એવી નથી કે જ્યાં ભગવાન ન હોય. દિવસની એક ક્ષણ પણ એવી નથી કે જ્યારે ભગવાન ન હોય. તે બધે જ છે ને આપણી બધી જ ક્રિયાને જુએ છે. આવું સમજાય તો ક્યાંય ક્યારેય કોઈ ખોટું કામ આપણાથી ન થાય.'**

સૌ વિદ્યાર્થીઓએ ગુરુએ ભણાવેલો આ પાઠ ધ્યાનપૂર્વક સાંભળ્યો અને **સારું જીવન જીવવાની પ્રેરણા** મેળવી. પેલા વિદ્યાર્થીની પણ ઠેકડી ઉડાડવા બદલ માફી માંગી, અને સૌએ તેને અભિનંદન આપ્યાં.

વિદ્યાર્થી મિત્રો !

જે એમ સમજે છે કે ભગવાન મને સદાય જુએ છે, તે ક્યારેય ખોટું કામ કરી શકતો નથી. જેમ પોલીસને જોઈ ચોર ચોરી કરતાં અટકી જાય છે; જેમ શિક્ષકને જોઈ વિદ્યાર્થી ખોટું કરતાં અટકી જાય છે; જેમ અધિકારીને જોઈ કારકુન બધું કામ વ્યવસ્થિત કરે છે; તેમ 'ભગવાન મને જુએ છે,' તેમ સમજનાર કદી ખોટું ન કરે. બધાં જ કામ સારી રીતે અને સાચી રીતે જ કરે.



● તમે શું ધારો છો ?

(૧.) રમેશ અને જયેશ પરીક્ષા આપવા બેઠા છે. થોડી વારમાં શિક્ષક વર્ગ બહાર જાય છે. તે લાગ જોઈને રમેશ પોતાના ખિસ્સામાંથી કાપલી કાઢે છે. તેમાંથી જોઈને જવાબ લખી નાખે છે. પછી તે આગળ બેઠેલા જયેશને તે કાપલીમાંથી જવાબ લખવા જણાવે છે. જયેશ ના પાડે છે. રમેશ કહે છે, 'લે ને ! લખી નાંખ. અત્યારે સાહેબ આપણને જોતા નથી.'



જયેશ કહે છે, 'સાહેબ નથી જોતા. પણ ભગવાન તો જુએ છે ને !' તમે જ કહો....

☞ રમેશ અને જયેશમાંથી ભગવાન કોના પર રાજી થશે ? શાથી ?



(૨.) કલ્પેશના પિતા ઓફિસેથી આવીને પોતાનું પહેરણ ખીંટીએ લટકાવે છે. પછી તેઓ હાથ-પગ ધોઈ જમવા બેસે છે. આ તક જોઈ કલ્પેશ પહેરણના ખિસ્સામાં પડેલા પાકીટમાંથી રૂા. ૫૦ ની નોટ કાઢે છે. આજુબાજુ નજર ફેરવે છે, કોઈ જોતું નથી ને ? પછી ઝડપથી પાકીટ જેમ હતું તેમ મૂકી દે છે ને રૂપિયા લઈ ઘર બહાર વાપરવા નીકળી જાય છે. તમે જ કહો....

☞ શું કલ્પેશે ચોરી કરી ત્યારે ખરેખર કોઈ તેને જોતું નહોતું ? હા કે ના ? તેની આ વર્તણૂક યોગ્ય કહેવાય કે નહિ ?

● **આટલું યાદ રાખો :**

૧. ચોરી કરવી તે ભગવાનને છેતર્યા બરાબર છે.

ખોટું કરવું તે ભગવાનને છેતરવાનો ધંધો છે.

|| સૌ સાથે મળી કીર્તન ગાન કરો ||

મોગરાના ફૂલ સખી મોગરાના ફૂલ,
શ્રીજીને પ્યારા બહું મોગરાના ફૂલ.
લક્ષ્મીવાડી શ્રીજીની રૂડી રળીયામણી,
પુષ્પો લેવાને હું તો પ્રેમેથી ચાલી,
ખીલ્યાં ખીલ્યાં રે ત્યાં તો મનગમતા ફૂલ... શ્રીજીને. ૧
ડોલર ગુલાબ ગુલ ચંપો ચમેલી,
કેતકી કરેણ જાઈ જુઈ અલબેલી,
મોગરાની પાંખડીમાં સૌરભ અમુલ ... શ્રીજીને. ૨
ફૂલડે-ફૂલડે મે નામ શ્રીજીનું લીધું,
વીણી વીણીને મારૂં મનડું પ્રોઈ લીધું,
એકસોને આઠ ચૂટ્યાં મોગરાના ફૂલ... શ્રીજીને. ૩
મોગરાની માળા ગૂંથી માવ કવિ રાચે,
કાવ્યની કુસુમ માળા કદી ન કરમાચે,
વિનગુણ એ માળા તણાં મુલ છે અમુલ... શ્રીજીને. ૪



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) ગુરૂકુળમાં કોણ કોણ ભણવા આવતા હતા?

.....

(૨) ગુરૂકુળમાં વિદ્યાર્થીઓ કઈ કઈ સેવા કરે છે?

.....

(૩) ગુરૂએ દરેક વિદ્યાર્થીઓને કેરી આપીને શું કહ્યું?

.....

(૪) વિદ્યાર્થીઓએ ક્યાં ક્યાં જોઈને કેરી ખાઈ લીધી?

.....

(૫) એક વિદ્યાર્થીએ કેરી કેમ ન ખાધી?

.....

(૬) ભગવાન ક્યાં ક્યાં વસે છે? જણાવો.

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ગુરૂકુળમાં સૌ વિદ્યાર્થીઓ કેવી રીતે રહે છે?

( ) A - સંપીને ( ) B - દુ:ખી થઈને ( ) C - લડી-ઝગડીને

(૨) સાચો વિદ્યાર્થી કેવો હોય છે?

( ) A - આળસુ ( ) B - મહેનતુ ( ) C - પ્રમાદી

(૩) ગુરૂકુળની બાજુમાં શું આવેલ છે?

( ) A - ડુંગર ( ) B - બિલ્ડિંગ ( ) C - દરિયો

(૪) શું અણું-પરમાણુંમાં ભગવાનનો વાસ છે?

( ) A - ના ( ) B - હા ( ) C - હા-ના

(૫) કેવી સમજણ હોય તો આપણાથી ખોટું કામ ન થાય?

( ) A - હું તો સમજુ માણસ છું.

( ) B - ભગવાન મારી બધી ક્રિયાને જુએ છે.

( ) C - લોકો મને શું કહેશે.

પ્રશ્ન-૩ નીચેના વાક્ય સાચા (✓) છે કે ખોટા (×) તે જણાવો.

(૧) જળ-સ્થળ કણકણમાં ભગવાનનો વાસ છે. ☐

(૨) ચોરી કરીને ન પકડાવું એ જ ચાતુરી છે. ☐

(૩) ખોટુ કરવું એ ભગવાનને છેતરવાનો ધંધો છે. ☐

(૪) ભગવાન અને ગુરૂજી આપણી બધી જ ક્રિયાના સાક્ષી છે. ☐

(૫) જે ભગવાનને અંતર્યામી જાણે તે કયારેય પાપ કરે નહિ. ☐

પ્રશ્ન-૪ નીચેના ફકરાનું સુલેખન કરો. (સારા અક્ષરે લખો)

ભગવાન બધે જ રહેલા છે. પૃથ્વીના રજકણમાં, વૃક્ષોમાં, પાંદડામાં, નદીઓના નીરમાં, ઊંચે આકાશમાં કે નીચે પાતાળમાં, બધે જ ભગવાનો વાસ છે. આ પૃથ્વીમા એક અણુ જેટલી પણ જગ્યા એવી નથી કે જ્યાં ભગવાન ન હોય. તે બધે જ છે ને આપણી બધી જ ક્રિયાને જુએ છે. **The God sees us. God is everywhere.** આવું સમજાય તો કયાંય કયારેય કોઈ ખોટું કામ આપણાથી ન થાય.

.....

.....

.....

.....

.....

.....



સભા-૩૯ : એકાદશી

ઘનશ્યામ પ્રભુ રોજ વહેલા ઊઠે. નાહી ધોઈ પૂજાપાઠ કરે. પછી **અયોધ્યાના મંદિરોના** દર્શન કરવા જાય. આ એમનો **નિત્યક્રમ**.

એક વાર ઘનશ્યામપ્રભુ **હનુમાનગઢી**એ દર્શન કરવા ગયા. **એકાદશીનો દિવસ હતો**. મંદિરના **મહંત મોહનદાસ** કથા કરતા હતા. કથામાં એકાદશી વ્રતનું **વર્ણન** આવ્યું. એકાદશીનું વ્રત ખૂબ આનંદથી કરવું. એક એકાદશી કરીએ તો **૧,૦૦૦ અશ્વમેધ યજ્ઞ** જેટલું **પુણ્ય** મળે અને ભગવાન બહુ રાજી થાય. જે એકાદશીનું વ્રત ન કરે તેને **યમપુરીનું દુઃખ** ભોગવવું પડે.

આ સાંભળી બાળપ્રભુ ઘનશ્યામે પૂછ્યું : **મહંતજી** ! એકાદશીનો આટલો મોટો **મહિમા** છે, તો **ઘણાં લોકો** એકાદશી કેમ નથી કરતા ?

ઘનશ્યામ પ્રભુના આ પ્રશ્નથી મહંતજી તો **અકળાઈ** ઊઠ્યા, કારણ કે **તેઓ એકાદશી કરતા ન હતા**. તેમણે **ઉડાઉ ઉત્તર** દઈ દીધો - તે બોલ્યા : છોકરા ! **શાસ્ત્રમાં આવું તો બધું લખ્યું હોય, પાળવાનું ન હોય ! સમજ્યો** ?! પ્રભુએ મોંઘુ મનુષ્ય શરીર આપ્યું છે, તો એકાદશી કરીને તેને શા માટે કષ્ટ આપવું જોઈએ ? આ દેહ કાંઈ દુઃખ ભોગવવા નથી આપ્યો. માટે **ખાઈ-પીને મજા કરો;** એકાદશી તો કોણ કરે ? તો જેને ઘેર ખાવા ન મળે તે ! બીજા માટે આ વાત નથી. માટે છોકરા ! આ વાત તું સમજી રાખજે, ઉપવાસ કરીને દેહને કષ્ટ ન આપતો. અને સાંભળ બીજી વાર આવો પ્રશ્ન કોઈને પૂછતો પણ નહિ !



ઘનશ્યામપ્રભુ એ કહ્યું : મને બાળક સમજી આવી ખોટી વાત ન કરશો. **શાસ્ત્ર વિરુદ્ધ વાત કરવાથી પાપ લાગે** છે.

એકાદશીનો તો બહુ મોટો **મહિમા** છે, માટે **હોંશે હોંશે** એકાદશીનું વ્રત કરવું જોઈએ. **ધર્મની ગાદી** પર બેસીને તમે કેમ **ધર્મ-નિયમને ખોટા કહો છો** ?

બાવો તાડૂક્યો : છોકરા ! મને ઉપદેશ આપે છે ? શરમાતો નથી ?

ઘનશ્યામપ્રભુએ મોહનદાસને ખૂબ સમજાવ્યા, પણ તેઓ ન જ માન્યા. તેથી પ્રભુને થયું : આ બાવો **ધર્મની ગાદી** ઉપર બેસીને લોકોને **ખોટો ઉપદેશ** આપે છે અને લોકોને અવળે માર્ગે ચઢાવે છે, માટે થોડો **પરચો** દેખાડવો પડશે.

પ્રભુ ઘનશ્યામે તરત જ બાવાને **સમાધિ** કરાવી **યમપુરી**માં ધકેલ્યો. ત્યાં **યમના દૂતો** બાવાને ખૂબ મારવા લાગ્યા. મારતા જાય ને બોલતા જાય ; તે કોઈ દિવસ એકાદશી કરી નથી. ખાઈ-પીને જાડો પાડો મસ્ત થયો છે ને વળી લોકોને પણ અવળો ઉપદેશ દીધો છે માટે આજે તને નહિ છોડીએ. અને જે જે એકાદશી નથી કરતા તેની પણ અમે આ જ હાલત કરીએ છીએ. એમ કહી યમદૂતો બાવાને મારવા અને પછાડવા લાગ્યા.

અહીં મંદિરમાં **બાવાનો દેહ** આસન પર પડ્યો પડ્યો **ઊછળે** અને **બૂમો મારે** : બચાવો - બચાવો, મને યમદૂતો મારે છે. માર ખાઈ ખાઈને બાવાનાં **હાડકાં ખોખરા** થઈ ગયા.

થોડી વારે સમાધિ ઊતરી. બાવો સમાધિમાંથી જાગ્યો કે તરત જ ઘનશ્યામ પ્રભુના **ચરણોમાં પડી** માફી માંગી ને **નિયમ લીધો** કે

હવેથી **હું એકાદશી કરીશ** અને લોકોને પણ સાચો ઉપદેશ આપીશ. મહંતજીની વાત સાંભળી ત્યાં બેઠેલા સૌ સભાજનો ઘનશ્યામપ્રભુને પગે લાગ્યા અને એકાદશી વ્રત કરવાનો નિયમ લીધો.

આવા હતા ઘનશ્યામ મહારાજ ! એકાદશી વ્રતના આગ્રહી. સૌને શાસ્ત્રોના સાચા અર્થો સમજાવે ને ધર્મના માર્ગે વાળે.

વહાલા બાળમિત્રો ! આપણે પણ મહારાજને રાજી કરવા માટે એકાદશીનું વ્રત ફરજિયાત કરવું. **એકાદશી મહિનામાં બે વાર આવે છે. બીમાર હોઈએ તો પણ એકાદશીનું વ્રત તો કરવું જ, એમાં બાંધ છોડ ન જ ચાલે !! નહિ તો બાવાના જેવી આપણી પણ હાલત થાય !!**

તો બાળમિત્રો, ચાલો, આ પાઠમાં આપણે એકાદશી વ્રત અને તેના વિધિ વિષે વિશેષ માહિતી મેળવીએ.

● એકાદશીનો મહિમા :

જેવી રીતે નદીઓમાં ગંગા, પ્રકાશમાન તત્ત્વોમાં સૂર્ય, દેવતાઓમાં વિષ્ણુ, વેદોમાં સામવેદ, મુખ્ય છે તેવી જ રીતે તમામ વ્રતોમાં **'એકાદશીનું વ્રત'** સર્વોપરિ વ્રત ગણાય છે. એકાદશી એ પરમાત્માના સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલી **'દેવી'** છે. એકાદશીનું વ્રત **પ્રાચીનકાળ**થી થાય છે. રામાયણ અને શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં પણ તેની કથાઓ જાણવા જોવા મળે છે.

- એકાદશીનું નામ - શ્રવણ માત્ર થાય તો યમદૂત ભય પામી જાય છે. બધા જ વ્રત કરતાં એકાદશીની રાત્રિએ જાગરણ થાય અને એ દિવસે જો તુલસીદલથી પ્રભુપૂજા કરે, તો તે વ્યક્તિને કરોડ યજ્ઞનું ફળ મળે છે. (પદ્મપુરાણ-૧૫/૨-૪)
- ત્રાજવાના એક પલ્લામાં સમગ્ર પૃથ્વીનું દાન રાખવામાં આવે, ને બીજા પલ્લામાં એકાદશીનું વ્રત, તો વ્રત પૃથ્વીદાન કરતાં પણ શ્રેષ્ઠ ઠરે. (ગરૂડ પુરાણ-૧/૧૨૭/૧૨)



- એક હજાર અશ્વમેધ અને સો રાજસૂય યજ્ઞનું ફળ એકાદશીના સોળમાં ભાગના અંશ જેટલુંય થતું નથી એવું વિધાન પણ શાસ્ત્રમાંથી પ્રાપ્ત થાય છે.

● એકાદશીનાં પ્રકાર અને એમાં શું જમી શકાય ?

નિર્જળા એકાદશી : આ નિર્જલ ઉપવાસમાં ભોજન તો શું પાણી પણ નથી લઈ શકાતું. ફક્ત હવાના આધારે થતો ઉપવાસ એટલે નિર્જલ ઉપવાસ.

સજળા એકાદશી : દૂધ, શરબત કે ફળોના રસ પીને થતો ઉપવાસ એટલે સજલ ઉપવાસ.

ફરાળી એકાદશી : સંયમ સાથે યુક્ત આહારવાળા ફરાળી ભોજન સાથેનો ઉપવાસ એટલે ફરાળી ઉપવાસ.

● ફરાળમાં શું શું જમી શકાય ?



કંદમૂળ : જે શાકભાજી જમીનમાં ગાંઠ રૂપે ઊગે છે, તે તમામ શાક જમી શકાય. જેવાં કે, બટાકા, શક્કરિયા, ગાજર, મૂળા, રતાળુ, સૂરણ, કંદ, બીટ વગેરે...

શાકભાજી : ભીંડા, કોબી, ફ્લાવર, પરવર, દૂધી આ શાક પણ ફરાળી ગણાય.

ધાન્ય : મોરૈયો, રાજગરો, શિંગોડાનો લોટ...

દૂધ અને દૂધની બનાવટો. (ઉપરોક્ત ફરાળી ધાન્યાદિક સિવાય અન્ય કોઈ ધાન્ય. ચોખા-દાળ-કઠોળ ઉપવાસના દિવસે ન જમી શકાય.)

● અનાજનો સર્વથા નિષેધ :

- એકાદશીના દિવસે કોઈથી પણ અનાજ ખવાય જ નહિ તેમજ કોઈને પણ અનાજ જમાડાય નહિ.

  સત્સંગિજીવન ૩/૩૧/૫-૧૦માં કહ્યું છે કે એકાદશીના દિવસે અનાજ ખાનાર મનુષ્ય માતૃહત્યા, પિતૃહત્યા, ગુરુહત્યા આદિ મહાપાપનો અધિકારી થાય છે, ને પ્રત્યેક કોળિયે પૃથ્વી પર રહેલા મળમાત્રને ખાય છે. (મળભક્ષણ જેટલો દોષ લાગે છે.)
- વળી, એકાદશીને દિવસે અનાજ જમીએ તો અનાજના એક-એક કોળિયે જમનારને આખું બ્રહ્માંડ ભાગ્યાનું પાપ લાગે છે.
- બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત છે પણ એકાદશીને દિવસે અનાજ ખાનારનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી કે એ શુદ્ધ થાય. મદ્યપાન કરનાર એકલો નરકે જાય છે પણ એકાદશીએ અનાજ ખાનાર પોતાના પિતા ને પૂર્વજો સહિત નરકે જાય છે.

● પૂજ્ય ગુરુજી કહે છે :

દરેક ભક્તોએ એકાદશી કરવી જ. એકાદશીએ અન્ન ખાવું એ માંસ ખાધા બરાબર છે. એકાદશીએ દેહ અને મનનું તપ કરવાનું, ભજન કરવાનું, ભગવાનનું સ્મરણ વિશેષ કરવાનું ! બને ત્યાં સુધી એકાદશીનો ઉપવાસ જ કરવાનો ! ઘણી વાર આપણે પરિસ્થિતિને વશ થઈ ભૂખ્યા રહીએ જ



છીએ તો આ તો ભગવાનને રાજી કરવા માટે ઉપવાસ કરવાનો છે. માટે હિંમત હારવી નહિ, થોડી વાર માથું દુ:ખે તો દુ:ખવા દેવું પણ ઉપવાસ તો કરવા જ. શ્રીજી મહારાજ તપે કરીને બહુ રાજી થાય છે.

ચાતુર્માસમાં શ્રદ્ધા પ્રમાણે તપ-ઉપવાસના વિશેષ નિયમ લેવા. શ્રાવણ માસમાં તો વિશેષ તપ કરવું. એકટાણા કરવા, મિષ્ટાન્ન ન જમવું. ફરસાણ ન જમવું, પોતાને ગમતી વાનગીનો ત્યાગ કરવો, એક વાર જે પીરસાય તે જમી લેવું. ઓછું જમવું વગેરે સાત્ત્વિક તપ પણ કરતાં રહેવાં તો ભગવાન રાજી થાય.

વહાલા બાળભક્તો,

પૂજ્ય ગુરુજી આટલી મોટી ઉંમરે પણ એક-એક વર્ષના ધારણા-પારણા જેવા કઠણ વ્રત-તપ કરે છે, તે ભગવાનને રાજી કરવા તો ખરા જ, પણ આપણા ઉપદેશ માટે પણ ખરા ! માટે આપણે પણ ભગવાન અને ગુરુજી ને રાજી કરવા માટે તપનું અંગ પાડવું !

|| સૌ સાથે મળી કીર્તન ગાન કરો ||

કોડે કોડે એકાદશી કીજીએ રે,
એવું વ્રત જાવા નવ દીજીએ રે. કોડે ૦૧
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવી રે. કોડે ૦૨
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે. કોડે ૦૩
એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે. કોડે ૦૪
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યાં વસી રે,
કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશી રે. કોડે ૦૫



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) શ્રી ઘનશ્યામપ્રભુનો નિત્યક્રમ શું હતો?

.....

(૨) એકાદશીવ્રતનો મહિમા જણાવો?

.....

(૩) એકાદશી વિશે મહંતજીએ લોકોને શું ખોટું સમજાવ્યું?

.....

(૪) એકાદશીના પ્રકાર જણાવો?

.....

(૫) એકાદશીના દિવસે અનાજ કેમ ન જમાય?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) હનુમાનગઢી મંદિરના મહંતનું નામ શું હતું?

( ) A - મગનલાલ ( ) B - મોહનદાસ ( ) C - મફતલાલ

(૨) હનુમાનગઢી મંદિર કયાં આવેલું છે?

( ) A - કાશી ( ) B - વૃન્દાવન ( ) C - અયોધ્યા

(૩) ઘનશ્યામે સમાધિ કરાવીને મહંતને કયાં મોકલ્યા?

( ) A - સ્વર્ગ ( ) B - નરક ( ) C - યમપુરી

(૪) મહિનામાં કેટલી એકાદશી આવે છે ?

( ) A - એક ( ) B - બે ( ) C - ચાર

(૫) કયુ વ્રત સર્વોપરી વ્રત છે?

( ) A - શનિવાર ( ) B - એકટાણા ( ) C - એકાદશી

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) 'ફરાળ' કોને કહેવાય? દૃષ્ટાંત આપી સમજાવો.

.....

.....

(૨) 'અનાજ' કોને કહેવાય? દૃષ્ટાંત આપી સમજાવો.

.....

.....

(૩) એકાદશીના દિવસે અનાજ જમાનારને કેવું-કેટલું પાપ લાગે છે તે જણાવો.

.....

.....

પ્રશ્ન-૪ નીચે આપેલ ખાલી જગ્યા પુરો.

(૧) એકાદશીનું વ્રત ..... કાળથી થાય છે.

(૨) શિક્ષાપત્રીના ..... શ્લોકમાં એકાદશી કરવાની આજ્ઞા છે.

(૩) કોડે કોડે એકાદશી કીજીએરે આ રચના ..... ની છે.

(૪) શ્રીમદ્ સત્સંગિજીવનના રચિયતા ..... છે.

સભા-૪૦ : સિંહના આશરે બકરી

એક હતી **બકરી**, તે જંગલમાં ચરવા-ફરવા નીકળેલી. ખાવા-પીવામાં તે એવી તો મશગૂલ થઈ ગઈ કે ક્યારે **સાંજ** પડી ગઈ તેનું પણ તેને ભાન ન રહ્યું, **અંધારું ઘણું જામી ગયું**, પછી તે ઘરે પાછી આવવા નીકળી. પણ અંધારામાં **રસ્તો ભૂલી**. થોડી વારમાં તો **જંગલી હિંસક** પશુઓની **રાડ-ત્રાડ** સંભળાવા માંડી. બકરી તો ગભરાઈ ગઈ. **"શું કરવું ? ક્યાં જવું ?"** તેના વિચારો કરવા લાગી. તેવામાં તેની નજર એક **સિંહના પગલાં** પર પડી. તે એકદમ **દોડીને** તેની **પાસે પહોંચી ગઈ. ત્યાં જઈ બેસી ગઈ**.

રાત્રિનો એકાદ કલાક પસાર થયો ને ત્યાં **વરુ** ફરતું ફરતું આવ્યું. તે **બકરીને ખાવા** તૈયાર થયું, પણ બકરી બોલી : **'વરુભાઈ ! વરુભાઈ !** તમારે મને ખાવી હોય તો ખાઈ જાવ, પણ **હું આ સિંહના પગલે બેઠી છે.** '

વરુએ જોયું તો ત્યાં સાચે જ સિંહનું પગલું હતું. તે જોઈ તેણે વિચાર્યું, 'આ તો **સિંહના આશરે** બેઠી છે. સિંહની સાથે તેને **ભાઈબંધી** લાગે છે. જો તેને હેરાન કરીશ તો સિંહ મને જ ફાડી ખાશે. આપણે શું કામ સામેથી ઉપાધિ વહોરવી ? શિકાર તો બીજોય મળશે.' એમ વિચારી વરુએ બકરીને કાંઈ પણ કર્યા સિવાય ચાલતી પકડી.

બીજો એકાદ કલાક વીત્યો ત્યાં **વાઘ** આવ્યો. બકરીને જોઈ તે તરાપ મારવા ગયો ત્યાં જ બકરી બોલી: '**વાઘભાઈ ! વાઘભાઈ !** તમારે મને મારવી હોય તો મારો. હું તો સાવ નિર્બળ છું. તમે તો ખૂબ બળવાન, પણ હું આ **સિંહના પગલે** બેઠી છું !' વાઘે પણ વરુની જેમ વિચાર્યું, 'આ બકરીને મારીશ તો મારે **સિંહ સાથે દુશ્મનાવટ થશે**. કારણ કે આ બકરીને તો સિંહ સાથે **મિત્રાચારી** છે, તેને જો કાંઈ કરીશ



તો સિંહ મને ફાડી જ ખાશે. માટે જવા દો. જંગલમાં શું કાંઈ આ એક જ બકરી થોડી છે ?' આમ વિચારી વાઘ પણ વિદાય થયો, બકરીને હાશ થઈ. પણ થોડી વાર થઈ ત્યાં તો **સિંહ**ની ડણક સંભળાઈ. બકરીના તો હાંજા ગગડી ગયા. ત્યાં તો ખરેખર **સિંહ** દેખાયો. તે બકરી બાજુ જ આવી રહ્યો હતો. **બકરી મૂંઝાઈ**. તેને થયું, **'બધાંને તો સિંહનું નામ આપી ભગાડ્યાં**. પણ સિંહને શું કહીશું?' એટલામાં તો સિંહ બકરી પર ઝપટ મારવા ગયો, ત્યાં જ બકરીએ કહ્યું : '**રાજા સાહેબ ! આપ તો જંગલના રાજા કહેવાઓ**. આપના આ **પગલાના આધારે** હું રાત આખી અહીં બેસી રહી છું. **વાઘ-વરુ**ને મેં આ પગલું બતાવી દૂર કર્યા. પણ આપને તો શું કહું ? આપને જેમ યોગ્ય લાગે તેમ કરો.'

સિંહ તો બકરીનો પોતાના **પગલાં પરનો વિશ્વાસ** જોઈ **રાજી** થઈ ગયો. તેણે એક **ઊંચા હાથી**ને બોલાવ્યો ને કહ્યું : **'આ બકરીબહેન જંગલમાં ભૂલાં પડ્યાં છે. તો તું તેમને તારી પીઠ પર બેસાડી તેમના ઘરે પહોંચાડી આવ.'** પછી હાથીએ બકરીને પોતાની **પીઠ** પર ચઢાવી. બકરી **લીલાં-કૂણાં પાંદડાં ખાતી** ખાતી પોતાના ઘરે પહોંચી ગઈ.

જંગલમાં સિંહનું બળ ગણાય છે. બકરીએ તેના પર ભરોસો રાખ્યો તો તેની રક્ષા થઈ. ખાવા પણ મળ્યું. હાથી પર સવારી પણ નીકળી, ને ઘેરેય પહોંચી ગઈ.

જગતમાં ભગવાનનું બળ શ્રેષ્ઠ બળ છે. આપણે જો તેના પર વિશ્વાસ રાખીએ તો જીવનમાં જીત પણ મળે, સન્માન પણ થાય, રક્ષા પણ થાય.

વ્હાલા બાળમિત્રો ! આજના યુગમાં કેટલાક લોકોના જીવનમાં અંધશ્રદ્ધા જોવા મળે છે. હાથમાં દોરા બાંધેલા, ગળામાં દોરા-ધાગા પહેરેલા, જાત-જાતના ગ્રહોથી બચવા આંગળીએ વીંટી પહેરેલા, તાવીજ લટકાવેલા ઘણા લોકો દુનિયામાં ફરતા દેખાય છે.

ભૂવાઓ ભૂંસું ભરાવતા હોય છે કે આ દોરો પહેરશો એટલે તાવ નહિ આવે, આ વીંટી પહેરશો એટલે ગ્રહ-પનોતી કાંઈ નહિ કરી શકે, આ તાવીજ લટકાવશો એટલે દુશ્મન દૂર ભાગી જશે... વગેરે વગેરે.

પરંતુ ભગવાન સ્વામિનારાયણ કહેતા, 'જો દોરા-ધાગા કરવાથી લાંબું જીવાતું હોય, તો કોઈક તો દોઢસો વર્ષનો માણસ જોવા મળવો જોઈએ ને ! જો તાવીજ લટકાવવાથી જ સાજા થઈ જવાતું હોય તો દુનિયામાં ડોક્ટરની જરૂર જ ન પડે. (હોસ્પિટલો પણ ન હોય.) જો મંત્ર-જંત્ર અને કામણ ટૂંમણથી જ બધાં કામ થતાં હોય તો રાજાઓ લશ્કર શું કામ રાખે ? બે મંત્ર-જંત્ર જાણનાર બાવાઓ જ સરહદ પર ગોઠવી ન દે ! પણ મંત્ર-જંત્ર, ગ્રહ-પનોતી, દોરા-ધાગા, તાવીજ-માદળિયાથી કોઈ કામ થતાં નથી. ધાર્યું તો એક ભગવાનનું જ થાય છે. માટે તેમના બળમાં અડગ વિશ્વાસ રાખવો જોઈએ.'

નિત્યનિયમ વિભાગ

સુચના : સંચાલકોએ આ પ્રાર્થના સ્વયં ગાઈ-ગવડાવી બાળકોને ગાતા શીખવાડીને કંઠસ્થ કરાવવી.

પ્રાતઃ પ્રાર્થના

"મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી ।
એવું વરદાન દિજીયે આપે, એહ માયા અમને ન વ્યાપે ॥
વળી તમારે વિષે જીવન, નાવે મનુષ્યબુદ્ધિ કોઈ દન ।
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજું અલૌકિક ખ્યાલ ॥
સતસંગી જે તમારા કહાવે, તેનો કે'દિ અભાવ ન આવે ।
દેશકાળ ને ક્રિયાયે કરી, કે'દિ તમને ન ભુલીયે હરિ ॥
કામ ક્રોધ ને લોભ કુમતી, મોહ વ્યાપીને ન ફરે મતિ ।
તમને ભજતા આડું જે પડે, માંગીયે એ અમને ન નડે ॥
એટલું માંગિયે છૈયે અમે, દેજ્યો દયા કરી હરિ તમે ।
વળી ન માંગીયે અમે જેહ, તમે સુણી લેજ્યો હરિ તેહ ॥
કે'દિ દેશો માં દેહાભિમાન, જેણે કરી વિસરો ભગવાન ।
કે'દિ કુસંગનો સંગ માં દેજ્યો, અધર્મ થકી ઉગારી લેજ્યો ॥
કે'દિ દેશો માં સંસારી સુખ, દેશો માં પ્રભુ વાસ વિમુખ ।
દેશો માં પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષા કાંઈ ॥
દેશો માં દેહસુખ સંયોગ, દેશો માં હરિજનનો વિયોગ ।
દેશો માં હરિજનનો અભાવ, દેશોમાં અહંકારી સ્વભાવ ॥
દેશો માં સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય ।
એ આદિ નથી માંગતા અમે, દેશો માં દયા કરીને તમે ॥ (ભક્તચિંતામણી-૬૪)

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) બકરીને શા માટે રાત્રે મોડું થઈ ગયુ?

.....

.....

(૨) બકરી કોના આશ્રયે જીવતી રહી?

.....

.....

(૩) બકરીને મારવા કયા કયા પ્રાણીઓ આવ્યા?

.....

.....

(૪) બકરીએ મારવા આવેલા પ્રાણીઓને શું કહ્યું?

.....

.....

(૨) પ્રસ્તુત પાઠનો સાર શું છે? જણાવો.

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલાં વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) બકરી કયારે રસ્તો ભુલી ?

( ) A - સવારે ( ) B - બપોરે ( ) C - સાંજે

(૨) બકરીએ કયા પ્રાણીનું પગલું જોયુ?

( ) A - વાઘ ( ) B - સિંહ ( ) C - વરૂ

(૩) જંગલનો રાજા કોને છે?

( ) A - વાઘ ( ) B - સિંહ ( ) C - હાથી

(૪) સિંહે બકરીને ઘરે પહોંચાડવાનું કોને સોપ્યું?

( ) A - હાથી ( ) B - વાઘને ( ) C - સિંહને

(૫) જગતમાં કોનું બળ રાખવું જોઈએ?

( ) A - ભગવાનનું ( ) B - સિંહનું ( ) C - પહેલવાનનું

પ્રશ્ન-૩ નીચે આપેલા વાક્યોના 'હા' કે 'ના' માં જવાબ આપો.

(૧) આપણે દોરા-ધાગા-કામણ-ટૂંમણામાં વિશ્વાસ રાખવો નહિ. ☐

(૨) ધાર્યું તો એક ભગવાનનું જ થાય છે. ☐

(૩) ભગવાનની માયા મહાબળવાન છે. ☐

(૪) ભગવાનનો ભરોસો રાખે તેની રક્ષા ભગવાન જ કરે છે. ☐

(૫) સત્સંગીઓનો અભાવ-અવગુણ લેવા જોઈએ. ☐



ભગવાન શ્રી સ્વામિનારાયણ

"સ્વામિનારાયણ ભગવાન આપણા ઇષ્ટદેવ છે."

આપણા ઇષ્ટદેવના આપણે ગુણગાન ગાઈએ તેટલા ઓછા જ છે.

આપણા નાનકડા **ઘનશ્યામ છપૈયાપુર**માં સંવત્ **૧૮૩૭ના ચૈત્ર સુદ-૯**ના રોજ **રાત્રીની દસ ઘડી** જતા **ધર્મપિતા** ને **ભક્તિમાતા** થકી **પ્રગટ** થયા. બાળપણમાં પોતાનું ભગવાનપણું તેમના દિવ્ય અદ્‌ભુત ચરિત્રોથી, ઘણી વખત ખુલ્લું થઈ જતું. છતાંય પોતે ખુબ ઢાંકી-ઢબૂરીને વર્ત્યા. આમ, **૧૧ વર્ષ, ૩ માસ અને ૧ દિવસ** ધર્મ-ભક્તિને ઘેર રહી તેઓ માતાપિતાને દિવ્યગતિ પમાડી અનેકનાં કલ્યાણાર્થે **વનવિચરણ** માટે નીકળ્યા.

હવે ઘનશ્યામ **નીલકંઠ** બની વનમાં વિચરતા. અનેક પશુ-પક્ષી, પર્વત, નદી, તળાવ તથા અનેક જોગી જતિઓને તેમની વર્ષોની આકરી તપશ્ચર્યાનું ફળ આપતા અને પોતાના સ્વરૂપની નિષ્ઠા કરાવતા, નીલકંઠ આગળ વધ્યા.

૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ વનવિચરણ કરી, નીલકંઠવર્ણી **લોજપુર** પધાર્યા. ત્યાં **મુક્તાનંદસ્વામી** પાસે રહ્યા. **પીપલાણા**માં **રામાનંદસ્વામી**ને પોતાના **ગુરુ** કર્યા ને **જેતપુર**માં

પોતે રામાનંદસ્વામીને પોતાના **ગુરુ** કર્યા ને જેતપુરમાં પોતે રામાનંદસ્વામીની ગાદીના વારસદાર બની **ધર્મધુરા** હાથમાં લીધી.

ગુરુના **ચૌદમા**ના દિવસે પોતાનું સર્વોપરી **"સ્વામિનારાયણ"** નામ પ્રકાશિત કર્યું અને સભામાં બેઠેલા હજારોને એ નામના પ્રતાપથી **સમાધિ** કરાવી. અષ્ટાંગયોગ સાધે ત્યારે સમાધિ થાય તેવી સમાધિ, શ્રીજીમહારાજ તેમના અલૌકિક પ્રતાપથી જેને ઇચ્છે તેને **સ્હેજે** કરાવતા. કોઈ તેમની સામું જુએ તેનેય સમાધિ, ચટકંતી ચાલના ચટકે સમાધિ, ચાખડીના અવાજે સમાધિ. આમ સ્હેજે સ્હેજે જનોને સમાધિ કરાવતા. મનુષ્યને તો ઠીક, પણ પશુ અને પક્ષીનેય મહારાજ સમાધિમાં લીન કરતા અને સમાધિમાં પોતાનું **સર્વોપરીપણું** તે ઉપાસકને સમજાવતા.

આમ હજારોને પોતાના આશ્રિત કરી શ્રીજીમહારાજ ગામે ગામ અને દેશોદેશ વિચરતા. પોતાના **અલૌકિક પ્રતાપે** બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી આદિ ત્રણ હજારથી વધુ સંતોને દીક્ષા આપી, પોતાના ગમતાં સેવકભાવે વર્તાવ્યા. **આ સંતો બધા એક એક ભગવાન થઈ પુજાય એવા સમર્થ હોવા છતાં, શ્રીજીમહારાજના અનહદ પ્રતાપને વશ થઈ, દાસ થઈ વર્તતા.**

મોટા મોટા પાપના પર્વત જેવા વડતાલનો જોબનપગી, તખોપગી, શક્કરોપગી તથા લોધિકા દરબાર અભેસિંહ, મેંગણીના માનભા, લીલખાનો મુંજો સુરુ વગેરેને પોતાના **શરણાગત** કરી, ભગત કર્યા. કાઠી-કોળી જેવી માથાભારે પ્રજાને વશ કરી, પોતાના પ્રૌઢપ્રતાપે બ્રાહ્મણોને પણ શરમાવે એવા ધર્મ-નિયમે યુક્ત કર્યા. મુસ્લિમ, ખોજા, વાઘરી, હરિજન અને પારસી જેવી **તમામ કોમોને** પણ, શ્રીજીમહારાજે પોતાના શરણે લીધેલી છે.

અંધશ્રદ્ધા અને **વહેમો**માં અટવાયેલી પ્રજાના વહેમો ટાળી, સતી થવાનો રિવાજ, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ વગેરે કુરિવાજો બંધ કરાવી, સમાજમાં નવી જ ક્રાંતિ આણી. દારૂ, માંસ, ગાંજા, અફીણ અને એવાં તો અનેક વ્યસનોથી ખદબદતી પ્રજાને જ્ઞાનથી, સમજણથી અને પ્રેમથી તેના પંજામાંથી છોડાવી.

સ્થાપેલો સંપ્રદાય સદાય અણીશુદ્ધ રહે અને **આજ્ઞા-ઉપાસના**નું પ્રવર્તન સદૈવ ચાલુ રહે તે માટે, મોટાં શિખરબદ્ધ **મંદિરો** રચ્યાં. **'શિક્ષાપત્રી'** નામની તમામ આશ્રિતજનોને વિશાળ હાર્દસભર પત્રિકા આપી, તે પ્રમાણે સૌને વર્તવાની આજ્ઞા કરી અને સંજીવની સમાન દિવ્યજ્ઞાન આપતાં **'વચનામૃત'** જેવાં શાસ્ત્રો રચાવ્યાં.

સત્પુરુષ મોક્ષનું દ્વાર છે. એમ સંતનો-સત્પુરુષનો મહિમા બતાવ્યો. અલૌકિક લીલાઓ કરી, એકાંતિક ધર્મ સ્થાપી, પોતાના દેખાતા મનુષ્યભાવને **૪૯ વર્ષ ૨ માસ અને ૧ દિવસ** આ લોકમાં દેખાડી, પોતે સંવત્ **૧૮૮૬ના જેઠ સુદ ૧૦ના રોજ**, આ લોકમાંથી **અંતર્ધ્યાન** થયા. છતાં ભગવાન ગયા નથી; **પ્રતિમા સ્વરૂપે, શાસ્ત્ર સ્વરૂપે અને સંત સ્વરૂપે મહારાજ, સદાય પ્રગટ, પ્રગટ અને પ્રગટ જ છે.**

|| શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોત્તર ||

નોધઃ નીચે આપેલા પ્રશ્નોત્તર કંઠસ્થ કરવા. ૧ થી ૭૫ પ્રશ્નો પ્રથમ પરીક્ષામાં અને ૧ થી ૧૪૦ પ્રશ્નો બીજી પરીક્ષામાં પુછાશે.

(૧) આપણા સંપ્રદાયનું મુળ નામ શું છે? **ઉદ્ધવ સંપ્રદાય**

(૨) અત્યારે આપણા સંપ્રદાયનું નામ શું છે? **સ્વામિનારાયણ સંપ્રદાય**

(૩) આપણા આરાધ્ય-ઉપાસ્ય ઈષ્ટદેવ કોણ છે? **સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.**

(૪) ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યારે થયો હતો ?

સંવત ૧૮૩૭ ચૈત્રસુદ-નવમી (તા.૩-૪-૧૭૮૧, સોમવાર) રાત્રે દશ અને દશ મિનિટે.

(૫) ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યાં અને ક્યા ગામમાં થયો હતો?

ઉત્તર પ્રદેશના અયોધ્યા પાસેના છપૈયા ગામમાં.

(૬) ભગવાન સ્વામિનારાયણની અટક કંઈ હતી ? **પાંડે**

(૭) ભગવાન સ્વામિનારાયણની જ્ઞાતિ કંઈ હતી ? **સરવરિયા બ્રાહ્મણ.**

(૮) ભગવાન શ્રી સ્વામિનારાયણના માતા-પિતાનું નામ શું હતું? **ધર્મદેવ - ભક્તિમાતા**

(૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનના માતા-પિતાના મૂળનામ શું હતુ ?

ભક્તિમાતાનું મૂળનામ બાળા અને પ્રેમવતી હતું. ધર્મદેવનું મુળનામ દેવશર્મા અને હરિપ્રસાદ હતું.

(૧૦) ભક્તિમાતાનો જન્મ ક્યા ગામમાં થયો હતો? **છપૈયા (ઉત્તરપ્રદેશ)**

(૧૧) ધર્મદેવનો જન્મ ક્યાં ગામમાં થયો હતો ? **ઈટારપુર (ઉત્તરપ્રદેશ)**

(૧૨) ધર્મદેવના કુળદેવ કોણ હતા? **હનુમાનજી**

(૧૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનના કુલ કેટલાં નામ હતા? ક્યા ક્યા ? **કુલ અગિયાર નામ હતા**

(૧)ઘનશ્યામ (૨) હરિ (૩) કૃષ્ણ (૪) હરિકૃષ્ણ (૫) નીલકંઠવર્ણી (૬) સરજુદાસ

(૭)સહજાનંદ સ્વામી (૮) નારાયણમૂનિ (૯) શ્રીજી મહારાજ (૧૦) ન્યાલકરણ (૧૧) સ્વામિનારાયણ.

(૧૪) ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઘનશ્યામ નામ કોણે પાડ્યું હતું?

ભક્તિમાતા અને છપૈયાની સ્ત્રીઓએ.

(૧૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના માર્કંડેય મુનિએ કેટલાં નામ પાડ્યા હતા?

હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ.

(૧૬) ભગવાન સ્વામિનારાયણને નીલકંઠવર્ણી કહીને કોણ બોલાવતા હતા?

જંગલના મનુષ્યો અને ઋષિમુનિઓ

(૧૭) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્જુદાસ નામ કોણે પાડ્યું હતું ? **મુક્તાનંદ સ્વામી**

(૧૮) શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરૂ રામનંદ સ્વામીએ કેટલાં નામ પાડ્યા હતા?

બે-સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ

(૧૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનને નંદસંતો ક્યા નામથી બોલાવતા હતા? **શ્રીજી મહારાજ**

(૨૦) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આંબાશેઠે ક્યુ નામ પાડ્યુ હતું? **ન્યાલકરણ**

(૨૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું 'સ્વામિનારાયણ'ના કોણે પાડ્યું હતું ? **સ્વયં-પોતે**

(૨૨) ભગવાન શ્રી સ્વામિનારાયના કેટલાં ભાઈ હતાં ?

બે ભાઈ હતા. (૧) મોટા - રામપ્રતાપભાઈ (૨) નાના-ઈચ્છારામભાઈ

(૨૩) રામપ્રતાપભાઈના પત્નીનું નામ શું હતું ? **સુવાસિની બાઈ**

(૨૪) ઈચ્છારામ ભાઈના પત્નીનું નામ શું હતું ? **વરીયાળી બાઈ**

(૨૫) સ્વામિનારાયણ ભગવાન છપૈયામાં કેટલા વર્ષ રહ્યા હતા ? **ત્રણ વર્ષ**

(૨૬) છપૈયા છોડ્યા પછી સ્વામિનારાયણ ભગવાન ક્યાં રહેવા ગયા ? **અયોધ્યા.**

(૨૭) શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યામાં ક્યા ક્યા મંદિરે રોજ દર્શન કરવા જતા ?

હનુમાનગઢી, કનકભુવન, વિદ્યાકુંજ.

(૨૮) શ્રી સ્વામિનારાયણ ભગવાને સૌ પ્રથમ શાસ્ત્રાર્થ ક્યાં અને કોની સાથે કર્યો ?

કાશીના ગૌમઠમાં - કાશીના પંડિતો સાથે.

(૨૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનની યજ્ઞોપવિત ક્રિયા કેટલા વર્ષની ઉંમરે કરવામાં આવી હતી ? **આઠ વર્ષે**

(૩૦) શ્રી સ્વામિનારાયણ ભગવાન ઘરનો ત્યાગ કરી વનવિચરણ કરવા ક્યારે નીકળ્યા હતા ?

સંવત્ ૧૮૪૯- અષાઢસુદ-દશમ (તા.૨૯-૬-૧૭૯૨) પ્રભાત સમયે.

(૩૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગૃહત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર કેટલી હતી ? **૧૧ વર્ષ, 3 માસ, ૧ દિવસ.**

(૩૨) શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલો સમય વનવિચરણ કર્યું ?

૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ (આશરે-૨૫૬૨ દિવસ)

(૩૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલા દેશોમાં કેટલા કિલોમીટર વનવિચરણ કર્યું ?

૬ દેશ (ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન, બર્મા) અને ભારત ૧૪ રાજ્યોના ૧૭૦થી વધુ શહેરો અને ગામડાઓમાં અંદાજીત ૧૩,૦૦૦ કિલોમીટરની ઉઘાડાપગે મુસાફરી કરી.

(૩૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વનવિચરણ ક્યારે અને ક્યાં સમાપ્ત થયું ?

સંવત ૧૮૫૬ શ્રાવણવદ-છઠ્ઠના દિવસે લોજગામે.

(૩૫) નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન ક્યો પ્રશ્ન દરેકને પૂછતાં ?

- જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપ વિષે.

(૩૬) નીલકંઠવર્ણીને લોજમાં પ્રથમ ક્યા સંતનો મેળાપ થયો હતો ? **સુખાનંદ સ્વામી**

(૩૭) મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણીનો મેળાપ સૌ પ્રથમ ક્યા ગામમાં થયો હતો ? **લોજ**

(૩૮) શ્રી સ્વામિનારાયણ ભગવાન લોજમાં કોની આજ્ઞામાં રહ્યા હતાં ? **મુક્તાનંદ સ્વામીની**

(૩૯) મુક્તાનંદસ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાનથી ઉંમરમાં કેટલા વર્ષ મોટા હતા ? **૨૩ વર્ષ**

(૪૦) મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણીના મિલન સમયે બન્નેની ઉંમર કેટલી હતી ?

મુક્તાનંદસ્વામી ૪૨ વર્ષ અને નીલકંઠવર્ણી-૧૯ વર્ષ

(૪૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન રામાનંદ સ્વામીને મળ્યા પહેલાં મુક્તાનંદસ્વામી સાથે કેટલો સમય રહ્યા હતા ? **૧૦ માસ, ૬ દિવસ.**

(૪૨) નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનું મિલન ક્યારે અને ક્યા ગામમાં થયું હતું ?

સંવત ૧૮૫૬ જેઠ વદ બારસે (૧૯-૬-૧૮૦૦) પીપલાણા

(૪૩) રામાનંદ સ્વામી કોણ હતાં ? **સ્વામિનારાયણ ભગવાનના ગુરુ**

(૪૪) રામાનંદ સ્વામીનો જન્મ ક્યાં થયો હતો ? **અયોધ્યા**

(૪૫) આપણો મત ક્યો છે ? **વિશિષ્ટાદ્વૈત**

(૪૬) નીલકંઠવર્ણીને મહાદીક્ષા કોણે આપી ? **રામાનંદ સ્વામી**

(૪૭) શ્રી સ્વામિનારાયણ ભગવાને મહાદીક્ષા ક્યા ગામમાં લીધી હતી ?

પીપલાણા ગામમાં સંવત-૧૮૫૭, કારતક સુદ-૧૧

(૪૮) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગાદીનો સ્વીકાર ક્યા ગામમાં કર્યો હતો ? **જેતપુર**

(૪૯) શ્રી સ્વામિનારાયણ ભગવાન ક્યારે ગાદીએ બેઠા? **સંવત ૧૮૫૮ કારતક સુદ-૧૧ (૧૬-૧૦-૧૮૦૧)**

(૫૦) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલા વર્ષની હતી? **૨૧ વર્ષ**

(૫૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગુરુ રામાનંદ સ્વામી પાસે કેટલું રહ્યા ? **૧ વર્ષ - ૫ માસ - ૧૬ દિવસ**

(૫૨) શ્રીજીમહારાજે સૌપ્રથમ દીક્ષા કોને આપી? **શીતળદાસ - વ્યાપકાનંદ સ્વામી**

(૫૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા બે વરદાન પોતાના ગુરુ પાસે માગ્યા?
(૧) હરિભક્તોને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે કોટી વીંછીના ડંખની વેદના જેટલું મને થાય પણ તમારા ભક્તોને ન થાય. (૨) સત્સંગી હોય તેના કર્મમાં રામપત્તર મળે એવી ગરીબાઈ લખી હોય તો તે મને મળજો પણ હરિભક્તો અન્ન વસ્ત્રે દુઃખી ન થાય.

(૫૪) શ્રીજીમહારાજે સમાજસેવાનું સૌ પ્રથમ ક્યુ કાર્ય કર્યુ હતું? **કારિયાણી ગામમાં તળાવ ખોદાવ્યું.**

(૫૫) શ્રીજીમહારાજે ક્યા સંતને સમાધિ નથી કરાવી? **મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી**

(૫૬) શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ક્યા ધામમાં લખી? **વડતાલમાં હરિમંડપમાં.**

(૫૭) શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ત્રણ ગ્રંથોના નામ શું છે ?
(૧) શિક્ષાપત્રી (૨) વચનામૃત (૩) સત્સંગિજીવન

(૫૮) શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોમાં સંપ્રદાયના મુખ્ય સંત તરીકે કોનું નામ છે ? **મુક્તાનંદ સ્વામી**

(૫૯) વચનામૃતમાં મુક્તાનંદસ્વામીના કુલ કેટલા પ્રશ્ન છે ? **૯૦**

(૬૦) સ્વામિનારાયણ ભગવાન ક્યા સંતની મર્યાદા રાખતા હતાં? **મુક્તાનંદ સ્વામી**

(૬૧) મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે સદ્‌ગુરુ તરીકે ક્યા ગામમાં નીમ્યા હતા? **આદરજ ગામ**

(૬૨) શ્રીજી મહારાજે ક્યાં રસોઈયા જેવું સ્વરૂપ ધારણ કર્યું હતું? **લોયાધામ**

(૬૩) મુક્તાનંદ સ્વામીને ક્યા-ક્યા વાદ્યો વગાડતા આવડતુ હતું? **વીણા, સરોદ, યુગન નામનું મોરચંગ**

(૬૪) મુક્તાનંદ સ્વામીએ નૃત્ય દ્વારા કંકુથી શેનું ચિત્ર દોરેલુ? **ગઢપુરમાં, હાથીનું ચિત્ર**

(૬૫) મહારાજે મુક્તાનંદ સ્વામીને શું આજ્ઞા કરી હતી ? **દેહ રહે ત્યાં સુધી શાસ્ત્ર રચવાની.**

(૬૬) મુક્તાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર કેટલા વર્ષ રહ્યા? **૮૪ વર્ષ**

(૬૭) શ્રીજીમહારાજે ક્યાં સાડી પહેરી હતી? **લીંબલી ગામમાં સગરામ ભગતના ઘરે**

(૬૮) શ્રીજીમહારાજે સૌથી વધુ ક્યો ઉત્સવ કર્યો ? **રંગોત્સવ**

(૬૯) શ્રીજીમહારાજે સૌથી વધારે થાળ કોનો ગમતો? **જેતલપુરના ગંગાબા**

(૭૦) દર્શન કરવાની રીત મહારાજે કોની વખાણી? **ધરમપુરના કુશળકુંવરબા**

(૭૧) શ્રીજીમહારાજે ક્યા ભક્તની સેવા વખાણી? **ગુઢપુરના ઉકાખાચર**

(૭૨) શ્રીજી મહારાજના સખા ભક્ત કોણ હતા? **લોયાધામના સુરાખાચર**

(૭૩) શ્રીજી મહારાજે ક્યા ભગતની નનામી જાતે ઉપાડી હતી? **પંચાળાના જીણાભાઈ**

(૭૪) શ્રીજી મહારાજે કોનો અગ્નિ સંસ્કાર જાતે કર્યો? **ગોપાળયોગી, કરિયાણાના મીણબાઈ**

(૭૫) શ્રીજી મહારાજના હજુરી સેવક કોણ હતા? **મુળજી બ્રહ્મચારી**

(૭૬) શ્રીજી મહારાજના હજુરી સેવક પાર્ષદ કોણ હતા? **વીર ભગુજી**

(૭૭) માણકી ઘોડીની સેવા કોણ કરતુ હતુ ? **નાજા જોગીયા**

(૭૮) શ્રીજી મહારાજની ઘોડીનું નામ શું હતુ? **માણકી ઘોડી**

(૭૯) શ્રીજી મહારાજના ઘોડાનું નામ શું હતુ? **રોઝો ઘોડો**

(૮૦) શ્રીજી મહારાજનો અવાજ કેવો હતો? **ઘેરો**

(૮૧) શ્રીજી મહારાજની ચાલ કેવી હતી? **લટકંતી અને ઉતાવળી**

(૮૨) શ્રીજી મહારાજનો સ્વભાવ કેવો હતો? **અતિ દયાળુ, પર દુઃખહારી**

(૮૩) "સત્સંગની માં"નું બિરુદ કયા સંતને મળ્યુ હતુ? **મુક્તાનંદ સ્વામી**

(૮૪) મહારાજ પોતાના ગુરુ તરીકે કયા સંતને સ્વીકારતા? **મુક્તાનંદ સ્વામી**

(૮૫) શ્રીજી મહારાજના લેખક (લહીયા) કોણ હતુ? **શુકાનંદ સ્વામી**

(૮૬) શ્રીજી મહારાજે બન્ને આચાર્યોના કાંડા કોને સોપ્યા? **ગોપાળાનંદ સ્વામી**

(૮૭) શ્રીજી મહારાજે કોની સેવા સામે ચાલીને સ્વીકારી? **દિવબંદરના પ્રેમબાઈ**

(૮૮) શ્રીજી મહારાજે સખી કોને બનાવ્યા? **પ્રેમાનંદ સ્વામી**

(૮૯) શ્રીજી મહારાજે સૌથી વધારે વાર દંડવત્ કયા સંતને કર્યા? **મુક્તાનંદ સ્વામી**

(૯૦) શ્રીજી મહારાજે કયા સંતને ભાઈ બનાવ્યા? **શ્રી રામદાસ સ્વામી, શ્રી આત્માનંદ સ્વામી**

(૯૧) વૈરાગ્યમુર્તિ તરીકે કયા સંતની ઓળખ છે? **નિષ્કુળાનંદ સ્વામી**

(૯૨) શ્રીજી મહારાજ સૌથી વધારે ક્યા ગામમાં રહ્યા? **ગઢપુર**

(૯૩) શ્રીજી મહારાજે કયા અવતારની સૌથી વધારે પ્રસંશા કરી? **શ્રી કૃષ્ણ અવતાર**

(૯૪) શ્રીજી મહારાજે ક્યાં ક્યાં મોટા યજ્ઞ કર્યા હતા? **ડભાણ, જેતલપુર**

(૯૫) શ્રીજી મહારાજે સૌથી મોટો રંગોત્સવ કયાં કર્યો? **વડતાલ-જ્ઞાનબાગમાં**

(૯૬) શ્રીજી મહારાજ કોના સારથી બન્યા હતા? **ગઢપુરના દાદાખાચરના**

(૯૭) શ્રીજી મહારાજે વધારે જડક્રીડા કઈ નદીમાં કરી હતી? **ગઢપુરમાં ઘેલાનદી (ઉન્મત ગંગા)**

(૯૮) શ્રીજી મહારાજ કોની પાસે વધારે કથા કરાવતા? **નિત્યાનંદ સ્વામી, પ્રાગજી પુરાણી**

(૯૯) શ્રીજી મહારાજને કયા વસ્ત્રો વધારે ગમતા? **સફેદ (શ્વેત)**

(૧૦૦) શ્રીજી મહારાજને સૌથી વધુ પ્રિય ફુલ ક્યા હતા? **ગુલાબ, મોગરો**

(૧૦૧) શ્રીજી મહારાજે સૌપ્રથમ શિક્ષાપત્રી કોને આપી? **રાજકોટમાં સર માલ્કમને**

(૧૦૨) કાંટા વગરની બોરડી કયાં આવેલી છે? **રાજકોટમાં**

(૧૦૩) શ્રીજી મહારાજના કોઠારી કોણ હતા? **હરજી ઠક્કર**

(૧૦૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદમાં કેટલા ચિહ્ન છે ?

૧૬ ચિહ્ન છે (જમણા ચરણારવિંદમાં-૯) (ડાબા ચરણારવિદમાં-૭)

(૧૦૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરીર પર કેટલા તિલ અને ચિહ્ન છે ?

૬૩ (ત્રેસઠ) તિલ અને પર (બાવન) ચિહ્ન છે.

(૧૦૬) શ્રીજી મહારાજે સંપ્રદાયનું સૌપ્રથમ શિખરબધ્ધ મંદિર કયા બાંધ્યું? **અમદાવાદમાં**

(૧૦૭) સંપ્રદાયનુ સૌ પ્રથમ હરિમંદિર કયાં છે? **લોયાધામમાં**

(૧૦૮) શ્રીજી મહારાજે પોતાનું સ્વરૂપ કયા ધામમાં પધરાવ્યુ? **વડતાલમાં, શ્રી હરિકૃષ્ણ મહારાજ**

(૧૦૯) શ્રીજી મહારાજે પોતાના અંગો-અંગનું માપ લઈને કઈ મૂર્તિ બનાવડાવી?

ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ

(૧૧૦) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા ધામમાં પોતાનો દેહ ત્યાગ કર્યો? **ગઢપુર**

(૧૧૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને કયારે પોતાના દેહનો ત્યાગ કર્યો ?

સંવત ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ને દિવસે બપોરે ૧૨ કલાકે

(૧૧૨) શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર કેટલા વર્ષ રહ્યાં? **૪૯ વર્ષ - ૨ માસ - ૧ દિવસ**

(૧૧૩) મુક્તાનંદસ્વામી કયા સ્થાનમાં રહી અક્ષરધામમાં ગયાં? **ગઢપુર**

(૧૧૪) મુક્તાનંદ સ્વામીને ગુરુ રામાનંદ સ્વામીના સૌ પ્રથમ દર્શન ક્યા ગામમાં થયા હતા? **સરધારમાં**

(૧૧૫) મુક્તાનંદ સ્વામી કેટલા વર્ષની ઉંમરે સાધુ થયા હતા? **૨૮ વર્ષ**

(૧૧૬) "શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ" આ સુત્ર કોણે-ક્યાં અપાવડાવ્યું?

મુક્તાનંદ સ્વામીએ, વડોદરાના શાસ્ત્રાર્થમાં

(૧૧૭) અંગ્રેજોએ સુરતમાં તમામ ભુતીયા મકાનો કોને નામે લખી આપ્યા હતા? **મુક્તાનંદ સ્વામી**

(૧૧૮) શ્રીજી મહારાજના નખ ઉતારતા કયા સંતને સારુ આવડતુ હતું? **મુક્તાનંદ સ્વામી**

(૧૧૯) મુક્તાનંદ સ્વામીએ કેટલા ગ્રંથોની રચના કરી? **૩૫ જેટલા સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથો**

(૧૨૦) મુક્તાનંદ સ્વામીના ગ્રંથો કેવા છે? **જ્ઞાન-ભક્તિ પ્રધાન**

(૧૨૧) મુક્તાનંદ સ્વામી વિશેષ અભ્યાસ માટે ક્યાં ગયા હતા? **ભુજ**

(૧૨૨) મુક્તાનંદ સ્વામીએ ભુજમાં કયા કયા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો?

પિંગળ શાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર, સંગીત વિદ્યા, ગાંધર્વ વિદ્યા, આયુર્વેદ તથા સંસ્કૃત વેદાન્તશાસ્ત્ર

(૧૨૩) મુક્તાનંદ સ્વામી પાસે ક્યા સંતો રહેતા? **ભણનારા વિદ્યાર્થી સંતો**

(૧૨૪) ગોપાળાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી પાસે શું ભણ્યા? **રામાનુજગીતા ભાષ્ય**

(૧૨૫) મુક્તાનંદ સ્વામીએ કેટલા પદોની રચના કરી છે? **૧૦,૦૦૦ જેટલા કીર્તનોના પદો**

(૧૨૬) આપણા ગુરુજીનું નામ શુ છે? **પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

(૧૨૭) આપણા ગુરુજી કયા સ્વરૂપની સેવા કરે છે?

આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવીત શ્રી ઠાકોરજી મહારાજ

(૧૨૮) આપણા ગુરુજી આ પૃથ્વી પર ક્યારે પધાર્યા?

૨૬-૭-૧૯૫૮, શનિવાર (અધિક શ્રાવણ સુદ એકાદશી)

(૧૨૯) આપણે કયા નંદસંતની પરંપરાના છીએ? **સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી**

(૧૩૦) આપણા દાદાગુરુજીનું નામ શું છે? **સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી**

(૧૩૧) પૂજ્ય ગુરુજીએ પ્રથમ પ્રવચન ક્યાં કર્યું હતું? **વડતાલમાં સભામંડપમાં**

(૧૩૨) પૂજ્ય દાદાગુરુજીએ પુજ્ય ગુરુજીને નવાવર્ષે શું ભેટ આપી હતી?

ઉર્ધ્વરેખાના સ્પષ્ટ દર્શન થતા પ્રસાદીના ચરણારવિંદ

(૧૩૩) પૂજ્ય દાદાગુરુજીએ આપેલા પ્રસાદીના ચરણારવિંદ ગુરુજી ક્યાં રાખે છે? **પોતાની પૂજામાં**

(૧૩૪) પૂજ્ય ગુરુજીને રાજી કરવા બાળકોએ શું કરવું ? **નિયમિત બાળસભામાં જવું, ભક્તિ કરવી, અભ્યાસ બરાબર કરવો, સાચા સત્સંગી બનવું. માતા-પિતા-વડીલોને આદર આપવો, કુસંગ ન કરવો.**

(૧૩૫) મનુષ્ય જન્મનો હેતુ શું છે? **કોઈપણ ભોગે ભગવાનને પામી જ જવું**

(૧૩૬) આપણે કોનુ બળ રાખવું ? **ભગવાન અને સદ્‌ગુરુ સંતોનું બળ રાખવુ.**

(૧૩૭) સત્સંગમાં કેવી રીતે રહેવાનુ છે? **દાસના દાસ થઈને**

(૧૩૮) મહારાજ અને ગુરૂજી ક્યારે રાજી થાય? **મહારાજ અને સંતો ભક્તોને રાજી કરીએ તો.**

(૧૩૯) સંતો ભક્તો આપણા પર કેમ રાજી થાય? **તેમની આજ્ઞામાં રહીએ તો, સારુ વાણી-વર્તન રાખીએ તો.**

(૧૪૦) આપણામાં ભગવાનનું બળ ક્યારે આવે?

સંતોનું બળ રાખીએ, ભગવાનની આજ્ઞા પાળી, ભગવાનનું ભજન કરીએ ત્યારે.

(૧૪૧) લોયાધામના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શુ છે : **બાલુડા શ્રી ઘનશ્યામ મહારાજ**

(૧૪૨) લોયાધામ કંડારીના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શુ છે **: વાલીડા શ્રી ઘનશ્યામ મહારાજ**

(૧૪૩) લોયાધામ ન્યુજર્સીના શ્રી ઘનશ્યામ મહારાજનુ નામ શુ છે **: પીચુડા શ્રી ઘનશ્યામ મહારાજ**

કાયમી મુખપાઠ (સ્વાભાવિક ચેષ્ટા)

સુચન : સંચાલકોએ નીચે આપેલ ચેષ્ટાથી પોઢણીયા સુધીનો નિત્યનિયમ બાળકોને ગાતા શીખવવો - કંઠસ્થ કરાવવો અને આદર્શ સત્સંગી રોજ આ શ્રીજી મહારાજની સ્વાભાવિક ચેષ્ટા બોલ્યા પછી જ સુવે છે તે સમજ આપવી.

પદ-૧

પ્રથમ શ્રી હરિને રે, ચરણે શીશ નમાવું;
નૌતમ લીલા રે, નારાયણની ગાઉં..... ૧
મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને;
જેને કાજે રે, સેવે જાય વનને..... ૨
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે;
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે..... ૩
સહજ સ્વભાવિક રે, પ્રકૃતિ પુરુષોત્તમની;
સુણતા સજની રે, બીક મટાડે જમની..... ૪
ગાઉં હેતે રે, હરિના ચરિત્ર સંભારી;
પાવન કરજ્યો રે, પ્રભુજી બુદ્ધિ મારી..... ૫
સહજ સ્વભાવે રે, બેઠા હોય હરિ જ્યારે;
તુલસીની માળા રે, કર લઈ ફેરવે ત્યારે..... ૬
રમૂજ કરતાં રે, રાજીવનેણ રૂપાળા;
કોઈ હરિજનની રે, માગી લઈને માળા..... ૭
બેવડી રાખી રે, બબે મણિકા જોડે;
ફેરવે તાણી રે, કંઈક માળા તોડે..... ૮
વાતો કરે રે, રમૂજ કરીને હસતા;
ભેળી કરી રે, માળા કરમાં ઘસતા..... ૯
ક્યારેક મીંચી રે, નેત્રકમળને સ્વામી;
પ્રેમાનંદ કહે રે, ધ્યાન ધરે બહુનામી.....૧૦

પદ-૨

સાંભળ સૈયર રે, લીલા નટનાગરની;
સુણતાં સુખડું રે, આપે સુખસાગરની..... ૧
નેત્રકમળને રે, રાખી ઉઘાડા ક્યારે;
ધ્યાન ધરીને રે, બેસે જીવન બા'રે..... ૨
ક્યારેક ચમકી રે, ધ્યાન કરતાં જાગે;
જોતા જીવન રે, જન્મમરણ દુઃખ ભાગે..... ૩
પોતા આગળ રે, સભા ભરાઈ બેસે;
સંત હરિજન રે, સામું જોઈ રહે છે..... ૪
ધ્યાન ધરીને રે, બેઠા હોય હરિ પોતે;
સંત હરિજન રે, તૃપ્ત ન થાય જોતે..... ૫
સાધુ કીર્તન રે, ગાય વજાડી વાજા;
તેમને જોઈને રે, મગન થાય મહારાજા..... ૬
તેમની ભેળા રે, ચપટી વજાડી ગાય;
સંત હરિજન રે, નીરખી રાજી થાય..... ૭
ક્યારેક સાધુ રે, ગાય વજાડી તાળી;
ભેળા ગાય રે, તાળી દઈ વનમાળી..... ૮
આગળ સાધુ રે, કીર્તન ગાય જ્યારે;
પોતા આગળ રે, કથા વંચાય ત્યારે..... ૯
પોતે વાર્તા રે, કરતા હોય બહુનામી;
ખસતા આવે રે, પ્રેમાનંદના સ્વામી..... ૧૦

પદ-૩

મનુષ્યલીલા રે, કરતા મંગલકારી;
ભક્ત સભામાં રે, બેઠા ભવભયહારી..... ૧
જેને જોતા રે, જાયે જગ આસક્તિ;
જ્ઞાન વૈરાગ્ય રે, ધર્મ સહિત જે ભક્તિ..... ૨
તે સંબંધી રે, વાર્તા કરતાં ભારી;
હરિ સમજાવે રે, નિજજનને સુખકારી..... ૩
યોગ ને સાંખ્ય રે, પંચરાત્ર વેદાંત;
એ શાસ્ત્રનો રે, રહસ્ય કહે કરી ખાંત..... ૪
જ્યારે હરિજન રે, દેશદેશના આવે;
ઉત્સવ ઉપર રે, પૂજા બહુવિધ લાવે..... ૫
જાણી પોતાના રે, સેવકજન અવિનાશી;
તેમની પૂજા રે, ગ્રહણ કરે સુખરાશી..... ૬
ભક્ત પોતાના રે, તેને શ્યામસુજાણ;
ધ્યાન કરાવી રે, ખેંચે નાડી પ્રાણ..... ૭
ધ્યાનમાંથી રે, ઉઠાડે નિજજનને;
દેહમાં લાવે રે, પ્રાણ ઇન્દ્રિય મનને..... ૮
સંત સભામાં રે, બેઠા હોય અવિનાશ;
કોઈ હરિજનને રે, તેડવો હોય પાસ..... ૯
પહેલી આંગળી રે, નેત્રતણી કરી સાન;
પ્રેમાનંદ કહે રે, સાદ કરે ભગવાન.....૧૦

પદ-૪

મોહનજીની રે, લીલા અતિ સુખકારી;
આનંદ આપે રે, સુણતાં ન્યારી ન્યારી..... ૧
ક્યારેક વાતો રે, કરે મુનિવર સાથે;
ગુચ્છ ગુલાબના રે, ચોળે છે બે હાથે..... ૨
શીતળ જાણી રે, લીંબુ હાર ગુલાબી;
તેને રાખે રે, આંખો ઉપર દાબી..... ૩
ક્યારેક પોતે રે, રાજીપામાં હોયે;
વાતો કરે રે, કથા વંચાય તોયે..... ૪
સાંભળે કીર્તન રે, પોતે કાંઈક વિચારે;
પૂછવા આવે રે, જમવાનું કોઈ ત્યારે..... ૫
હાર ચઢાવે રે, પૂજા કરવા આવે;
તેના ઉપર રે, બહુ ખીજી રીસાવે..... ૬
કથા સાંભળતાં રે, હરે હરે કહી બોલે;
મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે..... ૭
ભાન કથામાં રે, બીજી ક્રિયામાંય;
ક્યારેક અચાનક રે, જમતાં હરે બોલાય.....૮
થાય સ્મૃતિ રે, પોતાને જ્યારે તેની;
થોડુંક હસે રે, ભક્ત સામું જોઈ બે'ની..... ૯
એમ હરિ નિત્ય નિત્ય રે, આનંદરસ વરસાવે;
એ લીલારસ રે, જોઈ પ્રેમાનંદ ગાવે..... ૧૦

પદ-૫

સાંભળ સજની રે, દિવ્ય સ્વરૂપ મોરારી;
કરે ચરિત્ર રે, મનુષ્ય વિગ્રહ ધારી..... ૧
થયા મનોહર રે, મોહન મનુષ્ય જેવા;
રૂપ અનુપમ રે, નિજજનને સુખ દેવા..... ૨
ક્યારેક ઢોલિયે રે, બેસે શ્રી ઘનશ્યામ;
ક્યારેક બેસે રે, ચાકળે પૂરણકામ..... ૩
ક્યારેક ગોદડું રે, ઓછાડે સહિતે;
પાથર્યું હોય રે, તે પર બેસે પ્રીતે..... ૪
ક્યારેક ઢોલિયા રે, ઉપર તકિયો ભાળી;
તે પર બેસે રે, શ્યામ પલાંઠી વાળી..... ૫
ઘણુંક બેસે રે, તકિયે, ઓઠિંગણ દઈને;
ક્યારેક ગોઠણ રે, બાંધે ખેસ લઈને..... ૬
ક્યારેક રાજી રે, થાય અતિશે આલી;
સંત હરિજનને રે, ભેટે બાથમાં ઘાલી..... ૭
ક્યારેક માથે રે, લઈ મેલે બે હાથ;
છાતી માંહી રે, ચરણ કમળ દે નાથ..... ૮
ક્યારેક આપે રે, હાર તોરા ગિરધારી;
ક્યારેક આપે રે, અંગના વસ્ત્ર ઉતારી..... ૯
ક્યારેક આપે રે, પ્રસાદીના થાળ;
પ્રેમાનંદ કહે રે, ભક્તતણા પ્રતિપાળ..... ૧૦

પદ-૬

એવા કરે રે, ચરિત્ર પાવનકારી;
શુકજી સરખા રે, ગાવે નિત્ય સંભારી..... ૧
ક્યારેક જીભને રે, દાંત તળે દબાવે;
ડાબે જમણે રે, પડખે સહજ સ્વભાવે..... ૨
છીંક જ્યારે આવે રે, ત્યારે રૂમાલ લઈને;
છીંક ખાય રે, મુખ પર આડો દઈને..... ૩
રમૂજ આણી રે, હસે અતિ ઘનશ્યામ;
મુખ પર આડો રે, રૂમાલ દઈ સુખધામ..... ૪
ક્યારેક વાતો રે, કરતા થકા દેવ;
છેડે રૂમાલને રે, વળ દેવાની ટેવ..... ૫
અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો;
પરદુઃખહારી રે, વારી બહુનામીનો..... ૬
કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાય;
દયા આણી રે, અતિ આકળા થાય..... ૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે;
કરૂણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે..... ૮
ડાબે ખંભે રે, ખેસ આડસોડે નાખી;
ચાલે જમણા રે, કરમાં રૂમાલ રાખી..... ૯
ક્યારેક ડાબો રે, કર કેડ ઉપર મેલી;
ચાલે વહાલો રે, પ્રેમાનંદનો હેલી..... ૧૦

પદ-૭

નિત્યનિત્ય નૌતમ રે, લીલા કરે હરિરાય;
ગાતાં સુણતાં રે, હરિજન રાજી થાય..... ૧
સહજ સ્વભાવે રે, ઉતાવળા બહુ ચાલે;
હેત કરીને રે, બોલાવે બહુ વહાલે..... ૨
ક્યારેક ઘોડે રે, ચડવું હોય ત્યારે;
ક્યારેક સંતને રે, પીરસવા પધારે..... ૩
ત્યારે ડાબે રે, ખંભે ખેસને આણી;
ખેસને બાંધે રે, કેડ સંગાથે તાણી..... ૪
પીરસે લાડુ રે, જલેબી ઘનશ્યામ;
જણસ જમ્યાની રે, લઈ લઈ તેના નામ..... ૫
ફરે પંગતમાં રે, વારંવાર મહારાજ;
સંત હરિજનને રે, પીરસવાને કાજ..... ૬
શ્રદ્ધા ભક્તિ રે, અતિ ઘણું પીરસતાં,
કોઈના મુખમાં રે, આપે લાડું હસતાં..... ૭
પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે ત્યારે;
દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે..... ૮
ન્હાવા બેસે રે, નાથ પલાંઠી વાળીં;
કર લઈ કળશો રે, જળ ઢોળે વનમાળી..... ૯
કોરે વસ્ત્રે રે, કરી શરીરને લુવે;
પ્રેમાનંદ કહે રે, હરિજન સર્વે જુવે..... ૧૦

પદ-૮

રૂડા શોભે રે, નાહીને ઊભા હોવે;
વસ્ત્ર પહેરેલું રે, સાથળ વચ્ચે નીચોવે..... ૧
પગ સાથળને રે, લુહીને સારંગપાણી;
કોરા ખેસને રે, પહેરે સારી પેઠે તાણી..... ૨
ઓટી ઉપરણી રે, રેશમી કોરની વહાલો;
આવે જમવા રે, ચાખડીએ ચડી ચાલે..... ૩
માથે ઉપરણી રે, ઓટી બેસે જમવાં;
કાન ઉઘાડા રે, રાખે મુજને ગમવા..... ૪
જમતા ડાબા રે, પગની પલાંઠી વાળી;
તે પર ડાબો રે કર મેલે વનમાળી..... ૫
જમણા પગને રે રાખી ઊભો શ્યામ;
તે પર જમણો રે કર મેલે સુખધામ..... ૬
રૂડી રીતે રે, જમે દેવના દેવ;
વારે વારે રે, પાણી પીધાની ટેવ..... ૭
જણસ સ્વાદુ રે, જણાય જમતાં જમતાં;
પાસે હરિજન રે, બેઠા હોય મનગમતા..... ૮
તેમને આપી રે, પછી પોતે જમે;
જમતા જીવન રે, હરિજનને મન ગમે..... ૯
ફેરવે જમતાં રે, પેટ ઉપર હરિ હાથ;
ઓડકાર ખાય રે, પ્રેમાનંદનો નાથ..... ૧૦

પદ-૯

ચળુ કરે રે, મોહન તૃપ્ત થઈને;
દાંતને ખોતરે રે, સળી રૂપાની લઈને..... ૧
મુખવાસ લઈને રે, ઢોલિયે બિરાજે;
પૂજા કરે રે, હરિજન હેતે ઝાઝે..... ૨
પાંપણ ઉપર રે, આંટો લઈ અલબેલો;
ફેંટો બાંધે રે, છોગું મેલી છેલો..... ૩
વર્ષાઋતુ રે, શરદ ઋતુને જાણી;
ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી... ૪
સંત હરિજનને રે, સાથે લઈ ઘનશ્યામ;
ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ..... ૫
બહુ જળક્રીડા રે, કરતાં જળમાં ન્હાય;
જળમાં તાળી રે, દઈને કીર્તન ગાય..... ૬
નાહીને બા'રા રે, નીસરી વસ્ત્ર પહેરી;
ઘોડે બેસી રે, ઘેર આવે રંગલહેરી..... ૭
પાવન યશને રે, હરિજન ગાતા આવે;
જીવન જોઈને રે, આનંદ ઉર ન સમાવે..... ૮
ગઢપુરવાસી રે, જોઈને જગઆધાર;
સુફળ કરે છે રે, નેણાં વારંવાર..... ૯
આવી બિરાજે રે, ઓસરીયે બહુનામી;
ઢોલિયા ઉપર રે, પ્રેમાનંદના સ્વામી..... ૧૦

પદ-૧૦

નિજ સેવકને રે, સુખ દેવાને કાજ;
પોતે પ્રગટ્યા રે, પુરુષોત્તમ મહારાજ..... ૧
ફળીયામાંહી રે, સભા કરી બિરાજે;
પૂરણ શશી રે, ઉડુગણમાં જેમ છાજે..... ૨
બ્રહ્મરસ વરસી રે, તૃપ્ત કરે હરિજનને;
પોઢે રાત્રે રે, જમી શ્યામ શુદ્ધ અન્નને..... ૩
બે આંગળીઓ રે, તિલક કર્યાની પેરે;
ભાલ વચ્ચે રે, ઉભી રાખી ફેરે..... ૪
સુતાં સુતાં રે, માળા માગી લઈને;
જમણે હાથે રે, નિત્ય ફેરવે ચિત્ત દઈને.... ૫
ભૂલ ન પડે રે, કેદી એવું નિયમ;
ધર્મકુંવરની રે, સહજ પ્રકૃતિ એમ..... ૬
ભર નિંદ્રામાં રે, પોઢ્યા હોય મુનિરાય;
કોઈ અજાણે રે, લગાર અડી જાય..... ૭
ત્યારે ફડકી રે, જાગે સુંદર શ્યામ;
કોણ છે ? પૂછે રે, સેવકને સુખધામ..... ૮
એવી લીલા કરે, હરિની અનંત અપાર;
મેં તો ગાઈ રે, કાંઈક મતિ અનુસાર..... ૯
જે કોઈ પ્રીતે રે, શીખે સુણે ગાશે;
પ્રેમાનંદનો રે, સ્વામી રાજી થાશે..... ૧૦

રાગ : ધોળ

ઓરા આવો શ્યામ સ્નેહી, સુંદરવર જોઉં વહાલા;
જતન કરીને જીવન મારા, જીવમાંહી પ્રોઉ વહાલા... ૧
ચિહ્ન અનુપમ અંગોઅંગનાં, સુરતે સંભારું વહાલા;
નખશિખ નીરખી નોતમ મારાં, ઉરમાં ઉતારૂં વહાલા... ૨
અરુણકમળસમ જુગલ ચરણની, શોભા અતિ સારી વહાલા;
ચિંતવન કરવા આતુર અતિ, મનવૃત્તિ મારી વહાલા... ૩
પ્રથમ તે ચિંતવન કરું, સુંદર સોળે ચિહ્ન વહાલા;
ઉર્ધ્વરેખા ઓપી રહી, અતિશે નવીન વહાલા... ૪
અંગૂઠા આંગળી વચ્ચેથી, નીસરીને આવી વહાલા;
પાનીની બે કોરે જોતાં ભક્તને મન ભાવી વહાલા... ૫
જુગલચરણમાં કહું મનોહર, ચિહ્ન તેનાં નામ વહાલા;
શુદ્ધ મને કરી સંભારતાં, નાશ પામે કામ વહાલા... ૬
અષ્ટકોણને ઉર્ધ્વરેખા, સ્વસ્તિક જાંબુ જવ વહાલા;
વજ અંકુશ કેતુ પદ્મ, જમણે પગે નવ વહાલા... ૭
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વહાલા;
અર્ધચંદ્રને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વહાલા.... ૮
જમણા પગના અંગૂઠાના, નખમાંહી ચિહ્ન વહાલા;
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વહાલા.... ૯
એ જ અંગૂઠાની પાસે, તિલ એક નોતમ ધારું વહાલા;
પ્રેમાનંદ કહે નીરખું પ્રીતે, પ્રાણ લઈ વારૂં વહાલા... ૧૦



વંદુના પદો - રાગ : ગરબી

પદ-૧

વંદુ સહજાનંદ રસરુપ, અનુપમ સારને રે લોલ;
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ,
સમરું પ્રગટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ;
જેને ભવબ્રહ્માદિક દેવ, ભજે તજી કામને રે લોલ,
જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, કે પાર કોઈ નવ લહે રે લોલ;
જેને શેષ સહસ્ર મુખ ગાય, નિગમ નેતિ કહે રે લોલ,
વર્ણવુ સુંદર રૂપ અનુપમ, જુગલ ચરણે નમી રે લોલ;
નખશિખ પ્રેમસખીના નાથ, રહો ઉરમાં રમી રે લોલ.

પદ-૨

આવો મારા મોહન મીઠડા લાલ, કે જોઉં તારી મૂર્તિ રે લોલ,
જતન કરી રાખું રસિયારાજ, વિસારું નહિ ઉરથી રે લોલ;
મન મારૂં મોહ્યું મોહનલાલ, પાઘલડીની ભાતમાં રે લોલ,
આવો ઓરા છોગલા ખોસું છેલ, ખાંતીલા જોઉ ખાંતમાં રે લોલ.
વહાલા તારું ઝળકે સુંદર ભાલ, તિલક રૂડાં કર્યા રે લોલ,
વહાલા તારા વામ કરણમાં તિલ, તેણે મનડાં હર્યા રે લોલ.
વહાલા તારી ભ્રકુટિને બાણે શ્યામ, કાળજ મારાં કોરિયાં રે લોલ,
નેણે તારે પ્રેમસખીના નાથ, કે ચિત્ત મારાં ચોરિયાં રે લોલ.

પદ-૩

વહાલા મને વશ કીધી વ્રજરાજ, વાલપ તારા વાલમાં રે લોલ,
મન મારું તલખે જોવા કાજ, ટીબકડી છે ગાલમાં રે લોલ.
વહાલા તારી નાસિકા નમણી નાથ, અધરબિંબ લાલ છે રે લોલ,
છેલા મારા પ્રાણ કરું કુરબાન, જોયા જેવી ચાલ છે રે લોલ,
વહાલા તારા દંત દાડમના બીજ, ચતુરાઈ ચાવતાં રે લોલ.
વહાલા મારા પ્રાણ હરો છો નાથ, મીઠું મીઠું ગાવતા રે લોલ,
વહાલા તારે હસવે હરાણું ચિત્ત, બીજું હવે નવ ગમે રે લોલ,
મનમારૂં પ્રેમસખીના નાથ, કે તમ કેડે ભમે રે લોલ.

પદ-૪

રસિયા જોઈ રૂપાળી કોટ, રૂડી રેખાવળી રે લોલ;
વહાલા મારું મનડું મળવા ચહાય, કે જાય ચિત્તડું ચળી રે લોલ.
વહાલા તારી જમણી ભુજાને પાસ, રુડા તિલ ચાર છે રે લોલ;
વહાલા તારા કંઠ વચ્ચે તિલ એક, અનુપમ સાર છે રે લોલ.
વહાલા તારા ઉરમાં વિનગુણ હાર, જોઈ નેણાં ઠરે રે લોલ;
વહાલા તે તો જાણે પ્રેમીજન, જોઈ નિત્ય ધ્યાન ધરે રે લોલ.
રસિયા જોઈ તમારૂં રૂપ, રસિક જન ઘેલડા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, સુંદરવર છેલડા રે લોલ.

પદ-૫

વહાલા તારી ભુજા જુગલ જગદીશ, જોઈને જાઉં વારણે રે લોલ;
કરનાં લટકાં કરતાં લાલ, આવોને મારે બારણે રે લોલ.
વહાલા તારી આંગળીઓની રેખા, નખમણિ જોઈને રે લોલ;
વહાલા મારા ચિત્તમાં રાખું ચોરી, કહું નહિ કોઈને રે લોલ.
વહાલા તારા ઉરમાં અનુપમ છાપ, જોવાને જીવ આકળો રે લોલ;
વહાલા મારા હૈડે હરખ ન માય, જાણું જે હમણાં મળો રે લોલ.
વહાલા તારું ઉદર અતિ રસરૂપ, શીતળ સદા નાથજી રે લોલ;
આવો ઓરા પ્રેમસખીના પ્રાણ, મળુ ભરી બાથજી રે લોલ.

પદ-૬

વહાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસિક જોઈને જીવે રે લોલ;
વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવ પીવે રે લોલ.
વહાલા મારે સુખસંપત તમે શ્યામ, મોહન મનભાવતા રે લોલ;
આવો મારે મંદિર જીવનપ્રાણ, હસીને બોલાવતા રે લોલ.
વહાલા તારૂં રૂપ અનુપમ ગૌર, મૂર્તિ મનમાં ગમે રે લોલ;
વહાલા તારૂં જોબન જોવા કાજ, કે ચિત્ત ચરણે નમે રે લોલ.
આવો મારા રસિયા રાજીવનેણ, મર્મ કરી બોલતા રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના સેણ, મંદિર મારે ડોલતા રે લોલ.

પદ-૭

વહાલા તારું રૂપ અનુપમ નાથ, ઉદર શોભા ઘણી રે લોલ;
ત્રિવળી જોઉં સુંદર છેલ, આવોને ઓરા અમ ભણી રે લોલ,
વહાલા તારી નાભી નૌતમરૂપ, ઉંડી અતિ ગોળ છે રે લોલ;
કટિલંક જોઈને જાદવરાય, કે મન રંગચોળ છે રે લોલ,
વહાલા તારી જંઘા જુગલની શોભા, મનમાં જોઈ રહું રે લોલ;
વહાલા નિત્ય નીરખું પીંડીને પાની, કે કોઈને નવ કહું રે લોલ,
વહાલા તારા ચરણકમળનું ધ્યાન, ધરું અતિ હેતમાં રે લોલ;
આવો વહાલા પ્રેમસખીના નાથ, રાખું મારા ચિત્તમાં રે લોલ.

પદ-૮

વહાલા તારા જુગલ ચરણ રસરૂપ, વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિકોમળ અરુણ રસાળ, ચોરે ચિત્ત ચાલમાં રે લોલ.
વહાલા તારે જમણે અંગુઠે તિલ, કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલ્લી આંગળીએ તિલ એક, જોવાને મન દીન છે રે લોલ,
વહાલા તારા નખની અરુણતા જોઈ, શશીકળા ક્ષીણ છે રે લોલ;
વહાલા રસચોર ચકોર જે ભક્ત, જોવાને પ્રવીણ છે રે લોલ.
વહાલા તારી ઉર્ધ્વરેખામાં ચિત્ત, રહો કરી વાસને રે લોલ;
માગે પ્રેમસખી કર જોડી, દેજો દાન દાસને રે લોલ.

રાગ : ગરબી પદ-૧

હવે મારા વા'લાને નહિ રે વિસારું રે,
શ્વાસ ઉચ્છવાસે તે નિત્ય સંભારું રે..... ૧
પડ્યું મારે સહજાનંદજી શું પાનું રે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે..... ૨
આવ્યું મારે હરિવર વરવાનું ટાણું રે,
એ વર નહિ મળે ખરચે નાણું રે..... ૩
એ વર ભાગ્ય વિના નવ ભાવે રે,
એ સ્નેહ લગ્ન વિના નવ આવે રે..... ૪
દુરિજન મન રે, માને તેમ કહેજો રે,
સ્વામી મારાં રુદિયાની ભીતર રહેજો રે..... ૫
હવે હું તો પૂરણ પદવીને પામી રે,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી રે..... ૬

પદ-૨

હવે મારા વહાલાનાં દર્શન સારું,
હરિજન આવે હજારે હજારું..... ૧
ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી..... ૨
સભા મધ્યે બેઠા મુનિનાં વૃંદ;
તેમાં શોભે તારે વીટ્યો જેમ ચંદ..... ૩
દુરગપુર ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી..... ૪
તાળી પાડે ઉપડતી અતિ સારી,
ધૂન થાય ચૌદ લોક થકી ન્યારી..... ૫
પાઘલડીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે..... ૬
પધાર્યા વહાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ અક્ષરધામના વાસી..... ૭
ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મને નિષ્કુળાનંદના સ્વામી..... ૮

રાગ : ગરબી

રે શ્યામ તમે સાચુ નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું; રે શ્યામ. ટેક
રે તમ વિના સુખ સંપત્ત કા'વે, તે તો સર્વે મહાદુઃખ ઉપજાવે;
અંતે એમાં કામ કોઈ નાવે... રે શ્યામ. ૧
રે મૂરખ લોક મરે ભટકી, જૂઠા સંગે હારે શિર પટકી;
એથી મારી મનવૃત્તિ અટકી.... રે શ્યામ. ૨
છે અખંડ અલૌકિક સુખ સારૂ, તે જોઈ જોઈ મન મોહ્યું મારું;
ઘરા ઘન તમ ઉપર વારું.... રે શ્યામ. ૩
રે બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું;
મુક્તાનંદ મન તમ સંગ મોહ્યું....રે શ્યામ. ૪

રાગ : ધોળ

અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર,
નવખંડ ધરતીમાં સ્વામી છતરાયા ચાલે રાજ... અક્ષર-ટેક.
અવની પર આવી વહાલે સત્સંગ સ્થાપ્યો,
હરિજનોને કોલ કલ્યાણનો આપ્યો રાજ...અક્ષર-૧
પાંચે વર્તમાન પાળે બાઈઓ ને ભાઈઓ,
હરિજન સંગે કીધી સાચી સગાઈઓ રાજ...અક્ષર-૨
બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ...અક્ષર-૩
દેવોના દેવ વહાલો ધામના ધામી,
પ્રગટ પ્રભુનું નામ સહજાનંદ સ્વામી રાજ...અક્ષર-૪
પ્રેમાનંદનો વહાલો આનંદકારી,
પોતાના જનની વાલે લાજ વધારી રાજ...અક્ષર-૫

રાગ : ગરબી

પોઢો પોઢો સહજાનંદ સ્વામી,
અખિયામાં નિંદરા ભરાણી રે... પોઢો-૧
હાંરે તમે માથેથી પાઘ ઉતારો રે,
પછી બનાતની ટોપી ધારો રે... પોઢો-૨
હાંરે તમે જરકસી જામો ઉતારો રે,
પછી હીરકોરી ધોતી ધારો રે... પોઢો-૩
હાંરે તમે કેડનો પટકો છોડો રે,
પછી શાલ દુશાલા ઓઢો રે... પોઢો-૪
હાંરે પોઢ્યા પ્રેમાનંદના સ્વામી રે,
સખી જોઈ જોઈ આનંદ પામી રે... પોઢો-૫


રાગ : બિહાગ

પોઢે પ્રભુ સકળ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ (૨) સંતન કે વિશ્રામ - પોઢે... ૧
અક્ષરપર આનંદઘન પ્રભુ, કીયો હે ભૂપર ઠામ,
જેહી મિલત જન તરત માયા (૨) લહત અક્ષરધામ - પોઢે... ૨
શારદ શેષ મહેશ મહામુનિ જપત જેહી ગુણનામ,
જાસ પદરજ શીશ ધરી ધરી (૨) હોવત જન નિષ્કામ - પોઢે... ૩
પ્રેમ કે પર્યંક પર પ્રભુ, કરત સુખ આરામ;
મુક્તાનંદ નિજ ચરન ઢિગ ગુન (૨) ગાવત આઠો જામ - પોઢે... ૪

નોંધ : ઉનાળામાં બનાતની ટોપીની જગ્યાએ **'ફૂલડાની ટોપી'** અને શાલ દુશાલાની જગ્યાએ **'ફૂલની પછેડી'** બોલવું.

લોયાધામ મહિમા

'तरन्ति अनेन इति तीर्थः' જેનાથી ભવસાગર તરી શકાય તેને **તીર્થ** કહેવાય છે. લોયાધામ ભવસાગર પાર કરવાની નૌકા છે. **મોક્ષનું ધામ છે.** તેના દર્શન કરવાથી, જાત્રા કરવાથી જન્મ-જન્માંતરના પાપ નાશ થાય છે ને મોક્ષ મળે છે. કેમકે જ્યાં શ્રીજીમહારાજ અને પાંચસો પરમહંસો રહ્યાં છે, બેઠાં છે, ફર્યા છે, નાહ્યાં છે, રમ્યાં છે, જમ્યાં છે, જમાડ્યા છે અને અનેકવાર પધારી અનેક લીલાઓ કરી છે. આ ભૂમિના કણ-કણ પ્રસાદીના છે. આ પવિત્ર ભૂમિ અક્ષરધામ તુલ્ય છે.



શ્રીજીમહારાજના સ્વમુખના શબ્દો નોંધતા નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જિયાં જિયાં અમે વિચર્યા,
વળી રહ્યાં જે જે ગામ;
તે જરૂર જન જાણજો,
સર્વે થયા છે સ્વધામ.
તિયાં પ્રાણી કોઈ તન તજે,
જાણ્યા વિના એહ જાગ્ય;
કહ્યાં ન જાય વળી કોઈથી,
એવા ઉઘડિયાં એના ભાગ્ય.
ચરણે અંકિત જે અવનિ,
વળી પદની સ્પર્શેલ રજ;
તે જોતાં ન જડે જાણજો,
જેને ઇચ્છે છે ઈશ્વર અજ.

(પુરુષોત્તમપ્રકાશ-૪૪/૨-૩-૪)

લોયાધામમાં **સુરાખાચર**ના નિખાલસ ભક્તિભાવ અને સખાભક્તિને વશ થઈને સ્વયં પ્રભુ **'રસોયા'** બન્યા છે. ને પોતાના હાથે રીંગણનું શાક બનાવીને સંપ્રદાયનો અદ્વિતીય અને અનોખો **'દિવ્ય શાકોત્સવ'** કર્યો છે. દરબારગઢના આંગણે શ્રીહરિએ કહેલા **'ઉપનિષદ્સમા ૧૮ વચનામૃતો'** ના શબ્દો આજે પણ ગુંજારવ કરે છે.

● સંપ્રદાયના ઐતિહાસિક પ્રસંગોની શુભ શરૂઆત પ્રથમવાર લોયાધામમાં :

- સંપ્રદાયનું સર્વપ્રથમ હરિમંદિર લોયાધામમાં
- સંપ્રદાયમાં સૌ પ્રથમવાર ગાદી સ્થાપના લોયાધામમાં.
- શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની સૌ પ્રથમવાર પારાયણ લોયાધામમાં.
- તિલક-ચાંદલાની સૌ પ્રથમવાર વ્યવસ્થિત શરૂઆત લોયાધામમાં.
- ધર્મકુળનું સૌ પ્રથમવાર મિલન લોયાધામમાં.
- માણકી ઘોડી સૌ પ્રથમવાર લોયાધામમાં.
- મૂળી મંદિરના રાધાકૃષ્ણદેવ સૌ પ્રથમવાર લોયાધામમાં.











– પરાવાણી સ્વરૂપ વચનામૃત ગ્રંથનું પ્રથમવાર વિમોચન લોયાધામમાં.
– સંપ્રદાયમાં અદ્વિતીય શાકોત્સવની શરૂઆત લોયાધામમાં.

● પ્રસાદીના સ્થાનો :

દરબારગઢ, પરમહંસોના ઉતારા, મુક્તરાજ લીંબવૃક્ષ, પ્રસાદીની ચુલ, પ્રસાદીનો પટારો, તલવાર, પ્રસાદીનું સૌ પ્રથમ હરિમંદિર, સિંહાસન, પ્રસાદીના ઠાકોરજી, ૪૦ ચરણાર્વિંદ અંકિત ગોદડી, પાતાળિયો કુવો, સંગમ કુવો, સુખભાદર નદી, ક્ષુદ્રનદી, ધર્મકુળ મિલનનો ઓટો, પ્રસાદીની વાડી, ખીજડા, દાતણ, થાંભલી, પ્રસાદીનું શિવ મંદિર, ભાળીયો કુવો, અંતાક્ષરી છત્રી, પ્રસાદીનું મંદિર (નાગડકા) પ્રસાદીનાં પાયા વગેરે...

આવું અતિ પ્રસાદીનું સ્થાન એટલે

''આપણું લોયાધામ''


જ્યાં ઠાકોરજી મહારાજ સર્વોપરી ભગવાન
મુક્તાનંદસ્વામી સર્વોપરી સંત.
લોયાધામ સર્વોપરી તીર્થધામ,
શાકોત્સવ સર્વોપરી ઉત્સવ.
નૂતનમંદિર સર્વોપરી મંદિર.

આવાં પરમપવિત્ર **લોયાધામની સેવા** પરમ પૂજ્ય ગુરુજીને **ઈ.સ. ૧૯૯૮**ની સાલમાં **અખાત્રીજ**ના દિવસે મળી. અત્યારે લોયાધામમાં કરોડો રૂપિયાના ખર્ચે સફેદ આરસનું ભવ્ય-ગગનચુંબી **સર્વોપરી મંદિર** બની રહ્યું છે. ગુરુજી સ્વયં તેની અંગત દેખરેખ રાખે-રખાવે છે. આ લોયાધામની સેવા કરવાનો અમૂલ્ય અવસર આપણને પણ પ્રાપ્ત થયો છે તે આપણાં બહુ મોટાં ભાગ્ય છે. ગુરુજી ઘણીવાર કહે છે : **'આપણે તો લોયાધામના બળદિયા છીએ.'** ગુરુજી એ આપેલ આ સૂત્ર આપણે પણ આપણા જીવનમાં ઉતારીએ અને તન-મન-ધનની લોયાધામની સેવા કરીએ !!











લોયાધામ પરિવારમાં મોક્ષ પાક્કો



વ્હાલા બાળમુક્તો ! તમે જાણો છો ? લોયાધામ પરિવારનાં આરાધ્ય ઉપાસ્ય ઇષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ **આદિ ગુરુદેવ શ્રી મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ છે. પરમ પૂજ્ય ગુરૂજી આ પ્રસાદીના ઠાકોરજી મહારાજની પ્રતિદિન ખૂબ જ ભાવથી સેવા કરે છે તે લાડ લડાવે છે.**

પરમ પૂજ્ય ગુરુજી ઘણીવાર કહે છે : લોયાધામ એ આપણો એક **દિવ્ય પરિવાર** છે. શ્રીજીમહારાજ આપણાં પિતા છે અને મુક્તાનંદસ્વામી આપણી **'સગી માં'** છે. સૌ સંતો-ભક્તો આપણાં સાચા સગાં છે. તેમની સાથે સંપ-સુહૃદભાવને એકતાથી રહેવું ને દેહ ને દેહના સંબંધી જેવી **આત્મબુદ્ધિ** કરવી.

તો બાળમિત્રો ! ચાલો, આ પાઠમાં આપણે આપણાં **'લોયાધામ પરિવાર'** અને તેની સંસ્થાઓ અને કાર્યો વિષે જાણીશું !!

લોયાધામ પરિવાર અને તેની શાખાઓ

(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ગુજરાત
(૨) શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ લોયાધામ-કંડારી
(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-વડોદરા
(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-નાવલી
(૫) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-સુરત
(૬) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ન્યુજર્સી (યુ.એસ.એ.)
(૭) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-મેકન (યુ.એસ.એ.)
(૮) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ફ્લોરિડા (યુ.એસ.એ.)
(૯) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-કેનેડા
(૧૦) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-લંડન (યુ.કે.)





(૧૧) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-મુંબઈ
(૧૨) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-આસ્ટ્રેલીયા
(૧૩) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-ન્યુઝીલેન્ડ
(૧૪) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-આફ્રિકા
(૧૫) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-જર્મની

વ્હાલા બાળકો ! લોયાધામ અને તેની તમામ સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલા તમામ હરિભક્તો **'લોયાધામ પરિવાર'** તરીકે ઓળખાય છે.

(૧) મુખ્ય સંસ્થાનું નામ : લોયાધામ
(સુરેન્દ્રનગર-ગુજરાત-ભારત)

(૨) આરાધ્ય ઉપાસ્ય : ભગવાન શ્રી સ્વામિનારાયણનું અર્ચાસ્વરૂપ મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ

(૩) આદિગુરુદેવ : સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

(૪) પ્રગટ સત્પુરુષ : પરમ પૂજ્ય ગુરુજી

(૫) ટૂંકો પરિચય : સનાતન હિન્દુ વૈદિક સંસ્કૃતિના મૂલ્યોનું સંરક્ષણ-સંપોષણ અને સંવર્ધન કરતી સંસ્થા. - નાત-જાતના ભેદભાવ વિના નિ:સ્વાર્થભાવે સૌના કલ્યાણમાં રત, આધ્યાત્મિક અને સામાજિક સંસ્થા.

(૬) સ્થાપના : લોયાધામની સ્થાપના ઓગણોતેરા કાળ (વિ.સં. ૧૮૬૯)માં શ્રીજીમહારાજે ગુરુદેવ મુક્તમુનિ અને ભણનારા ૬૦ સંતોને લોયા મુક્યા ત્યારથી થઈ. આ ધામની સેવા કરવાનો અવસર પરમ પૂજ્ય ગુરુજીને ઈ.સ. ૧૯૯૮-અખાત્રીજના દિવસથી મળ્યો.

(૭) મુખ્ય સિદ્ધાંત :

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा।
(शिक्षापत्री-११६)

(૮) મૂળ સમજણ : શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અનાદિ મુક્તોમાં મુખ્ય અને સત્સંગની **'માં'** અને સર્વોપરી સંત, સત્પુરુષ લોયાધામનાં પ્રાણ. દાસના દાસ થઈ, સંતો ભક્તો સાથે સંપ-





















સુહૃદભાવ એક્તાથી રહેવું. દિવ્યભાવ મહિમા રાખી સેવા કરવી, ભજન ખૂબ કરવું.

(૯) **ઉદ્દેશ :** આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ.

(૧૦) **મુખ્ય શાસ્ત્ર :** વચનામૃત, શિક્ષાપત્રી, નંદસંતોના ગ્રંથો

(૧૧) **સૂત્રો :** 'આપણે સૌ લોયાધામના બળદિયા.' આપણને મહારાજે લોયાધામની સેવા આપી છે. આપણને મહારાજે મુક્તાનંદીય ગુરુ પરંપરાની સેવા સોંપી છે.

લોયાધામ પરિવાર સાથેના જોડાણથી થતો લાભ :

- સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની શુદ્ધ સમજણ અને સર્વોપરી ઉપાસનાની સમજણ પ્રાપ્ત થાય છે.
- જીવનનું અંતિમ લક્ષ્ય ભગવાન છે તે સમજાય છે. તેમને પામવા માટે આત્મા-અનાત્માની ચોખ્ખી સમજણ પ્રાપ્ત થાય છે.
- સંતો સાથેના સંપર્કને કારણે કુસંગથી રક્ષા થાય છે. જીવન નીતિમત્તાભર્યું પ્રામાણિક બને છે ને સમાજમાં ગૌરવ મળે છે.
- જીવનમાં સુખ-શાંતિ અને આનંદ આવે છે ને સંતોષભર્યું જીવન જીવવાની દૃઢતા થાય છે.
- બાળ-કિશોર અને યુવા મંડળો અને ઘરસભા, સત્સંગસભાના કારણે ઘર પરિવારમાં અને સંતાનોમાં સંસ્કાર જળવાય છે. નૂતન ચારિત્ર્ય નિર્માણ થાય છે. કુસંગમુક્ત, વ્યસનમુક્ત જીવન બને છે.
- શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોના પાલનથી વિષય, વ્યસન ને વહેમ ટળે છે, આર્થિક પ્રશ્નો ને ધંધાકીય પ્રશ્નો ઘટે છે.
- સંતો-ભક્તોના હૂંફ-બળ અને માર્ગદર્શનથી જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન મળે છે. જીવનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.
- પ્રગટ સત્પુરુષનું દિવ્ય સાનિધ્ય પ્રાપ્ત થવાથી ભગવાન સાથેના જોડાણની અનુભૂતિ થાય છે.

– સત્પુરુષનો રાજીપો મળતાં જીવન દરમિયાન આનંદ અને મૃત્યુ બાદ પણ અક્ષરધામમાં ભગવાનનું અખંડ સુખ મળે છે.

ખરેખર, લોયાધામ પરિવાર સાથે જોડાવવું એ બહુ જ મોટા ભાગ્યની વાત છે. માટે ક્યારેય નાના-મોટા સુખો-દુઃખો આવે, કે અપમાન થાય કે ઉપેક્ષા થાય તો પણ ભગવાન ને ભગવાનના સંતોનો સમાગમ છોડવો નહિ. દાસના દાસ થઈ લોયાધામના બળદિયા બનીને રહેવું.

લોયાધામ પરિવારનાં સભ્યોનું કર્તવ્ય :

– આપણી મુક્તાનંદીય ગુરુપરંપરાના સદ્‌ગુરુઓના જ્ઞાનને ઊંડાણથી સમજીને તેની જીવનમાં દૃઢતા કરવી.

– લોયાધામ પરિવારના તમામ સંતોના સદ્‌ગુણો અને કાર્યોની જાણ હોવી અને કોઈ બે સંતો સાથે વ્યક્તિગત સંપર્કમાં રહેવું.

– લોયાધામની તમામ સંસ્થાઓના કાર્યોથી વાકેફ રહેવું.

– આપણા યોગમાં આવનાર મિત્રો આદિક તમામને શ્રીજી મહારાજ, મુક્તાનંદ સ્વામી, ગુરુપરંપરા ને સંસ્થાના મહિમાની વાતો કર્યા જ કરવી.


– મિત્રો આદિકને લોયાધામ પરિવાર સાથે જોડવાં. મંદિરમાં લાવવાં, સમૈયા-ઉત્સવમાં લાવવાં અને સંતો સાથે પરિચય કરાવવો.

– સાંપ્રદાયિક-બિનસાંપ્રદાયિક ને અન્ય સંસ્થાઓના અનુયાયીઓ સાથે આવકારભર્યો મીઠો વ્યવહાર કરવો, વાણી-વર્તન, નમ્ર અને નિર્મળ રાખવા.

– પોતાનું જીવન પ્રામાણિક રાખવું અને નિઃસ્વાર્થભાવે, પક્ષપાત વિના સૌને અપનાવવા ને સામેવાળાનું હિત થાય તેવું જ ચિંતવન કરવું.



















સંસ્થાની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ


- ૫૦ જેટલા સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત સાધુતાવાન સંતો દ્વારા દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર.
- હજારો સ્ત્રી-પુરુષોનો એકાંતિક વર્ગ
- અનેક ઉત્સવો, પારાયણો, બ્રહ્મસત્રો, ગામડે-ગામડે કથાવાર્તા, બાળસભા, યુવાસભા વગેરે.
- શિક્ષણ સાથે સંસ્કાર આપતી ગુરુકુળ સંસ્થાઓ દ્વારા અનેકવિધ આયોજનો.
- મંદિરો બાંધવા, મંદિર જીર્ણોદ્ધાર વગેરે.











સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓ

ગૌસેવા અને ગૌશાળાઓ, ગામડે તળાવ બાંધવા, હોસ્પિટલ બાંધવી, સ્કૂલો બાંધવી, વ્યસનમુક્તિ અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, ભૂકંપ રાહત સેવા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિમાં સેવાકાર્યો, કૂડપેકેટ વિતરણ, ઘાબળા વિતરણ, અન્નક્ષેત્ર, સદાવ્રત, ગરીબ બાળકોને નિઃશુલ્ક વિદ્યાદાન, શાળા-છાત્રાલયો દ્વારા લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ સેવા વગેરે.

દુષ્કાળ, પૂર, હોનારત, વાવાઝોડું વગેરે આપત્તિઓમાં પીડિતોને સેવા.




પરમ પૂજ્ય ગુરુજી કહે છે

મારા નાથનું વહાલું, વહાલું, વહાલું.
લોયાધામ, લોયાધામ, લોયાધામ !

આપણને મહારાજે આ લોયાધામ અને મુક્તાનંદીય સદગુરુ પરંપરાની સેવા કરવા માટે જ અહીંયા રાખ્યા છે. એમાં જ મારું કલ્યાણ છે. પૂર્ણકામપણું છે, હું કૃતાર્થ થયો છું એમ માનવું !!!

કરોડ જન્મના પુણ્યે પણ આ લોયાધામની સેવા મળે નહિ તે ભગવાનની ને મોટા સદ્‌ગુરુઓની કૃપાથી આપણને મળી છે. હવે લોયાધામના બળદિયા થઈને રેવું. લોયાધામની સેવા એટલે સાક્ષાત્ શ્રીજી મહારાજની સેવા !! લોયાધામની સેવાથી અક્ષરધામ પાક્કુ !!!

લોયાધામની સેવા એ જ મારા માટે ભક્તિ અને મુક્તિ છે અને એજ મારું લક્ષ્ય છે એમ જીવમાં દૃઢ કરવું !!!



સંસ્કારી બાળક


નિત્ય પૂજા


આરતી


નિયમિત બાળસભા


રાજીપો


સંત સમાગમ


માતા-પિતાને વંદન


આત્મીયતા


અભિનય


માનસીપૂજા


ભજન ભક્તિ


નિયમિત અભ્યાસ


પ્રવચન


પ્રભુપ્રેમ


સત્પુરુષનો સંગ

INDEX



આપણું લક્ષ્ય સોખાધામ

